ભગવાન મહાવીરના યુગની

# મહાદેવીઓ



લેખક-

સુશીલ

પ્રસિદ્ધ કર્તા—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા નં. ૮૧

ભગવાન મહાવીરના યુગની

# મહાદેવીઓ

(જેમાં તેર મહાસતીઓના સુંદર-રસિક ચરિત્રો આપેલા છે.)

લેખક શ્રી સુશીલ.

પ્રસિધ્ધકર્તા :-

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

વીર સં. ૨૪૭૨. આત્મ સં. ૫૧. વિક્રમ સં. ૨૦૦૨

નારીજાતિના વિષયમાં મહાવીર ઘણા ઉદાર હતા. એમના યુગમાં સ્ત્રીઓ ભારે દુર્દશા ભોગવતી હતી કોઇ કહેતું કે "સ્ત્રી એટલે માયા." કોઇ કહેતું કે "કામાગ્નિથી ભારેલો અગ્નિ એ જ સ્ત્રી." કોઇ એને ચંચળ, કૃતઘ્ન અને નરકની ખાણ પણ કહેતા. સ્મૃતિકારો સ્ત્રીનો વિશ્વાસ કરવાની સાફ ના પાડતા. ગૌતમબુદ્ધ જેવા જીવનના કળાકાર પણ સ્ત્રીને દીક્ષા આપવાનો પ્રશ્ન આવ્યો ત્યારે વિચારમાં પડી ગયા.

જૈન ગ્રંથમાં સ્ત્રી-રત્નને ચક્રવર્તીના ચૌદ રત્નોમાંનું એક ગણાવ્યું છે. પાણી, આગ, ચોર-ડાકુ કે દુષ્કાલ જેવા ઉપદ્રવ વખતે સૌપ્રથમ સ્ત્રીની રક્ષા કરવાનું કહ્યું છે.

કોશલના મહારાજા પ્રસેનજીતને ત્યાં કન્યાનો જન્મ થયો ત્યારે મહારાજા ગમગીનમાં ડૂબી ગયા. ગૌતમ બુદ્ધદેવે એમને સમજાવ્યા કે : 'પુત્રી જ બુદ્ધિમતી અને સુશીલા બનીને પતિવ્રતા બની શકે છે અને ગુણવાન પુત્રનો જન્મ આપીને સંસારનું મહાકલ્યાણ કરી શકે છે."

મહાવીર અને બુદ્ધ બન્ને માનતા કેઃ

"સ્ત્રીમાં અપાર શક્તિ છે. એ પોતાની જ્વલંત
"શ્રદ્ધા અને ભાવનાબળથી ગમે તે કાર્ય
" સાધી શકે છે. અસીમ વાત્સલ્યની પ્રેરણાથી
" પુરુષને શક્તિ આપનારી પણ સ્ત્રીઓ જ છે."

# નિવેદન.

જૈન દર્શનના સાહિત્યમાં ચરિતાનુયોગનો વિષય મનુષ્યોને વ્યવહારમાં પણ વિશેષ ઉપયોગી છે, તેની અંદર ધર્મ, નીતિ અને વર્તનના એવા ઉત્તમ તત્ત્વો રહેલા છે કે જે તત્ત્વો મનુષ્ય જીવનની ઉચ્ચતાને આપનારા છે. તેમજ ગૃહસ્થાવસ્થામાં રહી ઉચ્ચ જીવનની ભૂમિકાઓમાં રહેવાની ઇચ્છાવાળા ભવ્ય જનોને તેમાંથી ઘણું ઘણું શિખવાનું, વિચારવાનું, જાણવાનું અને તે પ્રમાણે વર્તવાનું મળી શકે છે.

પ્રાચીન અને અર્વાચીન કાળના પવિત્ર જૈન દર્શનના મહાપુરુષો, ધર્મવીરો, સત્ત્વશાળી નરોની જેમ સતી ધર્મની રસિક રમણીઓના રસમય ભાવનાથી ભરપૂર એવા ચરિતાનુયોગના જૈન વિદ્વાનોના લેખો ઘણા આકર્ષક અને આહ્લાદ ઉત્પન્ન કરનાર અને આદર્શ ગૃહિણી બનાવનારા છે. એવા ચરિતાનુયોગના રસિક વિષયમાં આ **શ્રી મહાવીર દેવના વખતની મહાદેવીઓ**ના ચરિત્રો છે.

સ્ત્રીજીવન ઉપર જગતના જીવનનો અને ઉન્નતિનો મુખ્ય આધાર છે; કારણ કે ઉત્પન્ન થયેલા મહાન્ નરોને પ્રાથમિક સંસ્કાર પ્રેરનાર સ્ત્રીવર્ગ—માતા જ હોય છે તેથી સ્ત્રીજીવન પણ વિશુદ્ધ અને સંસ્કારી હોવાની ખાસ જરૂર છે. વગેરે કારણોથી મહાપુરુષોના ચરિત્રોની જેમ સતી ચરિત્રોના પ્રકાશનનું કાર્ય પણ આ સભાએ કેટલાક વખતથી હાથ ધર્યું છે.

સ્વતંત્ર ચરિત્ર તરીકે પૂર્વાચાર્ય મહારાજોની કૃતિના તેવા ગ્રંથોમાં પ્રથમ ત્રીશ વર્ષ પહેલા સંવત ૧૯૭૨ ની સાલમાં શ્રી **ભાવવિજય** વાચક કૃત **ચંપકમાળા ચરિત્ર**નો અનુવાદ ગ્રંથ આ સભાએ પ્રથમ પ્રગટ કર્યો હતો. ત્યારબાદ આ ચોવીશીમાં થયેલ વંદનીય ચૌદ મહાસતીઓનાં ચરિત્રો, સાથે સ્ત્રી કેળવણી, સ્ત્રીહિતબોધ વચનો એ વિષયો સહિત **આદર્શ જૈન સ્ત્રીરત્નો** નામનો બીજો ગ્રંથ પ્રકટ કર્યો હતો, તે જૈન સમાજમાં આવકારદાયક થઇ પડયો હતો. ત્યારબાદ દશ વર્ષ પછી સ્ત્રી ઉપયોગી સીરીઝ પણ ક્રમે ક્રમે પ્રકટ કરવા સભાએ ઠરાવ કરવાથી, શ્રીમદ્ **ધનેશ્વરમુનિએ** મૂળ પ્રાકૃત ભાષામાં રચેલ **"સતી સુરસુંદરી"** ચરિત્રનો અનુવાદ કરીને ત્રીજો ગ્રંથ પ્રકટ કર્યો હતો જે ચરિત્રમાં તો અગિયારમા સૈકાના મનોભાવ અને આકાંક્ષા પોતે બોલતા હોય તેવો ભાવ દેખાય છે.

વૈરથી ધમધમતા અને રાગ–મોહથી મૂંઝાતા હૈયાને શાંત બનાવવાની કળા આ રસિક ચરિત્રમાં છે. છેવટે તેમાં કેવળી ભગવંતની ઉપદેશધારા સુધાબિંદુ તરીકે આપી સુંદર સંકલના કરવામાં આવી છે. આવો સ્ત્રીઉપયોગી ગ્રંથ પ્રકટ થતાં સભાની પ્રતિષ્ઠા ખૂબ જ વધી છે.

ત્યારબાદ હાલમાં ભગવાન શ્રી મહાવીર પ્રભુના જ સમયમાં થયેલ **મહાદેવીઓના ચરિત્રો** જેમાંથી કેટલાક ચરિત્ર અપ્રકટ હતા તે સુપ્રસિદ્ધ લેખક ભાઇ **સુશીલ** પાસે લખાવીને તેનું પ્રકાશન જૈન સમાજ પાસે આજે ધરીએ છીએ. તેની રચના, સંકલના વગેરે લેખક મહાશયે બહુ જ સુંદર

અને સરલ ગુજરાતી ભાષામાં કરી છે. દરેક સતી ચરિત્રની શરૂઆતમાં **રંગીન રેખાચિત્રો** પણ આપવામાં આવ્યા છે. મજબૂત બાઇંડીંગ, આકર્ષક કવર જેકેટ, સુંદર ટાઇપો અને ઊંચા કાગળો ઉપર સખ્ત મોંઘવારી છતાં ઘણો મ્હોટો ખર્ચ કરી ગ્રંથની આંતરિક સુંદરતાની જેમ બહારની સૌંદર્યતામાં પણ વૃદ્ધિ કરી છે.

આ ગ્રંથ છપાતો હતો તે દરમ્યાન આ સભાના સભ્ય ભાઇ શ્રી **હીરાલાલ** જુઠાભાઇએ આ ગ્રંથ પોતાના સ્નેહી અને આ સભાના લાઇફ મેમ્બર શાહ **દામોદરદાસ** ઠાકરશીની આર્થિક સહાયદ્વારા તેમની દાદીમાના સ્મરણાર્થે પ્રકટ કરવાની ઇચ્છા જણાવતાં સભાને રૂા. એક હજાર આ ગ્રંથમાં આપવાથી આભાર સાથે તે સ્વીકારેલ છે, જે માટે ભાઇ હીરાલાલને ધન્યવાદ આપવા સાથે શ્રીયુત્ દામોદરદાસનો પણ આભાર માનવામાં આવે છે.

સદરહુ ગ્રંથમાં દષ્ટિ કે પ્રેસદોષને લઇને કોઇ સ્ખલના જણાય તો તે માટે ક્ષમા ચાહી અમોને તે જણાવવા નમ્ર સૂચના કરીયે છીએ કે જે સુધારી લેવામાં આવશે.

આત્માનંદ ભવન
અષાડ શુકલા—
એકાદશી.

**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ**—
ભાવનગર.

# અનુક્રમણિકા

卐


| નં. | દેવી | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | માતા દેવાનંદા | ૧ |
| ૨. | ત્રિશલા માતા | ૨૫ |
| ૩. | ચંદનબાળા | ૩૬ |
| ૪. | સુલસા | ૫૪ |
| ૫. | રેવતી | ૭૪ |
| ૬. | યશોદા | ૮૧ |
| ૭. | જયંતી | ૯૨ |
| ૮. | પ્રિયદર્શના | ૧૦૪ |
| ૯. | મૃગાવતી | ૧૨૨ |
| ૧૦. | સુજ્યેષ્ઠા ને ચેલણા | ૧૫૭ |
| ૧૧. | ચેલણા | ૧૭૪ |
| ૧૨. | દુર્ગંધા | ૨૦૫ |
| ૧૩. | સોમા અને જયંતી | ૨૧૮ |
| ૧૪. | *મહાશતકની સ્ત્રી રેવતી | ૨૨૫ |
| ૧૫. | *કપિલા | ૨૩૩ |


* આ બંને પાત્રો ભ. મહાવીરના મુખથી અમુક સંયોગોમાં વર્ણવાયેલા છે.

# શેઠ હરિચંદ મીઠાભાઈ
## તથા તેમના ધર્મપત્ની
# શ્રી ફૂલીબ્હેનનો જીવન પરિચય.

જૈનકુળમાં જન્મેલા મનુષ્યો ભલે સામાન્ય સ્થિતિમાં હોય છતાં વંશપરંપરાથી ઉતરી આવેલા ધાર્મિક સંસ્કાર તેમના ધાર્મિક જીવનને વિશેષ ઉજ્જ્વળ બનાવે છે, છતાં તેવા બંધુ કે બ્હેનના શ્રદ્ધાળુપણાને છેવટ સુધી સમાજ જાણી શકતું નથી; તેવું કંઈક શ્રી. હરિચંદભાઈ તથા ફૂલીબ્હેન માટે હોય તેમ જણાય છે. શ્રી હરિચંદભાઈએ વાંચવા લખવાનું સામાન્ય જ્ઞાન મેળવેલું હોવા છતાં તેમના વ્યાપારી જીવન માટે ભાવનગરનું ક્ષેત્ર અનુકૂળ નથી તેમ તેમને લાગતાં માત્ર તેર વર્ષની લઘુ વયે મુંબઈ આવી, તેમના કાકા આણંદજી જેકાની ચાલતી કરીયાણાની દુકાને જોડાયા. પછી બે વર્ષ બાદ તેમના કાકા આણંદજીનો સ્વર્ગવાસ થતાં તે દુકાનનો ભાર તેમને માથે આવી પડ્યો. ધર્મશ્રદ્ધા, પ્રમાણિકપણું અને ધંધો ખીલવવાની ખંતને લઈ તેમણે પોતાના તે વ્યાપારની પ્રગતિ કરી, અને તે વ્યાપારમાં સારી ખ્યાતિ મેળવી. તેમાં સાઠ વર્ષ ગાળ્યા દરમ્યાન ભાગ્યે યારી આપવાથી વ્યાપારની શાખ વધવા સાથે લક્ષ્મી પણ પુણ્યયોગે સારી મેળવી.

હવે જેમ જેમ ઉંમર થતી ગઈ તેમ તેમ પોતાના અને પોતાની પત્ની ફૂલીબ્હેનના આત્મકલ્યાણ સાધવાની તેમને

તાલાવેલી લાગી. અને પ્રથમ સં. ૧૯૮૨ ની સાલમાં દેવગાણા નવીન જૈન દેરાસર થતાં હર્ષપૂર્વક પ્રતિષ્ઠા કરી રૂપીઆ પંદર હજાર જેટલો મળેલો સુકૃત લક્ષ્મીમાંથી વ્યય કર્યો. સિવાય ત્યાં કે બહારગામની ધાર્મિક કોઈ પણ ટીપ-ફંડ થાય કે આવે તો તેમાં હરિચંદભાઈ યથાશક્તિ આપ્યા સિવાય રહેતા નહોતાં. વર્ધમાન તપની કાયમી તીથી માટે બહારગામના તે ખાતામાં પણ રકમો આપતા હતા. ગુપ્ત સખાવતો પણ કરતા હતા, એટલું જ નહિં પરંતુ સગા, સ્નેહી કુટુંબીઓ પર પણ ધ્યાન આપતા ચૂકયા નથી. ચુમોત્તેર વર્ષ સુધી ધાર્મિક જીવન જીવી સં. ૧૯૯૦ ના કારતક વદી ૬ ના રોજ તેમનો સ્વર્ગવાસ થયો. પાછળ તેમના ધર્મપત્ની ફૂલીબ્હેને પણ તેમના સ્વર્ગવાસી પતિ પાછળ સં. ૧૯૯૦ માં પોતાના વતન ભાવનગરમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથ મંદિરમાં અઠ્ઠાઈ મહોત્સવ-પાવાપુરીની રચના સાથે સ્વામીવાત્સલ્ય કરી લક્ષ્મીનો સારો વ્યય કર્યો. સં. ૧૯૯૭ માં શ્રી શત્રુંજય તીર્થે ૯૯ યાત્રા કરી આત્મ-કલ્યાણ સાધ્યું અને છેવટ સુધી ધાર્મિક જીવન જીવી ૬૧ વર્ષની ઉંમરે તેમનો પણ સ્વર્ગવાસ થયો.

આવા ધાર્મિક દંપતીની ધાર્મિક ભાવનાની ઝાંખી કરાવવા, તેમનું જીવન ફોટા સહિત આ ગ્રંથમાં આપવામાં આવે છે.



શેઠશ્રી હરિચંદ મીઠાભાઇ

ભાવનગર



શ્રાવિકારત્ન શ્રી ફૂલીબ્હેન
ભાવનગર

# नमोऽस्तुते महादेवी त्यागमूर्ति तपस्विनी

ભગવાન્ મહાવીરે કરેલી ચતુર્વિધ સંઘની સ્થાપના, સંઘસમસ્તને તીર્થરૂપ માનીને "નમો તીત્થસ્સ" કહીને દેશનારંભે કરેલું સંઘનું બહુમાન અને લગભગ અઢી હજાર વર્ષની વિષમ કાળ-ખીણમાંથી સતત વહેતી આવેલી સંઘની પરંપરાગત ગૌરવગાથા, ભારતીય ઇતિહાસનો એક મોટો મહિમા છે. જૈનોની જેમ બૌદ્ધોમાં પણ સંઘની પ્રણાલિકા અને બહુમાન છે-સંઘનું શરણ રોજની પ્રાર્થનાની વસ્તુ ગણાય છે. બન્ને શ્રમણસંઘ નામથી ઓળખાય છે. પણ જૈન અને બૌદ્ધ સંઘ વચ્ચે મૌલિક તફાવત છે. બૌદ્ધ સંઘ ચતુર્વિધ નથી-એ બુદ્ધપ્રધાન સાધુઓનો જ છે. જૈન સંઘ શ્રમણપ્રધાન-જિનપ્રવચનપ્રધાન હોવા છતાં સાધુ-શ્રમણની સાથે સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો પણ એમાં સમાવેશ થઈ જાય છે. સાધુ અને સાધ્વી એટલે કે ત્યાગી-તપસ્વીઓની સાથે શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સંઘની પ્રતિષ્ઠામાં એક સરખા ભાગીદાર છે. શ્રમણયુગમાં વેદવિહિત ચાતુર્વર્ણ્યની પ્રથા તો સડીને સત્વહીન બની ગઇ હતી. બ્રાહ્મણો અને ક્ષત્રિયો વચ્ચે સંઘર્ષણ શરૂ થઇ ગયું હતું. ઠેકઠેકાણે ધંધાદારીઓની શ્રેણીઓ અને વર્ગો ફુટી નીકળ્યાં હતાં. ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વપ્રભુએ સંઘવ્યવસ્થા તો પ્રવર્તાવેલી પણ મહાવીર પ્રભુના સમય સુધી પહોંચતામાં, માત્ર ૧૫૦-૨૦૦ વર્ષના ગાળામાં જ છિન્નભિન્ન થઇ ગઇ હતી. પાર્શ્વપ્રભુના સમર્થ શ્રમણો અને કેશી

જેવા સરળ અને ખુલ્લા દિલના ગણધર, મહાવીરના યુગમાં વિચરતા હતા. પણ પાર્શ્વપરંપરાની કેટલીક સાધ્વીઓ પરિવ્રાજિકાઓ બની ચૂકી હતી. પાર્શ્વ અને મહાવીરના સમય વચ્ચે દેશભરમાં ભારે વિષમ તેમજ અંધાધુંધીવાળી કટોકટી ઊભી થઈ હશે-ઈતિહાસમાં જેની નોંધ નથી મળતી: માત્ર પાર્શ્વપ્રભુના સંઘની, મુમુર્ષુ માનવી જેવી દશા થોડો ઇસારો કરી જાય છે. મહાવીરના સમયમાં સંઘનો પુનરૂદ્ધાર અનિવાર્ય હતો. એટલે કેવળજ્ઞાનની પ્રાપ્તિ સાથે જ મહાવીરે ચતુર્વિધ સંઘનો પાયો નાંખ્યો.

ચતુર્વિધ સંઘમાં સાધુ-સાધ્વી સિવાય ન ચાલે, પણ શ્રાવક, શ્રમણના ઉપાસકની શી જરૂર? ઉપાસક નછૂટકે લેવા પડયા હોય તો પણ શ્રાવિકા-ઉપાસિકાની શી જરૂર હશે? તત્કાલીન પરિસ્થિતિ અંગે એ જમાનાના ઘણાકોને એવી આશંકાઓ થઈ હશે. સંઘમાં શ્રાવકની સાથે શ્રાવિકાને પણ એટલું જ માનવંતું અને ઉચ્ચ સ્થાન એ એક મહાક્રાંતિકારી પગલું ગણાયું હશે. ખાસ કરીને જે વખતે નારીને મુક્તિમાર્ગની અર્ગલારૂપ માનવાની પ્રથા પડી ગઈ હતી-ખરીદાયેલી દાસીઓ તો ઠીક પણ કુલ-નારીઓ પરિગ્રહની શ્રેણીમાં સમાઈ જતી-તે વખતે, સંઘમાં શ્રાવિકાને, શ્રાવક જેવું, સાધ્વી જેવું, શ્રમણ જેવું સ્થાન મળે એ શું સામાન્ય વાત છે? કંચનની જેમ કામિની પણ એક બંધનરૂપ જ ગણાય. જેને કંઈ સ્વતંત્ર વ્યક્તિત્વ નહોતું-સાધકના પગમાંની બેડી જ ગણાતી તે સ્ત્રીને, ભગવાન મહાવીરે ચતુર્વિધ સંઘમાં સમાન દરજ્જે સામેલ કરીને શ્રમણ સંસ્કૃતિની લોકોપકારકતા, ઉદારતા અને

વ્યવહારિકતા બતાવી આપી. સાધકોએ પોતાની જીવનભરની સાધના અને તપશ્ચર્યાનાં ફળ નારીનાં ચરણ પાસે દીનભાવે ધરી દીધેલાં હોવાની વાત કેવળ કલ્પનાવિલાસ નથી—એક વાસ્તવતા છે. નારી ભયસ્થાન તો હતું જ. નારી પ્રત્યે સકામ દૃષ્ટિએ ન જોવાની સાવચેતી વખતોવખતે ઉચ્ચારાઈ છે. એને કેવળ નારીનિંદા ન કહેવાય. નારી વિષે નરના દિલમાં જે આસક્તિ રહેલી હોય છે તેને જડમૂળમાંથી ઉખેડવાના એક પ્રયાસરૂપ એને ગણી શકાય. વખત જતાં વૈરાગ્ય અને નારીનિંદા પર્યાયવાચક બની ગયા. પણ વૈરાગ્યના મૂળમાં નારીની અવગણનાનું ખાતર ભરવું જ જોઈએ એવો નિયમ નથી, તેમ બીજા સોના–રૂપાના કે હીરા મોતીના અલંકારોની જેમ વૈરાગ્ય નારીના અંગ ઉપર ઓઢાડ્યો હોય તો જ દીપે એ માન્યતા બરાબર નથી. ચતુર્વિધ સંઘમાં સાધ્વી અને શ્રાવિકાનું સ્થાન, શ્રમણ સંસ્કૃતિએ સ્વીકારેલી નારીપ્રતિષ્ઠાનો નમૂનો છે. આટલી હકીકતથી જેમને પૂરી શ્રદ્ધા ન બેસે તેમણે આ જ પુસ્તકમાં આપેલું ગાથાપત્ની રેવતીનું ચરિત્ર વાંચી જવું. ભ. મહાવીરને, એ દુરાચારિણી સ્ત્રીનો પતિ તરફથી થએલો તિરસ્કાર નિંદ્ય લાગ્યો. પતિ પાસે તેનું યોગ્ય પ્રાયશ્ચિત પણ કરાવ્યું. નારીની માનવતાનો, માત્ર વાણીવિલાસરૂપ નહિ, પણ નક્કર અને વ્યાવહારિક સિદ્ધાંતરૂપે જયજયકાર વર્તાવ્યો.

બુદ્ધદેવના સંબંધમાં એમ કહેવાય છે કે તેઓ પોતાના સંઘને સ્ત્રીના સંપર્કથી સાવ બચાવી લેવા માગતા હતા. મહાપ્રજાપતિ ગૌતમીની માગણીનો એમણે બે–ત્રણ વાર અસ્વીકાર કરેલો. સાધ્વીસંઘ સ્થાપવાની એમની ઇચ્છા જ

નહોતી. આખરે પોતાના પ્રિય શિષ્ય આનંદના આગ્રહથી બુદ્ધદેવે પોતાનો નિર્ણય ફેરવ્યો. દીન અને દયાજનક વેશે આવેલી ગૌતમીને બૌદ્ધોના સાધ્વીસંઘમાં અગ્રગણ્ય સ્થાન મળી ગયું. એટલું છતાં બુદ્ધદેવે હજારવર્ષ લગી ચાલવાની શક્યતાવાળા બૌદ્ધસંઘમાં પાંચસો વર્ષની અંદર જ વિકૃતિના જીવાણુઓ પ્રવેશશે એવી બીક બતાવેલી. પાછળથી ભિક્ષુણીઓના જીવનમાં શિથિલતા મહામારીની જેમ જ પ્રવેશી. આવાં કેટલાંક કારણોને લીધે બૌદ્ધ સંઘની અગ્નિપરીક્ષા થઈ.

સદ્‌ભાગ્યે જૈન સંઘને શિરે, સાધ્વી અને શ્રાવિકાને સમાનતા મળવા છતાં એવી કોઈ આફત નથી ઉતરી. શિથિલતા અને ક્રિયોદ્ધારના કૃષ્ણ–શુક્લપક્ષ જેવા અંધારા અજવાળાં તો જૈન સંઘમાં પણ ઉતર્યાં છે. પણ શ્રમણસંઘ એટલો બડભાગી છે કે પુનરૂદ્ધારકોએ કોઈની પણ શરમ રાખ્યા વિના વખતોવખત સંઘજીવનની શુદ્ધિ કરી વાળી છે. શ્રી હરિભદ્રસૂરિ જેવા એક તેજસ્વી–અભિમાનથી ગર્જતા બ્રાહ્મણ પંડિતને શ્રમણસંઘમાં જોડવાનું માન એક જૈન સાધ્વી–યાકિની મહત્તરાના ફાળે જાય છે. સૂરિજીએ પોતે પણ પોતાના ગ્રંથોમાં એ માતૃમૂર્ત્તિ મહાદેવીને ભક્તિભીની અંજલી અર્પી છે. હરિભદ્રસૂરિજી પણ પોતાના યુગના પ્રથમ પંક્તિના પુનરુદ્ધારક હતા.

ભ. મહાવીરના યુગની મહાદેવીઓમાં પ્રથમ નામ શ્રી ચંદનબાળાનું છે. એ જ સાધ્વીસંઘની મુખ્ય પ્રવર્ત્તિની હતી. પણ ચંદનબાળા એકલી મહાદેવી જ નથી. એમના યુગની પ્રતિનિધિ પણ દેખાય છે. શ્રમણયુગની નારીઓનો ઇતિહાસ જાણે કે ચંદનબાળામાં પ્રતિબિંબ પામે છે. રાજ-

મહેલમાં રહેનારી આ બાળા સંસારની ગડમથલોથી સાવ અજાણી હતી. એકાએક ચંપાપુરી ઉપર આપત્તિનાં વાદળ ચડી આવ્યાં. ચંપાપુરીના નરેશ દધિવાહનના શીરે એના જ સગા સાઢુ–કૌશાંબીના શતાનિકનો અણધાર્યો પંજો પડ્યો. દધિવાહનનો રાજમુકુટ ધૂળમાં રગદોળાયો. એની પત્ની અને પુત્રી, મહેલમાંથી નાસી છૂટયાં. એક ઊંટવાળાના હાથમાં એ બન્ને સપડાયાં. રાણી તો રસ્તામાં જ મૃત્યુ પામી. પુત્રી–વસુમતી કૌશાંબીની બજારમાં હરેરાજીની વસ્તુ બની. ધનાવહ શેઠે એને ખરીદી. આ વસુમતી એ જ ચંદનબાળા. ઉપરાઉપરી દુર્ભાગ્ય અને યાતનાઓના પ્રહાર ખમતી ચંદનબાળા, છેવટે કેવી રીતે તપસ્વિનીઓમાં અગ્રેસર બની શ્રમણુસંઘને અજવાળી ગઈ તે તો આ પુસ્તકમાં આલેખાએલું એનું ચરિત્ર જ કહેશે.

આંધી, આકસ્મિક ક્રાંતિ કે ભાગ્યનો દુર્વિપાક કોઈ એક જ યુગની પેદાશ નથી. રાજપ્રકરણી આંધીઓ અને બીજી સ્વાભાવિક અંધાધુંધીઓ વચ્ચે શ્રમણયુગની નારીઓ કેવી વિષમ અવસ્થામાંથી પસાર થઈ રહી હતી તેની કલ્પના ચંદનબાળાના ચરિત્રમાંથી મળશે. ભ. મહાવીરે એ સામાજિક પ્રથાઓ અને અવારનવાર ચડી આવતી રાજકીય આંધીઓની અંદર રીબાતી–પીડાતી, પુરુષના પરિગ્રહની જેમ બજારમાં વેચાતી અને ઉત્થાન માગતી નારીજાતિની દુર્દશા જોઈ. ઘર કે મહેલની ચાર દિવાલો વચ્ચે માત્ર રમણી કે કામિની તરીકે પોતાનું જીવન વીતાવતી નારીજાતિમાં તપ અને સંયમનો જે છૂપો અગ્નિ ભર્યો હતો તે પણ એમને દેખાયો: શ્રાવિકા કે સાધ્વીના પૂરા સહકાર વિના સંઘ કેટલો

અસહાય-અપંગ રહે એ પણ એમની કલ્પનાબહાર નહિ હોય. એટલે જ સુયોગ્ય તક સાંપડતાં એમણે ચંદનબાળાને સ્વહસ્તે દીક્ષા આપી, સાધ્વીસંઘની ગંગા વહેતી મૂકી. શિસ્ત અને નિયમનમાં ચંદનબાળા એક તેજસ્વી નક્ષત્રની જેમ દીપી નીકળે છે.

રાજરાણીઓ, રાજકુંવરીઓ, ક્ષત્રિયાણીઓ અને વૈશ્યોની ગાથાપત્નીઓ પૈકી જે, મહાવીરના સંપર્કમાં આવવાનું સૌભાગ્ય મેળવી ચૂકી હતી, એટલું જ નહિ, પણ એમનાં વચન કે સિદ્ધાંત પ્રત્યે પૂરી આસ્થા ધરાવતી હતી તેમનાં નામ અને ગૌરવકથા આજે પણ થોડે ઘણે અંશે મળી આવે છે. એ સૌની ચંદનબાળા સમી સ્થિતિ હોય તો એમનાથી ઘણા નીચા થરમાં રહેતી સ્ત્રીઓની શી દશા હશે? રાજવીઓ, અમાત્યો, સામંતો અને કુલીનો જે વખતે અમર્યાદ સત્તા અને લાગવગ ધરાવતા હશે, ધાડપાડુઓ અને એમના જ સગાભાઈ જેવા પાડોશી રાજવીઓ લાગ જોઈને રાંક રૈયતને લૂટતા હશે તે વખતે શીકારીના ભયથી ફફડતી હરિણીઓ જેવી જ આ દીન નારીસમુદાયની દશા નહિ હોય?

ભ. મહાવીરની લાંબા સમયની મૌન સાધનાએ આ અંધકાર ઉલેચવામાં કેટલો ભાગ ભજવ્યો હશે તેનો નિર્ણય થઈ શકતો નથી. ભગવાનના વ્યક્તિગત જીવન સાથે એ સામાજિક ઉદ્ધારને બહુ લાંબી નિસબત ન હોવાથી એવી હકીકતો પૂરતા પ્રમાણમાં સંગ્રહાઈ નથી, છતાં કયાંઈ કયાંઈ એનો આભાસ તો મળી જ જાય છે.

"એક દિવસે સાનુયષ્ટિક ગામમાં બાહુલા નામની દાસી પોતાનાં શેઠનાં વાસણ માંજતી હતી. ટાઢું તળીયે ચોંટેલું અન્ન ઉખેડીને ફેંકી દેતી હતી. એવામાં ચાર ઉપવાસ જેમને થયા છે એવા મહાવીર તે રસ્તે થઇને નીકળ્યા. દાસીએ તપસ્વીને જતાં જોઇને પૂછ્યું: "આપને આ ખપે?"

પ્રભુએ હાથ લંબાવ્યો. બાહુલાએ તળીયે ચોંટેલું ધાન્ય, ભગવાનના કરપાત્રમાં ધર્યું".

બાહુલા પોતે ભારે પુણ્યકાર્ય કરે છે એમ કદાચ નહિ જાણતી હોય, પોતે વિશ્વના એક સમર્થ, વંદનીય અને દેવોના પણ આરાધ્ય પુરુષને આહારદાન આપે છે એમ નહિ માનતી હોય, પરંતુ પોતાની દાસી—ખરીદાયેલી નારીના હાથથી આવું ભારે પુણ્યકાર્ય થયું એમ જાણીને ગૃહસ્વામીએ એને દાસીપણામાંથી મુક્ત કરી દીધી.

આવી રીતે ભગવાનનાં મૌન તપ તેમજ અપ્રતિબદ્ધ વિહારે કોણ જાણે કેટલાંય સ્ત્રી—પુરુષોના જીવનમાં સુખ-સૌભાગ્ય અને મુક્તિનો આનંદ ભરી દીધો હશે.

મહાવીર પ્રભુને આહાર કે ઔષધીદાન આપનારી સુભાગી ગૃહિણીઓ, એ રીતે, એમના સીધા સંપર્કમાં આવી અમર થઈ ગઈ. શ્રદ્ધા અને ભક્તિ વિના એ આહાર કે ઔષધીની કંઈ કીમત ન ગણાય. એટલે આહાર તથા ઔષધી આપી પોતાને કૃતકૃત્ય માનનારી એ નારીઓ પૂરેપૂરી નિર્મળ શ્રદ્ધાસંપન્ન હશે એ દેખીતું છે. પોતાના યુગના મહાપુરૂષને ઓળખવા, એમનામાં સંપૂર્ણ શ્રદ્ધા મૂકવી, નજીક યા દૂર વસવા છતાં એમના અંતરના તાર

સાથે પોતાની સહાનુભૂતિના તાર જોડેલા જ રાખવા એ ઓછા પુણ્યની વાત નથી. સુલસા, શ્રદ્ધાવંત પુરુષો અને સ્ત્રીઓમાં પણ એક નીરાળી ભાત પૂરે છે.

સુલસા હતી તો એક સારથીની પત્ની. પણ ભગવાન મહાવીરના અંતરમાં એણે ખાસું સ્થાન મેળવી લીધું હોય એમ જણાય છે. નછૂટકે જ વાણીનો વ્યય કરનાર મહાવીર, કોઈ રાજાધિરાજને કે મહારાણીને નહિ, કોઈ પરાક્રમી કે તપસ્વીને નહિ, પણ બિંબિસાર મહારાજાના અનુચર-સારથી નાગની ભાર્યા સુલસાને ધર્મલાભ મોકલે છે. ભ. મહાવીરના, તે જમાનાના, વિશાળ સમુદાયમાં કોઇને પણ મીઠી ઈર્ષા આવે એવી આ વસ્તુ છે. સુલસા બહુ આગળ પડતી નારી નથી લાગતી. માત્ર ગૃહિણી જ છે. બત્રીસ-બત્રીસ પુત્રોની જનની હોવાથી, ઘરના કામકાજમાંથી ઊંચું માથું પણ કદાચ નહિ કરી શકતી હોય. પણ એથી શું થયું ? ઘરના એકાંત ખૂણામાં વસવા છતાં એનું અંતર તો મહાવીરના ચરણોમાં જ રમતું. મહાવીર સિવાય વિશ્વનો મિત્ર કે હિતૈષી બીજો કોઈ હોઈ શકે નહિ એમ તે માનતી. નિર્દંભપણે, અનન્યભાવે એ ભગવાન મહાવીરની આજ્ઞાને અનુસરવા મથતી. સુલસા ભલી-ભોળી અને નમ્ર હોવા છતાં શ્રદ્ધાની બાબતમાં સુમેરુ સાથે સ્પર્ધા કરતી અને અડગ શ્રદ્ધા જ સુલસારૂપી સુમેરુનું સોનેરી શિખર છે. એક પરિવ્રાજકે એ સુલસાને ભોળવવા ઘણી ઘણી યુક્તિ-પ્રયુક્તિઓ કરી. પણ ભ. મહાવીર સિવાય બીજા કોઈના ચરણમાં શિર ઝૂકાવવાની એણે સાફ ના પાડી દીધી. પુષ્કળ પાખંડીઓ અને ઇંદ્રજાલિકોના એ જમાનામાં કોઈ સાવધ પુરુષ પણ

ભરમાઈ જાય એવી સ્થિતિ હતી. સુલસા અડગ અને અણુનમ હતી. આવો આગ્રહ અને આવી અડગતા, નિર્મલ દૃષ્ટિ વિના નથી સંભવતાં. સુલસાના સદ્‌ભાગ્યે એને એ દૃષ્ટિ વરી હતી. સુલસા એટલે જ્ઞાન અને શ્રદ્ધાનો સમન્વય. સુલસા એટલે સાદાઈ અને ભવ્યતાનો સુમેળ. આવી નારીને, ભગવાન મહાવીર જેવા દીર્ઘતપસ્વી ધર્મલાભથી સન્માને એમાં આશ્ચર્ય નથી.

શ્રમણસંઘના ગગનપટને પોતાની સ્નિગ્ધ-સુકુમાર દીપ્તિથી છાઈ દેતી, સુલસા, ચંદનબાળા, મૃગાવતી અને ચેલણા જેવી તેજસ્વિની નારીઓના આકાશગંગા જેવા ઉજળા પ્રવાહમાં દેવાનંદા, ત્રિશલા, યશોદા અને પ્રિયદર્શના જેવી તારિકાઓ એવી સંતાઈ જાય છે કે એને શોધી કાઢવી મુશ્કેલ થઈ પડે છે. ભ. મહાવીરની સાથે જેને સીધો રક્તનો સંબંધ હતો તે જ, ચરિત્રોના આ ગહનવનમાં ક્યાંઈક જાણે કે ખોવાઈ જાય છે. મહાકાવ્યના ઉપેક્ષિત પાત્રોનો ઉહાપોહ થયો છે અને ઉપેક્ષિત પાત્રોનાં નવેસરથી મૂલ્યાંકન પણ થયાં છે. ભ. મહાવીરના જીવન-ઘડતર સાથે નજીકનો અને મહત્ત્વનો સંબંધ ધરાવનારા દેવાનંદા માતા, ત્રિશલા ક્ષત્રીયાણી અને દેવી યશોદાની સાહિત્યિક ઉપેક્ષા આપણા કવિઓ અને કથાલેખકોની સહાનુભૂતિ માગે છે. એક એક ખંડ કાવ્ય રચાય એવી સામગ્રીથી આ ઉપેક્ષિત પાત્રો ભરપૂર છે. એક-બે વાર દેવાનંદા માતા (૮૨ દિવસ સુધી ભગવાનના દેહને પોતાના ઉદરમાં ધારણ કરનાર દેવી) મહાવીરના ચરિત્રમાં ચમકી જાય છે, પણ દૈન્યમૂર્તિ જેવી દેખાતી એ માતાના અંતરમાં કેવા

કોમળ અને ભવ્ય ભાવો ઉભરાતા હશે તેની કલ્પના થઈ શકતી નથી. પ્રભુની સંસારી અવસ્થાની સ્ત્રી યશોદા તો લજ્જાના ભારથી જાણે કે બહાર આવવાની ચોખ્ખી ના પાડે છે. આવતાંની સાથે જ અદૃશ્ય થઈ જાય છે. પુત્રી પ્રિય-દર્શનામાં ક્ષાત્રવટનું પાણી દેખાય છે. એના સ્વામીનો ચંચળ અને ઉદ્દામ સ્વભાવ પ્રિયદર્શના ઉપર છાયા ઢાળી જાય છે. ભ. મહાવીરના શાસનથી જૂદી પડતી આ કીશોરી કેવી મનોવ્યથા વેદતી હશે ? એક તરફ પતિ અને બીજી તરફ પિતા–બન્નેના આકર્ષણ વચ્ચે એ અતિ મુંઝવણ અનુ-ભવતી હશે. ઘડીભર જૂદા જ માર્ગે–ભારે મોજાના ધસા-રાથી તણાતી દેખાય છે. પણ એનું સ્વચ્છ અને ઉન્મુક્ત હૃદય અચાનક એની વહારે આવે છે. એક સામાન્ય કુંભાર સાથેનો સંવાદ એને શુદ્ધ દૃષ્ટિકોણ આપે છે અને સત્ય જેવું સમજાયું કે તરત જ ભૂખ–તરશ કે આરામની લેશ પણ પરવા કર્યા વિના પરમ પિતા મહાવીર પાસે પહોંચી પોતાની ભૂલની ક્ષમા માગી લે છે.

મૃગાવતી કૌશાંબીની મહારાણી હતી. આ કૌશાંબીના મહારાજાએ જ ચંપાનગરી એક દિવસે લૂંટી હતી. ચંપા ઉપર આક્રમણની જે આંધી ઉતરી આવી હતી તેમાંથી જ ચંદનબાળા જેવું સ્વર્ગીય પુષ્પ ભ. મહાવીરના ચરણ પાસે આવી ચડયું હતું. આ કૌશાંબી ઉપર અને ખાસ કરીને મૃગાવતીના રૂપલાવણ્ય ઉપર ઉજ્જૈનીના ચંડપ્રદ્યોતની વિષદૃષ્ટિ પડી. અસહાય-અનાથ મૃગાવતી ચંડપ્રદ્યોત સામે થઈ શકે એવી સ્થિતિમાં નહોતી, છતાં ધૈર્ય અને ચાણાક્યબુદ્ધિથી મૃગાવતી-

એ આફતનો સામનો કર્યો. પોતે નિષ્કલંક રહીને કૌશાંબીને બચાવી લીધું. ચંડપ્રદ્યોતને શરમાવી પાછો વાળ્યો.

આમ પરસ્પરમાં આક્રમણ કરતા, એ યુગના મહાન્ રાજવીઓ એક બીજાને બહુ નહિ ઓળખતા હોય એમ લાગે. પણ વસ્તુતઃ તેઓ નિકટના સંબંધીઓ હતા. રાજ-ઐશ્વર્ય અને રમણીઓના સૌંદર્યનો મોહ એમને ઉન્મત્ત બનાવી મુકતો. અંગદેશ ઉપરના મગધના આક્રમણમાં, શતાનિક અને દધિવાહનના સંગ્રામમાં, ચંડપ્રદ્યોત અને સિંધુ-સૌવીરના ઉદયનના એક દાસી માટેના વિગ્રહમાં આ નર્યા ઉન્માદ સિવાય બીજી કોઈ નીતિ નથી દેખાતી. પ્રજા ભલે સમૃદ્ધિશાલી અને પુરુષાર્થવાળી હોય, પણ મહારાજાઓની આ સાઠમારીમાં સહિસલામતી કે નિશ્ચિંતતા જેવી વસ્તુ તો માત્ર શબ્દકોષમાં જ હશે. ભ. મહાવીર અને બુદ્ધદેવના ઉપદેશના પ્રતાપે રાજા તથા પ્રજાના, અતુલ ઐશ્વર્યમાંથી પરિણમતા સ્વેચ્છાચાર, કુલાભિમાન તથા પરપીડન ઉપર અંકુશો તો જરૂર મુકાયાં હતાં : ભોગ–ઐશ્વર્ય અને અધિકારની ક્ષણિકતા પણ એમને સમજાઇ હતી, પરંતુ સંસ્કારોનું ધરાતળ બહુ સમુન્નત નહોતું. એટલું છતાં ચંદનબાળા જેવી એક ક્ષત્રીયબાળાનું ધૈર્ય, સુલસા જેવી સારથી ગૃહિણીની અડગ શ્રદ્ધા, જયંતી જેવી શ્રાવિકાનું તાત્વિક ચિંતન અને ચર્ચા, મૃગાવતી તથા ચેલણા સમી પટરાણીઓની અંતઃશુદ્ધિ, ધરાતલની અંદર વહેતા સંસ્કારિતાના નિર્મળ જળની આપણને પ્રતીતિ આપી જાય છે. કોઈ પણ રાષ્ટ્રની એ ખરી ચિરંતન સમૃદ્ધિ છે.

ભ. મહાવીરના શાસનમાંના ચૌદ હજાર સાધુઓ, છત્રીસ હજાર સાધ્વીઓ અને ત્રણ લાખ અઢાર હજાર શ્રાવિકાઓના સમુદાયમાંથી, માત્ર ગણીગાંઠી મહાદેવીઓનાં જ છૂટાછવાયાં ચરિત્રો મળે છે. તારલાથી ખચિત ગગનમાં પાંચ-પચીસ ચમકતા તારાઓની પીછાન અત્યારે તો ગગનમંડળના અવગાહન જેવી બની રહે છે.

બૌદ્ધ સાહિત્યમાં આવી સાધ્વીઓ–ભિક્ષુણીઓ જેમને 'થેરી' અથવા સ્થવિરા કહેવામાં આવે છે તેમનાં ૭૫ જેટલાં નાનાં–મોટાં જીવનચરિત્રો મળે છે. થેરી–ગાથામાં જ એ સંગ્રહાયાં છે. ઐતિહાસિક સંશોધન તેમજ સામાજિક ક્રમવિકાસના અભ્યાસીઓએ, ભ. મહાવીરના યુગની આ મહાદેવીઓનાં ચરિત્રો સાથે બૌદ્ધ સ્થવિરાઓનાં જીવન સરખાવવા જેવાં છે. આ થેરીઓનાં ચરિત્રોની વિશેષતા એ છે કે લગભગ બધી જ સાધ્વીઓએ પોતાનાં ચરિત્રો આત્મનિવેદન રૂપે સરળ ગાથામાં ગુંથ્યાં છે. એમણે પોતાના સંસારી જીવનની ગ્લાનિ કે શરમ ઉપર ઢાંકપીછોડો નથી કર્યો. આમાંની કેટલી સાધ્વીઓ બુદ્ધદેવના સીધા સંપર્કમાં આવી હશે તે નક્કી કરવું મુશ્કેલ છે. ભ. મહાવીરના સંપર્કમાં આવેલી જૈન સાધ્વીઓ, શ્રાવિકાઓ કરતાં બૌદ્ધ થેરીઓની સામાજિક સ્થિતિમાં થોડી તરતમતા દેખાઈ આવે છે. સામાજિક જીવનની થોડી વાસ્તવિકતાઓ પણ એમાંથી મળે છે.

ભ. મહાવીરની શ્રાવિકાઓ અને સાધ્વીઓ સમાજના ઉંચા થરમાંથી આવી હોય એમ તુલનાત્મક દૃષ્ટિએ લાગે છે.

ભ. મહાવીર પહેલાં પાર્શ્વપ્રભુનું શાસન હતું એ વાત કહેવાઈ ગઈ છે. એટલે જૈન સંસ્કારો ઉચ્ચ ગણાતા કુળોમાં, કરમાયેલા ફુલની સુવાસની જેમ રહી ગયા હતા. બૌદ્ધ થેરીઓ બહુ સામાન્ય સ્થિતિમાંથી બહાર આવી હોય તેમ જણાય છે. જૈનસંઘમાં પણ આવી સ્થિતિવાળી શ્રાવિકાઓ અને સાધ્વીઓ હશે, પણ એમનાં ચરિત્રો કદાચ ન સંગ્રહાયાં હોય–વિસ્મૃતિમાં ડૂબી ગયાં હોય. મહાવીરના જીવન સાથે સંપર્ક ધરાવતી શ્રાવિકાઓ કે સાધ્વીઓનાં ચરિત્રો જ મહાવીરચરિત્રના એક અંગ તરીકે જળવાઈ રહ્યાં હોય. ગમે તેમ, પણ શ્રમણયુગના ઇતિહાસ–ફલક ઉપર આ થેરીઓ ઇંદ્રધનુષ્યનાં રંગ છાંટી જાય છે. થેરીઓમાં કોઈક રક્તરંગી, નીલરંગી, તેજસ્વિની, તો કોઈ મ્લાન તારિકા જેવી ઝબકે છે. કોઇ પોતાના ભાગ્યદોષે લજ્જિત, કોઈ અત્યાચારપીડિત, કોઈ સમાજથી ઉપેક્ષિત–તિરસ્કૃત તો કોઈ ઊંડા શોકમાં સંતપ્ત જણાય છે. અહીં માત્ર બે–ચાર દૃષ્ટાંત બસ થશે:

પટાચારા બૌદ્ધ સાધ્વી હતી. સંસારી અવસ્થાનું નામ જણાયું નથી. એક કથાનો વિષય બની શકે એવી આ થેરીની હકીકત છે. શ્રાવસ્તી નગરીમાં એક શેઠને ઘેર એનો જન્મ થયો હતો. લગ્નને યોગ્ય વય થતાં, માતપિતાએ એનો સંબંધ એક વણિકકુમાર સાથે યોજ્યો. પણ તે પહેલાં બીજા એક યુવકના પ્રેમથી આકર્ષાઈ, છાનીમાની ઘરમાંથી નાસી છૂટી. સ્વામી પાસે કંઈ સંપત્તિ નહોતી–દૂર દેશમાં રહીને ભારે દુઃખમાં દિવસો વ્યતીત કર્યા. પટાચારા એક પુત્રની માતા બની. આખરે માતપિતાની છાયામાં જઈને વસવાની વૃત્તિ બળવાન થતાં, પટાચારાએ પોતાના સ્વામીને

સમજાવવા પ્રયત્ન કર્યો. પતિએ કહ્યું કે "તારી બીજી વારની પ્રસૂતિ થઈ જાય પછી આપણે તારા માતપિતા પાસે જઈશું." એ પ્રસંગ પણ નિર્વિઘ્ને પાર પડયો. પટાચારા પોતાના બે પુત્રો અને સ્વામીની સાથે, પીયર જવા નીકળી. રસ્તામાં સ્વામીને સર્પ કરડ્યો–પટાચારા વિધવા બની. શોકવિહ્વળ પટાચારા પોતાના બે પુત્રોની પૂરી સંભાળ લઈ શકી નહિ, એટલે બન્ને બાળકો પણ મૃત્યુની ગોદમાં સૂતા. પટાચારા ગાંડી જેવી બની ગઈ. માંડમાંડ શ્રાવસ્તી પહોંચી. પણ ત્યાં પહોંચ્યા પછી જણાયું કે આગલે દિવસે જ વરસાદ અને પવનનું ભારે તોફાન થવાથી, જૂનું ઘર પડી ભાંગ્યું હતું અને એના કાટમાળ નીચે મા-બાપ તથા ભાઈ દટાઈને પરલોક સીધાવ્યા હતા.

પટાચારા હવે ઉન્માદિની નારીની જેમ આક્રંદ કરતી, શ્રાવસ્તીની શેરીઓમાં રખડવા લાગી, ફરીફરીને એ એક જ વાત કરતી:

उभो पुत्तो कालं कता पंथे मह्यं पति मतो
माता पिता च भाता च एकचितकस्मिं उह्यरे–

એટલામાં શ્રાવસ્તીમાં બુદ્ધદેવનું આગમન થયું. પટાચારાએ બુદ્ધદેવનું શરણુ લીધું. આ શોકસંતપ્ત સ્ત્રીને બુદ્ધદેવે ટુંકામાં કહ્યું:

यो च वस्ससत जोवे अपस्सम् उदयव्ययम्
एकाहं जीवितं सेय्यो पस्सतो उदयव्ययम्

જન્મ અને મૃત્યુ જેણે જોયાં–જાણ્યાં નથી તે ભલે સો વર્ષ જીવે, પણ જન્મ–મૃત્યુ જાણનાર, સમજનાર એક દિવસ જીવે તો પણ સાર્થક છે.

પટાચારા જાણે કે પુનર્જન્મ પામીઃ એનો શોક–સંતાપ શમી ગયો. પછી તો પટાચારાની વાણીમાં એવી જાદુઈ શક્તિ આવી કે ભલભલી શોકસંતપ્ત સ્ત્રીઓ પટાચારા પાસે પહોંચતાં પોતાનું બધું દુઃખ ભૂલી જતી.

ઈસિદાસી ( ઋષિદાસી ) નામની થેરી પોતે જ પોતાની કહાણી કહે છેઃ

ઉજ્જૈનીના એક શેઠની હું લાડીલી પુત્રી હતી. મારા પિતાએ મને સારું કુળ તથા વર જોઈને પરણાવી. સાસુ–સસરા સજ્જન હતાં. પૂરેપૂરી નિષ્ઠાથી પતિભક્તિ કરતી. સવારે વહેલી ઉઠીને ઘરનાં બધાં કામ આટોપતી–મજુરી કરતાં મને થાક નહોતો લાગતો. સૌને રાજી રાખતી. કટુ વેણ મોંમાંથી રખે નીકળી જાય એવી બીકથી બહુ બોલતી નહોતી, છતાં પતિનો પ્રેમ મેળવવા હું ભાગ્યશાળી ન થઈ. પતિએ મારો ત્યાગ કર્યો. દુઃખની મારી હું બીજી વાર પરણી. એક મહિના પછી એ પણ મારો ત્યાગ કરીને ચાલી નીકળ્યો. ત્રીજી વાર એક સંયમી ભિક્ષુક અમારા આંગણે આવી ચડયા. મારા માબાપે એનાં ચીવર તથા ઘડો છોડાવી ( એટલે કે ભિક્ષુકનો વેષ છોડાવીને ) મારો હાથ એને સુપ્રત કર્યો. એ પણ થોડા દિવસે પોતાનું ચીવર તથા ઘડો લઈને માર્ગે પડયો. ત્રણ–ત્રણ વાર લગ્નમાં નિરાશ થયા પછી મને ખાત્રી થઈ કે પૂર્વનાં પાપકર્મ

ક્ષીણ ન થાય ત્યાં સુધી સુખની આશા રાખવી નકામી છે. છેવટે મેં બૌદ્ધ સાધ્વીસંઘમાં દીક્ષા લીધી.

કેટલીક થેરીઓને એમના પતિદેવો મારતા-ઝૂડતા અને બજારની વસ્તુની જેમ વેચતા એવી મતલબના એકરારો પણ આ થેરી ગાથામાં છે. સુમુક્તિકા થેરીનું જીવન એવા પ્રકારનું જ હતું.

કુંડલકેશા-ભદ્રાની વાત જરા વિચિત્ર છે. બૌદ્ધોમાં એ પુરાણનિગંથીના નામથી પ્રસિદ્ધ છે. જૈનો અને બૌદ્ધો વચ્ચે એ વખતે ઠીક ઠીક હરિફાઈ હશે. બૌદ્ધ કે જૈન બનવાની સૌ કોઈને પૂરી સ્વતંત્રતા પણ હશે. કુંડલકેશા પ્રથમ જૈન હોય, અને પાછળથી બૌદ્ધ સંઘમાં ભળી હોય તો સંભવિત છે. એ પોતે જ કહે છે.

दिवा विहारा निक्खम्म गिज्झकूटम्हि पव्वते
अद्दसं विरजं बुद्धं भिक्खुसंघपूरक्खतं
निहच्च जानुं वन्दित्वा संमुखा पंजलि अहं
ओहि भद्देति अवच सा मे आस्सूपसंपदा

એક દિવસે વિહારમાંથી નીકળી ગૃદ્ધકૂટ પર્વત ઉપર જતી હતી ત્યાં ભિક્ષુસંઘની આગળ બુદ્ધદેવને જતા જોયા. મેં એમને ઘુંટણભર નમીને પ્રણામ કર્યા. "ભદ્રા, ભલે આવી !" એમ કહીને એમણે મને સત્કારી અને દીક્ષા આપી. પછી તો ભદ્રા પોતાના વિહારનું વર્ણન કરતાં કહે છે કે ઘણે ઘણે સ્થળે ભમી છું. અંગ-મગધ-કાશી-

કોશલ તથા વજ્જીઓના પ્રદેશમાં, માર્ગમાં ભીખ માગતી, ફરી છું.

થેરી–ગાથામાં આ ભદ્રાનું જે ચરિત્ર આપવામાં આવ્યું છે તેનો સારાંશ જ અહીં આપ્યો છે.

રાજગૃહીના એક શેઠને ત્યાં ભદ્રા જનમી હતી. પોતે શ્રેષ્ઠિપુત્રી હોવા છતાં એક પુરોહિતના પુત્રને પરણી હતી. ભાગ્યદોષે એ બ્રાહ્મણ યુવાન દુરાચારી નીકળ્યો. ચોરીના ગુન્હામાં પકડાયો. ભદ્રાએ પોતાના બાપને કાલાવાલા કરી, દંડ ભરી દઈને યુવાનને છોડાવ્યો. અધિકારીઓને ભારે રકમની લાંચ પણ આપવી પડી.

યુવાનનું નામ સથ્થૂક. સથ્થૂકે એક દિવસે ભદ્રાને કહ્યું કે : “ હું જ્યારે ચોરીના અપરાધમાં પકડાયો હતો ત્યારે મેં માનતા કરી હતી કે જો છૂટીશ તો ડુંગરના શિખર ઉપર આવેલા મંદિરમાં નૈવેદ્ય ધરીશ, તો આપણે આજે રાત્રે ત્યાં જઈને નૈવેદ્ય કરી આવીએ. ”

ભોળી ભદ્રા વસ્ત્રાલંકાર પહેરીને તૈયાર થઈ. પણ રસ્તે જતાં એને જાણ થઈ કે નૈવેદ્યનું તો માત્ર બાનું જ હતું. સથ્થૂક ભદ્રાનાં ઘરેણાં–લૂગડાં ઉતારીને–ભદ્રાને ઊંડી ખીણમાં ધકેલીને નાસી છૂટવા માગતો હતો.

ભદ્રા કરગરીને, સથ્થૂકને કહેવા લાગી:

“ આ વસ્ત્ર–અલંકારો જે જોઈતાં હોય તે લઈ જાઓ, પણ મને જીવતી જવા દો. ”

સથ્થૂક ન માન્યો. એ તો ભદ્રાનો વધ જ કરવા માગતો હતો. આખરે ભદ્રાએ યુક્તિ કરી–કહ્યું :

"ભલે આપને ફાવે તેમ કરો. પણ મને એક વાર તમારા ચરણમાં પડીને નમસ્કાર કરી લેવા દો."

સથ્થૂકની અનુમતિ મેળવી, ભદ્રા પગમાં પડી તો ખરી પણ સથ્થૂકને જાળવીને એવો ધક્કો માર્યો કે એ પોતે જ ડુંગર ઉપરથી ઉંડી ખીણમાં ગબડી પડ્યો. ભદ્રા દોડીને ઘર ભેગી થઈ ગઈ. ટીકાકાર ધર્મપાલ, આ ચરિત્રની સમીક્ષા કરતાં કહે છેઃ

न सो सव्वेसु ठानेसु पुरिसो होति पंडितो
इत्थि वि पंडिता होति तत्थ तत्थ विचक्खणा–

પુરુષો જ બધે પંડિત હોય એમ નથી બનતું–સ્ત્રી પણ પંડિત અને વિચક્ષણા હોઈ શકે છે.

ઉપરોક્ત ઘટના પછી ભદ્રા જૈન સાધ્વીસંઘમાં ભળી હશે. એ પછી, ગમે તે કારણે, બૌદ્ધોના સાધ્વીસંઘ તરફ આકર્ષાઈ હશે. ગૌતમ બુદ્ધદેવના સાક્ષાત્ દર્શન પોતે પામી હતી એમ ઉપર કહેવાયું છે. એ દર્શનનો ઉંડો પ્રભાવ ભદ્રાના દિલ ઉપર પડયો હોય એમ બને.

આ ગ્રંથમાં આલેખાએલી મહાદેવીઓમાં જ શ્રમણ યુગનું સમસ્ત ચિત્ર નથી સમાઈ જતું. બૌદ્ધ સ્થવિરાઓના સંસારી તેમજ વિરકત જીવનના વાસ્તવિક રંગો પૂરાય તો જ ભ. મહાવીર અને ગૌતમ બુદ્ધદેવનો યુગ કંઈક સમજાય. એ દૃષ્ટિએ જ આટલો વિસ્તાર કર્યો છે.

છેલ્લે છેલ્લે મહાશતકની સ્ત્રી રેવતી અને શ્રેણિક મહારાજાની દાસી કપીલા વિષે થોડું કહી દઈએ. એ બે

મહાદેવીઓ નથી, છતાં એ બન્ને ભ૦ મહાવીર જેવા એક સમર્થ અને મિતભાષી મહાપુરુષની જીભે ચડી ગએલી શ્રમણયુગની નારીઓ છે.

એક પતિને પજવનારી, અસંયમી, ઉદ્ધત છે તો બીજી નિયતિ જેટલી જ નિર્મમ અને અકોણી લાગે છે. મહાદેવીઓ જો એમના યુગની અને યુગાંતરની અમર દીપ-શીખાઓ છે તો રોહિણીઓ અને કપીલાઓ પણ, દીપકથી શરમાઇને-ગભરાઇને દીવાની ઓથે કે આઘે ખૂણામાં ભરાઇ રહેતા અંધારા જેવી સ્વાભાવિક લાગે છે. પ્રકાશ અને અંધકારની આવી લીલા અહોનિશ ચાલ્યા જ કરવાની. એ ઉપરાંત પાપીમાં પાપી, અણગમતા અને ઓળખીતા કે અણઓળખીતા માનવી પ્રત્યે ખરો સંયમી કેવો વ્યવહાર રાખે તે રોહિણીના ચરિત્રમાં સૂચવાયું છે. મહાપુરૂષો ઉપર એમના કાળનો પ્રભાવ પડે છે, પરંતુ વસ્તુતઃ તેઓ સર્વ કાળના હોય છે. એટલે જ ભ૦ મહાવીરે મહાશતકનો રેવતી પ્રત્યેનો અનાદર ઉપેક્ષાને યોગ્ય નથી ગણ્યો. બીજી રીતે કહીએ તો સંયમી કે વ્રતધારીના આત્મવિકાસને કોઇ દેશકાળ રૂંધી શકતા નથી.

કપીલાદાસી અભવીની પદવી પામી છે. મગમાંના કોરડુની જેમ અપવાદરૂપ ગણાઇ છે. દાન પુણ્યકાર્ય છે–એમાં તારવાની તાકાત છે, પણ એ પુણ્ય જો આત્માના ઉલ્લાસને ઉત્તેજે કે સ્પર્શે જ નહિ તો એ પુણ્યની શી કીમત છે? પુણ્યનો ઉલ્લાસ અને અનુમોદન એ જ મુખ્ય છે. રેવતીમાં પાપનો પશ્ચાત્તાપ નથી, કપીલામાં પુણ્યનો ઉલ્લાસ નથી. દરેક દેશકાળમાં આવાં પાત્રો તો રહેવાનાંજ.

મહાદેવીઓની પડખે ઉભવાને ભાગ્યશાળી થએલી આ બન્ને શ્રમણયુગની નારીઓ યુગ-સંગીતમાં વિસંવાદી સુર ભરી, મૂળ ગીતને મધુર તેમ ભાવવાહી બનાવે છે એ જ એની સાર્થકતા છે.

શ્રમણયુગના આરંભમાં અમાવાસ્યા જેવા અંધારપટ ઉપર જે બે સમર્થ ક્ષત્રીયકુમારોએ ત્યાગ–આત્મસમર્પણ અને વિશ્વમૈત્રીનાં પ્રકાશકિરણ પાથર્યાં તેઓ તો વિશ્વવંદ્ય છે જ અને રહેવાના, પણ જે મહાદેવીઓએ સંસારમાં રહીને કે ત્યાગમય જીવન અંગીકાર કરીને સંયમ–વિરાગની શાશ્વતી સુવાસ રેલાવી તેઓ પણ આપણી ભક્તિ, શ્રદ્ધા અને વંદનને યોગ્ય છે. એમને ઉદ્દેશીને આપણે અત્યારે માત્ર આટલું જ કહી શકીએ:—

*મનુની ફૂલવેલીએ મહોરેલી માતૃમંજરી*
*નમોઽસ્તુ તે મહાદેવી ત્યાગમૂર્ત્તિ તપસ્વિની !*

卐 શ્રી 卐

# ભગવાન મહાવીર

ના

યુગની

# મહાદેવીઓ

પ્રસિદ્ધકર્તા

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર.

धन्ना सच्चिअ नारी,

जीए जणओ पइअ पुत्तो अ !

वीरावपाय पयवी,

समन्निआ हुंति तिन्निविय ॥

જેના પિતા, પતિ અને પુત્ર એ ત્રણે વીરની નિર્મળ પદવી પ્રાપ્ત કરે છે તે સ્ત્રી સાચે જ ધન્ય છે.

❖

अन्न भणेइ वच्छाइं,

वीरसुआ पिआ य वीरस्स ।

यह तुमए जइयव्वं,

होमि महावीर जणणीवि ॥

હે બેટા! હું વીરની પુત્રી છું, વીરની પત્ની છું: હવે તું એવું કંઈક કર કે જેથી હું વીરની માતા પણ ગણાઉં.

# માતા દેવાનંદા



## ( ૧ )

જૈન શાસનના વિસ્તીર્ણ આકાશપટ ઉપર જે કેટલીક પવિત્ર સન્નારીઓ ગ્રહ-નક્ષત્ર કે તારલિયાનો પ્રકાશ પાથરી રહી છે તેમાં જો કોઈ તારલિ ચમકદાર છતાં સંયમયુક્ત, દૂર દૂર છતાં દુન્યવી

અને મનોરમ છતાં સાદી–સુરેખ હોય તો તે દેવાનંદા બ્રાહ્મણીની. નથી એને પોતાના પ્રકાશનું અભિમાન કે નથી એને પોતાનાં વિશિષ્ટ સ્થાન કે પ્રસિદ્ધિની પરવા. ત્રિશલા માતાને સૌ સંભારશે, એમને ઉદ્દેશીને ભક્તિભીની અંજલિઓ અર્પાશે. ત્રિશલા દેવી તો ભ૦ મહાવીરની જનની ગણાય. દેવાનંદા કોણ? એને કોઈ શા સારુ સંભારે? સંભારે યા ન સંભારે પણ ૮૨ દિવસ સુધી જેણે ભ૦ મહાવીરના ઘડાતા દેહનું લાલન–પાલન કર્યું છે તે દેવાનંદા માતાના પુણ્યનો પ્રકાશ, ભલે મંદમંદપણે પણ ચમકતો જ રહેવાનો. ભ૦ મહાવીરના જીવનઘડતરના એક ઉપાદાનરૂપ ગણાવાનો.

ભ૦ મહાવીર ત્રિશલા દેવીના ગર્ભમાં આવ્યા તે પહેલાં ૮૨ દિવસ સુધી દેવાનંદાના ગર્ભમાં રહ્યા હતા. પણ દેવાનંદા બ્રાહ્મણી હતી–ભિક્ષુક કુળની હતી એટલે ઇંદ્રે પોતાના હરિણગમેષી દેવને–એક દેવદૂતને મોકલી એના ગર્ભનું હરણ કરાવ્યું. ભગવાન મહાવીર બ્રાહ્મણીની કુક્ષિમાંથી ક્ષત્રિયાણીની કુક્ષિમાં આવ્યા. ત્રિશલા માતા ઇતિહાસમાં અમર અને આરાધ્ય બની ગયાં–દેવાનંદા માતા એક બાજુ રહ્યાં અને ભગવાન મહાવીરના ભક્તો પણ જાણે કે એમને ભૂલી ગયા.

દેવાનંદાના પતિ ઋષભદત્ત બહુ સામાન્ય કોટીના બ્રાહ્મણ હતા. બ્રાહ્મણકુંડમાં રહેતા. દેવાનંદા પોતે જાલંધર કુળની ભાર્યા હતી. મહાવીર પ્રભુ જ્યારે દેવાનંદાના ગર્ભમાં આવ્યા અને સુભાગી

માતાએ ભવ્ય ચૌદ સ્વપ્ન નિહાળ્યાં ત્યારે એ સ્વપ્નનાં અર્થ જાણી પતિપત્નીને પારાવાર આનંદ ઉપજેલો. ઘર આંગણે કલ્પતરુ ઊગ્યો હોય એટલો સંતોષ થએલો. બ્રાહ્મણ–બ્રાહ્મણીને ઋદ્ધિ કે સમૃદ્ધિની તો શી પરવા હોય ? એમનો અભિલાષ એટલો જ કે "પોતાને ત્યાં આ ચૌદ સ્વપ્નસૂચિત એક એવો પરમ પ્રભાવી પુત્ર અવતરશે કે જે વેદનો પારગામી હશે, અદ્ભુત નિષ્ઠાવાળો હશે."

પણ એ ઉલ્લાસ ઠગારો નીવડ્યો. એમની બધી આશાઓ ધૂળમાં મળી ગઇ. પેલા ભવ્ય અને સુભગ સ્વપ્ન પણ એક રાત્રિએ જ્યારે ભગવાનના ગર્ભનું હરણ થયું ત્યારે દેવાનંદાના મુખમાંથી પાછાં નીકળતાં દેખાયાં ! માતા દેવાનંદા એકદમ ઊઠીને બેઠાં થઇ ગયાં. એમનું સર્વસ્વ જાણે કે લૂંટાઇ જતું હોય એવું દુ:ખ થયું. તે દિવસથી દેવાનંદા દુર્બળ અને જર્જરિત જેવા દેખાવા લાગ્યાં. બ્રાહ્મણની આશાનાં અંકુર પણ કરમાઇને ખરી પડ્યાં.

પૂર્વભવનું એક પાપ આડે આવ્યું. દેવાનંદા અને ત્રિશલા પૂર્વભવમાં જ્યારે દેરાણી જેઠાણી હતાં ત્યારે દેવાનંદાએ ત્રિશલાનો એક રત્નકરંડીયો ચોર્યો હતો. માગવા છતાં ત્રિશલાને પાછો નહોતો આપ્યો. એ કર્મનો બદલો દેવાનંદાને આ ભવમાં મળ્યો. એનો ગર્ભ ઇંદ્રે હરી લીધો. અને ભ૦ મહાવીરે પણ પૂર્વભવમાં જાતિમદ કરેલો તેના પરિણામે એમને ભિક્ષુકની કુળવધુના ગર્ભમાં બાસી દિવસ રહેવું પડ્યું. દેવાનંદા

માતાના ગર્ભનું હરણ એ ઈંદ્રનો સ્વેચ્છાચાર નહોતો. કર્મ અને તેના વિપાક અથવા કાર્યકારણની શૃંખલાનો જ એક અંકોડો માત્ર હતો.

ચક્રવર્તીઓ અને તીર્થંકરો જેવા પ્રતાપી પુરુષોની માતાઓ જ જે સ્વપ્ન નીહાળી શકે તે સ્વપ્ન જોઇને રોમરોમમાં હર્ષ પામેલી દેવાનંદાને એ આખી મનોરથોની સૃષ્ટિ વિલય પામતી જોયા પછી કેવો કારમો આઘાત થયો હશે ? માતા દેવાનંદા જો કઠણ હૈયાનાં ન હોત તો કદાચ એ આઘાતને લીધે વિહવળ બની ગયાં હોત. પણ આખરે પોતાના સંચિતને જ દોષ દઇને એ બેસી રહ્યાં. માતા દેવાનંદાએ બહુ વલોપાત નથી કર્યો. પુત્રને બદલે પુત્રી અવતરી ત્યારે પણ એમણે સંતોષ અને તૃપ્તિ જ માણી છે.

દેવાનંદા માતા જો આટલું જાણી શક્યા હોત કે ક્ષત્રિયકુંડ ગ્રામના સિદ્ધાર્થ ક્ષત્રીયને ત્યાં જે પુત્રનો જન્મ થયો છે તે વસ્તુતઃ પોતાનો જ બાળ છે તો કોઇક દિવસે આઘે ઊભા રહીને પણ એ પોતાના મટી ગયેલા બાળનું મોં જોઈ શકત—ગૌરવથી પોતાના અંતરને ભરી દઇ શકત.

પણ ક્ષત્રિયકુંડ અને બ્રાહ્મણકુંડ પાસે પાસે હોવા છતાં, ભગવાન મહાવીરના જન્મોત્સવથી માંડી દીક્ષા મહોત્સવ સુધીના અનેક પ્રસંગોમાં ક્યાંઇ દેવાનંદા માતા પ્રેક્ષક તરીકે આવ્યાં હોય એમ નથી લાગતું. ગામમાં જ્યારે વર્ધમાનકુંવરને અથવા તો મહા-

વીરને જોવા માટે લોકોનાં ટોળાં ઉભરાતાં હશે ત્યારે પણ દેવાનંદા માતા તો ઘરનો ખૂણો ઝાલીને જ બેસી રહ્યા હોય એમ જણાય છે. ગર્ભાપહરણ પછી એમનો રસ અથવા આનંદ છેક સુકાઇ ગયો લાગે છે. બીજાના પરાક્રમી, તપસ્વી, જ્ઞાની પુત્રોની વાતો જ્યારે તેઓ સાંભળતા હશે ત્યારે એમને ચૌદ સ્વપ્નસૂચિત પુત્રનું સ્મરણ થઇ આવતું હશે. દૈવે પોતાને ઠગી છે એ કઠોર સત્યનું ભાન થતાં એ મમતાળુ માતાનું હૈયું અંદરથી કેવું વલોવાઇ જતું હશે તે એમના સિવાય બીજું કોણ સમજી શકે ? એટલે જ એમ લાગે છે કે ગર્ભાપહરણ પછી દેવાનંદા માતાએ અંતઃશોધન પાછળ એક માત્ર લક્ષ આપ્યું હશે.

આખરે એક અકસ્માત બની જાય છે. વીર પ્રભુ વિહાર કરતાં એક દિવસે બ્રાહ્મણકુંડ ગામમાં આવે છે. ત્યાં બહુશાળ નામના ઉદ્યાનમાં દેવતાઓએ રચેલા ત્રણ ગઢવાળા સમવસરણમાં વ્યાખ્યાન આપવા પૂર્વાભિમુખે વિરાજે છે. દેવાનંદા અને ઋષભદત્ત પણ ત્યાં આવી ચડે છે.

જેનું મોં પણ નથી જોયું, ગર્ભાવસ્થામાં પૂરો વિકાસ થાય તે પહેલાં જ જેનું અપહરણ થયું છે એવા પુત્રને માતા ઓળખી શકતી હશે ? ગમે તેમ હોય, પણ વાત્સલ્યમાં અદ્‌ભુત જાદુઇ શક્તિ છે એમ માન્યા વિના નથી ચાલતું. ભગવાન મહાવીરને જોતાં જ દેવાનંદા માતાની છાતીમાંથી દૂધની સેર છૂટે છે. માતાનો દેહ રોમાંચથી ઉભરાઇ જાય

છે. ગૌતમસ્વામી પણ આ દૃશ્ય જોઇને વિસ્મય પામે છે. કોઇ દિવસ નહિ ને આજે એવું શું બન્યું કે એક અજાણી સ્ત્રીને પ્રભુ પ્રત્યે આટલું બધું વ્હાલ પ્રગટયું ?

"પ્રભુ! આ દેવાનંદા કોણ છે? એની દૃષ્ટિ દેવવધૂની જેમ નિર્નિમેષ કેમ થઇ ગઇ?" સંશય અને વિસ્મય પામેલા ગૌતમસ્વામીએ અંજલી જોડીને પ્રભુને પૂછયું.

"દેવાનુપ્રિય ગૌતમ! હું એ દેવાનંદાની કુક્ષિમાં જ બાસી દિવસ રહ્યો હતો. દેવલોકમાંથી ચ્યવીને હું ત્યાં જ આવ્યો હતો. દેવાનંદા પોતે નથી જાણતી પણ એનું સ્વાભાવિક વાત્સલ્ય છૂપું નથી રહી શકતું."

દેવાનંદા માતાને તે દિવસે પ્રથમ જાણ થઇ કે દેવોથી પૂજાતા, ચક્રવર્ત્તી જેવા રાજવીઓથી સત્કારાતા અને પગલે પગલે પૃથ્વીને તીર્થસ્વરૂપ બનાવતા આ પુરુષ પોતાનો જ પુત્ર છે–વેદનો પારગામી બનશે એવી જે આશા રાખેલી તેને બદલે આજે સંસારને નવો સંદેશ સુણાવનાર આ પયગંબર પોતાનો જ પુત્ર છે. માતા દેવાનંદાને, ખોવાયેલી અદ્‌ભુત સમૃધ્ધિ અનાયાસે મળી ગઇ હોય–વ્યાજ સાથે મૂળ રકમ મળી ગઈ હોય એટલો આનંદ તે દિવસે થયો હશે.

એ પછી, પ્રભુની દેશના સાંભળી માતા દેવાનંદા અને ઋષભદત્ત દીક્ષા લે છે. બંને જણ મહાવ્રતને

ઉજાળતા, વિવિધ તપ અને જ્ઞાનાધ્યયન કરતાં, કેવળ-જ્ઞાન પામી, જીવનની છેલ્લી સિધ્ધિ–મુક્તિને વરે છે.

( ૨ )

માતા દેવાનંદાને પૂજનારી સુનંદાની વાત તમે સાંભળી છે? દક્ષિણમાં–કર્ણાટકમાં જ્યારે જૈન ધર્મની ધજા રાજમહેલો ઉપર ફરકતી ત્યારે કાનડી સાહિત્યને જૈન સાહિત્યસ્વામીઓએ ખૂબ રસતરબોળ બનાવેલું. જૈન ઇતિહાસ અને કથાનુયોગના પાત્રો ઉપર ભક્તિ અને પ્રતિભાનાં પ્રકાશ કિરણ પડેલાં. ભૂલાયેલા પાત્રોને પણ એ સાહિત્યે સજીવ બનાવેલાં. માતા દેવાનંદાની ભક્તિ–પૂજા કરનાર સુનંદાની એવી જ એક વાત ઉતારું.

દધિમુખ પર્વતના શિખર ઉપર એક રમણીય દેરાસર હતું અને દેરાસરની પાસે જ એક જૈન આશ્રમ હતો. આશ્રમમાં શ્રાવિકાઓ રહીને જ્ઞાનાર્જન સાથે તપ–સંયમની તાલીમ મેળવતી. પ્રેમાનંદા આ આશ્રમ-ની મુખ્ય અધિકારિણી હતી. ગળથુથીમાંથી જ પ્રેમાનંદાને ત્યાગ-વિરાગના સંસ્કાર મળ્યા હતા. જન્મથી એ તપસ્વિની હતી. તે પોતે ક્રિયાકાંડમાં જેવી ચૂસ્ત હતી તેવી જ બીજી બહેનો પાસે કડક નિયમપાલન કરાવતી. સાંસારિક વસ્ત્રોમાં, સાંસારિક પદ્ધત્તિએ આશ્રમમાં રહેવા છતાં દરેક બાઇ બની શકે એટલા અણિશુદ્ધ અણુવ્રતો પાળવા મંથન કરતી. ક્રમે ક્રમે મહાવ્રતો સુધી પહોંચવાની સૌની મહત્વાકાંક્ષા રહેતી.

એ આશ્રમમાં સુનંદા શ્રાવિકા પ્રેમાનંદાના જમણા

હાથરૂપ હતી. દેખાવે પણ એ સૌંદર્ય અને લાવણ્યથી ભરપૂર હતી. અરણ્યમાં પથરાયેલી એકલી કૌમુદી જેવી હૃદયંગમ લાગે તેવી જ આ આશ્રમમાં સુનંદાની સૌંદર્યકળા સતત છવાયેલી રહેતી.

આશ્રમની બીજી બહેનો સાથે એ રોજ દેરાસર જતી. નિયમ પ્રમાણે વીતરાગ પ્રભુની પૂજા સ્તુતિ કરતી, પરંતુ દેવાનંદા માતા પ્રત્યેનો સુનંદાનો ભક્તિભાવ કાંઈક અજબ તરેહનો હતો. કોણ જાણે કયાંઈકથી એણે દેવાનંદા માતાની એક છબી મેળવી હતી. આ છબી સુનંદાનું સર્વસ્વ હતું. માતા પિતા કહો કે આત્મજન કહો, દેવી કહો કે અધિષ્ઠાત્રી કહો, પણ આ દેવાનંદા માતાની છબીમાં જ સુનંદાનું બધું સમાઈ જતું. વીતરાગ દેવની સ્તુતિ, પૂજા કરતી, પણ એ લગભગ નિષ્કામભાવે. સુનંદાને અંતર ખોલવાનું આ દુનિયામાં દેવાનંદા માતાની છબી સિવાય બીજું સાધન નહોતું. આનંદ કે શોકના અવસરે આ માતા પાસે પોતાનું હૈયું ઠલવતી. શોકના સમયે હતાશ ન થઈ જવાય, આનંદની પળોમાં ઉદ્ધત ન બની જવાય એટલા સારુ તે દેવાનંદા માતા પાસે ભક્તિભાવે મસ્તક નમાવતી—હર્ષ, શોક માતાના ચરણમાં નિવેદતી. આપણે ભલે એને છબી, તસબીર કે મૂર્ત્તિ કહીએ, પણ સુનંદા તો દેવાનંદા માતા જીવતા-જાગતા હોય એમ જ માનતી. સવાર-સાંઝ એ દેવીની પાસે પ્રણિપાત કરી પોતાને કૃતકાર્ય સમજતી. એને પૂરો વિશ્વાસ હતો કે દુઃખ

માત્રથી બચાવનાર, સીધો–સરળ રાહ બતાવનાર અને અણીને વખતે મદદ આપનાર આ માતા દેવાનંદા સિવાય બીજું કોઈ જ નથી.

એક દિવસે પ્રાતઃકાળે સુનંદા ઊંઘમાંથી જાગી ઊઠી. ઊઠતાંની સાથે જ નિયમ પ્રમાણે એણે માતા દેવાનંદાની છબીને બે હાથ જોડયા. ઘરમાંથી બહાર નીકળી આસપાસ જોયું તો ઉષાના નિર્મળ, શાંત પ્રકાશમાં આખું વિશ્વ સ્નાન કરતું નીહાળ્યું. સૃષ્ટિ તો એની એ જ હતી, પણ જાદુગરના સ્પર્શ માત્રથી વસ્તુ માત્ર બદલાઈ જાય તેમ સુનંદાને આજે સૃષ્ટિની મનોહરતામાં જુદી જ આકર્ષકતા હોય એમ લાગ્યું. રોજ તો સૃષ્ટિલીલા જોઇને પોતાના કામે લાગી જતી. આજે ઉષાના મનોહર તેજમાં, દધિમુખ પર્વતની તળેટીમાં આવેલા અમૃતપુરી ગામના એકે એક ખોરડા અને અગાસી ઉપર સુનંદાની દૃષ્ટિ રમી રહી.

છાપરા અને છતો ઉપર રમતી દૃષ્ટિ ધીમે ધીમે છાપરા અને છતો નીચે વસતા કુટુંબોમાં પ્રવેશવા પ્રયત્ન કરવા લાગી. સુનંદાને થયું, આ છાપરા નીચે અસંખ્ય કુટુંબો એક–બીજાની હૂંફમાં વસતાં હશે. માતા, પિતા, બહેન, બંધુ આદિ પરિવારથી વીંટળાયેલા ગૃહસ્થો અને ગૃહિણીઓ કલ્લોલ કરતાં હશે! સુનંદાને આવી સાંસારિક લાગણી કોઈ દિવસ નહોતી સ્પર્શી. આજ સુધી માત્ર વ્રત, તપસ્યા અને આત્મચિંતા કરનારી સુનંદાના દિલમાં જાણે કે કૌટુંબિક ભૂખની લાગણી જનમી.

પણ સુનંદા સાવધ હતી. તરત જ અંગ ઉપર ચડતા સાપને ઝટકીને નાસી જતી હોય તેમ તેણે ઊગતી સાંસારિક વાસનાને ઝટકી નાખી: “ અરે ! હું તો સાધ્વીજીના મહાવ્રતોને અનુસરવા મથનારી આશ્રમબાળા ! મારે વળી કૌટુંબિક જીવનનો મોહ કેવો ? સંસારમાં મારું કોણ ? આત્મા જ મારો સંગાથી ! આત્માના આનંદમાંથી જ બની શકે એટલું રસપાન કરવાનું ! હવે આ સ્થળે ઊભું રહેવું ઠીક નથી.”

સાંસારિક વૃત્તિને પરમ શત્રુરૂપ સમજનારી સુનંદા ત્યાંથી એકદમ ચાલી નીકળી. લૂંટારાઓના હાથમાંથી બચવા જેમ આપણે ઘરની દીવાલોની અંદર કે ગઢની અંદર ભરાઇ બેસીએ તેમ સુનંદા પોતાની ઓરડીમાં આવી દેવાનંદા માતાની છબી સામે ધ્યાન ધરતી બેસી ગઈ.

“ માતા દેવાનંદા ! મને બચાવજો ! સાંસારિક વૃત્તિનો અંકુર અકસ્માત જાગી પડયો છે. એ ઊંડા મૂળ નાખે તે પહેલાં મારો ઉધ્ધાર કરજો ! ”

“ પુત્રી ! નિશ્ચિંત રહેજે, તારું સુકાન મારા હાથમાં જ છે ! ” એવો જ કંઇક ઉત્તર માતા દેવાનંદા તરફથી મળતો હોય એમ માની સુનંદા ત્યાંથી ઊઠી. એ વખતે એના મોં ઉપર વિજયનું આછું હાસ્ય ફરકી ઊઠયું. માતા દેવાનંદાના આશીર્વાદ પામેલી સુનંદા આશ્રમના કામકાજમાં પરોવાઇ ગઈ.

મૃગને પોતાની નાભિમાં રહેલી કસ્તૂરીની વાસ ઉન્મત્ત બનાવે છે–એ સુવાસને શોધવા અરણ્યમાં

ભટકે છે, એને ખબર નથી કે જેની પાછળ એ ભટકે છે તે વસ્તુ પોતાની જ પાસે છે.

સુનંદાએ સાંસારિક વૃત્તિના પાશમાંથી છૂટવા ધર્મકરણીમાં મન પરોવ્યું, પણ અંતરમાંથી ઉદ્ભવેલી વાસનાને એમ નિર્મૂલ થોડી જ કરી શકાય? પાણી ઉપર પથરાયેલી શેવાળને બે હાથવતી આઘી ખસેડીએ ભલે, પણ પાછી એ જ્યાં હતી ત્યાં ફરી વળવાની. વૃત્તિઓનું પણ લગભગ એવું જ હોય છે. એને જેમ જેમ ખસેડવા માગીએ તેમ તેમ તે વધુ ઉગ્ર બનતી પાસે ને પાસે જ આવતી જાય. સુનંદા જેવી ભોળી આશ્રમબાળા એ વૃત્તિની સામે કયાં સુધી ઝીક ઝીલી શકે?

દિવસ આખો આશ્રમનાં નાનાવિધ કાર્યોમાં પસાર થઈ જતો. એ વખતે પેલી વૃત્તિ શમી ગઈ એમ લાગતું, પણ અવકાશ મળતાં છટકેલી કમાનની જેમ પેલી વાસના આ સુકુમાર બાળાના હૈયા ઉપર આઘાત કરી જતી. રાત્રિના વખતે જ્યારે તે નિરાંતે ઊંઘવા પ્રયત્ન કરતી, માતા દેવાનંદા અને ત્રિશલાના સ્મરણપૂર્વક નિદ્રાને આહ્વાન કરતી ત્યારે પણ શેતાનની જેમ સાંસારિકતાનો મોહ જાણે કે છાતી ઉપર ચડી બેસતો.

અનુભવ વગરની, દોરવણી વગરની, માત્ર વાસનાઓને બળજોરીથી દબાવી દેવામાં જ માનનારી સુનંદા, રોજના આ આંતરવિપ્લવથી થાકી ગઈ. એક દિવસે તે પથારીમાંથી વહેલી ઊઠી, પર્વતના

શિખર ઉપરથી ઉતરી, તળાટીમાંના શહેર તરફ ચાલી નીકળી. વાસનાથી ધકેલાતી ગભરૂ આશ્રમબાળા, પાણીનો પ્રવાહ જેમ નીચે પછડાય તેમ વગર વિચારે ચાલી નીકળી.

નીકળતાં પહેલાં આશ્રમનો પોતાને સોંપાયેલો હિસાબ રીતસર લખી વાળ્યો. કોઠારની કુંચીઓ અને હિસાબની ચોપડી પણ માતા દેવાનંદાની છબી પાસે મૂકી દીધાં. જતાં જતાં સુનંદા બોલીઃ "માતા! સંસારના મોહરાજાએ આજે મારી ઉપર વિજય વર્તાવ્યો છે. હું મોહરાજા સામે ઘણું મથી; પણ આખરે મારો પરાજય થયો છે. હું આપની વિદાય માગું છું. આપ કદાચ નારાજ થશો, પણ મારી નિરૂપાયતા હું કેવી રીતે વર્ણવું? મોહને જીતી શકી નહિ એટલે જ આ વસ્તુઓ આપની પાસે ધરી દઉં છું. હું સંસારના વમળમાં ઝુકું છું. હું જ્યાં હોઉં ત્યાં મારું રક્ષણ કરજો."

× × ×

આશ્રમથી માંડી તળાટી સુધીનો રસ્તો ઘણો વાંકો ચૂંકો નીચે ઉતરતો હતો તેથી સુનંદાને જરા વધુ વાર લાગી અને થાક પણ લાગ્યો. જેણે આશ્રમની બહાર કોઈ દિવસે ભાગ્યે જ પગ મૂક્યો હશે તેને આજનો આ ભય અને સાહસથી ભરેલો શ્રમ વધારે કષ્ટમય લાગે એ સ્વાભાવિક છે.

તળાટીની અડોઅડ એક નાનું સરોવર હતું અને એમાં કમળો ખૂબ ઊગી નીકળ્યાં હતાં. સૂર્યના

કિરણોમાં સ્નાન કરવાની તાલાવેલી લાગી હોય તેમ કમળો માથાં નમાવીને એક-બીજાથી આગળ જવાની હરિફાઇ કરતાં હતાં. સરોવરના કિનારે એક પીંપળાનું વૃક્ષ હતું અને થડ ફરતો એક વિશાળ ચોતરો બાંધેલો હતો. સુનંદા અહીં થાક ખાવા બેઠી.

"નીકળી તો ખરી, પણ હવે ક્યાં જઇશ?" એ પ્રશ્ન સુનંદાના મનમાં વધુ ઉગ્ર મંથન ચલાવી રહ્યો. "ક્યાં જઇશ?" એમ નીકળતી વખતે જ થએલું, પણ એ વખતે "નીચે પહોંચ્યા પછી જોઇ લેવાશે" એમ કહી મનને મનાવેલું, પણ હવે માત્ર તર્કનો આશ્રય નકામો હતો. કઠોર સત્યનો સામનો કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો હતો.

"પાછી આશ્રમમાં જઉં ત્યારે?" સંતોષકારક જવાબ ન મળવાથી સુનંદાએ પાછાં પગલાં ભરવાનો વિચાર પણ કરી જોયો.

જે સાહસથી સુનંદા નીચે ઉતરી આવી હતી તે સાહસ મૂર્ત્તિમંત બની જાણે ઠપકો આપતું હોય તેમ સુનંદાએ સાંભળ્યું:

"પાછી જઇશ તો ત્યાં પણ મેણાં ટોણાં જ સાંભળવા પડશે. એક વાર સ્વ ઇચ્છાથી નીચે ઉતરેલી તું પાછી ફરશે તો કાયમને માટે તારો કોઇ વિશ્વાસ નહિ કરે, માટે સાહસ ભેગું થોડું વધુ સાહસ કરી નાખ!"

પણ બીજું કયું સાહસ કરવું તે સુનંદા નહોતી સમજતી. બાળક ગુસ્સે થઇને ઘરની બહાર

નીકળી જાય અને તે પછી થોડી વારે મા-બાપ મનાવવા આવે એમ ઇચ્છે તેવી જ સુનંદાની અત્યારે સ્થિતિ થઇ હતી. ન આગળ જવાય કે ન પાછળ જવાય.

એટલામાં એક ઘોડેસ્વાર બરાબર એ ઓટલા પાસે જ આવીને ઊભો રહી ગયો. તેણે સુનંદાને જોઈ: "અત્યારના પહોરમાં આ સ્ત્રી અહીં-નિર્જન સ્થાનમાં એકલી કાં બેઠી હશે?" અસવારે પોતાના મનને પૂછ્યું.

સુનંદા એટલી બધી વિચારગ્રસ્ત હતી કે પેલો યુવક ક્યારે ઘોડા ઉપરથી નીચે ઉતર્યો અને પાસે આવ્યો તેની એને કંઇ ગમ ન પડી. અચાનક સુનંદાએ આ શબ્દો સાંભળ્યા અને ચોંકી:

"કોણ છો તમે? આ નિર્જન સ્થાનમાં એકલા ક્યાં સુધી રહેશો?"

ગભરુ, શરમાળ સુનંદા પાસે એનો જવાબ નહોતો. ગભરાએલ હરિણીની જેમ એ નીચું જોઈ રહી. યુવક એ બાળાની નિરાધારતા કળી ગયો. બોલ્યો: "મારે ત્યાં આવી શકશો? મારાં મા-બાપ તમારો સારો સત્કાર કરશે અને ઘર બહુ આઘે નથી."

સુનંદાએ એ પ્રસ્તાવને મુંગી સમ્મતિ આપી. એ આશાનાં કિરણોને અવલંબી ઊભી થઈ. અસવારની પાછળ પાછળ ચાલી નીકળી.

યુવાનનું નામ જયંત હતું. તળેટીની પાસે જ એનો ભવ્ય મહેલ હતો. છેલ્લાં કેટલાંક વર્ષો થયાં એ વ્યાપાર

ખેડવા દેશાવરમાં ફરતો હતો. પોતાનાં વૃદ્ધ માતપિતાને મળવા આજે એ ઘેર આવતો હતો એટલામાં રસ્તામાં જ સુનંદા સાથે ભેટો થઇ ગયો.

જયંત અને સુનંદા મહેલના દરવાજા પાસે આવ્યાં. મહેલમાંની શાંતિ અને ઉદ્યાનની અવ્યવસ્થા જોતાં જ જયંતનાં દિલમાં એક ઊંડો ધ્રાસ્કો પડયો.

દરવાજાની સાંકળનો ખડખડાટ સાંભળી એક વૃદ્ધ નોકરે બારણું ઉઘાડી નાખ્યાં. નોકરે પોતાના શેઠના પુત્રને પીછાની લીધો. પણ એને કેવી રીતે આવકાર આપવો એ ન સમજાયું. એનું ગળું અત્યારે રુંધાતું હોય એમ લાગ્યું.

" ક્યાં છે મારા બાપુજી ? કેમ બધાં બારી-બારણાં બંધ રાખવા પડ્યાં છે ? "

મહેલનો નોકર–લાખો જવાબ આપવા માગતો હતો, પણ એની જીભ ન ઉપડી. એટલામાં તો જયંત અને સુનંદા મહેલના અંદરના પગથિયા પાસે આવી પહોંચ્યાં.

લાખો હવે જ માંડમાંડ બોલી શકયો: " શેઠ અને શેઠાણી સ્વર્ગે સીધાવ્યાં છે અને નોકર–ચાકરો વિદાય લઈને ચાલ્યા ગયા છે. "

જયંતે એ માઠા સમાચાર ધૈર્યથી સાંભળી લીધા. પોતે જે વખતે પરદેશમાં વ્યાપાર ખેડતો હતો તે જ અરસામાં પોતાનાં વૃદ્ધ માતપિતા સંસાર-ની યાત્રા પૂરી કરીને સ્વર્ગે પહોંચ્યાં હતાં એ સમાચારે જયંતને ઘડીભર શોકસ્તબ્ધ કરી મૂકયો.

પણ અત્યારે પોતે એકલો નથી, શોક કરવાનો આ સમય નથી, એટલે તરત જ તેણે હિમ્મત દાખવી લાખાને કહ્યું :

" આ બાઈ આપણા મહેમાન છે. તું એમને નહાવા–ધોવાની સગવડ કરી આપ, પછી કયાં રસોઈ કરવી તે સમજાવી દેજે ! "

સુનંદા તરફ જોઇને જયંત બોલ્યો : " કમનસીબે મારાં મા–બાપ મને એકલો–રઝળતો મૂકીને ચાલ્યા ગયાં છે. તેઓ હોત તો તમારા આદર–સત્કારમાં કે આતિથ્યમાં ખામી ન રહેવા દેત. હવે આ ઘર તમારું જ છે એમ માનજો. કોઇ વાતનો સંકોચ ન રાખશો."

જયંતે સ્વર્ગસ્થ માતાની પેટીમાંથી કેટલાંક વસ્ત્રો કાઢીને સુનંદા પાસે મૂકયાં. સુનંદા એમાંનાં એક–બે વસ્ત્રો લઇને નહાવા ગઇ .અને બીજી તરફ જયંત પોતાની ઘરવખરી સંભાળવા ગયો.

× × ×

પ્રેમની દુનિયામાં વારંવાર મોટાં વાવાઝોડાં વીંઝાતાં આપણે જોઇએ છીએ. એ ઉપરથી જયાં વાવાઝોડાં વહેતાં હોય ત્યાં જ પ્રેમનું ખરૂં રાજય હોય એવી ભ્રમણા થઇ જાય છે. પ્રેમજગતમાં જેમ ઝંઝાવાત હોય છે તેમ મંદમંદ વહેતા શીતળ સુગંધમય સમીર પણ હોય છે.

પ્રથમ દષ્ટિએ ઉદ્દભવતો પ્રેમ વાવાઝોડાના રૂપમાં પરિણમે છે. એમાંથી તોફાન જાગે છે–જાણે કે ઉલ્કાપાત કે ધરતીકંપ થયો હોય તેમ લાગે છે.

ધીમે ધીમે વિસ્તરતો પ્રેમ સમી સાંઝના મંદ મંદ પવન સમો હોય છે. એમાં તોફાન, ઉન્માદ, અધીરાઇ નથી હોતી. એટલે એ જગતની આંખે બહુ નથી ચડતો. પ્રથમ દૃષ્ટિએ બંધાતો પ્રેમ આંધીની જેમ ચડી આવે છે અને પાછો અદૃશ્ય થઇ જાય છે. ક્રમે ક્રમે કેળવાતો પ્રેમ રોજ રોજ સુખદ, સ્વાભાવિક અને ગંભીર બનતો જાય છે. સુનંદા અને જયંત વચ્ચેના પ્રેમે શીતળ–સુગંધી મંદ મંદ વહેતા વાયુનું સ્વરૂપ લીધું. બન્નેએ એક દિવસે વિધિપૂર્વક લગ્ન કર્યાં અને કૌટુંબિક જીવન શરૂ કર્યું.

દધિમુખ પર્વતના શિખર ઉપર ઊભા રહી, સુનંદાએ જે સાંસારિકતા અથવા કૌટુંબિકતાની સ્વપ્નજાળ રચી હતી, જે સ્વપ્નજાળમાં મંત્રમુગ્ધ જેવી બની અહીં સુધી ખેંચાઈ આવી હતી તે બંધનોના મોહમાં કોણ જાણે કેટલાંય વર્ષો નીકળી ગયાં. જયંત અને સુનંદાના સૂરીલા તેમજ તાલબદ્ધ જીવનમાંથી કોણ જાણે કેટલીયે રાગિણીઓ ઝરીને અનંતતામાં મળી ગઈ.

સ્વભાવે શુદ્ધ, બુદ્ધ અને મુક્ત આત્મા, વાસનાઓના વમળમાંથી ક્વચિત્ ઉપર આવે છેઃ એને નિજ-સ્વભાવની કંઈક સ્મૃતિ જાગે છે અને જો સંસ્કારી જીવ હોય તો એ પળોનો સદુપયોગ કરી લે છે.

ઘણે વર્ષે સુનંદાનો સંસ્કારી આત્મા ફરી એક વાર સાંસારિકતાના મોહમાંથી જાગૃત થયો. એને દધિમુખ પર્વત ઉપરનો આશ્રમ, નિરુપાધિક જીવન, અને ઘડેલા ઉચ્ચ આદર્શો સાંભરી આવ્યા. માતા દેવાનંદા જાણે કે

એના અંતરનાં બારણું ખખડાવતા હોય–પાછી આશ્રમ-માં ચાલી આવ–એમ પુનઃ પુનઃ કહેતા હોય એમ એને લાગવા માંડયું બીજાની સલાહનો અસ્વીકાર કે અનાદર સુનંદા કરી શકે, પરંતુ દેવાનંદા માતાનો આદેશ અણસાંભળ્યો કેમ કરી શકે?

"સાચે જ મને માતા દેવાનંદા બોલાવે છે, ઘણા વર્ષ આ માયાજાળમાં લપેટાઇ રહી. હવે મારે અહીંથી છૂટવું જ જોઇએ!" સુનંદા એક સવારે ઊઠતાંવેંત વિચારવા લાગી.

બીજે-ત્રીજે દિવસે એ સાદ, દેવાનંદા માતાનો આદેશ, વધુ ગંભીર અને હૃદયસ્પર્શી બન્યો. પ્રાતઃ-કાળ પહેલાં જ સુનંદા જાગી ઊઠી હતી. જયંત અને બાળકો હજી નિદ્રાની મીઠી ગોદમાં પડ્યાં હતાં.

ઘડીકવાર જયંત અને નિર્દોષ શિશુઓની સામે સુનંદાએ મીટ માંડી. છેલ્લું અમીપાન કરતી હોય તેમ ધરાઇ ધરાઈને બાળકોને નયન ભરીને નીહાળી લીધાં. એ પછી એકે એક આભૂષણુ ઉતારીને જયંતની પથારી પાસે મૂકયાં. પોતે જે વસ્ત્ર પહેરીને આશ્રમમાંથી નીકળી હતી તે વસ્ત્ર ફરી પાછું પહેરી લીધું. જયંતને સંબો-ધીને એક પત્ર પણ લખી નાખ્યો :

"જ્યાંથી આવી હતી ત્યાં જ પાછી જઉં છું. દેવાનંદા માતા મને બોલાવે છે. એમનો સાદ સાંભળ્યા પછી કૌટુમ્બિક જીવનનો રસ ઊડી ગયો છે. બાળકોને સાચવજો. મારા પ્રત્યે જો સાચે જ મમતા હોય તો મારી શોધ કરવી માંડી વાળજો : સુનંદા."

જતાં જતાં ઊંઘતા જયંતને પ્રણામ કર્યો અને જે સમયે દધિમુખ પર્વતના શિખર ઉપરથી નીકળી હતી તે જ સમયે નગરમાંથી પર્વત ઉપર ચડવા ચાલી નીકળી.

કૌટુમ્બિક જીવનને આમ તિલાંજલી આપતાં સુનંદાને કંઈ સંક્ષોભ નહિ થયો હોય એમ ન કહેવાય. અંતરમાં રાગ ને ત્યાગ વચ્ચે યુદ્ધ જામ્યું હતું, પણ જેણે સર્વ કટોકટીઓને વિષે દેવાનંદા માતાના આદેશને જ નિર્ણયાત્મક માન્યો હોય તેને આખરી નિશ્ચય કરતાં વાર ન લાગે.

જયંત જાગ્યો ત્યારે ઘરેણાં ને ચીઠી વાંચીને સ્તબ્ધ બની ગયો. સુનંદા આમ મધદરિયે મૂકી જશે એવી કલ્પના નહોતી કરી. અને વધુ નવાઇની વાત તો એ હતી કે આટલા દિવસ સાથે વસવા છતાં સુનંદા કયાંથી આવી હતી તે પૂછવાનું જ જયંત ભૂલી ગયો હતો. સુનંદાએ પણ પ્રયત્નપૂર્વક એ વાત છુપાવી રાખી હતી. જયંતે સુનંદાની છેલ્લી ઇચ્છાને માન આપી તેની શોધ કરવાનું માંડી વાળ્યું.

\+ + +

“ આશ્રમ પાસે પહોંચીશ અને દરવાજા ઉઘડાવીશ ત્યારે બધી આશ્રમબહેનો ટોળે મળીને જ્યારે મને ઘેરી લેશે અને કૌતુકથી પ્રશ્ન ઉપર પ્રશ્ન પૂછશે ત્યારે હું એમને શું જવાબ આપીશ ? ” આ એક જ મૂંઝવણ સુનંદાના દિલને વ્યથિત કરી રહી હતી. જવું જેટલું સહેલું હતું તેટલું પાછું વળવું કઠણ હતું. ખરી કસોટી હવે જ થવાની હતી. પણ સુનંદાને દેવાનંદા માતાને વિષે પૂરી શ્રદ્ધા હતી. જ્યારે કંઈ જ ઉકેલ ન

મળે ત્યારે એ માતા દેવાનંદાનો જાપ જપવા મંડી જતી.

માતાને ઘડીએ ઘડીએ યાદ કરતી સુનંદા આશ્રમના મુખ્ય દરવાજા પાસે આવી અને અમસ્થો હાથ જ અડાડ્યો એટલામાં આશ્રમના બારણાં ઊઘડી પડ્યાં. કોઇ દિવસ આટલો વહેલો આશ્રમનો દરવાજો નહોતો ઉઘડતો. " ખરેખર દેવાનંદા માતાએ જ મને મદદ કરવા આ બારણાં પહેલેથી જ ઊઘાડી રાખ્યાં હશે. " સુનંદાના દિલમાં હિંમતનું નાનું ઝરણુ ફૂટી નીકળ્યું.

પોતાની પુરાણી ઓરડી તરફ સુનંદાએ પગલાં માંડ્યાં. અંદર જઇને જુએ છે તો ઓરડી વાળીચોળીને બરાબર સાફ રાખી મૂકી હતી. પણ એ પછી, વર્ષો પહેલાં પોતે મૂકેલી વસ્તુઓને જેમની તેમ પડેલી જોઇને સુનંદાના આશ્ચર્યની સીમા જ ન રહી. જરૂર આ બધામાં માતાનો જ કંઇક દૈવી સંકેત હોવો જોઇએ !

દેવાનંદા માતાની પેલી જૂની છબી પાસે શિર નમાવી સુનંદા કહેવા લાગી : " મા ! હું આખરે આપની સાન્નિધ્યમાં આવી છું. મારી કસુર માફ કરજો ! "

એટલું કહીને સુનંદા માથું ઊંચકે છે એટલામાં તો એ આખી ઓરડી જાણે કે પ્રકાશના પૂરથી છલકાઇ ગઇ. કોઇકના બે અતિ સુકોમળ હાથ સુનંદાના ખભા પર આવી પડ્યા હોય એમ એને લાગ્યું. એ પ્રકાશના પુંજમાંથી પ્રકટેલી કોઇ દિવ્ય મૂર્ત્તિ સુનંદાને કહી રહી: " બેટા, મૂંઝાઇશ મા ! મેં તારી વતી બધાં આશ્રમનાં કામ કર્યાં છે. હવે તું આવી એટલે હું છૂટી થઇ જઉં છું. ચિંતા કરીશ મા ! "

સુનંદાની આંખોમાં આભારના આંસું ઉભરાયાં. એ કહેવા જતી હતી: "માતા! તમને મેં બહુ હેરાન કર્યાં-હું આપની સદાને માટે ઋણી છું." એટલામાં તો આશ્રમની બીજી એક બહેન દોડતી દોડતી આવીને સુનંદાને કહેવા લાગી:

"બહેન! તમને માતા પ્રેમાનંદા બોલાવે છે." સુનંદાએ આંખમાંનાં અશ્રુ લૂછી નાખ્યા. તરત જ તે પ્રેમાનંદા પાસે પહોંચી.

પ્રેમાનંદાએ કહ્યું: "સુનંદા! હવે પર્યુષણપર્વને બહુ દિવસ નથી રહ્યા. આજથી જ આપણે એ પર્વાધિરાજ પર્વના સ્વાગતની તૈયારી કરવી જોઈએ. ક્યારે-ક્યાં કેવા પ્રકારની પૂજાઓ ભણાવવી અને સૂત્ર-વાંચનની વ્યવસ્થા કઇ રીતે કરવી તે આપણે નક્કી કરવાનું છે. ગઈ કાલે જ હું તને પૂછવાની હતી, પણ હું ભૂલી ગઈ."

સુનંદા મનમાં બોલી "પ્રેમાનંદાએ ગઈ કાલે પણ મને જોઇ હતી? રોજ મને જોતી હશે? જરૂર, માતા દેવાનંદાનો જ આ પ્રતાપ હોવો જોઇએ! માતા દેવાનંદા જ પોતાના ભક્તની વહારે આવ્યાં લાગે છે અને આટલા દિવસ એમણે જ મારા સ્વરૂપે મારી વતી આશ્રમનાં બધાં કામકાજ કર્યાં લાગે છે!"

× × ×

સંવત્સરીના પવિત્ર દિવસે આશ્રમકન્યાઓએ ઉપવાસ કર્યાં હતા-રોજની પ્રવૃત્તિ બંધ કરી, જિનેંદ્ર ભગવાનના ગુણગાન ગાવા દેરાસરમાં એકઠી થઈ હતી.

પ્રત્યેક બ્હેન પોતપોતાની શક્તિ અનુસાર નૈવેદ્ય લઈ આવી હતી.

ગરીબ સુનંદા પાસે ફુટી બદામ પણ નહોતી. એ પરિગ્રહથી તદ્દન અજાણી હતી. જિનેંદ્રદેવના ચરણે ધરવા સારુ પોતાની પાસે, પોતાનું કહી શકાય એવું શ્રીફળ પણ નથી એવું ભાન થતાં એની આંખની પાંપણો સહેજ ભીંજાઇ.

ભીંજાયેલી આંખો, પાલવથી લૂછી નાંખી જ્યાં પોતાની આસપાસ નજર ફેરવે :છે ત્યાં જ એનાં નાના બાળકો સાથે સુનંદાએ જયંતને ઊભેલો જોયો. જયંત અનાયાસે જ આજે આ આશ્રમના જિનચૈત્ય-માં દર્શન માટે આવી ચડ્યો હતો.

વીતરાગ ભગવાનને ત્રણેક ખમાસમણાં દઇ સુનંદા મનમાં જ બોલી: "ભગવન્! મુજ રંકના આ અણમૂલા રત્નો નૈવેદ્યના રૂપમાં સ્વીકારજો! આ બાળકો ભણી-ગણીને ભારે તપસ્વી બને, આપના શાસન અને સિધ્ધાંત-નો નિઃસ્પૃહપણે પ્રચાર કરે એવી શક્તિ પુરજો!"

એ જ વખતે આકાશમાં અણધાર્યો મેઘાડંબર જામ્યો અને સુનંદાને 'તથાસ્તુ' સંભળાવવા માટે જ દેવદૂતની જેમ આવી ચડ્યો હોય તેમ ભારે ગર્જારવ સાથે પાણીની ધારાઓવતી સંતપ્ત પૃથ્વીને તેણે તરબોળ બનાવી દીધી.



# ત્રિશલા માતા

ભ૦ મહાવીરના નામસ્મરણની સાથે જ પ્રતાપી છતાં નમ્ર, ક્ષાત્રતેજની દીપ્તિ સમાન છતાં સરળતા અને સાદાઈની મૂર્તિ જેવી માતા ત્રિશલાનું ભવ્ય ચિત્ર આંખ આગળ ખડું થાય છે. વર્ધમાનકુંવરને વિવિધ પ્રકારના લાડ લડાવનાર, બાળક વર્ધમાનનાં સુખ તથા આરોગ્યની સતત ચિંતા રાખનાર ત્રિશલા માતા ક્ષત્રિયાણીમાં જેમ સર્વશ્રેષ્ઠ નારી હતાં તેમ જનની તરીકે આદર્શ ગૃહિણી હતાં. ભ૦ મહાવીરના જન્મ પહેલાં ત્રિશલા માતા એક પુત્ર અને એક પુત્રીની માતા બનવાનું સૌભાગ્ય મેળવી ચૂકયાં હતાં, પરંતુ મહાવીરના આગમને માતા ત્રિશલા સુખ-સૌભાગ્યના સર્વોચ્ચ શિખરે પહોંચ્યાં હોય એમ લાગે છે. જગત-પૂજ્ય અને દેવતાઓ પણ જેના બળ-પરાક્રમની સ્તુતિ કરે એવો પુરુષ જેની પાસે બે અંજલિ જોડીને ઊભો રહે, સ્વાગત કરવા બે-ચાર ડગલા આગળ આવે તે માતા વિશ્વમાં પૂજ્ય અને આરાધ્ય મનાય એમાં શું આશ્ચર્ય છે?

મહાપુરુષની માતા બનવાનું સદ્ભાગ્ય કહાય

હજાર કે દસ હજારે એકાદ નારીને સાંપડતું હશે, પણ એવો એક જ સંત સંતાન સમસ્ત સ્ત્રીજાતિને ધન્ય તેમજ સન્માન્ય બનાવી દે છે. મહાપુરુષોમાં પણ જે મહારથી સમાન લેખાય અને તારણહારોમાં જેનું નામ પ્રથમ ઉચ્ચારાય એવા શ્રી મહાવીરસ્વામીની માતા ત્રિશલાદેવી, સમસ્ત માનવજાતિના વંદનને યોગ્ય બની રહે છે.

એવી માતાઓ એક કે બે સંતાનની જનની હોવા છતાં ખરી રીતે તો વિશ્વની માતા ગણાય છે. ગંગાનો પ્રવાહ જન્મે છે તો હિમગિરિની ગોદમાંથી, પણ એ ત્યાં જ બંધાઈ નથી રહેતો. પ્રાણીમાત્રને એ પ્રવાહ પોષે છે, કિનારાની ધરતીને રસતરબોળ બનાવે છે અને આખા રાષ્ટ્રની મહામૂલી સંમૃદ્ધિસ્વરૂપ બને છે. મહાપુરુષોની માતાઓના સંબંધમાં પણ એવું જ ઘટે. જગતના વિવિધ સંતાપ શમાવવા સારુ ત્રિશલા માતા જેવી નારી ભ૦ મહાવીર જેવા પુરુષને જન્મ આપે છે. મહાવીરે જેમ મગધની ભૂમિને પુણ્યમયી ધારાથી રસભરિત બનાવી હતી તેમ સમસ્ત દેશવાસીઓમાં નવા પ્રાણ પૂર્યા હતા. અહિંસા, સંયમ, તપ ને વિશ્વમૈત્રીની એ ભાગીરથી પ્રથમ તો માતા ત્રિશલાની ગોદમાંથી જ જન્મી હતી.

ત્રિશલામાતાનો જ્યાં જ્યાં નામોલ્લેખ થયો છે ત્યાં ત્યાં એમને ક્ષત્રિયાણી તરીકે બીરદાવવામાં આવ્યાં છે. ત્રિશલા વશિષ્ઠ ગોત્રના હતાં. રામાયણ યુગમાં જે ઇક્ષ્વાકુઓનો રાજવંશ સર્વશ્રેષ્ઠ ગણાતો તે જ વંશમાં

ત્રિશલાદેવી જન્મ્યાં હતાં. એક વાર લિચ્છવીઓને અજાતશત્રુ સાથે લડવું પડયું હતું ત્યારે લિચ્છવીઓએ બૌદ્ધ ભિક્ષુ મૌદ્ગલાયન પાસે જઈને પૂછયું હતું: "આ યુદ્ધમાં અમે જીતીશું કે નહિ?" મૌદ્ગલાયને કહેલું કે "તમારો જય નિશ્ચિત છે, કારણ કે તમે વશિષ્ઠના વારસદાર છો." એટલે કે તમે શુદ્ધ ક્ષત્રિય છો. ત્રિશલા દેવી શુદ્ધ ક્ષત્રિયાણી હતા. ક્ષાત્રતેજ, ક્ષાત્રબળનો વારસો ભ૦ મહાવીરને મોટે ભાગે માતા ત્રિશલા તરફથી જ મળ્યો હશે.

ત્રિશલાદેવીના સગા ભાઇ ચેટક રાજાની વાત પણ શાસ્ત્રોમાં આવે છે. વૈશાલીમાં વજ્જી તેમજ લિચ્છવીઓનું ઘણું જ બલાઢ્ય મહાજનસત્તાક રાજ્ય હતું. શૌર્ય અને સાહસમાં વૈશાલીના ક્ષત્રિયકુમારની હરિફાઇ કરવાની કોઇનામાં તાકાત નહોતી. એ ક્ષાત્રકુમારો જાણે કે દેવસ્વરૂપ લાગતા. તેઓ વિનયી અને કસરતી હતા. વૃદ્ધોનું તેમજ ધર્માચાર્યોનું બહુમાન કરતા. ચેટક રાજા આ મહાજનસત્તાક રાજ્યનો રાજા એટલે કે અગ્રણી હોય એમ લાગે છે. ત્રિશલાદેવીએ પણ બાલ્યવસ્થામાંથી જ પોતાના સહોદરની સાથે રહીને ક્ષાત્રતેજના સંસ્કાર ઝીલ્યા અને સંઘર્યા હશે. ભ૦ મહાવીરના પિતા સિદ્ધાર્થ ક્ષત્રીયકુંડના રાજા હતા. આ ક્ષત્રીયકુંડ, વૈશાલીનું જ એક પરું હોવું જોઇએ.

દેવાનંદાનો ગર્ભ કોઇ પણ ક્ષત્રિયાણીની કૂખમાં લઈ જવો જોઇએ એમ જ્યારે ઇન્દ્રને લાગ્યું ત્યારે તેની પસંદગી બીજી કોઈ સ્રી ઉપર નહિ ઉતરતાં,

ત્રિશલાદેવી ઉપર જ કાં ઉતરી ? ઇન્દ્રે જોઇ લીધું કે ક્ષત્રિયકુંડ જેમ સુંદર શહેર છે, ચૈત્યોથી રળિયામણું છે અને પ્રજા પણ સદાચારપરાયણ છે તેમ ત્રિશલાદેવી ગુણ અને આકૃતિમાં પણ સ્તુતિ કરવા યોગ્ય છે. ગંગા નદીના નિર્મલ પ્રવાહરૂપ છે. માયા કે કપટથી તે સાવ નિર્મુક્ત છે. મહાવીર જેવા તારકની માતા થવાને એ જ યોગ્ય છે.

મહાપુરુષો સ્વભાવે જ શક્તિશાલી હોય છે. એમની બાલ્યાવસ્થાની ક્રીડાઓમાં એ શક્તિના અંકુરો દેખાય છે. ભક્તો અને ચરિત્રલેખકો એને કાવ્યરસમાં ઘુંટી, જુદા જુદા રૂપકો અને અલંકારોના પટ આપી સમુદાય આગળ રજૂ કરે છે. શક્તિની પ્રતીક રૂપ ઘટનાઓ બાળલીલા નામે ઓળખાય છે.

ભ૦ મહાવીરે ત્રિશલામાતાના ગર્ભમાં આવ્યા પછી માતાને રખેને વેદના થાય એમ ધારી પોતાનું હલનચલન પણ બંધ કરેલું. ત્રિશલા માતાના હોશકોશ જાણે કે ઊડી ગયા હોય એટલું દુઃખ એમને એ વખતે થએલું.

"મારા ગર્ભને શું થયું ? કોઇએ હરી લીધો હશે કે ગળી ગયો હશે ? જો એવું જ કંઈ થયું હોય તો મારું જીવતર વૃથા છે. મૃત્યુનું દુઃખ સહન થઈ શકે, પણ આવા ગર્ભના વિરહનું દુઃખ તો અસહ્ય જ છે." ત્રિશલાદેવીએ, માથાના વાળ છૂટા મૂકી, અંગવિલેપન ભૂંસી નાખી આક્રંદ કરવા માંડયું. આખા મહેલમાં શોકની ઘેરી છાયા ફરી વળી.

ભ૦ મહાવીરે એ સ્થિતિ પોતાના જ્ઞાનબળથી જાણી અને તેમણે પોતે પોતાનું અસ્તિત્વ બતાવવા પગની એક આંગળી હલાવી. અસહ્ય દુઃખ અને ઉછળતા આનંદ વચ્ચે કેટલી નાની સીમારેખા હોય છે તે અહીં જણાય છે. જ્યાં સંતાપની ભઠી સળગી ઊઠી હતી ત્યાં આનંદના કલ્લોલ ઉછળી રહ્યા.

માતા માત્ર પુત્ર જ નથી વાંછતી–શક્તિશાલી પુત્રને ઝંખતી હોય છે. હાથ–પગ પણ ન હલાવી શકે–પોતાની હૈયાતીનો નિર્દેશ સરખો પણ ન કરી શકે એ પુત્ર ગમે તેવો ડાહ્યો ડમરો હોય તો પણ શું કામનો? ત્રિશલામાતાને ગર્ભધારણની વેદના જોઇતી હતી–મૃતવત્ અથવા નિશ્ચલ ગર્ભ વિકાસ પામે એ એમને ઇષ્ટ નહોતું. ત્રિશલામાતા દુઃખ કે વેદનાથી કાયર નહોતાં. માત્ર પોતાનું સંતાન સહી-સલામત રહેવું જોઇએ એ જ એમની મુખ્ય ભાવના હતી.

મહાવીર પણ આટલી નાની ઘટના ઉપરથી માતાનો અદ્ભૂત સ્નેહ–વાત્સલ્ય જોઈ શકયા અને એમણે નિર્ણય કર્યો કે માતાપિતાના સ્નેહનો અનાદર કરવા જતાં તેઓ ભારે આર્ત્તધ્યાન કર્યા વિના નહિ રહે–ઘણું અશુભ કર્મ ઉપાર્જન કરશે. એટલે એમની હૈયાતી દરમિયાન દીક્ષા નહિ લઇ શકાય.

દરેક દેશ અને દરેક કાળમાં માતાનો સ્નેહ, માતાની મમતા અપૂર્વ અને અનન્ય ગણાઈ છે. એની તુલના થઈ શકે જ નહિ. ત્રિશલામાતાના રક્તમાં

ક્ષાત્ર સંસ્કારની ઊણપ નહોતી-બહારનું ગમે તેવું દુઃખ સહન કરવાની એમની તૈયારી હતી. માત્ર પોતાના સંતાનને ઉની લૂનો સ્પર્શ સરખો પણ ન થવો જોઇએ. એક રીતે એમનું હૈયું વજ્રનું હતું તો બીજી રીતે પુષ્પની પાંખડી કરતાં પણ વધુ સુકોમળ હતું. ગમે તે સંયોગોમાં પણ પુત્ર પોતાની નજર સામે જ રહેવો જોઇએ એ એમની મુખ્ય મમતા હતી.

એટલે જ જ્યારે મહાવીર પ્રભુનો જન્મ થયો અને સૌધર્મ ઇંદ્ર તથા દિક્કુમારીઓએ પ્રભુનો જન્મોત્સવ મેરુપર્વત ઉપર ઉજવવાની યોજના કરી ત્યારે સૌ પહેલું કામ ઇંદ્રે ત્રિશલાદેવીના અંતરને અસ્વાપનિકા નામની નિદ્રાના ગાઢ પડદા નીચે ઢાંકી દેવાનું કર્યું. પુત્રના જન્મ પછી, ત્રિશલા માતાનો સ્નેહસુકુમાર હાથ પહેલવહેલો મહાવીરના બાળદેહ ઉપર જ ફરવો જોઇએ. માતા પુત્રના દેહ ઉપર હાથ મૂકવા જાય અને ત્યાં પુત્ર જ ન હોય તો ત્રિશલા માતાનું ધડકતું હૈયું બીજી પળે જ ન થીજી જાય? માતાની અપાર મમતાની કલ્પના કરીને જ ત્રિશલાદેવીની આંખમાં નિદ્રાનું ગાઢ આંજણ આંજ્યું એટલું જ નહિ પણ ભગવંતનું પ્રતિબિંબ પણ માતાના સંતોષની ખાતર મૂક્યું. તે પછી ભ. મહાવીરને મેરુપર્વતે લઈ ગયા.

વૈશાલીના યુવાનો, એ જમાનામાં, ઘણી ઘણી મરદાનગીની રમતો ખેલતા. વૈશાલીનો ક્ષાત્રકુમાર, દુર્બળ કે માયકાંગલો ન હોય. વૈશાલીમાં સમૃદ્ધિ

અને ઐશ્વર્યનો પાર નહોતો. પણ એ ઐશ્વર્યને અંગે આળસુ, એદી કે પરાવલંબી ન બની જવાય તેની તેઓ સતત ચિંતા રાખતા. પાડોશના રાજાઓનો પ્રબળ પ્રતાપ વધતો જતો હતો. તેઓ પોતાના ગણુ-તંત્રને રખેને ભરખી જાય તેવો ભય આ વૈશાલીના ક્ષત્રિયોને રહ્યા કરતો એટલે પણ જેની અંદર ભારે જોખમ સમાયેલા હોય એવી તાલીમ લઇને વૈશાલીના યુવાનો યુદ્ધને માટે હંમેશા તૈયાર રહેતા. માતા ત્રિશલાદેવીએ અને પિતા સિધ્ધાર્થ રાજાએ વર્ધમાન-કુંવરને કેવળ લાડ જ નહોતા લડાવ્યા. બીજા ક્ષત્રિય-કુમારો સાથે, મંત્રી, સામંત, સરદારના કુમારો સાથે વર્ધમાન વિવિધ ક્રીડાઓ કરતા.

એવી રમતનો એક પ્રકાર ભ૦ મહાવીરના જીવનચરિત્રમાં મળી આવે છે. એ વખતે ભ૦ મહાવીરની ઉમ્મર આઠ વર્ષથી પણ થોડી ઓછી હતી.

મહાવીર અને એમના સોબતીઓ એક ઊંચા-ઘટાદાર વૃક્ષની ડાળીઓ ઉપર રમતા હતા ત્યાં અચા-નક એક ફણીધર નાગ દેખાયો. સર્પ કાળનું જ સ્વરૂપ ગણાય છે. એના એક ડંખમાં ગમે તેવા બળવાનના પ્રાણ હરવાનું ઝેર રહેલું હોય છે. નાગના ભયથી બીધેલા બીજા ક્ષત્રિયકુમારો ચારે કોર નાસી જવા લાગ્યા. પણ મહાવીર તો નિર્ભય હતા. એમણે ડાબા હાથે, દોરડીની માફક પકડીને સાપને દૂર ફગાવી દીધો. એમ કહેવાય છે કે એ નાગ વસ્તુતઃ દેવકુમાર હતો. પ્રભુને બાળક સમજી ડરાવવા આવ્યો હતો.

એક દાવમાં એ નિષ્ફળ ગયો એટલે એણે વિકરાળ પિશાચનું રૂપ ધર્યું અને બીજા કુંવર સાથે પોતે પણ રમવા મંડી ગયો. વર્ધમાનકુંવરે એની પીઠ ઉપર સ્વાર થઇ એક એવો મુક્કો લગાવ્યો કે પિશાચ પણ કુટીલતા તજી સીધો દોર થઈ ગયો. વહેલી-મોડી આ હકીકત માતા ત્રિશલાના કાને જરૂર આવી હશે. પુત્રને પજવનાર પિશાચ પ્રત્યે એમને રોષ પણ થયો હશે. પરંતુ બાળકો અને યુવાનોને સાહસ અને નિર્ભયતાની તાલીમ મળવી જ જોઇએ એમ માની એમણે વર્ધમાન-કુંવરના શક્તિ વિકાસ આડે કોઇ દિવસ અંતરાય ઊભો કર્યો હોય એવી હકીકત નથી મળતી.

ક્રમે ક્રમે કુમાર તરુણાવસ્થામાં પ્રવેશ કરે છે. એમના રૂપગુણની ખ્યાતિ સાંભળી રાજા-મહારાજાઓ પોતાની કન્યા માટે સિદ્ધાર્થ રાજાને કહેણ મોકલે છે. પરંતુ આ લગ્ન સંબંધી હકીકત કુમારના કાને કેમ નાખવી એ એક પ્રશ્ન બની રહે છે. સિદ્ધાર્થ રાજા, ત્રિશલા દેવીને કહે છે:

" તમે જ કુંવરને વિવાહ કરવા સમજાવો. "

પણ ત્રિશલાદેવી એ પ્રસ્તાવને સમર્થન આપતાં સહેજ સંકોચાય છે. કુંવરનો લગ્નમહોત્સવ પોતાને જોવા મળે તો સંસારના સર્વ સુખની છેલ્લી સીમાએ પહોંચી ગયા જેટલો આનંદ થાય એમ કહે છે, પરંતુ લજ્જાળુ-વિનયી કુંવર પાસે એ વાત કેમ કાઢવી, કુંવરની સમ્મતિ કેમ મેળવવી એ મૂંઝવણ મટતીનથી.

આખરે ત્રિશલાદેવી તોડ કાઢે છે: " પહેલાં તો

જોવા મળે તો સંસારના સર્વ સુખની છેલ્લી સીમાએ પહોંચી ગયા જેટલો આનંદ થાય એમ કહે છે, પરંતુ લજ્જાળુ-વિનયી કુંવર પાસે એ વાત કેમ કાઢવી, કુંવરની સમ્મતિ કેમ મેળવવી એ મૂંઝવણ મટતી નથી.

આખરે ત્રિશલાદેવી તોડ કાઢે છે: “ પહેલાં તો કુંવરના મિત્રો મારફતે જ એ વાત પહોંચાડીએ ” અને એ નિર્ણય સિદ્ધાર્થ રાજા સ્વીકારી લે છે.

મિત્રોના આગ્રહને વર્ધમાનકુંવર દાદ નથી દેતા એમ જાણ્યા પછી લગ્ન માટે સમ્મતિ લેવાનું દુર્ઘટ કાર્ય ત્રિશલા દેવીના માથે આવે છે અને તેમાં તેઓ સફળ નીવડે છે. માતાના વાત્સલ્યભાવ પાસે વર્ધમાનકુંવરનો નિશ્ચય પણ જાણે કે પીગળી જતો જણાય છે. મિત્રો પાસે અચલ અડગ રહેનાર વર્ધમાનકુંવર, મમતાળુ માતાની સન્મુખ નછૂટકે નમતું મૂકતા હોય એમ લાગે છે.

ભગવાનને હજી ભોગાવળી કર્મ ભોગવવાના હતા એ વાત આપણે એક બાજુ રાખી મૂકીએ, ગર્ભાવસ્થામાં એમણે માતાને દુ:ખ ન દેવાનો કરેલો નિશ્ચય ઘડીભર ભૂલી જઇએ. મેરુપર્વતને ડોલાવવાનું સામર્થ્ય ધરાવનાર, વ્રત અને નિયમમાં સિંહ સરીખી શક્તિ દાખવનાર, સંસારના અને અંતરના સંખ્યાબંધ શત્રુસુભટો સાથે એકલે હાથે ઝઝૂમનાર પુરુષ, માતાના સ્નેહમાં રહેલી છુપી શક્તિનું જાણે કે અહીં સન્માન કરે છે. આવી પવિત્ર શક્તિ જેમનામાં છલકાતી હોય તે માતાની જાતિને દીન-દુર્બળ કેમ કહી શકાય ?


ત્રિશલા માતાના આગ્રહને વશ થઇ વર્ધમાનકુંવર, રાજા સમરવીરની પુત્રી યશોદાનું પાણિગ્રહણ કરે છે. એ લગ્નના પરિણામે એક પુત્રી પણ જન્મે છે. એનું નામ પ્રિયદર્શના રાખવામાં આવે છે અને પાછળથી જમાલિ નામના યુવાન રાજકુંવર સાથે એનું લગ્ન થાય છે.

વર્ધમાનકુંવરની અઠ્યાવીશ વર્ષની ઉમ્મરે માતા-પિતા દેવલોક પામે છે. સિદ્ધાર્થ જેવા પિતા અને ત્રિશલા જેવી માતાના અવસાનથી, વર્ધમાન–કુંવરના મોટાભાઇ–નંદિવર્ધન ભારે શોકમાં ડૂબી જતા જણાય છે. વર્ધમાન તો પહેલેથી જ સંસારનું સ્વરૂપ સમજતા હોવાથી, ધૈર્ય રાખે છે અને મોટા ભાઇને સમજાવે છે.

× × ×

પાપ અને જુલમનો ભાર જ્યારે વધી પડે છે, ત્રાસેલી–દબાયેલી જનતા જ્યારે ઉધ્ધારકના અવતારને ઝંખતી હોય છે ત્યારે નવયુગ સર્જનાર, શાંતિ અને કલ્યાણના મંત્ર ગુંજવનાર મહાપુરુષ પૃથ્વીના પટ ઉપર પાકે છે. એ જ વાત બીજી રીતે મૂકીએ તો જ્યારે જ્યારે પાપ, વહેમ અને અજ્ઞાનનું જોર જામે છે ત્યારે ત્યારે એકાદ ત્રિશલા કે એકાદ દેવાનંદા માતા પાકે છે અને એવી માતાઓ પોતાના પ્રાણનો રસ પાઈ મહાવીર જેવા તીર્થંકરો ઉછેરે છે–એટલે કે ત્રિશલાઓ ને દેવાનંદાઓ છે એટલે જ તીર્થંકરો છે. જગતને પ્રકાશ આપનાર, સુખ અને કલ્યાણનો રાહ ચીંધનાર તીર્થંકરો તથા યુગાવતારી મહાપુરુષોની જનનીઓ પણ એમના સંતાનો જેટલી જ વંદનીય અને જ્યોતિર્મયી બની રહે છે.

ભ૦ મહાવીરના જીવનવણાટમાં દેવાનંદા માતાની શાંત છતાં દીપ્તિમંત તપસ્યા અને ત્રિશલા માતાની જાજરમાન છતાં સંયમિત વીરતાના તાણાવાણા વણાયેલા દેખાય છે. ભગવન પોતે પરમ શક્તિશાળી હતા, સત્ત્વપુંજ હતા, છતાં માતાના સ્નેહ અને સંસ્કારે જો કંઇ ભાગ ભજવ્યો હોય તો આટલું ચોકખું દેખાય છે કે માતા દેવાનંદાએ બ્રાહ્મણના ત્યાગ, સંયમ અને જ્ઞાનભક્તિનાં સંસ્કાર ગર્ભમાં સીંચ્યા અને ત્રિશલા માતાએ ક્ષાત્રોચિત વીરતા, અડગતા ને નિર્ભયતાના તત્ત્વો વર્ધમાનકુમારના વિકસતા જીવનમાં ધરબ્યા. જાણે કે બ્રાહ્મણસંસ્કૃતિ અને ક્ષાત્રસંસ્કૃતિની બે ધારાઓ, ભ૦ મહાવીરના સાગરસમા જીવનમાં સમાઇ જાય છે. દેવાનંદા માતા બ્રાહ્મણસંસ્કૃતિની પ્રતિનિધિરૂપ લાગે છે; ત્રિશલા માતા ક્ષાત્રસંસ્કૃતિની ધજાધારિણી લાગે છે. તીર્થંકર ભગવાન મહાવીરના શાસનમાં એ રીતે તો, માતા ત્રિશલા અને માતા દેવાનંદા બન્ને પ્રેરણામૂર્ત્તિ છે. દેવાનંદા માતાનો બ્રાહ્મણપુત્ર અને ત્રિશલામાતાનો ક્ષત્રિયપુત્ર બ્રાહ્મણત્વ અને ક્ષાત્રત્વની હોમાગ્નિ ચેતાવી શક્ત પણ યુગક્રાંતિના સુસવાટા વચ્ચે એ કદાચ ઓલવાઇ જાત. ભ૦ મહાવીરે બ્રાહ્મણત્વનું ક્ષાત્રતેજવડે સંરક્ષણ કર્યું અને ક્ષાત્રતેજને બ્રાહ્મણત્વના પ્રકાશમાં વધુ પ્રતાપી બનાવ્યું. એ રીતે બન્ને માતાઓના સંસ્કારને મૂર્ત્તિમંત કરી ભ૦ મહાવીર લોકાલોકના ચકખુદયાણં-મગ્ગદયાણં-ચક્ષુદાતા અને માર્ગદર્શક બન્યા.



( ૩ )

મહાવીર પ્રભુના સાધ્વીસંઘમાં, આર્યિકા બનવાનું પ્રથમ અહોભાગ્ય ચંદનબાળાને પ્રાપ્ત થયું હતું. ગૌતમ બુદ્ધદેવના સંઘમાં એવું સદ્ભાગ્ય મહાપ્રજાપતિ ગૌતમીને મળ્યું હતું. જૈનોનો સાધ્વીસંઘ અને બૌદ્ધોનો ભિક્ષુણી-

સંઘ લગભગ એક જ યુગધર્મ અને શ્રમણસંસ્કૃતિની બે પ્રાણવાન શાખાઓ હતી. બે રાજકુંવરીઓની અદ્ભુત અને રોમાંચક આહૂતિમાંથી જ જાણે કે બે દીપશીખાઓ પ્રકટી અને દેશ-દેશાંતરમાં તેનો પ્રકાશ ફરી વળ્યો

બૌદ્ધોના ભિક્ષુણીસંઘના સંબંધમાં એમ કહેવાય છે કે મહાપ્રજાપતિ ગૌતમી કે જે ગૌતમ બુધ્ધનાં સાંસારિક સગપણને અંગે માશી અને સાવકી મા ગણાતાં હતાં તેમણે ગૌતમ બુદ્ધ પાસે ધર્મપંથમાં પ્રવેશવા અરજ કરેલી ત્યારે ગૌતમદેવે એનો ઇનકાર કર્યો હતો. કપિલ-વસ્તુમાં એ વાત થઇ ગયા પછી એક દિવસે વળી મહા-પ્રજાપતિ, વૈશાલીમાં બુધ્ધદેવ પાસે આવ્યાં. એ વખતે એમનો દેખાવ, કોઇપણ માનવીના અંતરમાં દયા અથવા અરેરાટી ઉપજાવે તેવો હતો. મહાપ્રજાપતિ ગૌતમીએ માથાના વાળ મુંડાવી નાખ્યા હતા-ચાલી ચાલીને એમના પગ સૂઝી ગયા હતા. શરીર ધૂળથી રગદોળાઈ ગયું હતું અને નિત્ય પ્રસન્ન રહેવાવાળા મોં ઉપર ઉદાસીનતાની ગાઢ શ્યામતા ફરી વળી હતી. ગૌતમ બુદ્ધના પટ્ટશિષ્ય જેવા આનંદ ભિક્ષુએ એ દશ્ય જોયું અને આવા દીન-કંગાળ વેષનું કારણ પૂછ્યું. મહાપ્રજા-પતિ ગૌતમીએ ખુલાસો કર્યોઃ જ્યાં સુધી ગૌતમબુદ્ધ એમના ધર્મમાર્ગમાં દીક્ષા લેવાની અનુમતિ નહિ આપે ત્યાં સુધી પોતાને ચેન કે આરામ નહિ મળે.

કેટલીક મુશ્કેલીને અંતે ગૌતમબુદ્ધને આનંદે સમ-જાવ્યા અને મહાપ્રજાપતિને ભિક્ષુણીસંઘનું બીજ

વાવવાનું ગૌરવ મળી ગયું. ભિક્ષુણીસંઘને લીધે બૌદ્ધધર્મને એક દિવસે બહુ સહન કરવું પડશે એમ ગૌતમબુધ્ધે માનેલું અને તેથી જ ભારે આગ્રહ અને વિનવણીને અંતે એમણે સંકોચાતા દિલે મહાપ્રજાપતિને પરવાનગી આપેલી-ભિક્ષુણીસંઘ માટે આકરામાં આકરા નિયમોની યોજના કરેલી.

× × ×

ભ૦ મહાવીરના પ્રથમ દર્શન પામી તે વખતે ચંદનબાળાની પણ લગભગ મહાપ્રજાપતિ ગૌતમી જેવી જ શોચનીય સ્થિતિ હતી. ચંદનબાળાનું, કાળા વાદળને પણ શરમાવે એવા કેશકલાપથી હંમેશા શોભતું મસ્તક મુંડાવેલું હતુંઃ એના પગમાં લોઢાની ભારે બેડીઓ પડેલી હતી. હાથીએ છૂંદેલ કમલવનની જેમ ભૂખ ને તરસને લીધે એનું સુકુમાર વદન છેક કરમાયેલું હતું. પ્રભુ મહાવીરના હાથથી દીક્ષા પામવાનો અધિકાર પામતાં પહેલાં ચંદનબાલાને ઘણી આકરી અગ્નિપરીક્ષામાંથી નીકળવું પડયું હતું.

ચંદનબાલા મૂળ તો વસુમતિ નામની રાજકુંવરી હતી. ચંપાનગરીના રાજવી-દધિવાહનની લાડીલી હતી. ચંપાપુરીના અંતઃપુરમાં વસનારી, વૈભવ અને સમૃદ્ધિના કલ્લોલમાં સતત સ્નાન કરવાને ટેવાયેલી આ કુંવરીએ ટાઢ-તડકો નહોતો જોયો. કોઈ દિવસે દુઃખ અથવા આફતની ધીખતી ભઠીમાંથી નીકળવું પડશે એવી તો કદાચ એ બાલિકાને કલ્પના સરખી પણ નહિ આવી હોય.

ચંપાપુરી અને રાજગૃહી જેવી સુખી અને ભક્તિભાવવાળી નગરીઓ તરફ ભ૦ મહાવીરને પણ કંઈક વધુ ભાવ હોય એમ લાગે છે. કદાચ લોકકલ્યાણ સાધવાની ત્યાં અધિક અનુકૂળતા મળતી હશે. વિહાર દરમિયાન ઘણી વાર ભગવાન મહાવીરના પગ રાજગૃહ કે ચંપા તરફ વળતા જણાય છે અને દૃષ્ટાંતોમાં પણ ભગવાન કોઈ કોઈ વાર ચંપાપુરીનો નિર્દેશ કરે છે. ભ૦ મહાવીર અને ગૌતમ બુદ્ધને પણ આ પ્રદેશ ઉપર થોડી મમતા જરૂર હોવી જોઈએ.

ચંપાપુરી અંગદેશની રાજધાની હતી. રાજગૃહી મગધની રાજધાની હતી. બન્ને દેશો પાસેપાસે હતા. પણ પાડોશી રાજ્યોમાં અને સમકાલીન રાજાઓમાં પરસ્પર સ્નેહ—સદ્‌ભાવનો સદંતર અભાવ હોય એમ જણાય છે. આ રાજાઓ સગપણસૂત્રથી પરસ્પરમાં બંધાએલા હતા પણ સ્નેહ કે સૌહાર્દની ગાંઠ હજી નહોતી બંધાઈ. અંગ ઉપર મગધરાજની કરડી આંખ રહ્યા કરતી. પાછળથી મગધરાજ અંગને ગળી ગએલા એવો ઐતિહાસિક ઉલ્લેખ મળે છે.

એક દિવસે ચંપા ઉપર યુદ્ધની આકસ્મિક આંધી ઉતરી પડી. એ જમાનામાં આવી આંધીઓ, ઉન્હાળાના અને ચોમાસાના વાયુ અને વરસાદના તોફાનોની જેમ સ્વાભાવિક જ ગણાતી હશે. મહારાજા દધિવાહન સાવચેત બને અને દુશ્મનોનો સામનો કરે તે પહેલાં જ કૌશાંબીનું સૈન્ય તીડના ટોળાની જેમ ચંપાપુરી ઉપર તૂટી પડ્યું.

ચંપાપુરી લૂંટાઈ–કૌશાંબીના સૈન્યના પગ નીચે છુંદાઈ. નાગરિકો ઘરબાર મૂકી નાસી છૂટ્યા. જે કેટલાકો પકડાયા તેમને કોશાંબીની બજારમાં વેચવા સારૂ, સૈનિકોએ પકડી લીધા. ચંપાનગરીની રાણી ધારિણી અને રાજકુંવરી વસુમતિ, કૌશાંબીના એક ઉંટવાળાના હાથમાં સપડાઈ ગયાં. રાણીને અને રાજકુંવરીને કૌશાંબીની બજારમાં વેચવાથી સારું મૂલ્ય મળશે એમ માની ઉંટવાળાએ પકડીને એમને ઉંટ ઉપર નાખ્યાં. ઉંટવાળો રાજમાતાને કે રાજકુંવરીને નહોતો ઓળખતો. એણે તો રૂપ ને લાવણ્યના બે અંબાર જોયાં, અને એક વેપારી પોતાના માલને ઉંટ ઉપર લાદે તેમ આ ઉંટવાળાએ વેચવાની વસ્તુ તરીકે આ માતા તથા પુત્રીને સંભાળીને ઉંટ ઉપર ખડકયા.

આફત ભયંકર હોય છે, પણ જેમને જીવનમાં નાની સરખી અગવડનો, સામે ચાલીને સામનો કરવાનો પ્રસંગ જ નથી મળ્યો તેમને ખુદ આફત કરતાં પણ આફતની આશંકા વધુ બેચેન બનાવી દે છે. માતા અને પુત્રીઃ ધારિણી અને વસુમતિ માટે અહીં એકધારો ભય સામો ઊભો હતો. માતા ભયથી વિહ્વલ બની માર્ગમાં જ મૃત્યુ પામી. વસુમતિ અનેરી માટીથી ઘડાએલી હતી. ભયની સામે પણ પૂરા બળથી ઝઝુમવું અને જે પરિણામ આવે તેને ભેટી લેવું એવો તેણીએ નિરધાર કરી રાખ્યો હતો. ઉંટવાળાના ઓદ્ધત્યે અને માતાના નજર સામે નીપજેલા મૃત્યુએ વસુમતિને વિહ્વળ ન બનાવી. અલબત્ત, વસુમતિ રાજમહેલમાં ઉછેરી હતી–એકને બોલાવે ત્યાં સો જણ સલામ ભરતા

ઊભા રહે એવી સુખી સ્થિતિમાં જીવન વીતાવ્યું હતું. પણ તે સાથે એણે સંયમ, સહિષ્ણુતા અને નિર્ભયતાનું ભાતું પણ ભરી લીધું હતું. સંભવ છે કે ભ૦ મહાવીરના ઉગ્ર તપ, આકરા વિહાર અને હૃદયને કંપાવી દે એવા ઉપસર્ગોની ઘણી ઘણી વાતો વસુમતિએ રાજ-મહેલમાં સાંભળી હશે. ચંડકૌશિક જેવા વિષધરને બોધ આપી રાંક અને નમ્ર બનાવી દેનાર એ સંયમધારીની કરામત અને શક્તિની વાત હજારો સ્ત્રી-પુરુષોની જીભ ઉપર ચડી ચૂકી હશે. વસુમતિને એમાંથી ઓછી પ્રેરણા નહિ મળી હોય.

આવતી કાલની આફતની લેશમાત્ર ચિંતા કર્યા વિના વસુમતિ જાણે કે પ્રભુના ખોળામાં જ બેઠી હોય તેમ ઉંટ ઉપર બેસી રહી. માતાનું મૃત્યુ એના સુકુમાર અંતરને ખંજરના ઘા જેવું લાગ્યું હશે. પણ અત્યારે તે નિરૂપાય હતી. આંસુ પાડવા જેટલો કે આક્રંદ કરવા જેટલો પણ અવસર નહોતો.

ઉંટવાળો ધારિણી દેવીના મૃત્યુથી હેબતાઇ ગયો. આબરૂ અથવા શીલની ખાતર જે આટલી સહેલાઇથી પ્રાણ કાઢી આપી શકે તે નારીને બંદિવાન બનાવવામાં પોતે મોટી ભૂલ કરી હતી એમ તેને લાગ્યું. પશ્ચાત્તાપ કરવા માગે તો પણ અત્યારે એ બધું નકામું હતું. આ પુત્રીનું શું કરવું એ એને મન મોટો પ્રશ્ન થઇ પડ્યો. કોશાંબીની બજારમાં પહોંચતાં જ એને વિચાર આવ્યોઃ

" આ શીલનો તણખો ઘરમાં રાખવા જતાં પોતે

જ બળીને રાખ થઈ જશે. એ કરતાં આ બજારમાં જ એને વેચી દઉં અને જે કંઈ મળે તે લઇને છૂટો થઈ જઉં એ ઠીક છે. ”

આવો વિચાર કરીને ઉંટવાળાએ કૌશાંબીની બજારમાં વસુમતિના દેહની હરેરાજી બોલાવી.

કૌશાંબીના ધનાવહ શેઠ અચાનક એ રસ્તે નીકળ્યા. એમણે આ વસુમતિને જોઇ અને એમના અંતરમાં વાત્સલ્યનું અમી છલકાયું. શેઠ પોતે ઘણી ઘણી રીતે સુખી હતા, પણ એમને એકકે સંતાન ન હતું. વસુમતિને જોતાં જ જાણે કે પૂર્વભવની પુત્રી, જીવનની શૂન્યતા ટાળવા આ ભવે અનાયાસે પોતાને ત્યાં આવી ચડી હોય એવો કંઈક અનેરો આહ્‌લાદ એમણે અનુભવ્યો.

ઉંટવાળાને રાજી કરી ધનાવહ શેઠ વસુમતિને પોતાને ઘેર લઇ ગયા. મૂળા શેઠાણીએ પણ એને વહાલથી સત્કારી. જે ઉંટવાળાને વસુમતિ આગના તણખા જેવી લાગતી હતી તે જ વસુમતિ વાત્સલ્યભાવભર્યા આ શેઠ દંપતીને ચંદન જેવી શીતળ અને મનોરમ લાગી. આ ઘરમાં આવ્યા પછી એ ચંદના નામથી ઓળખાવા લાગી. એની સુવાસ, સુકુમારતા કોઈથી છુપી ન રહી.

વસુમતિના યૌવનની એ વસંતઋતુ હતી. એના વિનયશીલ વચનો અને વ્યવહારોમાં જેટલી આકર્ષકતા હતી તેટલી જ સંયમ અને આત્મશ્રધ્ધાની રંગત ભભકતી. પોતે રાજકુંવરી છે અને આપત્તિના ઝંઝાવાતે જ અહીં લાવી મૂકી છે એ વાત લગભગ તે ભૂલી

ગઈ હતી. ગત સુખ કે ગત વૈભવ સંભારી વિષાદ કરવાથી શું વળવાનું હતું ? શેઠ–શેઠાણીને માતાપિતા સમજી, ચંદના એમની દરેક પ્રકારની સેવા ઉઠાવવા લાગી.

આટઆટલી સંભાળ ને સાવચેતી રાખવા છતાં મૂળા શેઠાણીનો સ્વાભાવિક ઈર્ષાગ્નિ એક દિવસે સળગી ઉઠયો. બન્યું એવું કે ઉનાળાની ગરમીને લીધે અકળાયેલા શેઠ લગભગ બપોરે દુકનેથી ઘેર આવ્યા. એમના પગ ધોવરાવનાર નોકર તે વખતે બીજે ક્યાંઇક ગયો હતો. એટલે ચંદના પોતે ઊઠી, પાણીનું ઠામ લઇ પિતા સમા શેઠ તરફ દોડી ગઇ. સહેજ નીચા નમી પાણી પગ ઉપર રેડવા જતાં ચંદનાનો શિથિલ કેશપાશ છૂટી ગયો. વાળ સમારવાની ચંદના બહુ ખેવના નહોતી રાખતી. ધૂળ–કીચડમાં પડેલો ઝીણા રેશમના તંતુ જેવો કેશગુચ્છ મલિન બનશે એમ ધારી શેઠે પોતાની લાકડીના એક છેડાથી એને અદ્ધર ઝીલી રાખ્યો. પુત્રીના કેશગુચ્છની પિતા એટલી સંભાળ લે એમાં કઈ અશિષ્ટતા કે અનુચિતતા નહોતી. અને કદાચ, મૂળા શેઠાણીએ દૂરથી, ઝરૂખામાં બેઠા બેઠા આ બનાવ ન જોયો હોત તો સાંઝે તો એ ઘટના વિસ્મૃતિના મહાસાગરમાં મળી ગઇ હોત.

પણ અતિ નાના પ્રસંગો, ઇતિહાસની મહાન ઘટનાઓ ઘણી વાર રચે છે. ધનાવહ શેઠે લાકડીવતી કરેલો ચંદનાના ચોટલાનો સ્પર્શ મૂળા શેઠાણીને ભયંકર અનર્થની આગાહી જેવો લાગ્યો. જેનો એક વાળ મેલો ન થાય તે માટે શેઠ આટલી કાળજી રાખે છે

તેનું ખીલતું યૌવન અને સૌંદર્ય જતે દિવસે એ શેઠને મોહપાશથી કેમ ન બાંધે એવો એને વહેમ ઉપજ્યો. ઇર્ષ્યા–કૂતરી કે જે પ્રત્યેક સ્ત્રી–પુરુષના અંતરદ્વાર આગળ બેસી-સતત જાગૃત રહી, ચોકીદારી કરતી હોય છે તે ઘણીવાર સ્વજન–આત્મીયને પણ ચોર–ડાકુ સમજી ભસવા મંડી જાય છે. મૂળા શેઠાણીએ ઈર્ષાના આવેશમાં ચંદનાને પોતાની શોક્ય જેવી જ કલ્પી એ કાંટો વહેલી તકે ઉખેડી નાખવાનો નિર્ણય કરી લીધો.

શેઠ થોડીવાર રહીને દુકાને ગયા. મૂળા શેઠાણીને હવે સુયોગ સાંપડયો. શેઠની ગેરહાજરીનો લાભ લઇ શેઠાણીએ એક હજામને બોલાવી ચંદનાનું માથું મુંડાવી નાખ્યું. ચંદના આવી ઘાતકી શિક્ષાને કેમ વશ થઇ હશે ? નારી–સૌંદર્યના સુવર્ણકલશ જેવો કેશકલાપ ઉતારી આપતાં ચંદનાને કંઇ ક્ષોભ નહિ થયો હોય ? કંઇ જ આનાકાની નહિ કરી હોય ?

ભ૦ મહાવીરના શ્રમણસંઘનો જે ઉજ્જવળ ઇતિહાસ તે સમયે રચાઈ રહ્યો હતો અને એમાં સાધ્વી ચંદનાના સુકુમાર હાથથી જે સ્વર્ગીય રંગ પુરાવાના હતા તે જોતાં ચંદનબાલાની મૌન ગંભીર શરણાગતિમાં બુદ્ધિને પણ અગમ્ય એવો કોઈ ગહન સંકેત હોવો જોઈએ. બીજી વાત એ પણ છે કે જેણે દેહ વિષેની મોહ–મમતા છેક જતી કરી છે–બાહ્ય શોભા કે સૌંદર્યની જેને લેશ માત્ર ચિંતા નથી, જેના રૂંવે રૂંવે ઊંડી આત્મતૃપ્તિ અને વિરાગની દીપ્તિ ચમકી રહી છે તેને તુચ્છ વાળનો ત્યાગ શા હિસાબમાં હોય ? સર્પ ને કાંચળીનો થોડો જ મોહ હોય ?

ચંદના વીર પ્રભુના સાધ્વીસંઘની મુખ્ય પ્રવર્ત્તિની હતી. એ અહોભાગ્ય એને અકસ્માત્ થોડું જ લાધ્યું હતું ? ભગવાનના કૃપાપ્રસાદને પાત્ર બનતાં પહેલાં કેટલી પૂર્વ તૈયારી કરવાની હોય છે તે આ ચંદનબાળાના જીવનમાં દેખાય છે.

કેશ તો મુંડાવ્યા. પણ મુંડાવનાર મૂળાનો આત્મા અકળાઇ ઉઠ્યો. ચંદનબાળાને તો એ વાળની કંઈ કીમત નહોતી. પણ મૂળા શેઠાણીના ઇર્ષાળુ મનને એ અન્યાય-એ અત્યાચાર કેમ જંપવા દે ? એક પાપ છુપાવવા બીજા પાપનો આશ્રય લેવો જ પડે–પછી તો પાપની પરંપરા વહી નીકળે. મૂળા શેઠાણીને ખાત્રી હતી કે ધનાવહ શેઠ ચંદનાનું આ કેશરહિત મુખ જોઇને ક્રોદ્ધ થયા વિના નહિ રહે. એ પૂછશે તો શું જવાબ દઇશ ?

જવાબદારીમાંથી છૂટવા, પહેલા કરતાં પણ અધિક ક્રૂર ઇલાજ મૂળાએ અજમાવ્યો. લુહારને બોલાવી લોખંડની બેડીઓ ચંદનાનાં પગમાં પહેરાવી, આઘેના એક અવાવરુ ઓરડામાં ધકેલી દીધી. ભૂખી–તરસી ચંદના પોતાની મેળે પ્રાણ છોડી દેશે–પોતાના પાપની કોઇને કંઇ જાણ સરખી પણ નહિ થાય એમ માની મૂળા પોતાના પિયર ચાલી ગઈ. પાપ છાપરે ચડીને પોકારે છે એ કહેવત મૂળા ભૂલી ગઇ.

બે–ત્રણ દિવસ એ પ્રમાણે નીકળી ગયા. શેઠના ચાકર વર્ગને મૂળાએ એવી સખત ધમકી આપી રાખી હતી કે જો કોઇ ચંદનાની બાતમી શેઠને આપશે તો તેની બૂરી વલે થયા વિના નહિ રહે. અને મૂળા જો કોપાઇ

તો વાઘણુ કરતાં પણ વધુ વિકરાળ અને એ વિષે કોઇને શંકા નહોતી. એટલે શેઠને પોતાના ઘરમાંથી સાચી બાતમી મળે એવો સંભવ નહોતો.

પહેલે દિવસે ચંદના વિષે કંઈ સંતોષકારક જવાબ ન મળ્યો. એટલે પોતાની બહેનપણીને ત્યાં રમવા કે વખત ગાળવા ગઇ હશે એમ માની શેઠે નીરાંત વાળી. બીજે દિવસે પણ ચંદના ન દેખાઇ. ચંદના કયાં ગઇ હશે ? ઘરમાં સૌના હોઠ સીવાઈ ગએલાં દેખાયાં. શેઠ સમજ્યા કે પોતાને અજાણ રાખવા સારુ કંઈક પ્રપંચજાળ પથરાઇ છે, પણ એ જાળનો તાંતણો કેમ પકડવો એ એક મોટી સમસ્યા થઈ પડી. સેવકો અને સગાઓ જ જ્યાં ફરી બેઠા હોય ત્યાં ધનાવહ જેવા બુધ્ધિશાળી પણ બીજું શું કરી શકે ?

ત્રીજે દિવસે એમનો પુણ્યપ્રકોપ એકાએક જાગી ઉઠ્યો. એમણે હવે જરા સખતાઈથી તપાસ ચલાવવા માંડી. જેને પૂછે તેની આંખમાં ભય તરવરતો તેમણે નીહાળ્યો. એક ડોશીમાએ થોડી હીમત દાખવી. એને મૂળા શેઠાણીની બીક જ નહોતી એમ નહિ પણ મડદા ઉપર વીજળી પડો તો યે શું કરવાની હતી, એમ માની એણે શેઠની પાસે ખરી હકીકત નિવેદન કરી. ડોશીમા-એ હવે જીવવાની આશા મૂકી દીધી હતી. મૂળા શેઠાણી બહુ ખીજાશે તો બે દિવસ વહેલી મરીશ એથી દુનીયા કંઇ રસાતળ નહિ પહોંચે, બાકી એક નિર્દોષ અબળાને તો ગમે તે ભોગે પણ છોડાવવી એવું માનીને જ ડોશીમાએ ચંદનબાળા પ્રકરણ ઉપર જે આછો પડદો પડ્યો હતો તે ચીરી નાખ્યો.

જે ઓરડામાં ચંદના એકાંતવાસ, ઉપવાસ અને પગબેડીની વિના દોષે સજા ભોગવતી પડી હતી તે તરફ શેઠે દોટ મૂકી અને ચંદનાને દીન-મલિન વેષમાં બહાર કાઢી. બે દિવસ પહેલાંની ચંદના અને આજની ચંદના વચ્ચે જાણે કે ઉત્તર-દક્ષિણ જેટલો ફેર પડી ગયો હોય એમ શેઠને લાગ્યું. પણ અત્યારે શબ્દોનો વ્યય કરવાનો અવસર નહોતો. પગમાંની જંજીરોથી જકડાયેલી ચંદનાને બહાર કાઢી, ત્રણ દિવસનાં ભૂખી-તરસી-ચંદના માટે તાત્કાલિક બીજું કંઈ ખાનપાન તૈયાર નહિ હોવાથી, થોડા અડદના બાકળા એક સૂપડામાં ધરી, લોહની બેડીઓ તોડાવવા લુહારને બોલાવી લાવવા શેઠ લુહારની કોડ તરફ ગયા.

× × ×

કૌશાંબીમાં ભગવાનનાં પગલાં થયાં તેને આજે ચાર મહિના થઇ ગયા છે. આ ચાર મહિના દરમિયાન દીર્ઘ તપસ્વી ભગવાન, કૌશાંબીની શેરીઓ, મહોલ્લાઓ અને ચૌટાઓમાં એક મુઠી ધાન માટે ફરી રહ્યા છે; પરંતુ ચાર-ચાર મહિના થયાં એમને કોઇના હાથની ભિક્ષા સ્વીકારને યોગ્ય નથી લાગી. આખું ગામ ચિંતામાં ડૂબી ગયું છે. રાજા રાણી પોતે અને એમના અતિ વ્યવહાર-કૂશળ ગણાતા અમાત્યો પણ ભગવાનને ભિક્ષા વગર પાછા વળતા જોઇને હેરાન થઈ રહ્યા છે. એ તપસ્વીને શું જોઇએ ? કોની પાસેથી કેટલું કેવા પ્રકારનું અન્ન-પાન જોઇએ છીએ ? તે કોઇથી કળી શકાતું નથી. ચાર-ચાર મહિનાથી લોકો એ પ્રશ્ન ચર્ચે છે, પણ દીર્ઘ

તપસ્વી મહાવીરને શું ખપે છે તે સમજાતું નથી. કૌશાંબી જેવી સમૃદ્ધિશાલી નગરીમાંથી આવો લોકમાન્ય, રાજમાન્ય, દેવપૂજ્ય તપસ્વી મુઠી ધાન લીધા વગર, ભૂખ્યો ને ભૂખ્યો જ પાછો વળે તે જોઇને નગરવાસીઓને ઊંઘ ને આહાર પણ અકારાં થઇ પડ્યાં છે.

શેરીએ શેરીએ કૂળવધુઓ ભાતભાતના, ભગવાનને ખપે તેવા આહાર લઇને, હાથ જોડીને ઊભી રહે છે. ભિક્ષા માટે ફરતા ભગવાન તે તરફ માત્ર આછો દૃષ્ટિપાત કરી ત્યાંથી ચાલી નીકળે છે. એ મૌનધારી તપસ્વી એક અક્ષરે ય બોલતાં નથી. પોતે કેવા પ્રકારની ધારણા રાખી રહ્યા છે તે કોઇને કહેવાય નહી. જ્યાંસુધી અભિગ્રહ પૂરો ન થાય ત્યાંસુધી એ તપસ્વી ઉપવાસ ઉપર ઉપવાસ ખેંચ્યે જાય છે. ચાર–ચાર મહિનાના ભૂખ્યા અનાહારી તપસ્વીને જોઇને હજારો સ્ત્રી–પુરુષોની આંખો ભીની બને છે. કોણ જાણે એને શું જોઈતું હશે ?

બૌદ્ધ સાહિત્યમાં પણ આવી જ એક ઘટનાનો ઉલ્લેખ છે. ભિક્ષુ રોજ શેરીઓમાં ભિક્ષા માટે ફરે છે. હજારો માણસો કીમતીમાં કીમતી વસ્તુઓ પાત્રમાં ભરીને સામે દોડી આવે છે. ભિક્ષુને જે ખપે તે સ્વીકારી પોતાને કૃતાર્થ કરવા વિનવે છે, પણ ભિક્ષુ તેની સામે ઉદાસભાવે જોઇ પાછો વળી જાય છે. સમજાતું જ નથી કે એને શું જોઇએ છે. આખરે એક ગરીબ મજૂરણ, વૃક્ષના થડની ઓથે ઊભી રહી, આથમતી રજનીનો આછો અંધકાર અંગે લપેટી લઇ

પોતાનું એકનું એક અંગે વીંટવાનું વસ્ત્ર ઉતારીને ભિક્ષુ પાસે ધરે છે. ભિક્ષુનો મનોરથ તે દિવસે ફળે છે. જૂના જીર્ણ વસ્ત્રને માથે ચડાવીને, આનંદપ્રફુલ્લ વદને તે પોતાના સ્થાને પાછો ફરે છે. એનો અભિગ્રહ એ રીતે પાર પડે છે.

આ ભિક્ષુઓ, શ્રમણો અને તપસ્વી મુનિઓ એ રીતે વૈભવ-વિલાસમાં ગરકાવ થએલા સંસારીઓને ત્યાગ અને દાનની સમ્યગ્દૃષ્ટિ આપવા મથતા હતા. ઐશ્વર્ય જેમ પુષ્કળ હતું તેમ દાન-દક્ષિણાની પણ એ સમયે ન્યૂનતા નહોતી. ઉભરાતી સમૃદ્ધિમાંથી એકાદ ખોબો દાનપુણ્યમાં ખરચાય તો સહેજે તરી જવાય, પરલોકનું ભાતું બંધાય એમ તેઓ માનતા. પેટ ભરીને જમી લીધા પછી કોઇ ભૂખ્યા તરસ્યાને થોડાં વધેલાં આહાર-પાણી આપ્યાં હોય તો ઉભયનું કલ્યાણ થઇ જાય-પરોપકાર તો થાય જ, એમ માની ઘણાંખરાં પોતાનાં ઘરનાં બારણાં સાધુ-મુનિ કે અતિથિ માટે ઉઘાડાં જ રાખતાં. પણ વિશ્વગુરુ જેવા આ તપસ્વીઓને એટલેથી જ સંતોષ નહોતો. તેઓ તો ક્રમે ક્રમે સર્વસ્વના ત્યાગની, પ્રિયમાં પ્રિય વસ્તુના દાનની લોકો પાસેથી અપેક્ષા રાખતા. ત્યાગ તેમજ દાનની યથાર્થ દૃષ્ટિ તેમને આપવા માગતા. અશક્ય અથવા અસાધ્ય જેવા લાગતા આ અભિગ્રહોમાં આત્મવિકાસ તેમજ લોકશિક્ષણનો આવો જ કંઇક ઊંડો હેતુ હોવો જોઇએ.

તે દિવસે કૌશાંબીના રાજાના માનીતા મંત્રી સુગુપ્ત-

ની માનીનિ નંદા, ભગવંત મહાવીરને પોતાના ઘર તરફ આવતા જોઇને કેટલા ઉલ્લાસથી એમની સામે ગઇ હતી? અને પોતાના સૌભાગ્ય ઉપર આફ્રીન બનતી તે નંદા એક શ્રાવિકાને શોભે તેવી ઢબે, પ્રભુને કલ્પે તેવા કેટકેટલા ભોજ્ય પદાર્થ પ્રભુ પાસે ધરીને બે હાથ જોડીને દીનભાવે ઊભી રહી હતી? પ્રભુ એમાંનું કંઇ જ લીધા વિના, આવ્યા હતા તેમજ પાછા વળી ગયા તેથી નંદાને પોતાના ભાગ્ય ઉપર કેટલો ધિક્કાર છૂટયો હતો?

મૃગાવતીએ રાજા શતાનિકને કેટલો મીઠો છતાં હૃદય વીંધી નાખે તેવો ઠપકો આપ્યો હતો? "આટઆટલા ગુપ્તચરો છે, આટઆટલા શાસ્ત્રવિશારદો છે, વીર પ્રભુના મનની ધારણા સમજવા જેટલી તેવડ પણ તમારામાં નથી? નકામી જ બડાઈઓ હાંકો છો ને?" રાજાએ મંત્રીઓ સાથે ચર્ચા કરી, ધર્મશાસ્ત્રીઓની સલાહ લઈ કંઇક પણ રસ્તો શોધી કાઢવાનો ઘણોયે પ્રયત્ન કર્યો પરંતુ તેમાં સફળતા ન મળી. આખરે રાજાએ ઢંઢેરો પીટાવીને જાહેર કર્યું કે ભ૦ મહાવીર ભિક્ષા માટે પધારે ત્યારે લોકોએ વિવિધ પ્રકારની વાનીઓ તેમની સન્મુખ ધરવી. આજ્ઞાથી અને શ્રદ્ધાથી પ્રેરાયેલા કૌશાંબીના નાગરિકોએ એ ઇલાજ પણ અજમાવી જોયો; પરંતુ ગુંચ ન ઊકેલાઇ. ભ૦ મહાવીરનો અભિગ્રહ જાણવાની કોઇનામાં શક્તિ નહોતી અને કદાચ જાણવા મળે તો પણ તે પ્રમાણે યોજના થવી પ્રાયઃ અશકય હતી.

ધનાવહ શેઠના ઘરના ઉંબરામાં બેઠેલી–ત્રણ ત્રણ

દિવસની ઉપવાસી ચંદના, વૃક્ષના આધારે પલ્લવિત બનેલી લતાને મૂળમાંથી ઉખેડીને કોઈ ફેંકી દે અને જોતજોતામાં તે કરમાઈ જાય તેમ રાંક ઓશીયાળા વદનવાળી ચંદના પોતાની સ્થિતિનો વિચાર કરતી લાગે છે.

"ક્યાં ચંપાનો રાજમહેલ અને ક્યાં ધનાવહ શેઠની આ અંધારી ઓરડી! ક્યાં ભાતભાતના ભોજન અને ક્યાં આ અડદના બાફેલા બાકળા! આ સંસાર-નાટકનાં દશ્યો કેટલી ત્વરાથી, કેટલી કુશળતાથી પલટાઇ રહ્યાં હોય છે? બાકળા તો બાકળા, પણ અત્યારે કોઇ મુનિ કે અતિથિ આવી ચડે તો કેવું સારું? એમને વહોરાવ્યા પછી જ મોંમાં કોળીઓ મૂકવા જેટલું શું મારું સૌભાગ્ય પહોંચતું હશે?" ચંદના આવી ભાવનાશ્રેણી ઉપર ચડતી હતી એટલામાં ભિક્ષા માટે ચાર–ચાર મહિનાથી ફરતા ભ૦મહાવીર આવતા દેખાયા.

ચંદના ભક્તિભાવથી એકદમ ઊભી થવા ગઈ પરંતુ ત્રણ-ત્રણ દિવસના ઉપવાસની અશક્તિ અને વધુમાં પગમાં પડેલી લોખંડી બેડીઓના ભારથી તે માત્ર એક ડગલું ભરીને ત્યાં ને ત્યાં જ થંભી ગઈ. હાથમાં રહેલા સૂપડામાંના બાકળા પ્રભુને વહોરાવવાની એની હિમ્મત નહોતી ચાલતી પરંતુ પોતાની અત્યારની દુર્દશા જોતાં આ બાકળા વહોરાવવા સિવાય એનાથી બીજું બની પણ શું શકે? ભગવંતને ઉદ્દેશીને તે કહી રહી:

"પ્રભો! આ ભોજન જો કે આપને યોગ્ય નથી, છતાં અનુગ્રહની ખાતર પણ સ્વીકારશો!" પ્રભુ ચંદના-

ના હાથના બાકળા વહોરવા પાસે ગયા, પરંતુ બીજી એક કથા એવી પણ મળે છે કે તરત જ પ્રભુ ત્યાંથી પાછા વળી ગયા. પ્રભુને ભિક્ષા વિના પાછા ફરતા જોઈને ચંદનાની આંખોમાં આંસુ આવી ગયા. એને થયું કે "કેટલી દુર્ભાગી હું ? વિશ્વવંદ્ય પ્રભુ, આટલી નજીક આવ્યા પછી, આહાર લીધા વિના પાછા ફરી જાય છે !" આ પ્રમાણે આક્રંદ કરતી ચંદનબાળા તરફ પ્રભુએ ફરી એક વાર પાછા ફરીને દૃષ્ટિપાત કર્યો અને પોતાનો આખો અભિગ્રહ ફળ્યો હોય તેમ ચંદનબાળાના હાથના બાકળા પ્રભુએ વહોર્યા.

એ જ વખતે અંતરીક્ષમાં દેવદુંદુભી ગડગડયા. શોકમાં ડૂબેલી કૌશાંબી, કોઇ જાદુગરના મંત્રબળે અચાનક જડ દેહ જાગી ઉઠે તેમ કલ્લોલ કરવા મંડી ગઈ. ભ૦ મહાવીરના ચાર ચાર મહિનાના ઉપવાસનો અંત આવ્યો જાણી ઘેર ઘેર ઉત્સવની શરણાઇઓ વાગી રહી.

ચંદનબાળા કૌશાંબીમાં આ પ્રકારની દુર્દશામાં ન સપડાઈ હોત તો ભગવાને લીધેલા અભિગ્રહનું શું થાત ? એમનો અભિગ્રહ આવા પ્રકારનો હતોઃ "કોઇ સતી અને સુંદર રાજકુમારી હોય, દાસીપણાને પામેલી હોય, પગમાં લોહની બેડીઓ પહેરેલી હોય, માથું મુંડેલું હોય, એક પગ ઉંબરા બહાર અને એક પગ ઉંબરાની અંદર હોય, ભૂખી હોય, રોતી હોય, એવી સ્ત્રી સુપડાના ખૂણામાં પડેલા અડદના બાકળા વહોરાવે તો વહોરવા."

અકસ્માતો અને અત્યાચારોની કડીઓ પરસ્પરમાં

ગુંથાઈ જઇને ઈતિહાસની આખી સાંકળ કેવી ખૂબીથી તૈયાર કરે છે? ચંદનબાળાનો અસાધારણ સંયમ, ઉંટવાળાની વિવેકશૂન્યતા, ધનાવહ શેઠનું વાત્સલ્ય, મૂળા શેઠાણીની ઇર્ષા અને ભ૦ મહાવીરનો ઉગ્ર અને એ કોટીનો પહેલો તથા છેલ્લો અભિગ્રહ–એમ પંચ ધાતુના મિશ્રણે ચંદનબાળાની આ ચિરસ્મરણીય ઇતિહાસ પ્રતિમા રચી છે. કઈ ધાતુનું કેટલું મૂલ્ય આંકવું એ વિવાદમાં ઉતરવાની જરૂર નથી. ચંદનબાળાના સંયમ-ધૈર્યના પ્રતાપે જગતના એક તારણહારને લગભગ છ મહિનાના ઉપવાસને અંતે *અડદના બાકળા જેવું અન્ન આહાર માટે મળ્યું એ ઓછા આનંદની વાત નથી.

કૌશાંબીમાં આનંદના ઓઘ ઉછળી રહ્યા. રાણીએ અને રાજાએ પણ ચંદનબાળાને ઓળખી. ફરી એ પોતાની માસી પાસે રાજાના જ મહેલમાં આવીને રહી.

તે પછી ભ૦ મહાવીરને જ્યારે કેવળજ્ઞાન ઉપજ્યું અને ગૌતમ આદિ અગિયાર વેદાનુયાયી પંડિતોને પ્રબોધી, દીક્ષા આપી ગણધર પદે સ્થાપ્યા ત્યારે આર્યા ચંદનબાળાએ, સાધ્વીસંઘનું સૂત્ર હાથ ધર્યું. જે ચતુર્વિધ જૈન સંઘની ભગવાને પોતે સ્થાપના કરી તેમાં સાધ્વીસંઘની પ્રવર્તિની તરિકેનો ભાર ચંદનબાળાના શિરે આવ્યો. સાધ્વીસંઘની સફળતાનો ઘણોખરો યશ પ્રથમ પ્રવર્તિની ચંદનબાળાના જ ભાગમાં જાય છે એમ કહીએ તો ચાલે.

---

*છ મહિનામાં પાંચ દિવસ ઓછા રહેતાં તપનું પારણું કરીને પ્રભુ ધનાવહ શેઠના ઘરમાંથી બહાર નીકળ્યા.

# સુલસા



( ૪ )

સોળ સતીઓમાં પહેલું જ નામ સુલસાનું શા માટે ? સુલસા કોઈ મોટા રાજવંશમાં જન્મેલી રાજ-કુંવરી નહોતી, તેમ એનો સ્વામી પણ મોટો વિજેતા કે વિદ્વાન નહોતો. સુલસાનો પતિ માત્ર એક સારથી

હતો. સુલસા ભારે તપસ્વિની કે વિદુષી પણ નહોતી. સોળ સતીઓના રાસમાં સુલસાનું નામ પહેલું શા સારુ ? બીજી સતીઓએ જે કષ્ટો વેઠ્યાં છે, જે આકરી કસોટીઓ અનુભવી છે તેવું પણ સુલસાના ચરિત્રમાં કંઈ નથી બન્યું. નથી એણે સંસારનો ત્યાગ કર્યો, નથી ભારે તપ કર્યો અને છતાં સતીઓમાં જો કોઇનું પ્રથમ નામ ઉચ્ચારાતું હોય તો સુલસાનું. કવિનો આમાં કંઈ પક્ષપાત હશે કે સજ્ઝાયની રચનાનો એક અકસ્માત્ માત્ર હશે ?

ધારો કે એ અકસ્માત્ હોય, પણ ભગવાન મહાવીર જેવા વિરાગી પુરુષ, ચંપાપુરીમાંથી રાજગૃહ તરફ જતા અંબડ જેવા પરિવ્રાજકને એમ કહેઃ " રાજગૃહી જતા હો તો ત્યાં સુલસા શ્રાવિકાને મારા ધર્મલાભ કહેજો ! " એમાં સર્વ પ્રાણી પ્રત્યે સમતા અને મમતા ધરાવનારનો ખુલ્લો પક્ષપાત નથી દેખાતો ? ભગવાને બીજા કોઇને નહિ–રાજગૃહમાં શ્રાવક–શ્રાવિકાઓ તો પારવગરનાં હતાં–ખુદ શ્રેણિક કે અભયકુમાર, ચેલણા કે ભદ્રાને પણ નહિ, એકલી સુલસાને જ સંભારીને ધર્મલાભ જેવો મહામૂલો આશીર્વાદ કેમ પાઠવ્યો ?

ભ. મહાવીર જો શાસનના સૂર્ય સમાન હોય તો એમની આસપાસ અનેક રાજપુત્રો, શ્રેષ્ઠીપુત્રો, પંડિતો, વિરાગીઓની એક મોટી ગ્રહ–નક્ષત્રમાળા અહોનિશ ઘૂમતી. એમાં સુલસા સતીને શોધવા જઇએ તો એનો પત્તો ન મળે. એ એટલી ભાગ્યશાલિની હતી કે એને બીજે કયાંઈ નહિ પણ ભગવાનના હૃદયમાં સ્થાન મળ્યું

હતું. ભગવાન મહાવીરને નજીકના કે દૂરના, પોતાના કે પરાયા, મિત્ર કે વેરી જેવા મુદ્દલ ભેદ નહોતા. છતાં સુલસા માત્ર શ્રદ્ધા અને ભદ્રિકતાના બળે મહાવીર પ્રભુના સાવ નિર્વિકાર, પદ્મની પાંદડી જેવા સ્વચ્છ અને સુકોમળ હૃદયમાં આસન જમાવી શકી હતી. સુલસાને પોતાને એની ખબર હશે, પણ અભિમાન નહોતું.

ચંપાપુરીમાં ભગવાન મહાવીર જ્યારે સમોસર્યા હતા અને ધર્મોપદેશ સંભળાવ્યા પછી જ્યારે અંબડ પરિવ્રાજક સાથે વાર્તાલાપ કરતા હતા ત્યારે અંબડ રાજગૃહી તરફ યાત્રા કરવા જવાનો છે એમ જાણ્યા પછી પ્રભુને સુલસા શ્રાવિકાનું સહજ સ્મરણ થઈ આવ્યું. એમણે પરિવ્રાજકને એટલું જ કહ્યું: "ત્યાં સુલસા શ્રાવિકા રહે છે એને મારા ધર્મલાભ પહોંચાડજો."

મહાવીર જેવા, ચક્રવર્તીને પણ વંદનીય પુરુષના મુખથી ધર્મલાભ પામવા એ સુભાગ્યની પરાકાષ્ઠા જ ગણાય. તેમાં ય વળી ભગવાન પોતે સંભારીને એવા આશીર્વાદ મોકલે ત્યારે તો એ આશીર્વાદ પામનાર નર કે નારી સંસારથી લગભગ તરી ગયા જેટલો જ અલૌકિક આનંદ અનુભવે. ભ૦ મહાવીરે આ રીતે પોતે સંભારીને કોઇને આશીર્વાદ નથી મોકલ્યા. સુલસાના સૌભાગ્યની, સાચે જ, કોઇને પણ ઇર્ષા આવ્યા વિના ન રહે.

જે મહાવીર પ્રભુના એક નાના કૃપાકટાક્ષ માટે રાજાધિરાજો અને તપસ્વીઓ તલસતા હતા, જેમના મુખેથી એક વાર પણ ધર્મલાભ જેવા આશીષ પામવા

પોતાનું જીવન સમર્પી દેવા તૈયાર હતા તે મહાવીર એક સારથીની પત્ની–સુલસા શ્રાવિકાને, રાજગૃહી જેટલે દૂર ધર્મલાભ મોકલે, ત્રિદંડી જેવા પરિવ્રાજક-ની સાથે આશીર્વચન મોકલે એ જૈન સંઘના ઇતિ-હાસની નાનીસૂની ઘટના નથી.

પરિવ્રાજક અંબડ પણ ઘડીભર તો થીજી ગયો. રાજગૃહીના કોઇ ધનશ્રેષ્ઠી કે રાજમાતાને ભગવાને આ પ્રકારનો સંદેશો પાઠવ્યો હોત તો એને આશ્ચર્ય ન લાગત. એને વિચાર થયો: “આવી મોટી વૈભવવંતી રાજગૃહી–એમાં ભગવાનને એકલી સુલસા જ યાદ આવી? બીજા કોઈને નહિ, સુલસાને જ શા માટે? સુલસાએ એવા કયા મહાન્ પુણ્ય કર્યાં હતાં?”

પરિવ્રાજક અંબડની એ શંકા બરાબર હતી. સુલસા એક સામાન્ય ગૃહિણી હતી. દાન દેવામાં તે અલબત્ત ઉદાર હતી, પણ એકલા દાનની જ વાત કરીએ તો સુલસા કરતાં સવાઈ સન્નારીઓનો એ વખતે તૂટો નહોતો. એને ત્યાં કૂબેરનો ભંડાર નહોતો. સુલસા ઉદાર હોય તો પણ એની સંપત્તિ મર્યાદિત હતી. માત્ર દાનૈશ્વર્યથીએ અમરતા મેળવી જાય એ અસંભ-વિત હતું.

સુલસા શક્તિશાલિની હતી. એ જ એની વિશિષ્ટતા છે. વિવેકશક્તિ અને શ્રદ્ધા સુલસામાં સંગમ પામી હતી. જાણે કે બે મહાનદીઓના શાંત–ગંભીર નીર સુલસાના સાગર સમા અંતરમાં જઇને સમાઇ જતાં હતાં. એક તો નિર્ગ્રંથવચનને વિષે અચળ શ્રદ્ધા સેવવી

એ કઠિન હતું, શ્રદ્ધા અનુસાર આચરણ તો એથી યે કઠિન હતું અને શ્રદ્ધાને અંધશ્રદ્ધાના ખાડામાં પડતી અટકાવવા સતત જાગૃત અને વિવેકશીલ રહેવું એ તો અત્યંત કઠિન કાર્ય હતું. સુલસાનો શ્રદ્ધાનો દોર જેવો અતૂટ હતો તેવી જ એની વિવેક-વિચારની શક્તિ પણ શાશ્વતી જ્યોતિઃશીખાની જેમ જ્વલંત હતી. આ શ્રદ્ધા અને વિવેકની શક્તિથી જ ભ૦ મહાવીરના અંતરનો એક ઉજળો ખૂણો મેળવવા સુલસા સદ્ભાગી બની હતી.

રાજગૃહ પહોંચ્યા પછી અંબડને વિચાર થયો: " ધર્મલાભ તો પહોંચાડવા છે. પણ સીધા સુલસાને ત્યાં જઇને સમાચાર સંભળાવી દેવાથી પૂરો રંગ નહિ જામે. એને ત્યાં જઈશ અને ભ૦ મહાવીરનો સંદેશો લઇને આવ્યો છું એમ જાણ્યા પછી તે મારું સ્વાગત કરશે અને ભગવાને પોતાના મુખેથી ધર્મલાભ પાઠવ્યા છે એમ જાણીને એનાં રોમે રોમ પ્રફુલ્લિત બની જશે એની કલ્પના થઇ શકે છે. પરંતુ એ રીતે તો એનું અંતર અણપરખાયું રહી જશે. સુલસા, કઇ તાકાતના બળે ભ૦ મહાવીરની આટલી નિકટ આવી તે નહિ સમજાય. "

કૌતુકથી પ્રેરાયેલો અંબડ, પહેલાં શ્રાવક હતો, તે જૈન મુનિના વેશ અને વાણીથી થોડોઘણો પરિચિત હતો. તેણે રાજગૃહી પહોંચી, જૂનો-કસાએલો જૈન મુનિ હોય એવો સ્વાંગ સજ્યો અને સુલસા શ્રાવિકાના આંગણામાં જઇને ઊભો રહ્યો. સુલસાએ શાંતિથી એને સત્કાર્યો, પણ જ્યારે જૈન મુનિના વેષમાં રહેલા એ

પરિવ્રાજકે એક એવી વસ્તુ માગી કે જે કોઇ જૈન મુનિ આચાર–વિચારની દૃષ્ટિએ માગી શકે જ નહિ, ત્યારે સુલસા કંઇ બોલ્યા વિના, જેમ આવી હતી તેમજ પાછી વળી ગઇ. અંબડને ખાત્રી થઇ કે સુલસા માત્ર શ્રદ્ધાનો ઢગલો નથીઃ માત્ર વેશની પૂજક નથી. મુનિનું અંતઃસત્ત્વ પળવારમાં પરખી શકે છે.

સુલસામાં વિવેક–વારી તો છે. પણ કદાચ એ બહુ છીછરું હશે. આવો વિચાર કરીને અંબડે બે–ત્રણ ચમત્કાર કરી બતાવવાની પેરવી કરી. ભલભલા ચમત્કારમાં મોહાઈ જાય તો સુલસા જેવી એક સામાન્ય નારીનું શું ગજું ? અંબડે સુલસાને ભોળવવાની તરકીબ રચી.

અંબડે પ્રથમ સાક્ષાત્ બ્રહ્માનું સ્વરૂપ ધરી, રાજગૃહના પૂર્વ તરફના દરવાજે પોતાનું આસન જમાવ્યું. બ્રહ્મા પોતે પૃથ્વી ઉપર ઉતરી આવ્યા છે એમ જાણ્યા પછી ગામ ગાંડું બને એમાં પૂછવાપણું જ કયાં છે ? હજારો ભોળાં સ્ત્રી–પુરુષો એ બ્રહ્માના વેશધારી પાસે પહોંચી ભક્તિથી પોતાનાં મસ્તક ઝૂકાવવા મંડી ગયાં. અંબડ ઉઘાડી આંખે, સૌનાં મોં નીહાળતો હતો. તેણે આટલા મોટા સમુદાયમાં સુલસાને ન ભાળી–જેને ખેંચવા માટે આ બધી માયા રચી હતી તે નિરર્થક બનતી જોઈ નિરાશ થવાને બદલે બીજો એક નવો દાવ ખેલવાનો નિરધાર કર્યો.

સુલસા શ્રાવિકા બ્રહ્માના દર્શને ન ગઈ. બ્રહ્મા પ્રત્યે કે બીજા દેવ પ્રત્યે એને તિરસ્કાર હતો એવું કંઇ જ નહોતું. બ્રહ્મા ભલે વિશ્વનો વિધાતા હોય પણ

સુલસા તો કર્મ-ફળમાં જ માનતી. બ્રહ્મા જેવા દેવો રીઝે કે કોપે તેની તેને શી પરવા હોય? સુલસા ગાડરીયા પ્રવાહમાં નહોતી માનતી. સૌ કોઈ ચાલી નીકળે એટલે એમની પાછળ સુલસા પણ ચાલી નીકળે એવી દુર્બળ નહોતી. ભ૦ મહાવીર અને એમનું શાસન એ જ પ્રાણી માત્રનો ઉદ્ધાર કરવાને સમર્થ છે એવી તેની પાકી શ્રદ્ધા હતી. રાગ-દ્વેષ ધરાવતા દેવ-દેવીઓ પાછળ ઘેલા બનવાનું એને કેમ પોષાય?

બીજી તરફ અંબડે પણ મનમાં પાકી ગાંઠ વાળી લીધી કે સુલસાને હરકોઇ બહાને ચળાવવી-શ્રદ્ધાથી ડગાવવી. એણે હવે સાક્ષાત્ કૃષ્ણ-કનૈયાની લીલા ભજવવી શરૂ કરી. જે લોકો કૃષ્ણના નામ માત્રથી ગાંડાતુર બને તેઓ કૃષ્ણની પ્રત્યક્ષ મૂર્ત્તિ નીહાળ્યા પછી એનો કૃપાપ્રસાદ લૂંટવામાં શા સારુ કંજુસાઈ રાખે? રાજગૃહ આખું હીલોળે ચડયું. સુલસાના સગા-સંબંધી કે હિતૈષીઓએ કોઇએ શું સુલસાને આગ્રહ નહિ કર્યો હોય? સુલસા શું આખા શહેરના નર-નારીઓ કરતાં પોતાને વધુ બુદ્ધિમતી માનતી હશે? ગમે તેમ પણ સુલસા શ્રાવિકાની તીર્થંકર દેવાધિદેવ પ્રત્યેની શ્રદ્ધા તલમાત્ર પણ ન ડગી. અંબડ એ બાજીમાં પણ હારી ગયો.

ત્રીજી વાર અંબડ પરિવ્રાજકે વિશ્વના સર્જનહારનો અભિનય ભજવ્યો. એ અભિનય જોવા અને એમાં ભાગ લેવા રાજગૃહના ટોળેટોળાં ઉમટયાં. માત્ર સુલસા ન આવી.

આખરે જ્યારે અંબડને ખાત્રી થઈ કે સુલસા બ્રહ્મા, કૃષ્ણ, શિવ જેવા દેવ-દેવીઓના દર્શને તો નહિ જ આવે એટલે એણે તીર્થંકરનો વેશ ભજવી લેવાનો નિશ્ચય કર્યો. ચોથે દિવસે એણે રાજગૃહની ઉત્તર દિશામાં, તીર્થંકર ભગવાનને છાજે તેવું આબાદ સમવસરણ રચ્યું અને પોતે પણ પચીસમો તીર્થંકર છે એવી ઘોષણા વહેતી મૂકી. તીર્થંકર પ્રભુના દર્શન કરવા તો સાચા-ખોટા શ્રાવક-શ્રાવિકાના વૃંદો, ઘરના તમામ કામકાજને પડતાં મૂકી ચાલી જ નીકળશે એમ અંબડે માન્યું. પણ સુલસાના કાને એ વાત પહોંચી ત્યારે એને વિચાર થયો કે આ તીર્થંકર હોવાનો દાવો કરનાર કોઈ ઠગ જ હોવો જોઈએ પચીસમા તીર્થંકર જૈન શાસનમાં સંભવતા જ નથી. તીર્થંકરના નામે સુલસાની બુદ્ધિનો કે વિવેકનો દીપક ઓલવી ન નાખ્યો. ભ. મહાવીર છેલ્લા અને ચોવીસમા તીર્થંકર છે એ પ્રકારની એની મેરુ સમાન અચળ શ્રદ્ધાને અંબડ ડગાવી શકયો નહિ.

અંબડ બીજું કંઈ અધિક સમજ્યો કે નહિ તે તો કોણ જાણે પણ એ એટલું બરાબર જોઈ શક્યો કે સુલસા શ્રાવિકા સામાન્ય સ્ત્રી હોવા છતાં એનામાં એક એવી અસામાન્યતા હતી કે જે બીજી હજારો ને લાખો સ્ત્રીઓમાં પણ ભાગ્યે જ કોઈ એકમાં હોય. સુલસા લોકવાયકા, લોકપરંપરા કે કુતૂહળથી પ્રેરાઇને પોતાની શ્રદ્ધાનો દોર તોડી નાખે-પ્રવાહમાં તણાતા જતા તરખલાની જેમ દોડવા કે નાચવા મંડે એવી દુર્બળ,

છીછરી શ્રદ્ધાવાળી સ્ત્રી નહોતી. ભગવાન મહાવીરના અંતરમાં એણે જે શ્રાવિકાનું સ્થાન મેળવ્યું હતું તે તેના અધિકારની જ વસ્તુ હતી.

બધા દાવમાં હારેલો ખેપાની અંબડ હવે શ્રાવકના વેશમાં સુલસાને ત્યાં ગયો. પોતાનો કોઇ એક ધર્મબન્ધુ આવે છે એમ જોતાંની સાથે જ સુલસા શ્રાવિકા તેને સત્કારવા સામે ગઈ. અબંડની નજીક પહોંચી એ હાથ જોડી નમસ્કાર કર્યા. જાણે કે ઘણે દિવસે પોતાના ધર્મભાઇને મળતી હોય તેમ પૂરા વિનય અને ઉલ્લાસ સાથે કુશળ સમાચાર પૂછયા.

હવે જ અંબડે, અત્યાર સુધી સંતાડી રાખેલી હકીકત સુલસા પાસે રજૂ કરી.

" તીર્થયાત્રા કરતો કરતો ચંપાપુરીમાં જઇ ચડ્યો હતો. ત્યાં ભ૦ મહાવીરનો ધર્મોપદેશ સાંભળ્યો. હું અહીં આવવાનો છું એમ જાણ્યા પછી પ્રભુએ કહ્યું કે રાજગૃહી જાઓ તો સુલસા શ્રાવિકાને મારા ધર્મલાભ કહેજો. એટલે એ સંદેશો પહોંચાડવા તમારી પાસે આવ્યો છું."

ભગવાન મહાવીરનું નામ સાંભળતાં જ સુલસાના અંગેઅંગમાં આનંદની ઝણઝણાટી વ્યાપી ગઇ: મનમાં ને મનમાં જ એ ભગવાનનાં શક્તિ–સામર્થ્ય અને લોકોપકારની સ્તુતિ કરવા લાગી. સુલસા ગૃહિણી હતી. ઘરના અને વ્યવહારનાં ઘણાં કામ એને સંભાળવા પડતાં. પણ પાણી ભરીને જતી, સરખે–સરખી વયની સખીઓ આનંદ-કલ્લોલ કરતી હોય, છતાં એમનાં ચિત્ત

તો બેડાં સાથે જ ચોટેલાં હોય તેમ સુલસા-શ્રાવિકા ભગવાન મહાવીરના ચરિત્રનું અહોનિશ ચિંતન કરતી. એ મહાવીરમાં જ જીવતી. એના ચિંતન અને મનનનો જો કોઈ નીચોડ કાઢવા બેસે તો એમાંથી ભગવાન મહાવીર સિવાય બીજું કંઇ ન નીકળે.

ભ૦ મહાવીરના ધર્મલાભ લઇ આવનાર અંબડનું પોતાના સગા ભાઇ કરતાં પણ અધિકું આતિથ્ય કર્યું. અતિથિને પણ થયું કે ભગવાન પ્રત્યે જે આટલી નિષ્ઠા અને શ્રદ્ધા ધરાવે છે તેને ભગવાન જો પોતાના અંતરમાં સ્થાન ન આપે તો એ ભગવાનના વિશેષણને યોગ્ય જ ન ગણાય.

× × ×

સુલસાનો પતિ નાગ રથિક, સુલસા પ્રત્યે અનન્ય સ્નેહ ધરાવતો. એ જેવો રણકળામાં કૂશળ હતો તેવો જ ઉદાર હતો. બહુ પત્નીઓ પરણવાનો જે કાળે સામાન્ય રિવાજ હતો તે વખતે પણ નાગ રથિક એકપત્નીવ્રત પાળતો. શરૂઆતમાં સુલસા જ્યારે પરણીને પતિગૃહે આવી અને થોડા વખત સુધી પોતાને કંઈ પુત્ર-સંતતી થાય એમ ન લાગ્યું ત્યારે તેણે જ પતિને બીજી યોગ્ય સ્ત્રી સાથે લગ્ન કરવાનો આગ્રહ કર્યો. નાગ રથિકને બહુ બહુ રીતે બીજી વાર પરણવા, સુલસાએ સમજાવ્યો, પણ તે પોતાના વ્રતમાં અડગ રહ્યો.

રથિકને પુત્રની વાંછા જ નહોતી એમ નહિ, પણ સુલસા જેવી ભલી-ભોળી નારીને એ દુભવવા નહોતો માંગતો. પુત્રપ્રાપ્તિની એની આકાંક્ષા ઓછી

તિન્ન નહોતી. તે જ્યારે પોતાના સ્નેહી કે પાડોશીના આંગણામાં નાનાં બાળકોને કલ્લોલતાં જોતો ત્યારે એનું મન પુત્રપુત્રીના અભાવે ઉદાસ થઇ જતું. સુલસા એ ઉદ્વેગ બરાબર વાંચી શકતી. પતિના દુઃખમાં એ સહભાગી બનવા પ્રયત્ન કરતી. રથિક અને સુલસા ઊંડે ઊંડે એવી મર્મવેદના અનુભવતા કે જે કોઇને કહેવાય નહિ તેમ સહેવાય પણ નહિ.

નાગ રથિક, રાજગૃહીના મહારાજા બિંબિસારનો માનીતો હતો. વિપત્તિનાં વાદળ ફરી વળ્યાં હોય, રસ્તો સૂઝતો ન હોય એવે વખતે પોતાના રથની લગામ બિંબિસાર નાગ સારથીના હાથમાં સોંપતા. અને નાગ સારથી, સાક્ષાત મૃત્યુની સામે ઝઝૂમીને પણ મહારાજને ક્ષેમકૂશળ ઘેર પહોંચાડતો. મંત્રી અને અમાત્યો કરતાં પણ આવા સારથી ને મહારથી રાજદરબારમાં વધુ પ્રતિષ્ઠાપાત્ર મનાતા.

આવો બહાદૂર, રાજમાન્ય, રૂપશીલ પતિ જ્યારે બહારથી ઘેર આવતો ત્યારે દિલમાં કયાંઈક પણ ઊંડી વ્યથા હોય એમ ગમગીન બની જતો. સુલસા એને સમજાવતી:

“ સંતતી હોવી કે ન હોવી ભાગ્યાધીન છે. એ વિષે હર્ષ શોક કરવો એ નરી નબળાઇ છે. પુત્ર કે પુત્રી થોડાં જ સ્વર્ગે પહોંચાડવાના હતાં અને પુત્ર–પુત્રી હોય તો જ કુળ કે વંશની આબરૂ જળવાય એવો કંઇ નિયમ નથી, ”

લગ્ન, પુત્ર, શ્રાધ્ધ, તર્પણ એ શબ્દોને લોકપ્રવાહે

પવિત્રતાના રંગથી એ વખતે રંગી નાખ્યા હતા. " અપુત્રકની સદ્‌ગતિ કેમ સંભવે ? એનું શ્રાદ્ધ કોણ કરે ? પુત્ર ન હોય તો પૂર્વજોની પરંપરાનું શું થાય ? " લોકજીભે ઉચ્ચારાતાં આ વાક્યોએ, જાણે કે લોકોને વિચારશૂન્ય બનાવી દીધા હતા. નાગ રથિકના મન ઉપર એની છાયા પડી હતી.

સુલસા પોતાની કોમળ વાણીથી કહેતી: " બ્રહ્મદત્ત ચક્રવર્તી જેવાને, આ ભવમાં જ, અંધાપામાંથી એમનો પુત્રપરિવાર બચાવી શક્યો નથી તો બીજા લોકમાં પુત્રો માતાપિતાને બચાવે એ શું સંભવિત છે ? પુત્રો જ અંદર અંદર એવા લડ્યા કે ધૃતરાષ્ટ્રના કુળનું નખ્ખોદ નીકળી ગયું અને રાવણ જેવા પુત્રને લીધે એનો આખો વંશ કલંકિત બન્યો એ બધું શું આપણે નથી જાણતા ? " રથિક એવી વાતો શાંતિથી સાંભળી લેતો. સુલસાને એ કંઈ ખાસ જવાબ આપી શકતો નહિ. બહુ બહુ તો તે એટલું કહેતો કે " ધર્મની ઊંડી વાતો હું ન સમજું. ઘરમાં આવ્યા પછી મારું મન ઉદાસ બની જાય છે. " એ જ વાત બીજા શબ્દોમાં મૂકીએ તો નાગ સારથીનું હૈયું હેતભર્યું હતું-એ હેત ઠલવવાને એને પુત્ર-પરિવાર જેવા પાત્રની જરૂર હતી. ઉભરાતો વાત્સલ્યભાવ એ ક્યાં જઈને ઠલવે ?

એવામાં બે સાધુપુરુષો ગોચરી કરતા સુલસાના આંગણામાં આવી ઊભા. સુલસા અતિથિ-સંવિભાગ માનતી. રોજ એ અતિથિની આકાંક્ષા રાખતી.

પોતાના ઘરને માટે તૈયાર થતાં કે થયેલાં ભોજન-ખાનપાનમાં અતિથિનો પ્રથમ હક્ક છે એમ એ માનતી. સુયોગ્ય મુનિઓને વહોરાવ્યા પછી, બાકી જે રહે તે જ પોતાના માટે ઉચિત આહાર છે એવી તેની પાકી સમજણ હતી.

મુનિઓને ઉભેલા જોઇને સુલસા સહર્ષ એમની સામે જઈ બે હાથ જોડીને ઊભી રહી.

" ભગવન્! આપના ચરણ વડે મારું ઘરઆંગણું પાવન થયું છે. આપને જે વસ્તુનો ખપ હોય તે કહો. "

" સાંભળ્યું છે કે તમારે ત્યાં લક્ષપાક તેલ છે. અમારામાંના એક સાધુને ઔષધીની ખાતર એની જરૂર પડી છે. " લક્ષપાક તેલ, એમ કહેવાય છે કે, ઘણી લાંબી, ખરચાળ અને બુદ્ધિયુક્ત પ્રક્રિયા માગે છે. એ તેલ ઘણાં દર્દો ઉપર અકસીર ઉપાય તરીકે યોજાતું. સારા શ્રીમંતો કે રાજકુટુંબો સિવાય ભાગ્યેજ એવું તેલ મળતું.

આવી કીમતી વસ્તુ આપવાનો પોતાને પ્રસંગ સાંપડ્યો છે તે જાણીને સુલસા હર્ષઘેલી બની ગઈ. પોતાની કોઇ પણ વસ્તુ બીજાને કામ આવે તે જોવા સુલસા હંમેશા આતૂર રહેતી. એમાંયે વળી આ તો મુનિરાજ હતા-બીમાર મુનિ માટે લક્ષપાક જોઈતું હતું.

ઉત્સાહભેર સુલસા લક્ષપાક તેલ લેવા ઘરમાં દોડી ગઇ. હોંશમાં તેલનો ઘડો લાવતાં કંઇક એવો અકસ્માત્ બન્યો કે ઘડો ધરતી ઉપર પછડાયો અને મહામૂલું તેલ ધૂળભેગું મળી ગયું.

પ્રાણની જેમ જાળવેલા ઘડાની આવી દુર્દશા થતી

જોયા પછી કોઈ પણ સ્ત્રી કે પુરુષને ઊંડો આઘાત થયા વિના ન રહે. સુલસાનું મોં પડી ગયું, પરંતુ અત્યારે અફસોસ કરવાનો કે રોદડાં રોવાનો વખત નહોતો. તે ફરી વાર અંદર જઈને બીજો ઘડો એટલા જ ઉલ્લાસથી લઈ આવી.

એક વાર નહિ, બે વાર નહિ, ત્રણ ચાર વાર એ તેલના ઘડા ઢોળાઇ ગયા, છતાં સુલસાના મોં ઉપર ચિંતા કે ગ્લાનિની એક પણ સ્પષ્ટ રેખા ન ઉપસી. હકીકત એવી છે કે દેવોએ જ સુલસાના ધૈર્યની કસોટી કરવા આ કારસ્તાન રચ્યું હતું. મુનિના વેશમાં આવેલા દેવોએ પોતે જ આખરે ખુલાસો કર્યો: " એ ઘડા અમે જ ઢોળ્યા છે. અમે તમારી કસોટી કરવા આ વેષ લઈને આવ્યા હતા. "

સુલસાના ઔદાર્ય, ધૈર્ય અને સમર્પણથી પ્રસન્ન થએલા દેવોએ જતાં જતાં, સુલસાને બત્રીસ ગોળીઓ આપી. એક એક ગોળી ખાવાથી એકંદરે બત્રીસ પુત્રો અનુક્રમે થશે એમ એ દેવો કહેતા ગયા. તે ઉપરાંત સ્મરણ કરવા માત્રથી પોતે સુલસાને સહાય આપવા આવી પહોંચશે એવું વચન પણ આપતા ગયા.

સાધુઓ અથવા તો દેવો ગયા પછી સુલસા વિચાર કરવા લાગી: " બત્રીસ ગોળી અને બત્રીસ પુત્રો ! પણ આટલાં બધાં સંતાનોને હું શું કરું ? એના કરતાં જો બત્રીસે ગોળીઓ એકી સાથે ગળી જઉં અને બત્રીશ ને બદલે એક જ બત્રીસલક્ષણો પુત્ર થાય તો કેવું સારું ?"

કોઈની સલાહ લીધા વિના સુલસા ઉતાવળી બનીને એકી સાથે બત્રીસે ગોળીઓ ગળી ગઇ. અનુભવવગરની એ વિદુષી, ભદ્રિક નારીને એ સાહસની આકરી સજા સહન કરવી પડી. દિવસો જતાં બત્રીસ ગોળીઓના બત્રીશ ગર્ભ બંધાયા. ઉદરમાં એનો સમાવેશ નહિ થઈ શકવાથી સુલસા અકથ્ય વેદના ભોગવવા લાગી. સુલસાને અને મૃત્યુને માત્ર બે તસુનું જ છેટું રહી ગયું. અસહ્ય ઉદરવ્યથાથી રીબાતી સુલસા, રોજની જેમ આ વખતે પણ કાયોત્સર્ગ કરી, અરિહંત ભગવાનનું ધ્યાન ધરવા લાગી. એ વખતે પેલા દેવોનું પણ સ્મરણ થઈ આવ્યું.

દેવ જેણે આ બત્રીસ ગોળીઓ આપી હતી, તેણે આવીને પહેલાં સુલસાને, એના અવિચાર માટે થોડો ઠપકો આપ્યો: કેટલું મોટું ભયંકર જોખમ ખેડયું હતું તેનો ખ્યાલ આપ્યો. સુલસા એ બધું શાંતિથી સાંભળી રહી. એને પોતાની ભૂલ સમજાઇ, પણ હવે એ સુધરી શકે એમ તો હતું જ નહિ.

દેવે, ગમે તેમ કરીને, એ ઉદરવ્યથા અટકાવી દીધી. પરિણામ એ આવ્યું કે સુલસા એકી સાથે બત્રીશ પુત્રોની માતા બની. નાગ રથિકનું પુત્રશૂન્ય ઘર બત્રીસ-બત્રીસ લાડીલા પુત્રોના કલરવથી ગુંજી ઉઠયું.

સુલસા અને નાગ સારથી સંસારસુખની લગભગ છેલ્લી ટોંચે પહોંચ્યા હતાં. એટલામાં એક નવું તોફાન ઉઠયું કે જેણે આ ખીલેલા ઉદ્યાનને સાવ વેરાન બનાવી મૂકયું. પુત્રો ઉમરલાયક થયા અને તેમને

પરણાવ્યા એટલામાં જ ભાગ્યચક્રે સુલસાનાં બધા સુખ-સ્વપ્ન ઉડાડી મૂક્યાં.

× × ×

"મોટી બહેન! મને તમારી વિના નહિ ગમે. હું તમારી સાથે જ આવીશ."

"હમણા થોડા દિવસ ખમી જા! પાછળથી હું તને બોલાવી લઇશ. તું જો વધારે દુરાગ્રહ કરશે તો આપણી બન્નેની બાજી બગડી જશે."

લગભગ સરખે સરખી વયની, સમાન રૂપ અને સમાન શીલવાળી બન્ને યુવતી કુમારિકાઓ વચ્ચે, ચેટકરાજાના અંતઃપુરમાં આવો છુપો ગજગ્રાહ ચાલી રહ્યો હતો. એક કહે "હું આવું" બીજી કહે કે "આજે નહિ."

સામાન્ય દિવસોમાં બન્ને બહેનો, પડછાયાની જેમ એક-બીજાની સાથે ને સાથે જ રહેતી ને હરતી ફરતી. બન્ને વચ્ચે અકૃત્રિમ સ્નેહ હતો. રૂચિની એકતાને લઇને હોય કે પૂર્વભવના ઋણાનુબંધને લઇને હોય કે ગમે તેમ હોય, પણ સુજયેષ્ઠા અને ચેલણા એક જ આત્માના બે દેહ હોય તેમ તોડી ન શકાય એવા સ્નેહતંતુથી સંકળાયેલી હતી. ચેટક મહારાજાને બીજી પણ પુત્રીઓ હતી, પરંતુ સુજયેષ્ઠા અને ચેલણા વચ્ચે પ્રાયઃ તાદાત્મ્યતા હતી એમ કહીએ તો ચાલે.

સુજયેષ્ઠા, રાજગૃહીના બિંબિસાર મહારાજા પ્રત્યે મોહપાશથી આકર્ષાઈ હતી. તે પોતાના પિતાના ઘર-માંથી છાનીમાની નાસી છૂટી, વૈશાલીની બહાર જઇ, બિંબિસાર સાથે ગાંધર્વલગ્ન કરવા માગતી હતી. રાજ-ગૃહીના યુવરાજ અભયકુમારની સહાયથી નાસવાની

બધી વ્યવસ્થા થઇ ચૂકી હતી. બુદ્ધિના ભંડારરૂપ અભયકુમાર પોતે જ જ્યાં આગેવાન હોય ત્યાં વ્યવસ્થામાં કંઈ ખોડ-ખામી ન હોય. ચેટક રાજા વૈશાલીનો આગેવાન ક્ષત્રિય-રાજા હતો. એનો પડયો વેણુ ઝીલવા વૈશાલીના ક્ષત્રિય કુમારો તૈયાર રહેતા. તે પોતાની પુત્રી રાજગૃહીના મહારાજાને પરણાવવા અનિચ્છુક હતો. એટલે જ અભયકુમારે વૈશાલીમાં છુપે વેશે રહી, સુજ્યેષ્ઠાને છાની રીતે નસાડવાની તડામાર તૈયારીઓ કરી રાખી હતી. વૈશાલીમાંથી જમીનની નીચે ભોંયરું ખોદાવી, રાજગૃહીના સીમાડા સુધી પહોંચાડેલું. સુજ્યેષ્ઠાએ આ ભોંયરામાંથી ભાગી છૂટવું એવી બધી ગોઠવણ થઈ ચૂકી હતી. સુજ્યેષ્ઠા જાય તો પછી ચેલણા જીવી જ કેમ શકે? એટલે ચેલણાએ હઠ પકડી કે "હું તારી સાથે જ આવીશ." સુજ્યેષ્ઠાએ બહુ બહુ પ્રકારે એને સમજાવી, પણ તે એકની બે ન થઈ. ન છૂટકે એકને બદલે બન્ને બેનોએ ભોંયરાના માર્ગે ભાગી જવું એવો નિર્ણય કર્યો. ચૈત્ર શુદિ બારશનો દિવસ મુકરર કરવામાં આવ્યો.

મહારાજા શ્રેણિક-બિંબિસાર પોતે સુજ્યેષ્ઠાને તેડવા ભોંયરાના પ્રવેશદ્વાર પાસે આવ્યા હતા. વૈશાલી અને રાજગૃહી વચ્ચે હંમેશા વૈમનસ્ય જેવું રહેતું. વૈશાલીનું ગણતંત્ર, બિંબિસાર જેવા એકચક્રી રાજવીઓ રખેને પચાવી જાય એવી વૈશાલીવાસીઓને ચિંતા રહેતી અને બિંબિસાર પણ તક મળે તો ચંપાની જેમ જ વૈશાલી ઉપર પોતાનો ઝંડો રોપવાના અભિલાષ ધરાવતો. આવી સ્થિતિમાં જો ચેટકને કે લિચ્છવીઓના

બીજા કોઈ આગેવાનને આ ષડ્યંત્રની ગંધ સરખી પણ આવે તો ભયંકર સંગ્રામ થયા વિના ન રહે. કદાચ મહારાજા બિંબિસારને કેદી બનવાનો પણ વખત આવે. છતાં સુજ્યેષ્ઠાના મોહે બિંબિસાર એટલું જોખમ ખેડવા તૈયાર થયા હતા.

બિંબિસારના સારથી તરીકે આ વખતે નાગ રથિકની નીમણુક થઈ હતી. જોખમો અને સાહસોથી તે ટેવાયેલો હતો. પોતાના પ્રાણના ભોગે પણ તે મહારાજા બિંબિસારનું રૂંવાડું ખાંડું થવા ન દે એવો સૌ કોઇનો એની ઉપર વિશ્વાસ હતો.

સુજ્યેષ્ઠાનું વૈશાલીમાંથી હરણ કરવું એ તો સિંહને નાથવા જેવી વિકટ વાત હતી. છુપા રસ્તે, છુપી ગોઠવણથી જ એ હેતુ સધાય. શ્રેણિક અહીં અંગરક્ષકોની મોટી સંખ્યા લઇ જઇ શકે એમ નહોતું. માત્ર નાગ મહારથી અને તેના બત્રીસ પુત્રો આ કટોકટીને પહોંચી વળવા બસ હતા.

નિરધારી રાખેલી યોજના પ્રમાણે, સુજ્યેષ્ઠા અને ચેલણાએ ચેટકના મહેલની બહાર નીકળી ભોંયરામાં પ્રવેશ કર્યો અને તૈયાર ઉભેલા રથમાં બેઠી. મહારાજા બિંબિસાર સુજ્યેષ્ઠા કોણ અને ચેલણા કોણ તે કળી શકયા નહિ. રથનું પૈ ફર્યું ન ફર્યું એટલામાં સુજ્યેષ્ઠાને પોતાનો ઘરેણાંનો ડાબલો યાદ આવ્યો–ઉતાવળને લીધે તે ઘરમાં જ રહી ગયો હતો. બે–ચાર પળોની અંદર જ પોતે પાછી આવશે એમ કહીને તે પાછી ડાબલો લેવા ઘર તરફ ગઇ.

થોડી વાર થઈ પણ સુજ્યેષ્ઠાનો પદરવ ન સંભળાયો.

શ્રેણિકને થયું કેઃ "આમ ચોરી કરવા આવવું અને રાહ જોતા ઊભા રહેવું એ આપઘાતને આમંત્રણ આપવા જેવું છે. વળી સુજ્યેષ્ઠા તો રથમાં બેઠી છે, એની બહેનને સાથે ન લેવાય તો શું થયું?" આવો વિચાર કરીને એમણે સારથીને રથ આગળ ચલાવવાની આજ્ઞા કરી.

રથ ઉપડ્યો અને સુજ્યેષ્ઠા આવી. પોતે રહી ગઈ છે એમ જાણતાં જ તે મોટેથી આક્રંદ કરવા મંડી ગઈ. વૈશાલીવાસીઓ પણ કંઈક ભારે કાવતરું થયું છે એવા ભયથી એકદમ ચોંકી ઉઠ્યા. જોતજોતામાં વૈશાલીનું સૈન્ય પણ આવી પહોંચ્યું. રાજગૃહના મહારાજા લિચ્છવીઓની હકુમતમાં આવીને ચેટક જેવા લોકતંત્ર-શાસનના એક ગણાધિપની કન્યાનું હરણ કરી જાય છે એવા સમાચાર ફેલાતાંની સાથે જ શ્રેણિક જાણે કે વૈશાલીનું નાક કાપી જતો હોય એવો વૈશાલીના પ્રજાજનોને આંચકો લાગ્યો. વૈશાલીના જુવાનો-સૈનિકો શ્રેણિકની પાછળ પડ્યા.

દાવાનળની વચ્ચેથી રથને બહાર લઈ જવાનો હોય તેમ નાગ સારથીએ અશ્વોને મારી મૂક્યા. શ્રેણિકની પાછળ લિચ્છવી જુવાનોનો માર્ગ રોકીને સુલસાના બત્રીસ પુત્રો બચાવ કરતા ઊભા રહ્યા. સામી છાતીએ એમણે વૈશાલીના ઘા ઝીલ્યા. વૈશાલીની સંખ્યા મોટી હતી. એકે એકે કરીને બત્રીસ ભાઈઓએ રણશય્યા લોધી, પણ જ્યાં સુધી છેલ્લો ભાઈ ઘવાઈને ઢળ્યો નહિ ત્યાં સુધી શ્રેણિકના રથની આડે એમણે કીલ્લેબંધી કરી વાળી. શ્રેણિક જો કે રાજગૃહીમાં પહોંચ્યાઃ નગરીમાં ઉત્સવના તોરણ બંધાયા, પણ આખી રાજગૃહી જ્યારે આનંદની

લહેરોમાં મહાલતી હતી ત્યારે સુલસા પોતાના સૂના સંસારની સ્થિતિ વિચારતી એકાંતમાં ખિન્ન હૈયે બેઠી હતી.

સુલસાનું હૃદય, ગમે તેમ પણ માતાનું હૃદય હતું. બત્રીશ–બત્રીશ પુત્રોનાં મરણ જીરવવાની તાકાત એ તુરતમાં તો શી રીતે બતાવી શકે ? દુઃખના પ્રથમ આઘાતે એના અંતરમાં કેવી કારમી વ્યથા ઉપડી હશે તે કોઈએ નથી કહ્યું: એની અંતર્મુખ બનેલી વૃત્તિનાં જ વર્ણન આપણે સાંભળીએ છીએ.

સુલસા એક દિવસે પુત્રરહિત હતી: દેવની કૃપાથી બત્રીશ–બત્રીશ પુત્રોની અહોભાગિની માતા બનવા ભાગ્યશાળી થઈ. પણ જો આ અણધારી આફત સુલસા ઉપર ઉતરી ન હોત, તો કદાચ એના અંતરમાં આટલો વિરાગ કે ઉપશમ ન પરિણમત. ધીમે ધીમે બત્રીશ પુત્રોના વિરહતાપને એ ઘોળીને પી ગઇ ! સંસારના સુખ, વૈભવ, પુત્રપરિવાર એ બધું જાણે કે કોઈ ઈંદ્રજાળ હોય–મૃગજળ હોય તેમ માનીને–પુત્રોને સંભારીને એક ઉષ્ણ નિશ્વાસ સરખો પણ સુલસાએ, તે પછી, નથી નાખ્યો.

ધરતી જેટલી જ ધૈર્યવતી આ શ્રાવિકા હવે પૂરા વેગથી આત્મશુદ્ધિ તરફ વળી. વીર જિનેશ્વરની ત્રિકાળ પૂજા કરતી, સવાર–સાંઝ દોષનું નિવારણ કરવા પ્રતિક્રમણ આચરતી, છઠ્ઠ–અઠ્ઠમ જેવી તપશ્ચર્યાને જીવનસાથી બનાવતી અને તીર્થપર્યટનમાં લગની ધરાવતી સુલસા શ્રાવિકા, મહાવીર પ્રભુની એક અગ્રગણ્ય ઉપાસિકા તરીકે-ની નામના શ્રમણસંઘના ઇતિહાસમાં મૂકી ગઈ. ભાવી ચોવીશીમાં સુલસા સતીનો જીવ પંદરમો તીર્થંકર થશે.

# રેવતી



( ૫ )

ગોશાળો એક દિવસે પ્રભુ મહાવીરનો શિષ્ય હતો. પણ બહુ ચંચળવૃત્તિનો તેમજ મિથ્યાભિમાની હોવાથી દીર્ઘ તપસ્વી અને ઉગ્ર સંયમી મહાવીરનો સહવાસ જીરવી શક્યો નહિ. પાછળથી એ ભારે મહત્ત્વાકાંક્ષી

પણ બન્યો હતો. ભગવાન મહાવીરની જેમ એને સર્વજ્ઞ, જિન કહેવડાવવું બહુ ગમતું. લોકોમાં પોતાની જિન તરીકેની ખ્યાતિ થાય એમ તે ઇચ્છતો, એટલા સારૂ તનતોડ પ્રયત્ન પણ કરતો.

એકદા શ્રાવસ્તીના કોષ્ટક ઉદ્યાનમાં, શિષ્યવૃંદ સાથે આવી ચડેલા ભ૦ મહાવીરને ગોશાળકનો ભેટો થયો. ભ૦ મહાવીર અને ગોશાળકને માટે પણ એ બહુ અશુભ સમય હતો. ગોશાળકે હવે માઝા મૂકી દીધી હતી. ભગવાને જે તેજોલેશ્યાનો વિધિ તેને શીખવ્યો હતો તેના બળથી હવે તે ઉન્મત્ત જેવો બન્યો હતો. થોડું નિમિત્તજ્ઞાન પણ જાણતો. આથી ભોળા લોકોને ઠગવાની કળા બરાબર હાથ બેસી ગઈ હતી.

ભ૦ મહાવીરને ગોશાળકનું પાખંડીપણું ખટકતું. ભોળી જનતાને ગોશાળક છેતરતો તે જોઈને એમને દુઃખ થતું. પ્રસંગોપાત ભ૦ મહાવીર ગોશાળકનો દંભ ખુલ્લો કરી દેતા. એક તો ભ૦ મહાવીરના તેજ પાસે પોતે ફીક્કો દેખાતો અને ભ૦ પોતે એને ઉઘાડો પાડતા. તેથી ગોશાળક હવે ખૂબ ખીજાયો હતો. તેણે સર્વાનુભૂતિ નામના ભગવાનના શિષ્યને કોષ્ટક ઉદ્યાનવાળા સમાગમમાં, પહેલે જ ઝપાટે બાળી નાખ્યા, બીજા અયોધ્યાવાસી સુનક્ષત્રને પણ એ જ રીતે ફુંકી દીધા. આખરે એણે ભ૦ મહાવીરની સામે પોતાનું તેજોલેશ્યાનું શસ્ત્ર ફેંક્યું. પણ એની ધારણા પૂરેપૂરી પાર ન પડી.

તેજોલેશ્યા ભયંકર અને વિઘાતક હતી એમાં તો

કંઈ જ શંકા છે નાતી. ભ૦ મહાવીર પ્રત્યે એને જે દાઝ હતી તેનું જ એ તેજોલેશ્યા મૂર્ત્તિમંત સ્વરૂપ હતું. ગામના ગામ અને પ્રાંતના પ્રાંત બાળીને ભસ્મ કરવાની એ તેજોલેશ્યામાં તાકાત હતી, પરંતુ મહાવીર પ્રભુ તો ક્ષમા, કરુણા, શાંતિ અને સંયમના ઉછળતા મહેરામણ જેવા હતા. ઉભરાતા જળધોધ પાસે આગ શું કરી શકે ? એટલે જ મહાવીરને બહુ ઇજા ન થઈ. ગોશાળો પોતે પોતાના નિષ્ફળ નીવડેલા શસ્ત્રના પ્રત્યાઘાતને લીધે બળું બળું થઇ રહ્યો. એના આખા દેહમાં દાહ ઉપડ્યો. ગાંડાની જેમ બકવા અને રઝળવા લાગ્યો.

ગોશાળકને એમ લાગેલું કે આ તેજોલેશ્યા સામે મહાવીર ઝીક ઝીલી શકશે નહિ તેથી જ તેણે કહેલું કે "હે કાશ્યપ ! મારી તપોજન્ય તેજોલેશ્યાથી તું પરાભવ પામશે. છ માસને અંતે પિત્તજ્વરના દાહની પીડાથી હેરાન થઈને છદ્મસ્થ અવસ્થામાં મૃત્યુ પામશે."

આમાં પિત્તજ્વરવાળી વાત માત્ર સાચી પડી. ગોશાળક પોતે તો બહુ બૂરી દશા ભોગવીને મૃત્યુ પામ્યો પણ ભ૦ મહાવીરને એ તેજોલેશ્યાને લીધે પિત્તજ્વરનો દાહ ઉપડ્યો. લોહીના ઝાડા થવા લાગ્યા. ભ૦ મહાવીરની આ સ્થિતિ જોતાં લોકોને પણ એમ લાગ્યું કે ભગવન્ પોતે હવે વધુ વખત નહિ જીવી શકે.

એક તો ભગવાન પિત્તજ્વરથી ક્ષીણ બનતા જતા હતા અને તે જ અરસામાં એમનો સંસારીપણાનો જમાઈ–જમાલી પણ પોતાના અનુયાયીઓને લઇને જુદો પડી ગયો, એટલે લોકોના મોટા ભાગને તો

એમ જ લાગ્યું કે હવે ભ૦ મહાવીર લાંબું આયુષ્ય નહિ ભોગવી શકે અને શ્રમણસંઘ પણ છિન્નભિન્ન થઈ જવાનો.

ભ૦ મહાવીરે ગોશાળકને સંભળાવી જ દીધેલું અને એમને પોતાને અંતરાત્મામાં એવી ખાત્રી હતી કે વહેલો મોડો પણ આ દાહ શમી જવાનો છે, એટલું જ નહિ પણ પોતે જે ૧૬ વર્ષ લગી તીર્થંકરપણે વિચરવાના છે તે તો કોઈથી પણ મિથ્યા થઈ શકે તેમ નથી.

પણ ભગવાનના જેવી આત્મશ્રદ્ધા સૌ કોઈમાં ક્યાંથી હોય ? ગોશાળક જેવાની તેજોલેશ્યાથી ભગવાન જ્યારે પીડાવા લાગ્યા ત્યારે લોકોએ સ્વાભાવિકપણે જ એમ માની લીધું કે ભ. મહાવીર હવે વધારે વખત જીવશે નહિં ભગવાનને આ ખોટી લોકવાયકાની બહુ પરવા નહોતી પણ પ્રભુના અનુયાયી શિષ્યોનાં અંતર ઉપર ચિંતા અને ભયના શ્યામ ઓળા પથરાતા કોણ રોકી શકે ?

ભગવાન મહાવીરનો સિંહ નામનો એક શિષ્ય, એ વખતે હાથ ઊંચો રાખી, છ ટંકના નિરંતર ઉપવાસ કરતો, માલુયા કચ્છ વનમાં–મેંઢીક ગામની ઇશાન દિશામાં રહેતો હતો. એણે લોકોમાં ચાલતી વાતો સાંભળી. જૈન સંઘનો પ્રતાપી સૂરજ હવે ડૂબી જવાનો છે–એટલે કે ગોશાળકની તેજોલેશ્યાથી પીડાતા મહાવીર પ્રભુ હવે દેહનો ત્યાગ કરી જવાના છે એ સમાચાર સાંભળી ગમગીન બની ગયો. તપસ્વી હોવા છતાં ઉચ્છ્વાસને એ રોકી શકયો નહિ–એનાથી ઊંચે સ્વરે રડી જવાયું.

ભ૦ મહાવીર શ્રાવસ્તીથી વિહાર કરી મેંઢીક ગામની બહાર શાલકોષ્ટ વનના એક ચૈત્યમાં આવીને રહ્યા ત્યારે તેમણે સિંહ અણગારને પોતાની પાસે બોલાવ્યો. તેને આશ્વાસન આપવા પ્રભુ કહેવા લાગ્યા: "તમારે ગમગીન થવાની જરૂર નથી. હજી તો હું બીજા ૧૬ વર્ષ જીવવાનો છું."

ભગવાનના વચનોમાં એને વિશ્વાસ હતો. પણ એમના દેહમાં જે દાહ-જ્વરનાં સ્પષ્ટ લક્ષણો દેખાતાં હતાં તેનું શું ? માત્ર મોંની વાતોથી સિંહ મુનિ જેવા પરમ ભક્ત શિષ્યને કેમ શાંતિ થાય ?

સિંહ મુનિના મનના સમાધાન અર્થે પણ કંઈક ઔષધી તો લેવી જ જોઈએ એમ પ્રભુને લાગ્યું. એમને પોતાને ઔષધની જરૂર નહોતી. સિંહ-મુનિના વિષાદને દૂર કરવા પ્રભુએ કહ્યું:

"તમે મારી ચિંતા કરવી રહેવા દો. અહીં મેંઢીક ગામમાં રેવતી નામે એક ગાથાપત્ની રહે છે તેને ત્યાં તમે જાઓ ! એણે મારા માટે કોળાનો પાક તૈયાર કર્યો છે, પણ એ આધાકર્મી દોષવાળો આહાર હોવાથી ન લેશો. હજી કાલે જ બીજોરાનો પાક એને ત્યાં તૈયાર થયો છે તે મારા માટે લઈ આવો."

× × ×

ભગવાનના કોઈ પણ ઉપાસક કે ઉપાસિકાનું નામ ભગવાનના અંતરમાં એકદમ તરી આવે અને ભગવાનના મુખેથી એ નામનું ઉચ્ચારણ થાય એ કરતાં ઉપાસક ઉપાસિકાનું બીજું કોઈ મહદ્ ભાગ્ય હોઈ શકે ખરું ?

ભગવાને જીવલેણ બીમારીમાં રેવતીનું નામ યાદ કર્યું. પોતાના શિષ્યને એને ત્યાં ઔષધી લેવા મોકલ્યા એ એક સામાન્ય ઘટના ગણાય: પરન્તુ એ સામાન્ય ઘટનાના પ્રતાપે રેવતી તરી ગઇ ! મેંઢીકના એક ખૂણામાં વસતી એક અપ્રસિદ્ધ ઉપાસિકા ધ્રુવ તારિકા જેવી બની ગઇ.

મહાવીર પ્રભુ પ્રત્યે રેવતીને અથાગ ભક્તિભાવ હતો, એટલે જ ભગવાન માટે ખાસ પાક કે આહાર તૈયાર ન કરી શકાય એટલી સાદી વાત પણ એના લક્ષમાં ન રહી. સિંહ મુનિએ, ભગવાને કહેલી વાત જ્યારે રેવતી-ને કહી સંભળાવી ત્યારે એને આશ્ચર્ય થયું: “કોળાના ખાસ તૈયાર કરેલા પાકની ભગવાનને શી રીતે ખબર પડી ગઇ હશે ?”

ભગવાનના કથન ઉપરથી એમ લાગે છે કે રેવતી ઉપાસિકા રોજ રોજ ભગવાનનું ચિંતન કરતી, કોઈ સમયે પણ એમને ઉપયોગી થાય એવા આહાર–ઔષધી તૈયાર કરતી હશે. અખૂટ શ્રદ્ધાથી ભગવાનના આગમન-ની રાહ જોતી હશે. નહિતર કેવળ અકસ્માત્‌ના યોગે રેવતીના ઘરનો બીજોરાનો પાક ભ૦ મહાવીર, શિષ્ય મારફતે મંગાવે અને એ અકસ્માત્‌ના જ પ્રતાપે રેવતી તીર્થંકરનામકર્મ જેવી સર્વોત્કૃષ્ટ સિદ્ધિ વરે એ શું સંભવિત છે ?

આહાર કે ઔષધી તરીકે વહોરાવાતી વસ્તુની શી કીમત છે ? રેવતીના પાક કરતાં હજારગણી કીમતી વસ્તુઓ ભગવાનના નામ ઉપર ન્યોચ્છાવર કરવા ભલભલા શ્રેષ્ઠીઓ અને નરેંદ્રો કયાં તૈયાર નહોતા ? ભગવાને

રેવતીને ત્યાં જ સિંહમુનિને કેમ મોકલ્યા ?

જૈનશાસન કૃપાપ્રસાદમાં નથી માનતું. ભગવાન કે ભગવાનના શિષ્યની થોડી કૃપા થાય એટલે સંસાર-સાગર તરી જવાય એવો કોઈ રાજમાર્ગ વીતરાગના શાસનમાં નથી. પ્રભુ પોતે, આચાર્યો-ઉપાધ્યાયો વિગેરે તરવાનો રાહ બતાવે, સાધન પણ સૂચવે; બાકી શક્તિ તો સાધકે પોતે જ સ્ફુરાવવી જોઈએ.

રેવતીમાં એ શક્તિ હતી. ભ૦ મહાવીરના કૃપા-પ્રસાદથી એ તરી ગઈ એમ નહિ પણ ભગવાનના લોકોપકાર, ત્યાગ, પુરુષાર્થનું અહોનિશ ધ્યાન કરતી રેવતી ભગવાન મહાવીરમાં જ તલ્લીન રહેતી. દર્શન, ઉપદેશશ્રવણ કે આહારદાનનો ભલેને સુયોગ ન મળતો હોય, પરંતુ અંતરની વૃત્તિઓ તો તદનુરૂપતા જ અનુભવતી. રેવતીના ઘરની ઔષધી પસંદ કરવાનું ભગવાનને એ જ મૂળ કારણ હોવું જોઈએ. ઔષધીદાન તો નિમિત્ત બન્યું, બાકી રેવતીએ ભ૦ મહાવીરના ધ્યાનથી એટલી અંતરશુદ્ધિ કેળવી હશે કે સહેજ નિમિત્ત મળતાં એણે દેવનું આયુષ અને તીર્થંકરનામકર્મ પણ બાંધી લીધું.

રેવતીના ઔષધથી ભગવાનને પણ આરામ થયો. ફરી પાછા ભગવાન મહાવીર પૃથ્વીતળને પાવન કરતા, અસમાનતા અને અત્યાચારનું નિરાકરણ કરતા, શંકાઓ અને તર્કોનું નિરાકરણ કરતાં, સંસારનું સ્વરૂપ સમજાવતા, દુઃખ માત્રના મૂળ કારણોનો બોધ આપતા એક ગામથી બીજે ગામ સિંહવૃત્તિથી વિચરવા લાગ્યાં.

## યશોદા



( ૬ )

ભ૦ મહાવીરના યુગની સૌથી વધુ ઉપેક્ષિતા નારી જો કોઈ હોય તો તે યશોદા. સમરવીર નામના એક સામંતની તે પુત્રી હતી. માતાનું નામ પદ્માવતી. બસ એથી વધુ હકીકત નથી મળતી. મહાવીરના માતા–

પિતા ત્રણ-ત્રણ નામથી પ્રસિદ્ધ હતા; પિતા સિદ્ધાર્થ, શ્રેયાંસ અને યશસ્વીના નામથી અને માતા ત્રિશલા વિદેહદિન્ના અને પ્રીતિકારિણીના નામથી ઓળખાતાં. મહાવીરની પુત્રી પણ અનવદ્યા અને પ્રિયદર્શના એવા બે વ્હાલસોયા નામથી ઓળખાતી. એ પુત્રીની માતા અર્થાત્ ભગવાનની પત્નીનું એક જ નામ એક જ વાર લગ્ન થતા પહેલાં, આપણે સાંભળીએ છીએ. તે પછી યશોદા નામની આસપાસ જાણે કે ધુમસનાં ગાઢ વાદળ છવાઈ જાય છે. ઉપાસકોના સંસારજીવનમાં, દીક્ષાજીવનમાં કે સાધુ-સાધ્વીઓના સાધક જીવનમાં-કયાંઈ પણ યશોદાની નાની શી સ્મૃતિરેખા ચમકતી દેખાતી નથી.

યશોદાનાં મૌન અને આત્મવિલોપનમાં એના ચારિત્રના અતિ ઉજ્જવળ અંશો પ્રકટ થાય છે. બબે-ત્રણ-ત્રણ વર્ષ સુધી ખૂબ નીકટમાં રહી, જેણે ભ૦ મહાવીરનું મનોમંથન અનુભવ્યું, સંસાર-ઉદ્ધારના ભવ્ય સ્વપ્નોની જે ભાગીદાર બની અને ત્રિલોકના નાથ જેવા પોતાના પતિને દારુણ દુઃખ, ઉપસર્ગો અને દેવતાઓ તેમજ નરેંદ્રોથી સાંકડા બનતા સમવસરણો વચ્ચે વિચરવાની જેણે મૌન સમ્મતિ આપી અને જે એકાકીપણાના તેમજ છતે નાથે અનાથતાના વિષઘુંટડા ગળે ઉતારીને પચાવતી રહી તે નારીના અંતરના ઊંડાણનું માપ વાણીદ્વારા કોઈ કાઢવા મથે તો તે મૂર્ખતા જ ગણાય. એટલે જ કદાચ એ ચરિત્રને મૌન વાણીમાં પોતાનો ઇતિહાસ ઉચ્ચારવાની અને જેને હૃદય કે સહાનુભૂતિ હોય તેને સાંભ-

ળવા દેવાની શાસ્ત્રકારોએ આટલી સ્વતંત્રતા આપી દીધી હશે.

ભ૦ મહાવીરના સમકાલીન ગૌતમબુધ્ધે જ્યારે પોતાની પ્રિયતમા પત્ની અને પુત્રનો ત્યાગ કર્યો અને ભરઊંઘમાં પડેલી એ દીન-પ્રસન્નમૂર્તિ ઉપર છેલ્લે-છેલ્લે જે ધ્રૂજતા-કંપતા બે-ચાર દૃષ્ટિપાત કર્યા તેની ઉપર તો કાવ્યોની કેટલીયે અજર-અમર અમૃતધારાઓ વરસી ગઇ છે. મહાભિનિષ્ક્રમણની કપરી કસોટી ઉપર કંઇ કંઇ શ્રોતાઓ અને વાચકોએ રોમાંચ અનુભવ્યા છે. ભ૦ મહાવીરે જ્યારે પત્ની અને પુત્રીનો એવો ત્યાગ કર્યો હશે ત્યારે યશોદાનો આત્મા, અંતઃપુરના એક ખૂણામાં વલોવાતો કોઇએ નહિ કલ્પ્યો હોય? પત્થરનાં હૈયાં પણ પીગળી જાય તેવે વખતે યશોદાની આંખમાંથી ભ૦ મહાવીરને છેલ્લી વિદાય આપતાં અશ્રુની ધારા નહિ વહી નીકળી હોય? એ પછી પણ જ્યારે ભ૦ મહાવીરના ઉપસર્ગ, તપશ્ચર્યા અને વિઘ્નભરપૂર વિહારની વાતો એના કાને આવતી હશે ત્યારે શું દોડીને ભ૦ મહાવીરના ચરણોમાં જઇને પડવાની અને રાજમહેલમાં પાછા ફરવા વિનવવાની દુર્બળતા એ નારી હૃદયમાં નહિ ઉભરાતી હોય? યશોદા-એકલી પડેલી, માત્ર ભૂતકાળમાં જ જીવતી યશોદાને વર્તમાનની એક એક પળ કેટલી વસમી થઈ પડતી હશે? ધૈર્યની કેટલી કઠણ ઢાલ ઉપર એ વજ્ર-ઘા ઝીલતી હશે? મહાવીર પ્રભુના સંઘની શ્રમણ-પરંપરામાં સૂર્ય સમાન પ્રભાવકોનો અને શીતળ ચાંદની રેલાવતી સાધ્વીની જીવન-ચંદ્રિકાઓનો તુટો

નથી-નાની નાની તારકમાળથી તો શ્રમણ સંઘનું સારુંયે ગગનપટ વ્યાપેલું ભર્યું છે. એ બધામાં યશોદા ધ્રુવ તારિકા જેવી તેજસ્વી, એકાકી અને સ્થિર દેખાય છે.

માતાને લેશ માત્ર કષ્ટ ન થાય એટલા માટે મહાવીર પોતાના અંગ સંકોચીને ગર્ભાવાસમાં હલન-ચલન કરતા નથી-પણ એની ઊલટી અસર નીહાળીને, એટલે કે માતાનો વલોપાત જોઇને ફરી પાછા હાથ-પગ હલાવે છે. માતાના વાત્સલ્ય અને દૌર્બલ્યને તોળવાનો આવો ઝીણો કાંટા જેની પાસે છે તેમને પત્નીની વિરહવ્યથા સાવ અજાણી રહી ગઇ હશે? એમ તો એ ત્રણ જ્ઞાનના ધારકના વિષયમાં કેમ કહેવાય?

નવયુવાન વર્ધમાન, યશોદા સાથે લગ્ન કરે છે તે પણ માતાને રાજી રાખવા. એમને તો ખાત્રી જ હતી કે એક દિવસે એ પત્નીનો પણ ત્યાગ કરવાનો છે. કોઇ રીતે માતાને માઠું ન લાગવું જોઇએ એ તેમનો પ્રથમથી જ નિશ્ચય હતો. માતૃહૃદય કેટલું સુકુમાર હોય છે, સહેજ આઘાત લાગતાં એ કેવું ઝણઝણી ઉઠે છે તે વર્ધમાનકુંવર જેટલું બીજું કોઈ નહિ જાણતું હોય. માતા તરફના અસામાન્ય ભક્તિભાવે જ તેઓ આ લગ્ન કરવા પ્રેરાયા હતા. અંતરમાં વિરાગ છલોછલ ભરેલો હતો છતાં માતપિતાની આજ્ઞાનો તેઓ અનાદર કરી શકયા નહિ. માતપિતાના સ્વર્ગવાસ પછી પણ મોટા ભાઇએ જ્યારે પોતાની મનોવ્યથા કહી સંભળાવી ત્યારે પણ એમના માનની ખાતર વર્ધમાને લગભગ બે વર્ષ જેટલો સમય

સંસારમાં જ વીતાવી નાખવાનું પસંદ કર્યું. આ રીતે પોતાની આસપાસના સગા-સ્નેહીઓ અને બંધુજનોની લાગણીનો જેમણે ડગલે ને પગલે વિચાર કર્યો છે, અભિષ્ટ કાર્યની સિધ્ધિ અર્થે જેમણે લેશમાત્ર આવેગ કે આવેશ નથી દાખવ્યો તેમણે યશોદાની લાગણીનો શું કંઈ જ વિચાર નહિ કર્યો હોય? યશોદા પણ એક પુત્રીની માતા બની ચૂકી હતી. જેના ખોળામાં એક ખીલતા ફૂલ જેવી પુત્રી લાડ કરી રહી છે તેને પોતાના કઠણ સંસારત્યાગની ઉની જવાળાઓ કેવી દઝાડશે એવો કોઇ પ્રશ્ન એમના અંતરમાં નહિ ઊગ્યો હોય? યશોદા પ્રત્યે યુવાન વર્ધમાને શું છેક ઉપેક્ષા દર્શાવી હશે?

શાકયકુમાર સિધ્ધાર્થ અને લિચ્છવીકુમાર વર્ધમાનના સંસારત્યાગ વચ્ચે અહીં કેટલુંક તારતમ્ય દેખાય છે. સિદ્ધાર્થ ગૌતમનો વિરાગ જાણે કે નિમિત્તાધીન હતો: જરા, મૃત્યુ ને રોગની વિકરાળ મૂર્ત્તિઓનો અચાનક સાક્ષાત્કાર ન થયો હોત તો કદાચ સિધ્ધાર્થમાં આટલો તડફડાટ ન જાગત. યશોધરા અને રાહુલ-શિશુનો ત્યાગ કરી જતી વેળા સિદ્ધાર્થના મોં ઉપર જો કોઇએ બહુ બારિકાઇથી દૃષ્ટિ કરી હોત તો તે એકી સાથે ચિંતા, ગભરાટ, ભય, વિહ્વળતા અને સાથોસાથ અડગતા, સવીર્યતા, અનુરાગ, સંસારની કલ્યાણકામના ઈત્યાદિ વિવિધ રંગો પરસ્પરમાં ભળી જઈ ખાસા ઇંદ્રિધનુષની રચના કરતા હોય એમ જોઇ શકત. સિદ્ધાર્થનું સાચે જ મહાભિનિષ્ક્રમણ છે, લિચ્છવી કુમાર વર્ધમાનનો અતિ સ્વાભાવિક ગૃહત્યાગ છે- ઇચ્છા, સાધના અને અંતઃશુદ્ધિ

પૂર્વકનો આધ્યાત્મિક જીવનનો નવો પણ સ્વાભાવિક પ્રારંભ છે. સિદ્ધાર્થ કુંવરના નિષ્ક્રમણમાં તરવરાટ દેખાય છે, જ્યારે વર્ધમાન કુંવરના ત્યાગમાં ગળાયેલું અને ઘુંટાયેલું અનુશીલન અને ધૈર્ય દેખાય છે. એકમાં વર્ષાઋતુના પુરનો વેગ, તલસાટ, અદમ્ય ઉત્સાહ જણાય છે તો બીજાના ત્યાગમાં શાંત સમુદ્રની ગંભીરતા અને ઊંડાણ જણાય છે–તોફાની મોજાં કે તરંગો એમાં નથી ઉછળતા.

યશોધરાનો ત્યાગ કરી જતાં સિધ્ધાર્થને મધ્યરાત્રિની એકાંતતા અને નિર્જનતાનો આશ્રય શોધવો પડયો, પણ યશોદાનો ત્યાગ કરી જતાં વર્ધમાન કુંવરને એવી કોઇ જરૂર નથી લાગી. સિદ્ધાર્થ જે સંબંધ એકાદ ઝટકાથી તોડી નાખે છે તે વર્ધ્ધમાન જાણે કે સાવ જીર્ણ તાર આપોઆપ તૂટી જતો હોય તેમ જાળવીને છોડી નાખે છે. સિધ્ધાર્થ યશોધરાનો ત્યાગ કરતાં પોતે જ પોતાનાથી બીતા હોય એમ લાગે છે–યશોધરાનું સર્વસ્વ લૂંટી જતા હોય તેમ બની શકે એટલી ઝડપથી નાસી છૂટે છે, યશોદાનો ત્યાગ કરતાં વર્ધમાનકુંવર પોતે જાણે બીજી કોઈ પરિચિત દુનિયામાં જતા હોય–જવાનો વખત થઇ જવાથી જવું જ જોઇએ–તેમ સ્વજનો સ્નેહીઓના મોટા સમુદાય વચ્ચેથી, મહાન્ સમારોહ સાથે વાજતેગાજતે ચાલી નીકળે છે.

આ બધા પ્રસંગોમાં યશોદા મૌન હોય એમ લાગે છે, પણ એ મૌન હજાર જીભે બોલી રહ્યું છે: સંસાર-

ત્યાગ કરવા ઉત્સુક થએલા વર્ધમાનકુંવરને સંબોધીને જાણે કે એ કહી રહી છેઃ

"નાથ! ખુશીથી પધારો! તમારા સુકુમાર પગમાં દુઃખ કે કષ્ટનો કાંટો સરખો પણ ન લાગે એટલા માટે અહીં એકાંતમાં બેઠી બેઠી હું દેવતાને પ્રાર્થના કરીશ, લોકસમુદાયના અજ્ઞાન-પડળ છેદવા આપે જે કઠિન સાધનાનો રાહ લીધો છે તેમાં આપને વિજય મળે એવી આકાંક્ષાઓ અહોનિશ, આપ જ્યાં હશો ત્યાં, આપના ચરણમાં પાઠવીશ. એક અબળાની આકાંક્ષાઓની આપને કે કોઇને પણ શી કીમત હોય? બે-અઢી વરસના ટૂંકા પરિચયમાં પણ હું આપને જે પ્રમાણમાં ઓળખી શકું છું તે ઉપરથી તો મારા જેવી કોટી કોટી અબળાઓની અને બીજા અસંખ્ય અબોલ પ્રાણીઓની આશીષ આકાંક્ષાઓ આપના પ્રત્યેક પગલે રેલાવી જોઇએ. હું આપના ઉત્કટ વિરલ સાધના માર્ગમાં અંતરાયરૂપ નહિ બનું. જે સર્વના છે, જે પ્રાણીમાત્રના નાથ છે તે એકના થઈ શકે નહિ, એકના રહી પણ ન શકે. આપ દુર્બળ પંખી જેવા હોત તો ગમે તેમ કરીને પૂરી રાખત પણ આપના ગૃહસ્થાવસ્થાના ત્યાગ, સંયમ, ઔદાસિન્ય અને તલસાટ જોતાં આપ સિંહ સમાન છો, ઈચ્છા ને અનુકૂળતા હોય ત્યાં સુધી જ પીંજરામાં રહો, પીંજરું તોડીને બહાર નીકળવું એ તો આપની લીલા માત્ર છે. મહાશક્તિશાલી, જગત ઉદ્ધારના જબ્બર સ્વપ્નદ્રષ્ટાને હું શી રીતે રોકી રાખું? ઊંચે ઊડવા માગતા ઘણા પુરુષોને એમની અજ્ઞાન અબળાઓ પકડી રાખે છે, પોતે

સડે છે અને બીજાને પણ સડાવે છે. હું જો સામાન્ય નારીની જેમ આપને જકડી રાખું-દુરાગ્રહ કે કલ્પાંતથી આપના સંસારત્યાગમાં અવરોધ ઊભો કરું અથવા તો મારા ટૂંકા સ્વાર્થને સંભારી આંસુ ટપકાવી, અપશુકન કરું તો હું આપની અર્ધાંગિની બનવાને જ યોગ્ય ન હતી એમ દુનિયા કહે. મારે એ આળ નથી જોઈતું. મને ન્યાય ભલે ન મળે-પણ અન્યાય તો ન મળવો જોઇએ! પધારો, પ્રભુ! ખુશીથી પધારો! જુઓ સ્વજનો, નાગરિકોનાં ટોળે ટોળાં આપને વિદાય આપવા થનગની રહ્યાં છે. દેવતાઓ આપની ઉપર પુષ્પો વર્ષાવવા તલપાપડ થઈ રહ્યા છે. હું પામર-અબળા આપને બીજું શું કહું? માત્ર એટલું કહું છું કે જો આપને બરાબર સમજી શકી હોઈશ, આપે પ્રબોધેલા માર્ગમાં શ્રદ્ધાનો દોર જાળવી શકી હોઇશ તો નાથ! આ આપની પુત્રીને પણ પાળી-પોષી-સંસ્કારી કરીને આપના જ સાધનાયજ્ઞમાં અર્પી દઈશ! ત્રણ લોકના નાથ! પધારો! એક દિવસે આપ પણ સંસારમાં આસક્ત હતા એવી મેલી છાયા સરખી યે ક્યાંઇ ન પડવા પામે તે માટે હું આપના માર્ગમાંથી સદાને માટે દૂર રહીશ-મારામાં મારાપણું હશે તો આપના વિસ્તારમાંથી હું મારી જાતને ભૂંસી નાખીશ! મારી અહંતાને, મારા પોતાના હાથે જ એવી રીતે પુંકી દઇશ કે વર્ધમાનકુંવર કોઇ દિવસ પરણ્યા હશે કે નહિ એવી શંકા ઉઠયા વિના ન રહે.”

મહેલની બહાર દેવવિમાનની સ્પર્ધા કરે તેવી ચંદ્રપ્રભા શિબિકા તૈયાર હતી. શિબિકા ઉપાડીને

ચાલનારા હજારેક સેવકો, કુટુંબીજનો તથા નાગરિકોના ટોળે ટોળે ઉભરાતાં હતાં. વર્ધમાનકુંવરે એ વખતે ચાંદની જેવા સ્વચ્છ-માંગલિક વસ્ત્રો પહેર્યાં હતાં. શિબિકા તરફથી આવતા હર્ષધ્વનિ સાંભળી યશોદાએ એ દિશામાં મીટ માંડી. કહેવા લાગી:

" વિશ્વના પ્રાણીઓનો આજે મહોત્સવ છે: આપના હાથથી તીર્થ પ્રવર્ત્તાવાનું છે એમ જાણીને, મયૂર મેઘ-દર્શને કેકારવ કરે તેમ આ ભવી જીવો કલ્લોલ કરતા અને આપની પ્રતીક્ષા કરતા જણાય છે. હવે મારા નિમિત્તે એક પળનો પણ વિલંબ ન થવો જોઇએ. અદૃશ્યમાં રહેલા લોકાન્તિક દેવોની આગ્રહાતિશયવાળી ઉત્સુકતા પણ હું જોઈ શકું છું. પધારો, નાથ! કાળના ઝંઝાવાતોમાં પણ અડગ રહે, અજ્ઞાન, અત્યાચાર ને વહેમની એડી નીચે દબાએલા-શોષાએલા માનવ-પ્રાણી-થી માંડી નારકીના જીવોને પ્રકાશ મળે, માર્ગ મળે, સિદ્ધિ લાધે એવું તીર્થ પ્રવર્ત્તાવો ! "

ભગવાનની દીક્ષાની ધામધૂમમાં, યશોદાના આ સ્નેહ-કોમળ શબ્દો દેવદુંદુભીમાં ભળી ગયા. વર્ધમાનકુંવર યથાક્રમે જ્ઞાતવનમાં ઉતર્યા. અહીંથી જ એમનું મહા-ભિનિષ્ક્રમણ અથવા વાસ્તવિક સંસારત્યાગ શરૂ થયો. ભગવાનનું નામ અનંતકાળની સપાટી ઉપર નાચી રહ્યું, એમની એક સમયની સહચારિણી યશોદાનું નામ ઇતિહાસના તળિયે આરામ ભોગવી રહ્યું.

બુદ્ધદેવ અને દીર્ઘતપસ્વી જ્ઞાતૃપુત્ર મહાવીર સંસાર-ત્યાગ પછી ફરી એક વાર જ્યારે પોતાની જન્મભૂમિમાં

પગલાં માંડે છે ત્યારે રાહુલની અને પ્રિયદર્શનાની માતાઓએ પોતપોતાના પતિદેવોના દર્શને કેવી મિશ્ર લાગણી અનુભવી હશે તે ખરું કહીએ તો એક મનોરમ કાવ્યનો વિષય છે; બાકી આટલી હકીકત મળે છે:

બુધ્ધદેવ ભિક્ષા માટે કપિલવસ્તુમાં ફરતા ફરતા પોતાના પિતાના મહેલ પાસે પહોંચ્યા અને ઝરુખા તરફ નજર કરતાં રાહુલની માતાને ત્યાં ઉભેલી નીરખી ત્યારે એમને પહેલાની જાજરમાન રાજકુમારી નહિ પણ કોઇ દીન ભિક્ષુણી ઊભી હોય એમ લાગ્યું. બુધ્ધદેવને જોતાં જ તે અંદર ચાલી ગઈ. ફરી એ દેખાઇ નહિં. મહેલના બધાં આત્મીય–સ્વજનો દર્શને આવ્યાં; માત્ર એક યશોધરા ન આવી–જાણે કે એને બાહ્ય–દર્શનની જરૂર જ નહોતી. ગૌતમ બુધ્ધને એ અંતરની હજારો આંખોવડે જોઈ શકતી હતી.

પછી તો બુધ્ધદેવ પોતાના બે શિષ્યો અને પિતાની સાથે અંદરના મહેલમાં ગયા. ત્યાં એમને યશોધરાની એક અપૂર્વ છબી નીહાળવાની મળી. એણે સફેદ કે રંગીન વસ્ત્રાલંકારોનો સદંતર ત્યાગ કર્યો હતો. ભિક્ષુણીના જેવું જ કાષાય વસ્ત્ર ઓઢયું હતું. સૂવાના પલંગો કાઢી નાખ્યા હતા. માત્ર નાની પથારી ઉપર તે પોતાની કાયાને ઢાળીને પડી રહેતી. પુષ્પની માળા કે બીજા કોઈ સુગંધી દ્રવ્યને ત્યાં સ્થાન નહોતું. ઘરમાં વસવા છતાં વસ્તુતઃ ભિક્ષુણીનું જ જીવન ગાળતી- ભિક્ષુરાજ ગૌતમના પદાંકને નમ્રભાવે અનુસરવા મથતી. એક મૌન અને પતિ પાસેથી અન્યાય પામેલી નારીનો

આવો ત્યાગ જોઇને ગૌતમ બુધ્ધની આંખોમાં એ ટાણે થોડાં જળજળિયાં આવી ગયાં.

ક્ષત્રિયકુંડમાં ભ૦ મહાવીર પગલાં માંડે છે ત્યારે એમના મોટા ભાઇ નંદિવર્ધન, પુત્રી પ્રિયદર્શના અને જમાઇ જમાલિ વિગેરે આવે છે. શ્રી સિદ્ધાર્થ ક્ષત્રિય અને ત્રિશલા દેવી તો સ્વર્ગવાસ પામેલા હોવાથી એમનો પ્રશ્ન જ નથી ઉઠતો. યશોદા એ વખતે હૈયાત નહિ હોય ? કે પછી જે મહાવીરસ્વામીને એ પોતાના હૃદયના ચક્ષુથી અંતઃપુરની એકાંતમાં પણ હજારો વાર જોઇ શકતી અને તપસ્વિનીના વેષમાં એમના માર્ગને મૌન ભાવે અનુસરતી તેમના પ્રત્યક્ષ દર્શને આવવાની એને જરૂર જ નહિ લાગી હોય ? કથાનુયોગ અહીં નીરવ અને સ્તબ્ધ દેખાય છે. એટલે જ ભગવાન પ્રત્યે જેને ભકિતભાવ છે, એમના સંસારી સગા–સંબંધીઓ પ્રત્યે મમત્વભાવ છે તેમની એ જિજ્ઞાસા અતૃપ્ત જ રહી જાય છે. ક્ષત્રિયકુંડની હજારોની સંખ્યામાં ઉભરાતી લોકમેદની, જાણે કે એક ક્ષાત્ર તેજવતી આર્ય અબળાની ગેરહાજરીને લીધે કળશ વિનાના મંદિર જેવી દેખાય છે.



( ૭ )

કૌશાંબી વત્સદેશની રાજધાની હતી અને કૌશાંબી-નું રાજકુટુંબ પ્રભુ મહાવીરનું અનુયાયી હતું-સાંસારિક સંબંધની દૃષ્ટિએ પણ ભગવાનની સાથે એમને નીકટનું સગપણ હતું. શતાનિકનો પુત્ર ઉદયન એ

વખતે કૌશાંબીનું શાસન ચલાવતો. ભ૦ મહાવીરનો એણે ભવ્ય સત્કાર કરેલો. ભગવાન એ વખતે ચંદ્રોત્તરાયણ નામના ચૈત્યમાં ઉતરેલા.

એક દિવસે ઉદયનકુમાર, માતા મૃગાવતી તથા ઉદયનની ફોઇ જયંતી–શ્રાવિકા ભગવાનના દર્શને ગયાં. ભગવાનના મુખેથી કેટલીક ધર્મકથા સાંભળ્યા પછી તેઓ પાછા ફર્યા. માત્ર જયંતીને કેટલીક શંકાઓનું સમાધાન કરવાનું હોવાથી તે ત્યાં રોકાઇ ગઇ.

એવું તે જયંતીને શું પૂછવું હશે? સાધારણ સ્ત્રીઓ પોતાના ઘર–કુટુંબ–પરિવાર સિવાય બીજી ચિંતા નથી રાખતી. મોટે ભાગે દેહમાં કોઇ પ્રકારનું સાધ્ય કે અસાધ્ય દર્દ રહ્યા કરતું હોય, પુત્ર કે પતિના સંબંધમાં ઉદ્વેગ કે અશાંતિ રહેતાં હોય કે બીજી કોઈ આફત માથે ઝઝૂમતી હોય તો તેનાં કારણ અને નિવારણની વાત ભગવાનના મુખેથી સાંભળવાની લાલચ થઇ આવે. ભગવન્! એ રીતે પંડિતોના અને અબુધોના પણ આશ્વાસનના ઝરારૂપ હતા. ધર્મપ્રેરણાના ધોધરૂપ હતા. કોઇ પણ ભવી જીવ એ વહેતા ધોધમાંથી એકાદ અંજલિ પી જાય.

પુણ્યથી સુખ અને પાપથી દુઃખ મળે છે એ સાદું પણ અર્થગંભીર સૂત્ર જિજ્ઞાસુઓને ભગવાન જુદી જુદી રીતે સમજાવતા. અસહ્ય દુઃખથી માણુસ મૂંઝાઇ જાય અને બુદ્ધિશાલીઓની બુદ્ધિ બહેર મારી જાય ત્યારે ભગવન પોતાના જ્ઞાનબળે ભૂતકાળની–ગતજન્મની ભૂલો બતાવી, આત્મશુદ્ધિનો અમોઘ ઉપાય સૂચવતા. જયંતી શ્રાવિકા

શું આવી કોઇ પ્રેરણા કે નવી દૃષ્ટિ મેળવવા પ્રભુ પાસે બેસી રહી હશે ?

ગૌતમસ્વામી જેવા સમર્થ પુરુષ પણ ભગવાન મહાવીર પાસેથી આવા ખુલાસાઓ મેળવતા. મૃગાગ્રામમાં જ્યારે પ્રભુ પધાર્યા અને ત્યાં તેમણે એક જન્મથી જ આંધળો, લોકોની દયા ઉપર નભતો, મેલોઘેલો ને ચીંથરેહાલ માણુસ જોયો ત્યારે ગૌતમસ્વામીને પણ ઓછું આશ્ચર્ય કે આઘાત નહોતો થયો. પોતે શાસ્ત્રજ્ઞ હતા, છતાં ભગવાનને વિનયપૂર્વક એમણે પૂછેલું: "ભગવન્! જન્મથી જ આંધળો માણુસ જનમતો હશે ?"

ભગવાને જવાબમાં કહેલું: "એકલો જન્માંધ નહિ પણ હાથ-પગ ને નાક-કાન વગરનો, માત્ર આકારમાં જ માણુસ લાગે એવો માનવી પણ જનમે છે. એવો માનવી જોવો હોય તો આ ગામના રાજાના સૌથી મોટા કુંવરને જોઇ આવજો."

પછી ગૌતમસ્વામીએ, મૃગાદેવીના એ પુત્રને અંધારા ભોંયરામાં, દુર્ગંધથી ગંધાતો, પરૂ ને લોહીથી ખરડાયેલો જોયો ત્યારે આ ભવમાં જ કેટલાકો નરકની વેદના કેવી રીતે ભોગવતા હોય છે તેનો તેમને ખ્યાલ આવ્યો.

"ભગવન્! આ મૃગાપુત્રના જીવે એવાં તે શાં પાપ કર્યાં હશે ?" ગૌતમસ્વામીએ ભગવાન પાસેથી જાણવા ઇચ્છયું.

જેમણે અધિકારના મદમાં લોકો ઉપર ભયંકર ત્રાસ વર્ત્તાવ્યા હોય, લાંચ-રૂશ્વત લીધી હોય, વગર કારણે

રાંકને દંડ્યા હોય, વણજારો અને સંઘ લૂંટ્યા હોય તેની આવી જ અવદશા થાયઃ આખરે તે કોઈ વયો-વૃદ્ધ–વિદ્વાન સાધુ–મુનિ પાસે ધર્મોપદેશ સાંભળી, પોતાના પાપની આલોચના કરીને એ જીવ પણ મુક્તિના માર્ગનો પથિક બનશેઃ એવી મતલબનો ભગવાને ઠીક ઠીક વિસ્તારથી ખુલાસો કરેલો. જયંતી શ્રાવિકા પણ ભગવાન મહાવીરની પાસે અંતરની આવી કોઇ ગુંચ ઉકેલવા માગતી હશે? એટલા માટે જ સૌના ગયા પછી બેસી રહી હશે?

જયંતીના પ્રશ્નો ઉપરથી એ વિદુષી તેમજ વિચારક હોવી જોઇએ. જીવના સ્વરૂપ અને સ્વભાવ સંબંધી ચિંતનમાં એનો ઘણોખરો સમય જતો હશે. સાચા જિજ્ઞાસુ અને અધ્યાત્મમાર્ગના એકનિષ્ઠ પ્રવાસીને જ આવા પ્રશ્નો સંભવે. જયંતીએ અંગત જીવનની કોઇ સમસ્યા ઉકેલવા પ્રભુને તકલીફ નથી આપી. સંસારના સુખ–દુઃખ, સગવડ–અગવડનાં કારણો તથા સ્વરૂપો તેનાથી અજાણ્યાં નહોતાં. આત્માના સ્વરૂપમાં, શક્તિમાં જેને શ્રદ્ધા છે, સ્વ તેમજ પરના ભેદ પરખી શકે છે તેને રોજના જીવનની મુશ્કેલીઓ મૂંઝવી શકતી નથી. જયંતી શ્રાવિકા એ જાણતી. એને તો "ભારેકર્મી" અને "લઘુકર્મી"ના ભેદ ભગવાન પાસેથી જાણવા હતા. ભવીપણું સ્વભાવથી હોય કે પરિણામથી હોય તે વિષે થોડો પ્રકાશ એને આ જ્ઞાનના સૂર્ય પાસેથી મેળવી લેવો હતોઃ પ્રસંગોપાત એક શંકાના ઉત્તરમાંથી ઉદ્ભવતી બીજી શંકાના સમાધાન પણ મેળવવા હતા.

"ભગવન્! જીવો ભારેકર્મી કેમ થતા હશે?" જયંતીએ પૂછેલો આ પ્રથમ પ્રશ્ન આપણે સમજવા પ્રયત્ન કરીએ.

મહાવીર પ્રભુ ગહન ગણાતા વિષયોને પણ રૂપક અથવા દૃષ્ટાંતદ્વારા કેવા સુબોધ બનાવી શકતા તે એમણે કહેલી કથાઓ ઉપરથી જાણી શકીએ છીએ. ગૌતમસ્વામીને જ મહાવીર પ્રભુએ એક વાર કહેલું: "ગૌતમ! જેમ કોઈ માણસ મોટા, સૂકા, કાણા વિનાના આખા તુંબડાને દાભથી વીંટે, તેનાં ઉપર માટીનો લેપ લગાવે, પછી તેને તડકે સૂકવે: એવી રીતે ઉપરાઉપરી આઠ પડ તુંબડા ઉપર ચડાવે અને પછી તેને પાણીમાં ફેંકે તો માટીના ઉપરાઉપરી આઠ થરથી ભારે થએલું પેલું તુંબડું પાણીની સપાટી નીચે એકદમ ઉતરી જાય. તુંબડાનો સ્વભાવ તરવાનો છે—પરાણે પાણીમાં ડૂબાવ્યું હોય તો પણ જોર કરીને બહાર સપાટી ઉપર ઉછળી આવે. પણ માટીના થરનો ભાર એને ડૂબાડી રાખે છે."

જીવને આવા થર કેમ લાગતા હશે? સ્વભાવથી જ ઊર્ધ્વગતિવાળા જીવ ડૂબેલા કેમ રહેતા હશે? એ હળુકર્મી શી રીતે બનતા હશે?

જયંતીના એ પ્રશ્નના ઉત્તરમાં ભગવન્ કહે છે: "હે જયંતી! હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, ચાડી ચુગલી, રતિ–અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ અને મિથ્યાદર્શનશલ્ય એ અઢાર દોષો એવા છે કે જે આત્માને ભારે બનાવે છે."

જયંતી શ્રાવિકા સમજી કે કુસંસ્કારો, પાપો જ આત્માને ગુંગળાવે છે, ઉપર આવવા દેતાં નથી. એ કુસંસ્કારોને ધોઈ નાખવાનું પણ આપણા પોતાના જ હાથમાં છે. બહારથી સ્વચ્છંદપણે આવીને દોષો વળગતા નથી તેમ બહારની કોઈ મદદ એને ધોઈ નાખે એ પણ અશક્ય છે. આત્માના મળભારને ઉખેડવા, અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, ક્ષમા, મૃદુતા, સરળતા, નિર્લોભતા આદિ આચરણોનો આશ્રય લેવો જોઇએ.

આ વિચારણામાંથી સહેજે એક બીજો પ્રશ્ન સ્ફુરે: જીવોને ભવસિદ્ધિપણું સ્વભાવથી હશે કે પરિણામથી ?

ભગવન્ મહાવીર કહે છે કે "હે જયંતી ! ભવસિદ્ધિપણું સ્વભાવથી જ છે, પરિણામથી નહિ."

જીવનું જીવત્વ એટલે કે ચૈતન્ય જેટલું સ્વાભાવિક છે તેટલી જ તેની મુક્તિની યોગ્યતા પણ સ્વાભાવિક છે. પરિણામના સંબંધમાં દર્શનકારો જુદા જુદા મત દાખવે છે, પરંતુ જૈન દર્શન તો સ્પષ્ટપણે કહે છે કે કોઈ પણ દ્રવ્ય અથવા ગુણ પોતાની મૂળ જાતિ, સ્વભાવનો ત્યાગ કર્યા વિના નિમિત્તાનુસાર ભિન્ન ભિન્ન અવસ્થા ધારણ કરે તે દ્રવ્ય કે ગુણનું પરિણામ ગણાય. મુક્તિની યોગ્યતા કે અયોગ્યતા, ભવસિદ્ધિપણું કે ભવાસિદ્ધિપણું એ આત્માની સ્વાભાવિક સ્થિતિ છે: કર્મના ઉદય કે ઉપશમને એ આભારી નથી; કારણ કે ભવિકતા પારિણામિક નથી.

તુંબડાના રૂપકને ફરી અનુસરીએ. એની ઉપરના થર જેમ ધોવાતા જાય તેમ તે પાણીની સપાટી તરફ ધકેલાય. હવે જો જીવ સ્વભાવથી જ ઊર્ધ્વગામી હોય અને થર ક્રમે ક્રમે ધોવાઇ જવાને નિર્માએલા હોય તો એક દિવસ એવો પણ ઊગે કે જ્યારે સઘળા ભવ્ય જીવો મુક્તિએ પહોંચી ગયા હોય-સંસાર સાવ શૂન્ય જેવો બની ગયો હોય. જયંતી શ્રાવિકા પણ એ જ તર્ક કરે છે.

" ભગવન્, જો સર્વ ભવસિદ્ધિક જીવો સ્વભાવથી જ મોક્ષની યોગ્યતાવાળા હોય તો ગમે ત્યારે પણ તે બધા મોક્ષે જવાનાઃ ત્યારપછી મોક્ષની યોગ્યતાવાળું કોઇ આ જગતમાં નહિ રહે. મોક્ષને અયોગ્ય એવા જ જીવો રહેવાના. "

" ના, એમ નથી. આકાશની અનાદિ અનંત શ્રેણીમાંથી પરમાણુ-પુદ્ગળ જેટલા ખંડ કાઢતાં કાઢતાં અનંત યુગો વીતી જાય તો પણ તે શ્રેણી ખાલી ન થાય, તે પ્રમાણે બધા ય ભવસિદ્ધિક જીવો સિદ્ધ થવાની યોગ્યતાવાળા છે, તો પણ લોક ભવસિદ્ધિક જીવ વિનાનો નહિ થાય. "

આકાશ કે જે અવકાશ આપે છે, જે આત્મપ્રતિષ્ઠિત છે—એને બીજા કોઇ આધારની આવશ્યકતા નથી રહેતી, જેના અસંખ્ય પ્રદેશ છે, અને જેનો એક એક અંશ એટલો સૂક્ષ્મ હોય છે કે એ આપણી કલ્પનામાં પણ ન આવે; તેમ તે અરૂપી, અવસ્થિત અને નિત્ય હોવાથી, લોક આકાશશૂન્ય બને એવો

મુદ્દલ સંભવ નથી. તે જ પ્રમાણે ભવસિધ્ધિની યોગ્યતા વાળા બધા મોક્ષે જાય તો પણ લોક જીવશૂન્ય થાય એ કલ્પના આધારરહિત છે. રખેને સંસાર જીવ રહિત બની જાય એવા ભયથી કેટલાકોએ મોક્ષમાંથી જીવનું પુનરાગમન પણ માન્યું છે. આ ભવસિદ્ધિપણું, જીવની એ પ્રકારની સ્વાભાવિકતા અને મુક્તિના સ્વરૂપ સંબંધી જુદી જુદી વિચારણાઓ, મહાવીર પ્રભુના યુગની વિશિષ્ટતા હોવી જોઇએ. જયંતી શ્રાવિકા જેવી અંતઃપુરવાસી વિદુષી નારીઓને પણ એ યુગની સમસ્યાએ ગંભીર વિચાર કરતી બનાવી દીધી હશે.

ચોથો પ્રશ્ન સામાન્ય છે: જયંતી પૂછે છે: “ભગવન્, જીવ સૂતો સારો કે જાગતો ?”

જાગતો અને પ્રવૃત્તિમાં રાચતો જીવ હિંસા કે પાપ કર્યા વિના ન રહે એટલે એવા પાપના પ્રસંગને ટાળવા એદી–આળસુની જેમ પડી રહેવું એવી માન્યતા પ્રચલિત થઈ હશે, જયંતીના કાને પણ એવી વાતો આવી હશે. ઊંઘ તો પ્રમાદનું જ મૂર્ત્તિમંત સ્વરૂપ છે. અજગરના જેવી ઘોર સુસ્તી પ્રશસ્ય શી રીતે હોઈ શકે ? જાગૃતિ, અલબત્ત, ભૂલ, ક્ષતિ, દોષમાં કારણરૂપ બને છે, પરંતુ એ જ જાગૃતિ ઉપકારના પણ હેતુરૂપ બની શકે છેઃ તો પછી સાચું શું ? ઊંઘ–આળસ્ય કે જાગૃતિ ?

ભગવન્ સ્પષ્ટીકરણ કરીને બતાવે છે કેઃ અધર્મી પ્રાણી-ઓ, જેઓ બીજાને દુઃખ–ત્રાસ આપે છે, પોતે પાપપ્રવૃત્તિ-માં ડુબેલા હોય છે અને બીજાને પણ એવા અધઃપાત તરફ દોરે છે એવા માનવી સૂતેલા સારાઃ બાકી જેઓ

લોકોપકારની વૃત્તિથી રંગાએલા છે, પોતે ધર્મકરણીમાં રાચે છે અને બીજાઓને પણ એવી પ્રવૃત્તિમાં દોરે છે તેઓ જાગતા સારા.

સૂતેલાપણું કે જાગતાપણું, પુણ્ય કે પાપની અપેક્ષાએ આદરણીય કે તિરસ્કરણીય બને છે. જે કેટલાકો ખૂબ ખાઇ–પીને કેફ કરીને ઉન્મત્તની જેમ પડી રહેવામાં જ પુણ્ય માનતા હોય છે તેમની એ માન્યતા ન્યાયનીતિયુક્ત નથી અને તેથી જ તે ત્યાજ્ય છે. આતતાયીઓ, શીકારીઓ, અત્યાચારીઓને, એવી તક ન મળે તેટલા માટે જ એમની ઊંઘ કે આળસ્ય ઇચ્છવાયોગ્ય છે. પણ એ ઊંઘ કે આળસ્ય એમને કલ્યાણને માર્ગે લઇ જાય છે એમ તો કોઇ જ ન માને. એ જ પ્રમાણે કર્ત્તવ્યપરાયણ, લોકહિતૈષી કોઇ વાર ભૂલ પણ કરી બેસે: પરંતુ એ ભૂલ જો શુદ્ધ બુદ્ધિની હોય અને અંતરમાં પણ પૂરી જાગૃતિ હોય તો એ જાગૃતપણું, ઊંઘ કરતાં અનેકગણું શ્રેષ્ઠ છે.

વિચારકોની દુનિયામાં કેવા વાવાઝોડા આવે છે. અને ધીમે ધીમે માનવસમુદાય કેવી મક્કમ પ્રગતિ કરતો આગળ વધે છે તેનો કંઈક આભાસ આ પ્રશ્નોત્તરીમાંથી મળે છે. આજે એવા પ્રશ્ન કે ઉત્તર જૂનવાણી જેવા લાગે-વસ્તુતઃ અઢી હજાર વર્ષ જેટલા જૂના જ ગણાય, પરંતુ વિચાર–વિકાસના માર્ગસ્તંભ જેવા એ મનોમંથન આધ્યાત્મિક વિચારણાનો ક્રમવિકાસ તો જરૂર સૂચવે છે.

ચોથા પ્રશ્નની પૂરવણી જેવો જ જયંતી શ્રાવિકાનો પાંચમો પ્રશ્ન આવી મતલબનો છે:

"ભગવન્! સબળપણું સારું કે દુર્બળપણું? ઉદ્યમીપણું સારું કે આળસુપણું?"

"ધર્મપરાયણ જીવોનું સબળપણું, ઉદ્યમીપણું સારું, અધર્મીની આળસ અને નબળાઈ સારી." ભગવાનનો એ ઉત્તર, ઉપરોક્ત પ્રશ્નોત્તરની પુરવણી જેવો જ હોવાથી એ વિષે એમણે પોતે પણ વધુ વિવેચન નથી કર્યું.

આળસ, પ્રમાદ, નબળાઈ પોતે જ પાપરૂપ કે તેના પરિણામસ્વરૂપ છે. પ્રમાદ વિગેરે કંઇ લેવા જવાં પડતાં નથી, તેમ તેને માટે પુરુષાર્થ પણ કરવો પડતો નથી. એને સારાં કેમ કહેવાય? જયંતી શ્રાવિકા અને ભગવન મહાવીર વચ્ચેનો આ ઘણો પુરાતન સંવાદ, વૈભવવંતા અંતઃપુરમાં વસનારી એક અબળા અને શ્રોતા કે જિજ્ઞાસુ કેટલું સમજી કે પચાવી શકશે તેનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ કાંટો ધરાવનાર લોકમાન્ય ઉપદેશક વચ્ચેનો છે એ વાત અહીં મુદ્દલ ભૂલવા જેવી નથી. આ એક એવો યુગ હતો કે જે વખતે ભલભલા શ્રદ્ધાળુ અને ભદ્રિકોનાં મનને શંકાનાં વમળમાં નાખી દે એવા પાખંડીઓ સેંકડોની સંખ્યામાં ઊગી નીકળ્યા હતા અને એ બધા અનુયાયીઓની શોધમાં જ ફરતા. આવી સ્થિતિમાં એક નારીના સંશયોનું, બની શકે એટલી સ્પષ્ટ–ઘરગતુ શૈલીમાં સમાધાન થવું જોઇએ. ભગવાનની દૃષ્ટિ આળસ અને નબળાઈને સારી કહેવામાં, સ્થૂલ ક્રિયા ઉપર જ હતી. પાપના સૂક્ષ્મ–મનોવૈજ્ઞાનિક કાર્યકારણ અહીં નથી ચર્ચ્યાં. જે કાળસૌકરિક નામના કસાઇને શ્રેણિકે એક વાવની અંદર ઉંધે માથે ટાંગ્યો હતો, અને એ રીતે

એની પાસે એક આખા દિવસની-રાતની અહિંસા પળાવી હતી, તે કાળસૌકરિક વિષે શ્રેણિકે જ્યારે મહાવીરને ખુલાસો પૂછ્યો ત્યારે પ્રભુએ કહેલું કે એમ બાંધી રાખવાથી, કેદમાં જકડી રાખવાથી હિંસા બંધ પડે એ ભ્રાંતિ જ છે. એ જ કસાઇએ સ્થૂળ પાડાનો વધ નહિ થઈ શકવાથી પાણીમાં પોતે આંકેલા પાંચસો પાડા હણ્યા હતાઃ પ્રાણીનો દેખીતો રક્તપાત નથી કર્યો એટલે એ અહિંસક રહ્યો એમ ન કહેવાય. કર્મબંધમાં મનોવ્યાપાર મુખ્ય છે. એ વાત ભગવાન મહાવીર જેટલી સ્વચ્છ ને સ્પષ્ટપણે બીજું કોઈ ન સમજી શકે. અને છતાં શ્રાવિકા જયંતી સાથેના સંવાદમાં હિંસા-પાપની અશક્તિને ઠીક કહે છે એ એમની વિવિધ દૃષ્ટિકોણથી વસ્તુને જોવાની વ્યવહારદક્ષતા જ સિદ્ધ કરે છે.

છેવટે, ઇંદ્રિયોની ગુલામીમાં જીવનાર જીવની કેવી દશા થતી હશે તે વિષે જયંતી, ભગવાન પાસેથી થોડું જાણી લેવા માગે છે. ભગવાન તો વાસનાના વિપાક હસ્તામલકવત્ જોઇ શકતા હતા. તેઓ કહે છે: “ અનાદિ-અનંત અને આ લાંબા માર્ગવાળા સંસારરૂપી અરણ્યને વિષે ભટકવા સિવાય એમને માટે બીજો કોઈ આરોવારો નથી રહેતો. એવા જીવો સિદ્ધિને વરી શકતા નથી, સર્વ દુઃખનો અંત પણ લાવી શકતા નથી. ”

પોતાના કાળના ઉત્તુંગ ગિરિશિખર જેવા લોકનાયકને બરાબર ઓળખવા-પીછાનવા એ ધન્યભાગ્ય તો ગણ્યાં-ગાંઠ્યાં સ્ત્રી-પુરુષોમાં જ સંભવે. પ્રભું મહાવીર

જેવા પોતાના સમયમાં વિચરતા પ્રભુને સમજી એમના પ્રત્યે પૂર્ણ ભક્તિ તથા શ્રદ્ધાના ભાવ ધરાવવા એ પરમ પુણ્યોદય સિવાય ન બને. તેમાં યે પ્રભુની શક્તિ અને ધ્યેય વિષે રસોલ્લાસ અનુભવવો અને નાની-મોટી શંકાઓના ઉકેલ એમના મુખેથી સાંભળવા એ તો બહુ હળુકર્મીપણાનું સ્પષ્ટ ચિહ્ન છે. જયંતી શ્રાવિકા પ્રભુ પ્રત્યે એવો જ આદરભાવ, ભક્તિભાવ અને શ્રદ્ધા ધરાવતી. કુતૂહળ કે આળસુ મનોવૃત્તિને રીઝવવા ખાતર જયંતીએ આ પ્રશ્નો નહોતા પૂછ્યાઃ આગમો તો ઉચ્ચારે છે કે:

“ આટલા પ્રશ્નોત્તર બાદ હર્ષિત તથા સંતુષ્ટ થએલી જયંતીએ ભ૦ મહાવીર પાસે પ્રવ્રજ્યા સ્વીકારી. આર્યા ચંદનાની સંભાળ હેઠળ રહી અગિયાર અંગોનો અભ્યાસ કર્યો. ઘણા વર્ષ લગી સાધ્વીપણું પાળી, અંતે સાઠ ટંકના ઉપવાસ કરી મૃત્યુ પામી, સિદ્ધ-બુદ્ધ અને મુક્ત થઇને નિર્વાણ પદમાં સ્થિત થઈ. ”

# પ્રિયદર્શના



( ૮ )

ભગવાન્ મહાવીરની પુત્રીનું નામ પ્રિયદર્શના. અનવદ્યા નામે પણ તે ઓળખાય છે. ભગવાનની મોટી બહેન સુદર્શનાના કુંવર જમાલિ સાથે પ્રિયદર્શનાનું લગ્ન થયું હતું. એ લગ્ને પ્રિયદર્શનાને એક કુંવરી

પણ આપી હતીઃ કુંવરીનું નામ શેષવતી અથવા યશસ્વતી. જમાલી ભગવાનનો ભાણેજ તેમજ જમાઈ થતો હતો. મામાની કન્યા ઉપર ભાણેજનો પહેલો હક્ક પહોંચતો હોવાની રૂઢી ક્ષત્રિયોમાં પડી ગઇ હશે. એ એક દેશાચાર હતો. આજે પણ એનાં અવશેષો જોવામાં આવે છે.

એક દિવસે ભગવાન મહાવીર રાજગૃહીમાં ચાતુર્માસના દિવસો ગાળી પોતાની જન્મભૂમિ–વિદેહ દેશ તરફ વળ્યા. પહેલાં બ્રાહ્મણકુંડગ્રામમાં થઇને પશ્ચિમ દિશામાં આવેલા ક્ષત્રિયકુંડ ગામે પધાર્યા. મોટા લોકસમુદાયની સાથે ભગવાનની પુત્રી પ્રિયદર્શના અને જમાલિ પણ એમને વાંદવા આવ્યાં.

જમાલિ સુખ અને લાડકોડમાં ઉછરેલો જુવાન હતો. સમૃદ્ધિની છોળો એની આસપાસ ઊછળ્યા કરતી. પ્રિયદર્શના ઉપરાંત એને બીજી સાત સ્ત્રીઓ હતી. સાત–સાત પેઢીઓ સુધી, છૂટે હાથે દાન દે અને ખરચે તો પણ ખૂટે નહિ એટલી ધનધાન્યની વિપુલતા હતી. નખમાં યે રોગનું નામનિશાન નહોતું. આવા યુવાનને ભગવાનના વૈરાગ્યના ઉપદેશની શી અસર થાય? માતાપિતા નિશ્ચિન્ત હતાં–એમને ખાત્રી હતી કે જે ભોગવૈભવમાં જમાલિ વસે છે તેની વચ્ચેથી એને કોઇ ઉઠાવીને લઈ જઈ શકે નહિ.

પણ પ્રભુના ઉપદેશે જમાલિ ફરતી વીંટળાયેલી જાળ છેદી નાખી. ગમે તેમ પણ જમાલિ, હૃદયથી કંટાળ્યો હતો. રોજના એક જ પ્રકારના ભોગ–ઉપભોગો પ્રત્યે એને વિતૃષ્ણા જન્મી હતી. તે કોઇને સ્પષ્ટપણે

કહી શકતો નહિ પણ નર્યું સુખમય જીવન એને પામર જંતુના જીવન જેવું લાગતું. જેમાં અંતરાય ન હોય, અંતરાય ભેદવા મથતા જીવનપ્રવાહમાં કોઈ પ્રકારનો ખળભળાટ ન હોય તે જીવન શું કામનું ? વિઘ્નો અને અત્યાચારો સાથે ઝૂઝતા હોઈએ, લોકસમુદાયના કંઠમાંથી આનંદ અને આભારના કલ્લોલ-ધ્વનિ ઊઠતા હોય અને પ્રભુ મહાવીરની જેમ જ શક્તિશાલી કે સર્વજ્ઞ તરિકે ઠેકઠેકાણે સત્કાર-સામૈયા થતા હોય તો એ જીવનમાં કંઈક લહેજત છે. નોકરો, દાસ-દાસીઓ અને અઢળક સમૃદ્ધિ વચ્ચે રહેલું આ સુખ તો હમણા જાણે ઊડી જશે-ઝાંઝવાના નીરની જેમ છેતરીને આઘું ચાલ્યું જશે એમ એને લાગ્યા કરતું. એવે ટાણે ભ૦ મહાવીરની વિરાગથી છલકાતી ઉપદેશ-વાણી સાંભળી. જે પાંજરામાં તે માત્ર પાંખો જ ફફડાવતો બેઠો હતો તે પાંજરું તોડીને ઊડી જવા એનું મન અધીરું બન્યું.

માબાપે એને બહુ બહુ રીતે સમજાવ્યો: "જો ભાઇ, હજી તું યુવાન છે, ભગવાન મહાવીરે પણ માતાનું વેણ નહોતું ઠેલ્યું: યુવાવસ્થાનાં સુખ ભોગવી લે, પછી વૃદ્ધાવસ્થામાં તારે દીક્ષા લેવી હોય તો ખુશીથી લેજે. અમે બેઠાં છીએ ત્યાંસુધી એવી વાત કરીશ નહિ."

પણ જમાલિ તો ઊંઘમાં યે તપસ્વીઓના મોટા સંઘ ધીમે પગલે જતા હોય અને ધૂળથી ખરડાયેલા, કાંટા અને ઝાંખરાથી વીંધાયેલા એમનાં ચરણમાં હજારો સ્ત્રી-પુરુષો લાંબા થઇને સાષ્ટાંગ પ્રણિપાત કરતાં હોય અને

રંગરાગથી ગુંજતી નગરીની અંતઃપુરવધુઓ પણ બારીઓ કે ઝરુખામાં ઊભી રહી સુવર્ણપુષ્પો કે મોતીઓથી વધાવતી હોય અને તે નિઃસ્પૃહી સંસારત્યાગીઓના ટાઢ તથા તડકાથી મ્લાન બનેલાં વદન ઉપર કૃતકૃત્યતા ને કૃતજ્ઞતાની તેજોદીપ્ત ભભક છૂટતી હોય એવી અદ્‌ભૂત સ્વપ્નમાળ જોવા લાગ્યો. પોતાને પણ એ અહોભાગ્ય પ્રાપ્ત થાય એમ તેનું અંતર હવે આર્ત્તનાદ કરી ઉઠયું.

માતાપિતાના સ્નેહની અવગણના કરીને જમાલિ, એક દિવસે, ભ૦ મહાવીરના સાધુસંઘમાં સામેલ થવા ચાલી નીકળ્યો, પ્રિયદર્શના પણ સ્વામીના પગલે પગલે ચાલી નીકળી. પ્રિયદર્શનાનું આ અનુસરણ અતિ સહજ હોય એમ લાગે છે. માતા–યશોદાએ પ્રિયદર્શનાને ધાવણમાં જ કદાચ એ આર્યોચિત સંસ્કાર પાઈ દીધો હશે. યશોદાથી તો પતિને અનુસરવાનું ન બની શકયું, પણ એનો બદલો પુત્રી વાળી આપશે એવી આકાંક્ષા તો જરૂર સેવી હશે અને એ પુણ્યાકાંક્ષા અહીં પ્રિયદર્શનાના ગૃહત્યાગથી સફળ થતી દેખાય છે. પ્રિયદર્શના સાથે બીજી હજાર સ્ત્રીઓએ ભગવાન પાસે દીક્ષા લીધી.

જમાલિનું સામાન્ય જીવન જોતાં તે ઘણો ઉત્સાહી, તપસ્વી, બુદ્ધિમાન જણાય છે. ભ૦ મહાવીરે પણ એની શક્તિ અને અધ્યયન જોઇને એને પાંચસો ક્ષત્રિય મુનિઓના આચાર્યપદે સ્થાપ્યો હતો, પરંતુ વખત જતાં કોણ જાણે કેમ પણ એને પોતાની શક્તિનું અજીર્ણ થઇ આવ્યું હોય, ઘણા વખતની દબાઇ રહેલી અહંતાએ ઉછાળો માર્યો હોય કે પછી પોતાના કુળ કિંવા ભગવાન સાથેના જૂના સાંસારિક સંબંધના ઘમંડે

એની બુદ્ધિમાં વિકારના જંતુ વિકસાવ્યા હોય: ભગવાન મહાવીરના સાધુસંઘથી એ જુદો પડી ગયો. હકીકત તો એવી મળે છે કે એણે ભગવાન પાસેથી અનિયત વિહાર કરવાની પરવાનગી માગી, પરંતુ ભગવાને સ્પષ્ટ સમ્મતિ ન આપી. પ્રભુના મૌનને અનુમતિ માની તે શ્રમણસંઘથી સ્વતંત્ર બની ગયો.

હવે, પ્રિયદર્શનાએ શું કરવું? ભ૦ મહાવીરના સાધુસમુદાયથી જમાલિ જુદો પડી ગયો એમ જ્યારે પ્રિયદર્શનાએ સાંભળ્યું હશે ત્યારે તેને પારાવાર ગ્લાનિ થઇ હશે. એક તરફ જગત્પૂજ્ય પિતા હતા, બીજી તરફ સાધુસંઘમાં એક દિવસે આગેવાની ભોગવનાર પતિ હતા. પ્રિયદર્શનાએ કયો પક્ષ લેવો? એની સ્થિતિ સુડી વચ્ચે સોપારી જેવી થઇ પડી.

પતિ સાથેનો સાંસારિક તેમજ સામાજિક સંબંધ તો સ્મૃતિશેષ બની ચૂકયો હતો. આત્મહિતની સાધનામાં કોણ પતિ, કોણ પિતા કે કોણ પુત્ર એ જોવાપણું જ નથી હોતું. જેમણે સંસારની સ્મૃતિને પણ ભૂસી નાંખવાનું વ્રત લીધું હોય, વાસના કે મોહના બંધન છેદવાની જ જ્યાં રાતદિવસ પ્રક્રિયા ચાલતી હોય ત્યાં કોણ નવું જોડાયું કે કોણ છૂટું પડયું તેની કોઈએ પણ શા સારુ કાળજી કરવી જોઇએ?

એ બધી વાત ખરી. પણ પ્રિયદર્શના આખરે તો એક આર્ય બાળા હતી. જમાલીનો સૂક્ષ્મ બુદ્ધિમત્તા પ્રામાણિકતા અને ઉચ્ચાભિલાષ પ્રિયદર્શના જેટલા બીજું કોણ જાણતું હોય? પતિને ભક્તિથી કે સેવાથી પ્રસન્ન

કર્યાં હોય, પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ એમની પડખે રહ્યા હોઇએ તો પરલોકનું કલ્યાણ સહેજે સિદ્ધ થઇ જાય એમ તો પ્રિયદર્શના નહોતી માનતી; કારણ કે જૈન દર્શનને એવો કોઈ સિદ્ધાંત મંજુર નથી. સાધનામાર્ગમાં સૌ સ્વતંત્ર છે: સ્ત્રી હો યા પુરુષ, ક્ષત્રિય હોય યા બ્રાહ્મણ, પંડિત હોય કે અભણ : આત્મકલ્યાણના ખાંડાની ધાર જેવા માર્ગમાં એ બધા ભેદ ભૂંસાઈ જાય છે. પ્રિયદર્શના એ સઘળું જાણવા છતાં જમાલિ તરફના આકર્ષણનો સૂક્ષ્મ તંતુ તોડી શકી નહિ. એને એમ લાગ્યું કે જમાલિ જેવો વિદ્વાન, તપસ્વી સિદ્ધાંત સિવાય બીજા કોઈ નજીવા કારણસર આટલો વિદ્રોહી ન બની બેસે.

પ્રિયદર્શના ભ૦ મહાવીરના સંઘનો ત્યાગ કરી, જમાલિના પંથમાં ભળી ગઈ. તેની સાથે બીજી હજારેક સાધ્વીઓ પણ ચાલી નીકળી. જમાલીએ હવે પોતાને સર્વજ્ઞ, અર્હંત તથા મહાવીરનો સમોવડીયો જાહેર કરવાની હામ ભીડી.

( ૨ )

ફરતો ફરતો જમાલી એક દિવસે શ્રાવસ્તીના કોષ્ટક ચૈત્યમાં આવી ચડ્યો. હવે એ પહેલાનો જમાલિ નહોતો રહ્યો. લુખા-સૂકા આહારને લીધે એના દેહની કાંતિ હણાઇ ગઇ હતી. ભારે ભૂખ-તરસ વેઠવાની કષ્ટ-ક્રિયાને લીધે તેમજ વાસી અને પ્રમાણ રહિત ભોજન વારંવાર જમવાને લીધે તેનું સુકુમાર જેવું શરીર વ્યાધિ-ઓનું ધામ બન્યું હતું. શ્રાવસ્તીમાં આવ્યા પછી

પિત્તજ્વરને અંગે તેને એકદમ દાહ ઉપડ્યો. સહન કરવાની શક્તિ હતી ત્યાંસુધી તો તે પોતાના સ્થાને બેસી રહ્યો. પણ જ્યારે દાહ અસહ્ય લાગ્યો અને હવે પળવાર પણ બેસી શકાશે નહિ એમ લાગ્યું ત્યારે જ તેણે પોતાની સાથેના સાધુઓને પથારી પાથરવાનો આદેશ કર્યો.

પથારી પૂરી પથરાઈ–ન પથરાઈ એટલામાં તો જમાલીએ ફરી પ્રશ્નનો મારો ચલાવ્યો: "પથારી પથરાઇ કે નહિ ?" એના સ્વરમાં વેદનાની વ્યાકુળતા તરવરતી હતી.

"પથારી પથરાઇ ચૂકી." જે પાથરવાની ક્રિયા હજી ચાલતી હતી તે પૂરી થઇ ગઇ એમ માનીને એટલે કે ક્રિયમાણને કૃત માનીને એક સાધુએ જવાબ આપ્યો.

જમાલિએ આવીને જોયું તો હજી પથારી પૂરી પથરાઇ રહી નહોતી. ભક્ત જેમ પ્રભુના સ્વરૂપમાં તલ્લીન રહે છે તેમ વિરોધી પોતાના સમોવડીયાનું જ ચિંતન કરતો હોય છે. જમાલિને અધૂરી પથારી જોતાં જ ભ૦ મહાવીરનું, એમના સિદ્ધાંતનું સ્મરણ થઇ આવ્યું. પોતાના પંથના અનુયાયી સાધુ પણ હજી મહાવીરનો સિદ્ધાંત ભૂલ્યા નથી તે જોઇને એને નખથી શીખ સુધી આગ લાગી.

"અરે મિથ્યાવાદીઓ ! હજી પથારી થઇ નથી, છતાં થઇ છે એમ કહેતાં શરમ નથી આવતી ? પળની પણ જો વાર હોય તો સંથારો થઈ ગયો એમ તમારાથી કહેવાય જ કેમ ? મહાવીરનો ક્રિયમાણને કૃત - ગણ-

વાનો સિદ્ધાંત હું જાણું છું. તમે જો ભૂલેચૂકે પણ એ સિદ્ધાંતને માનતા હો તો તમે તમને અને મને પણ છેતરી રહ્યા છો. એ સિદ્ધાંત આધાર રહિત છે." તાડૂકી–તાડૂકીને જમાલિ આમ બોલતો હતો, એટલામાં પ્રિયદર્શના પણ ત્યાં આવી પહોંચી. સંઘના નાયક જમાલિને ઠીક નથી એમ જાણીને પ્રિય-દર્શના એમની ખબર પૂછવા જ આવ્યાં હતાં. એટલા-માં જમાલિને રોષપૂર્વક બોલતો જોઇને તેમજ સાધુઓને શરમીંદા બનેલા જોઇને પ્રિયદર્શના બોલી:

"એક તો આચાર્યની તબીયત બરાબર નથી, અને છતાં તમે એમને આ રીતે ખીજવો છો એ ઠીક નથી થતું."

"પણ આર્યે ! એમાં કંઇ અમારો અપરાધ હોય તો અમને ખુશીથી પ્રાયશ્ચિત્ત આપો. અમે તો એમની આજ્ઞા પ્રમાણે પથારી કરતા હતા એટલામાં એમણે પૂછ્યું: પથારી થઈ ગઇ ? અડધાથી વધુ પથારી પથ-રાઈ ગઇ હતી એટલે અમે જવાબ આપ્યો: થઈ ગઈ. એટલામાં તો તેઓ જાતે આવ્યા અને અમારી ઉપર લાલચોળ થઈ ગયા !"

"પણ તમારે એટલું તો સમજવું જોઇએ ને કે એક તપસ્વી પિત્તજ્વરના અસહ્ય દાહથી પીડાતો હોય ત્યારે એટલો પણ વિલંબ કેમ સહન કરી શકે ?"

"વિલંબનો તો પ્રશ્ન જ નથી અત્યારે. આચાર્યની આંખ આગળ જ્યારે ને ત્યારે ભ૦ મહાવીર જ રમી રહ્યા હોય છે. અત્યારે પણ મહાવીરના સિદ્ધાંતની સામે

જ ઉભરા ઠલવતા હતા. અમારો કંઇ દોષ નથી.” સાધુએ પોતાની નિર્દોષતા બતાવી.

સાધુને બોલતો અટકાવી જમાલિ કહેવા લાગ્યાઃ “હું ફરી ફરીને કહું છું કે ક્રિયમાણને કૃત કહેવાનો સિદ્ધાંત ખોટો છે.” પ્રિયદર્શનાને ઉદ્દેશીને તેમણે કહેવા માંડયું:

“ન્યાય કે તર્કનો ઝીણો કાંટો માંડવાની જરા ય જરૂર નથી. વહેવારની એરણ ઉપર પણ તમારા પિતાનો સિદ્ધાંત ટકી શકતો નથી. તમે જ વિચારો કે જો ક્રિયમાણને કૃત માની લેવામાં આવે તો મારા જેવા દર્દીઓની કેવી દુર્દશા થાય ? એક સામાન્ય શબ્દાર્થ-ની સચ્ચાઈ પણ જો તમારા પિતામાં ન હોય તો એમની પાસેથી આપણે બીજી કઇ આશા રાખીએ ?”

જમાલિ તરફ પ્રિયદર્શનાની સમવેદના ધોધવેગે વહી રહી હતી. એક તો એની કરમાયેલી–કાળી પડી ગએલી દેહલતા અને અત્યારની ઉદ્વેગભરી પરેશાની પ્રિયદર્શનાને શૂળની જેમ ખટકતી હતી.

“સમજું છું, આચાર્ય દેવ, સત્ય આપની તરફેણમાં છે.”

“બસ, તો જ્યાં સત્ય ત્યાં સર્વજ્ઞતા.” જમાલિએ સંતોષ સૂચવનારો એક ભારે નિઃશ્વાસ નાખ્યો.

જમાલિ જેવા યુવાન અને વળી સંસારદષ્ટિએ નિકટના સ્વજન કહી શકાય એવા વિદ્રોહીના સ્વચ્છંદ વર્તન માટે ભ૦ મહાવીરને કેટલી મર્મવેદના થઇ હશે તેની કલ્પના થઇ શકતી નથી. ગૌતમસ્વામી સાથેના એક

સંવાદમાં મહાવીરે જમાલિને આચાર્ય-ઉપાધ્યાયનો દ્વેષી, કુલ-ગણ અને સંઘનો દ્વેષી, કદાગ્રહી અને વાતનો ખોટો અર્થ કરનાર તરીકે વર્ણવ્યો છે. એક વાર તો ભ૦ મહાવીર ચંપામાં હતા ત્યારે જમાલિ સામે જઈને ભગવાનને કહી આવેલો કે "હું સર્વજ્ઞ છું. હું અર્હંત છું." પોતાનો એક વખતનો જમાઇ આવી ઉદ્ધતાઇ બતાવે ત્યારે બીજા કશા ખાતર નહિ તો પણ એની અવદશા માટે ભગવાનની અનુકંપાના ઝીણા તાર કેટલા જોસથી ઝણઝણી ઊઠયા હશે? ચંડકૌશિક સર્પ જેવાની દુર્ગતિ જોયા પછી જેમની આંખના પોપચાં દયાના આંસુથી ભિંજાઈ ગયા તેમને આ અધઃપાતે થોડા વલોવ્યા હશે? એટલું છતાં મહાવીરની મહત્તા તો એ જ છે કે એમણે કોઇવાર પણ જમાલિને ઉપદેશ કે ઉપાલંભનો એક શબ્દ સરખો પણ નથી કહ્યો. શ્રમણસંઘની આ પહેલી નાની તડ વખત જતાં મોટી ફાટ બની જશે એમ સ્પષ્ટ જોવા છતાં મહાવીરે જાણે કે એને છૂટો દોર આપી દીધો છે. ભાવીના અફાટ દરિયાઈ મોજા સામે પોતે આડો હાથ દેવાને અશકત હોય અને જે ભારે તોફાન ઊઠયું છે તેને એના સ્વાભાવિક માર્ગે વહી જવા દેવા સિવાય બીજો કોઇ માર્ગ ન હોય એવી અદ્‌ભુત તટસ્થતા અને પોતાને વિષે અચળ શ્રદ્ધા અહીં બરાબર દેખાય છે.

જમાલિ તો ઠીક પણ પ્રભુ શું પ્રિયદર્શનાને બોલાવીને એની આંખમાં આછું આંજણ ન આંજી શકત?

મોર જેમ પીંછથી શોભે તેમ જમાલિ પણ પ્રિયદર્શના જેવી આર્યા અને બીજી હજારેક સાધ્વીઓના સંઘ સમુદાયથી શોભતો હતો. પ્રિયદર્શના જો જમાલિનો પક્ષ મૂકી દે તો પણ એનો મદજ્વર મોળો પડે. ભગવાને ધાર્યું હોત તો પ્રિયદર્શનાને જરૂર સમજાવી શકત. પણ ઘણું કરીને કોઈની ઉપર અજુગતું દબાણ લાવવાની, પ્રભાવમાં આંજી નાખવાની વાત ભગવાનને નહિ રુચતી હોય. જે ભૂલો પડયો છે તે પોતાની મેળે નવા બોધપાઠ શીખીને માળામાં પાછો આવે એવી જ ઉદાર નીતિ એમણે સ્વીકારી જણાય છે.

× × ×

ભ૦ મહાવીરના ધૈર્ય અને ગાંભીર્યની એક અનોખી ભવ્યતા આ આખા પ્રસંગ ઉપર છવાઇ ગઇ છે. પ્રિયદર્શના જમાલિ તરફના પક્ષપાતને લીધે મૂળ માર્ગ છાંડી ગઈ હતી છતાં સ્ત્રીજાતિના સ્વભાવ કે નબળાઇ વિષે નિરાશાનો એકે ઉદ્ગાર નથી કાઢયો. બુદ્ધદેવે ભિક્ષુણી સંઘની સ્થાપના કર્યા પછી આનંદને એક વાર કહેલું કે સ્ત્રીઓ સંઘમાં પ્રવેશી છે એટલે હવે આપણો સંપ્રદાય બહુ વાર નહિ ટકે : હજાર વર્ષ ટકવાનો હશે તો માંડ પાંચસો વર્ષ ટકશે.” બુદ્ધદેવની આ વાણીમાં ભારોભાર નિરાશા ભરી છે. પ્રિયદર્શનાને સંભારીને ભગવાને આવી કોઇ વાત નથી ઉચ્ચારી.

× × ×

તે કાળ ને તે સમયમાં સ્ત્રી–જાતિની અવગણના, અવમાનના બહુ સામાન્ય ને સ્વાભાવિક વાત ગણાતી. પુરુષની સમોવડી તે બની જ શકે નહિ એ સિદ્ધાંત

વજ્રલેપ જેવો બની ચૂકયો હતો, પરંતુ જે દુર્બળ હોય, દબાયેલાં હોય તેના પ્રત્યે સદ્‌ભાવ અને કરુણાનું જ નિર્મળ ઝરણુ સતત વહેતું રહેવું જોઈએ એવી ભગવાન મહાવીરની ભાવના હતી. મહાશતકના જીવનનો એક જ પ્રસંગ એ વિષે બસ થશે.

રાજગૃહીમાં એ વખતે મહાશતક નામનો શ્રાવક રહેતો હતો. ધનવૈભવ તો પારવગરનો હતો, પરંતુ એને એક એવી ભાર્યા મળી હતી કે જે મહાશતકને ઘડી વાર પણ નિરાંતે બેસવા નહોતી દેતી. એ સ્ત્રીએ પોતાની છ–છ શોકયોના ખૂનથી હાથ રંગ્યા હતા, અખાદ્ય-અપેયનો તો એને કંઇ હિસાબ જ નહોતો. મહાશતક જેવો વ્રતી, સંયમી, સહનશીલ હતો તેટલી જ તેની ભાર્યા, સ્વચ્છંદી, દુષ્ટ અને અધમ હતી. મહાશતક મોટે ભાગે પોતાની પૌષધશાળામાં જ રહીને ધર્મધ્યાનમાં દિવસ–રાત વિતાવતો.

એક વખત એની પેલી સ્ત્રી જાણે રકતપિપાસુ રણચંડી હોય તેમ છૂટા કેશ સાથે એ પૌષધશાળામાં આવી. કોઇ પણ કુલવધૂ કે આર્ય નારીને ન શોભે એવાં વેણ બોલવા લાગી. મહાશતક ગમે તેવો તપસ્વી, પણ માનવી હતો. એને પોતાની સ્ત્રીના આવા દુર્વર્તનને લીધે ખીજ ચડી. એણે માત્ર એટલું જ કહ્યું કે: " તું નરકગતિની અધિકારિણી થશે. " એટલે કે તારા ભાગ્યમાં નરકની યંત્રણા છે.

ગણધર ગૌતમના સાંભળવામાં આ વાત આવી. એમણે ભગવાનને એ હકીકત કહી. ભગવાને ગૌતમ

મારફત મહાશતકને કહેવરાવ્યું કે " કોઈ પણ શ્રાવકે એવાં અનિષ્ટ અને અપ્રિય વચનો નહી કહેવાં જોઇએ." આખરે મહાશતકને, પોતાની સ્ત્રીને કહેલાં આકરાં વેણ માટે પ્રાયશ્ચિત કરવું પડયું. જે દુર્બળ છે, જે દુષ્ટ છે, જે મોહાંધ છે તેનો સબળ કે સાધક ઉપર શાંતિ, ધૈર્ય, ક્ષમાનો સૌથી અધિકો હક્ક પહોંચે છે. ભ૦ મહાવીર, મહાશતકના પ્રાયશ્ચિતવડે જાણે કે *એ જ સૂત્ર* કાળના અનંત પડદા ઉપર મોટે અક્ષરે આલેખી ગયા છે. આર્ય નારી પ્રત્યે આવી નિર્મળ અને ઉદાર દૃષ્ટિથી જોનાર પુરુષ પ્રિયદર્શનાને શું કહી શકે ?

પણ ઢંક શ્રાવક, પ્રિયદર્શનાના માથાનો મળ્યો. એ જાતનો કુંભાર હતો અને શ્રાવસ્તિમાં રહેતો. તેણે પોતાની કળા–કારીગરી અને પરિશ્રમને પ્રતાપે સારી સમૃદ્ધિ પણ મેળવી હતી. ભ૦ મહાવીરનો એ પરમ ભક્ત હતો. જૈનધર્મ એની ચડતી કળા વખતે બ્રાહ્મણ, વૈશ્ય ને ક્ષત્રિય ઉપરાંત બીજી નાની–મોટી જ્ઞાતિઓમાં કેટલો ફેલાઇ ગયો હતો તે આ ઢંક શ્રાવકની શ્રદ્ધા અને લાગણી બતાવી આપે છે. જમાલિ અને પ્રિયદર્શનાનો સાધુ-સાધ્વીસંઘ ફરતો ફરતો શ્રાવસ્તિમાં આવી ચડયો. સાધુ–સંઘ નગર બહાર ઉદ્યાનમાં ઊતર્યો અને સાધ્વી સમુદાય ઢંક કુંભારની શાળામાં ઊતર્યો.

ઢંક શ્રાવકે જમાલિના જુદા પડવાની વાત સાંભળી હતી. જૈનસંઘમાં એ પહેલવહેલો વિદ્રોહી હોવાથી, ધરતીકંપના સમાચાર દૂર દૂરના દેશાવરોમાં ફેલાઇ જાય તેમ આ વિદ્રોહની વાત એક જીભેથી બીજી જીભે

ઘણે દૂર પહોંચી વળી હશે. ઢંક જેવા કેટલાય ભદ્રિકોને એથી ઊંડી વ્યથા પણ ઉપજી હશે.

પ્રિયદર્શના સાથે ચર્ચા કરવામાં ઢંકને કંઈ સાર જેવું નહિં લાગ્યું હોય. ચર્ચામાં વિતંડા કે કદાગ્રહ જન્મી પડે એવી પણ એને કદાચ બીક લાગી હશે. તર્ક અને પ્રમાણથી જ, રોજ ઊભી થતી સમસ્યાઓ ઉકેલાવી જોઈએ એ વાત સાચી, પણ જ્યાં તર્ક અને બુદ્ધિ નકામા જણાય ત્યાં ક્રિયાત્મક પ્રયોગનો થોડો ટેકો લીધો હોય તો કંઈ ખોટું નહિ. આવો જ કંઇક વિચાર કરીને ઢંકે પ્રિયદર્શના પાસે થોડા આગના તણખા વેર્યા. ઊડતો ઊડતો એક તણખો પ્રિયદર્શનાના વસ્ત્રને સ્પર્શી ગયો અને આગના સ્વભાવ પ્રમાણે બાળવાની ક્રિયા શરૂ થઇ ગઈ. ઢંક એ જાણતો જ હતો.

પ્રિયદર્શના એકદમ બોલી ઊઠી: "જુઓ, જુઓ, ઢંક, તમારી ગફલતથી મારું આ વસ્ત્ર બળી ગયું !".

"આર્યે ! આપ વ્રતધારી થઇને ખોટું બોલી રહ્યાં છો !"

પ્રિયદર્શનાએ ઘડીભર આશ્ચર્યથી ઢંક સામે જોયું. વસ્ત્ર બળતું હતું એ દીવા જેવી ચોખ્ખી વાત હતી અને છતાં ઢંક જેવો શ્રદ્ધાળુ, ભદ્રિક, સેવાપરાયણ શ્રાવક વાતને ઉડાવી રહ્યો હતો, તે પ્રિયદર્શનાથી સહન કેમ થાય?

"હું ખોટું બોલું છું ? મને તમે ખોટી કહો છો ? તમારી નજર સામે આ વસ્ત્ર બળી રહ્યું છે તે નથી જોઇ શકતા ?"

"હા, તો એમ કહો કે વસ્ત્ર બળી રહ્યું છે. બળી ગયું એમ કહેવું એ આપના સિદ્ધાંત પ્રમાણે જૂઠાણું છે. એટલા ખાતર તો આપે આપના પરોપકારી પિતાનો પણ ત્યાગ કર્યો છે. એટલા ખાતર તો આપે અખંડ અને અવિભક્ત સંઘમાં ભાગલા પાડી નાખ્યા છે. ભગવાને જ નયોની અપેક્ષાએ શબ્દાર્થના વિવિધરૂપ વિવેચ્યા છે. આપે વગર સમજ્યે કદાગ્રહ પકડી રાખ્યો અને વિશ્વવંદ્ય ગુરુની અવગણના કરી."

પ્રિયદર્શનાની આંખ આગળના પડદા એકદમ સરી પડતાં હોય એમ એને લાગ્યું. ક્રિયમાણને કૃત કહેવામાં ભગવાન મહાવીર કેટલા વ્યવહારદક્ષ હતા તે હવે એને સમજાયું. જે અંધકાર કોઈ દિવસ ભેદાય નહિ એમ લાગતું હતું તે ઢંકના એક નાના શા પ્રયોગના પ્રતાપે પીગળીને પ્રકાશરૂપ બની જતો હોય એમ લાગ્યું.

"ઢંક ! તમે મારી ભ્રમણા ટાળવા માટે જ આ પ્રયોગ કર્યો લાગે છે. સાચે જ આજે તમારી પાસેથી નવી જ વાત સાંભળતી હોઉં એમ લાગે છે."

"નવી હોય કે જૂની. આર્યે ! એ બધો આપના પૂજ્ય પિતાજીનો જ પ્રતાપ છે. મારા જેવો એક સામાન્ય માણસ શ્રાવક બની શકે છે અને જુદી જુદી દષ્ટિએ વસ્તુનું સ્વરૂપ જોઈ શકે છે એ પ્રતાપ આપના પિતાનો જ છે. મારા જેવા કેટલાય માણસોને એમણે આંખ આપી છે–કેટલાય માર્ગભૂલેલાઓને રાજરસ્તે દોર્યા છે." ઢંકની વાણીમાં ભક્તિની ગદ્દગદ્દતા ઊભરાવા લાગી.

પ્રિયદર્શનાની પાતળી ભ્રમજાળને આટલા જ આંચ-

કાની જરૂર હતી. એને પોતાની ભૂલ અને ઉતાવળ સમજાઇ. ઢંક શ્રાવક એને પરમોપકારી જેવો લાગ્યો. ભગવાનથી આટલે દૂર રહેનારા પણ જો ભગવાનના સિદ્ધાંત અને ઉપદેશને આટલી સરસ રીતે સમજી શકે છે તો પછી પાસે રહેનારા અને ભગવાનની સાથે કૌટુંબિક સંબંધ ધરાવનારે તો ભગવાનને સહેજ પણ અન્યાય ન થવા પામે તે વિષે કેટલી કાળજી, જાગૃતિ રાખવી જોઇએ તેનો વિચાર કરતાં પ્રિયદર્શનાની આંખો અશ્રુભીની બની.

" હું આટલી નજીક રહેવા છતાં પ્રભુની સાદી વાત પણ પૂરી ન સમજી અને પતિની સાથે સંઘમાંથી જુદી પડી ચાલી નીકળી. " પ્રિયદર્શના પોતાને જ ઉપાલંભ આપતી હોય તેમ અતિ ધીમે સ્વરે બોલી.

' કુટુંબીઓ, પરિચિતો, મિત્રોમાંથી બહુ જ ઓછા એવા ભાગ્યશાળી હશે કે જે લોકતારકને બરાબર સમજી શ્રદ્ધાથી અનુસરવાની તાકાત દાખવી શકતા હશે. તમારી એકલાની જ સ્ખલના થઇ છે એવું ન માનતાં. મહદ્ ભાગ્ય હોય તો જ પોતાની વચ્ચે વસતા-હરતા ફરતા મહાપુરુષને યથાર્થ સ્વરૂપમાં ઓળખી શકીએ. "

" ખરી વાત છે, ઢંક. મલયગિરિમાં રહેનારી ભીલડીને ચંદનની કંઇ જ કીમત નથી હોતી. તે તો મોંઘા ચંદનને પણ બાવળના લાકડાની જેમ બાળી નાખશે. પોતાના જમાનાના અવતારી જેવા પુરુષને પિછાનવા એ રમતવાત નથી. "

ઢંક અને પ્રિયદર્શના કેટલીક વાર લગી શાંત-નિસ્તબ્ધ બેસી રહ્યાં. બળતું વસ્ત્ર તો પ્રિયદર્શનાએ ક્યારનું ઓલવી નાખ્યું હતું, પરંતુ અંતરમાં જે પવિત્ર પશ્ચાત્તાપનો અગ્નિ ભડભડ બળી રહ્યો હતો તેને કેવી રીતે ઓલવવો એ હજી એને નહોતું સમજાયું. થોડી વાર રહીને પ્રિયદર્શના બોલવ લાગી:

" ઢંક, મારાથી આવી પહાડ જેવી મોટી ભૂલ કેમ થઈ ગઈ હશે? જે સિદ્ધાંત પ્રમાણે હું રાતદિવસ વર્તું છું, જેને સત્ય સમજું છું, તે જ સિદ્ધાંતના વિરોધ અર્થે મેં મારા પૂજ્ય પિતાજીનો પણ ત્યાગ કર્યો! એક નાની વાતને મેં કેટલું મોટું રૂપ આપ્યું?" પ્રિયદર્શનાનો એકે એક ઉદ્‌ગાર આગના તણખા જેવો નીકળતો હતો.

ઢંકે જ એ આગ પેટાવી હતી. એણે જ એ શમાવવી જોઈએ, એમ ધારીને તે બોલ્યો:

" હવે, એ વિષે નકામી ચિંતા કરવાની જરૂર નથી. સવારે ભૂલો પડેલો મુસાફર, જો રાત્રે ઘેર પહોંચે તો એ ભૂલો પડેલો નથી ગણાતો. તમે પણ જરા આમતેમ રઝળીને રખડીને આખરે ઠેકાણે આવીને ઊભાં રહ્યાં છો."

" પણ ભાઈ, કોણ જાણે કેમ મારા મનને નિરાંત નથી વળતી."

" ભગવાનના શરણમાં પહોંચશો એટલે નિરાંત આપોઆપ વળી જશે. આલોયણા અને પ્રતિક્રમણ, પાપના મોટા પુંજને પણ બાળીને ભસ્મ કરી નાખશે."

ઢંકના એ શબ્દોના જ પડઘા પ્રિયદર્શનાના પોતાના અંતરમાં ઊઠતા હતા.

વીરાંગના તો તે હતી જ, એટલે તો પતિના સિદ્ધાંત પાછળ વગર સંકોચે ચાલી નીકળી હતી. પણ હવે એ ભૂલ સમજાયા પછી પોતે વીરપુત્રી હતી તે ફરી એક વાર બતાવી આપ્યું. ભ૦ મહાવીર તે વખતે ત્યાંથી લગભગ બાર ગાઉ જેટલા આઘે હતા. ચારે પ્રકારના આહારના ત્યાગનો નિર્ણય કરીને પ્રિયદર્શના ઢંકની પાસેથી તે જ ઘડીએ નીકળી ગઇ. ભગવાનના ચરણમાં પડી, ભૂલનું પ્રાયશ્ચિત્ત કરી, પુનઃ સાધ્વી-સંઘમાં ભળી ગઈ.

ઢંકે જ્યારે એ વાત સાંભળી ત્યારે એનાથી સહેજે બોલાઈ જવાયું. “ભગવન્! મહાવીર! આખરે તો આપના જ સિદ્ધાંતનો જય થવાનો!”

# મૃગાવતી



( ૭ )

કવિની લેખિની કે કળાકારની પીંછી, તીર અથવા તલવાર કરતાં પણ વધુ તાકાતવાળી હોય છે. એ લેખિની કે પીંછી ઉપર શુદ્ધ કળાભક્તિ, નીતિ, સુરુચિ અથવા સંયમની પ્રભુતા વસે છે ત્યાં સુધી જ તેમાંથી

લોકહિતની અમૃતધારા અવિચ્છિન્ન વહે છે. પણ જે ઘડીએ કવિ કે કળાકારના સ્વચ્છંદ, વેર કે બીજી કોઈ મલિનવૃત્તિનો મેલ ભળે છે તે ઘડીએ રોગના જંતુથી ભરેલા વાયુની જેમ વિઘાતક અને ભયંકર બની જાય છે.

કૌશાંબીનો યુવાન ચિત્રકાર, સાકેતપુરમાં જઇને ચિત્રકળાની ઉપાસના કરવા રહ્યો ત્યારે કેટલો ઉદાર, વિનયી અને ભાવનાશાળી હતો ? જે વૃદ્ધ ડોશીમાને ત્યાં એ ઊતર્યો હતો તે ડોશીમાનો પુત્ર પણ રેખા ને રંગનો ઉપાસક હતો. એક દિવસે સુરપ્રિય નામના યક્ષના દેવાલયમાં જઈને યક્ષનું ચિત્ર આંકવાનો એનો વારો આવ્યો. વારાની ના પાડી શકાય એમ નહોતું. ગામના લોકોએ પોતે જ, રાજાને વચ્ચે રાખીને આ નિયમ બાંધ્યો હતો. અને ડોશીમાનો વહાલો-ખોટનો દીકરો જો યક્ષના મંદિરમાં જાય-રૂઢિ પ્રમાણે ત્યાં જઈને ચિત્ર આંકવા બેસે તો એનો ભોગ લેવાય એ નિશ્ચિત વાત હતી. યક્ષના મંદિરમાં, યક્ષનું ચિત્ર આંકવા જવું એ યમના મુખમાં પ્રવેશ કરવા જેવું હતું. વૃદ્ધ મા પોતાના પુત્રનો યક્ષ ભોગ લેશે એમ જાણીને કરુણ આક્રંદ કરવા લાગી. એ જ ઘડીએ પેલા કૌશાંબીના યુવાન ચિત્રકારે આવીને વૃદ્ધ માજીને હિમ્મતપૂર્વક કહ્યું: “ મા ! ચિંતા ન કરો. યક્ષના મંદિરમાં તમારા પુત્રને બદલે હું જઇશ ! ”

માતાને જરા ટાઢક તો વળી પણ કૌશાંબીનો આ યુવાન એને પુત્ર જેટલો જ વહાલો હતો. આવા

આશાભર્યા યુવાનની મા અને બહેન બિચારાં રાહ જોતાં ઘેર બેઠાં હશે. એનો પણ ભોગ કેમ દેવાય ?

"બેટા ! તું પણ મારો જ પુત્ર છે. તું જાય કે મારો પુત્ર જાય, મારે મન બધું સરખું જ છે." માતાની દુર્બળ આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસતો જ રહ્યો.

"યક્ષને હું જોઇ લઈશ. પણ હું બેઠો હોઉં અને યક્ષ તમારા પુત્રને ભરખી જાય એવું તો કોઇ કાળે પણ ન બનવા દઉં." કૌશાંબીના યુવાનની આંખોમાં નિર્ભયતા અને આત્મભાનનું તેજ ચમકી ઊઠ્યું.

તે કાળ ને તે સમયમાં યક્ષોની સત્તા ઈશ્વરી પ્રભાવને પણ વટાવી ગઇ હતી. યક્ષો જ મોટે ભાગે પૂજાતા અને યક્ષના ભયથી લોકો થરથરતા. યક્ષને નામે જે આજ્ઞા પ્રચલિત થઇ હોય તેની સામે કોઇથી ઊંચી આંગળી પણ ન થાય. યક્ષના મંદિરમાં રાતવાસો પણ કોઇથી ન રહેવાય. દેવના પણ દેવ જો કોઈ હોય તો તે યક્ષો. યક્ષ રાક્ષસની જેમ માણસને ચૂસીને શેરડીના છોતરાની માફક ફેંકી દઇ શકે, યક્ષ મહામારી ફેલાવીને ગામનાં ગામ ઉજ્જડ-વેરાન બનાવી શકે. યક્ષ કે યક્ષિણીનું નામ સાંભળતાં લોકોનાં હાજાં ગગડી જતાં. એમને ખુશ રાખવા, એમને બલિ ધરવાં, એમના ઉત્સવ ઊજવવા એ જ જાણે કે જીવનની ક્ષેમ-કુશળતા હોય એવી માન્યતા ઊંડા મૂળ ઘાલીને બેઠી હતી.

આ યક્ષના ભય-સામ્રાજ્ય સામે પહેલો શંખ ભ૦ મહાવીરે ફૂંક્યો. દીક્ષા પછી થોડા જ સમયમાં ભ૦

મહાવીર અસ્થિક ગામમાં આવેલા ત્યારે ગામલોકોએ કહેલું: "બાપજી! આ યક્ષના મંદિરમાં રાત રહેવા જેવું નથી. અહીં શૂલપાણિ યક્ષ કોઇને જીવતો જવા દેતો નથી. એનો પૂજારી પણ સાંઝ પડે એટલે ઘર-ભેગો થઈ જાય છે. આવા તો કેટલાય માનવીને એણે ચૂસીને કેરીના છાલ-ગોટલાની જેમ ફેંકી દીધા છે."

પણ જો પ્રભુ મહાવીર બીજાની જેમ યક્ષથી ડરીને ચાલ્યા જાય તો એમનામાં ને સામાન્ય માનવીમાં શું ફરક ગણાય? ભગવાન્ નિર્ભયતા અને કષ્ટસહિષ્ણુતાનો, પુરુષાર્થ અને આત્મનિર્ભરતાનો પાઠ શીખવવા માગતા હતા. એમણે ત્યાં જ રાત્રિવાસ કર્યો અને એ ભય-સામ્રાજ્યના સમ્રાટને પોતાના શરણે આણ્યો. આવા બીજા પણ ઘણા પ્રસંગો ભ૦ મહાવીરના જીવનમાં છે.

આવા એક યક્ષની છાયામાં જવું એ રમત વાત છે? ત્યાં એકલા રાત કાઢવી અને યક્ષના જે વિકરાળ સ્વરૂપો લોકવાણીમાં મૂર્ત્તિમંત બન્યા હતા તેનો સામનો કરવો એ કાચાપોચા જુવાનનું કામ નહોતું. છતાં કૌશાંબીનો યુવાન ચિત્રકાર એ કાળભૈરવને ભેટવા તૈયાર થયો. એક તો આ ડોશીમાના પુત્રને બચાવવો અને પોતાનું બલિદાન દઈને પણ સાકેતપુરમાં ત્રાસ વર્તાવતી મહામારી અટકાવવી એવા બે હેતુ સંકળાયેલા હતા. સાકેતપુરના આ સુરપ્રિય યક્ષની પ્રતિમા જો કોઈ ચિત્રકાર ન આંકે તો રોગચાળો ફાટી નીકળે એવી લોકોને સતત બીક રહેતી. એક ચિત્રકારનો દર વર્ષે એ રીતે ભોગ અપાતો અને એ ભોગ ઉપર લોકો મહોત્સવ પણ કરતા.

સુરપ્રિયના દેવાલયમાં જે રાત રહે તે બીજે દિવસે જીવતો ન નીકળે એ ચોક્કસ હતું. કૌશાંબીનો યુવાન પૂરી તૈયારી કરીને યક્ષને ભેટવા ચાલ્યો. પહેલાં તો તેણે બે દિવસના ઉપવાસ કરી અંતઃશુદ્ધિ કરી લીધી. શરીરે સ્નાન કરીને ચંદનનું વિલેપન કર્યું. અંતરની અને બહારની શુદ્ધિ કરીને, પવિત્ર ભાવનાથી, મોં આડું આઠપડું વસ્ત્ર બાંધીને (મલિન શ્વાસોચ્છ્વાસ સરખો પણ દેવની આકૃતિને ન સ્પર્શવો જોઇએ એ આશયથી) તેણે તદ્દન નવીન પીંછીઓ અને સુંદર રંગથી યક્ષની મૂર્તિ આલેખવા માંડી.

આવી ઉદાર, શુદ્ધ, પવિત્ર ભાવનાનો પ્રેર્યો જે યુવાન દેવ-ઉપાસના અર્થે ગયો હોય તેને મલિન વૃત્તિવાળો દેવ પણ શું કરી શકે? ભયથી કંપતા હોય, ચિંતાથી ગભરાતા હોય, અનેકવિધ મેલી વાસનાથી ખરડાયેલા હોય તેની ઉપર મેલા દેવની કરામત કામ કરી જતી હશે, પણ અહીં તો સરળતા અને શુદ્ધિની મૂર્તિ જેવો, પ્રામાણિકતા અને બંધુતાના પ્રતીક સમો યુવાન પૂરા ભક્તિભાવથી, ચિત્રાંકનમાં તલ્લીન બનીને બેઠો હતો.

યક્ષે પ્રસન્ન થઇને વર માગવાનો આગ્રહ કર્યો ત્યારે પણ તેણે પોતાના માટે કંઈ જ ન માગ્યું. એ પોતાને એક રીતે ભૂલી જ ગયો હતો એમ કહીએ તો ચાલે.

"યક્ષ દેવ! આપ સાચે જ પ્રસન્ન થયા હો તો હવે પછી કોઈ પણ ચિત્રકારનો ભોગ લેવાનું માંડી વાળો!" યુવાનની આ પહેલી માગણી હતી અને યક્ષને પણ તે સ્વીકારવી પડી. યક્ષને એટલેથી સંતોષ ન થયો.

"તું તારા માટે કંઈક પણ માગ!" ફરીફરીને યક્ષે યુવાનને હુન્યવી સ્વાર્થ-સંપત્તિ યાચવા આગ્રહ કર્યો. પણ એ તો પોતાની ધીરોદાત્તતામાં અડગ જ રહ્યો.

"આ નગરને મહામારી જેવા ઉપદ્રવથી ખેદાન-મેદાન કદિ ન કરશો." યુવાને બીજી માગણી નમ્રપણે રજૂ કરી.

આખરે યક્ષે પોતે જ યુવાનની ચિત્રકળા ઉપર આશિષ વર્ષાવીઃ "બીજાના ભલા માટે તેં ઘણું માગ્યું. પણ હવે હું મારી મેળે તારી કળાને અભિનંદવા એટલું કહું છું કે તું મનુષ્ય, પશુ કે પંખીના અંશને નીરખ્યા પછી તેનું આખું-યથાસ્થિત ચિત્ર આંકી શકશે."

વિદ્યા કે કળાની સાધના એકલો અભ્યાસ નથી માગતી. હૃદયની વિશુધ્ધિ, સ્વાર્પણતા અને ઉદારતા એ સાધના ઉપર દેવતાઓના આશિષ-પુષ્પ વરસાવે છે. કૌશાંબીના યુવાન ચિત્રકારની પીંછીમાંથી હવે એક બીજાને ભુલાવે એવી સુરેખ ચિત્રાવલી પ્રકટવા લાગી. યક્ષના મંદિરમાંથી એ જીવતો બહાર આવ્યો એટલું જ નહિ પણ જોતજોતામાં જેટલો લોકમાન્ય તેટલો જ રાજમાન્ય બન્યો.

શતાનિક રાજાની ચિત્રસભામાં, એક દિવસે, એને પણ આમંત્રણ મળ્યું. અહીં અકસ્માત્ એક દુર્ઘટના બની ગઈ. એ દુર્ઘટનાએ કૌશાંબીના આ યુવાનનું માથું ફેરવી નાખ્યું-એની સાધનાનું જે પીઠબળ હતું તે જ તોડી નાખ્યું. ઘટના તો બહુ સામાન્ય હતી, પરંતુ સામાન્ય ઘટના જોતજોતામાં કેવું અણુચિંતવ્યું,

અણુકલ્પ્યું અને ભયંકર સ્વરૂપ ધારણ કરે છે અને એની અનિષ્ટ અસર કેટલે દૂર દૂર પહોંચી વળે છે તે અહીં દેખાય છે.

ચિત્રકારે શતાનિક રાજાની રાણી મૃગાવતીનું ચિત્ર ભીંત ઉપર આલેખવા માંડયું. એણે મૃગાવતીને સ્વપ્નમાં યે નહોતી ભાળી. અંતઃપુરની ચાર દિવાલો વચ્ચે વસનારી એ રૂપરાણીનાં દર્શન ભાગ્યે જ કોઇને થતાં. માત્ર એક વાર ચિત્રસભામાં બેઠા બેઠા તેણે મૃગાવતીની પગની પાની જ નિહાળેલી. એ ઉપરથી એની ચિત્ર-સાધનાએ એક સર્વાંગસંપૂર્ણ ચિત્ર ઉપજાવી કાઢયું. યક્ષના આશિષે પણ એમાં મુખ્ય ભાગ ભજવ્યોઃ અહીં સુધી તો બધું બરાબર હતું. રાજા શતાનિક પણ મૃગાવતીની આવી રૂપરંગમય કળાકૃતિ જોઈ હરખાયો, પરંતુ ઝીણવટથી જોતાં જ્યારે તેણે મૃગાવતીની જાંઘ ઉપર તલનું ચિહ્ન અંકાયેલું જોયું ત્યારે પગ પાસે પડેલા કાળા નાગને જોઇને માનવી એકાએક ભયભીત બને તેમ તે બેચેન બની ગયો.

"મૃગાવતીની જાંઘ ઉપરનું તલનું આ ચિહ્ન, કળાકાર કઈ રીતે જાણી શકયો ?" આ એક જ વિચારે શતાનિકની બુદ્ધિશક્તિને વમળમાં નાખી દીધી.

કળાકારનો વસ્તુતઃ એમાં કંઇ જ વાંક નહોતો. બબ્બેવાર તો એણે પીંછીમાંથી ટપકેલું એ બિન્દુ ધોઇ નાખ્યું હતું. ત્રીજી વાર પણ ફરીને જ્યારે પાછું એ ટપકું ત્યાં ને ત્યાં જ પડયું ત્યારે એમાં કંઈક ઊંડો દૈવી સંકેત હશે એમ માની એણે રહેવા દીધું. કળાકાર જેને

પોતાની ભૂલ અથવા સ્ખલના સમજતો હતો તે ભૂલ, તે સ્ખલના જ એની કળાકૃતિને કવચિત્ યથાર્થતા અર્પતી હતી. આવી શ્રધ્ધાવાળી દૃષ્ટિથી તેણે ત્રીજી વાર પડેલું આ ટપકૂં લૂછી નાખવાનું માંડી વાળ્યું.

રાજા શતાનિકને આ ચિત્રકાર અને મૃગાવતીના ચારિત્ર ઉપર વહેમ આવ્યો. બીજા કળાકારો અને મંત્રીઓએ રાજાના મનનું સાંત્વન કરવા એને ઘણી ઘણી રીતે સમજાવ્યો. પણ એનો ક્રોધાવેગ ન શમ્યો. આખરે એક હળવામાં હળવી સજા તરીકે એ કળાકારના જમણા હાથનો અંગૂઠો એણે કપાવી નાખ્યો.

સદોષ તો નીચી મુંડીએ સજાનો સ્વીકાર કરીને ચાલી નીકળે, પણ નિર્દોષ એવો અન્યાય કેમ સહન કરે ? કળાકાર સાવ નિરપરાધ હતો. એના કપાળે ખોટું કલંક ચોંટયું હતું. એટલું છતાં જો એ અન્યાયનો ઘૂંટ ગળા નીચે ઉતારી શકયો હોત તો એની કળા–સાધના ઇતિહાસનું એક સોનેરી પ્રકરણ બની જાત. નિર્દોષો ઉપર ગુજરતા નાના મોટા અન્યાયો અને અત્યાચારોના ખાતરમાંથી જ સંસ્કૃતિના અંકુર ફૂટે છે. આ પ્રકારની ધીરોદાત્તતા ભલે કાયર કે કંગાળના દાંભિક બચાવ જેવી લાગે પણ ધર્મ અને સંસાર, સંસ્કાર તેમજ અધ્યાત્મના ક્રમવિકાસનાં બીજ એ અન્યાય સહન કરવાની શક્તિમાં જ છુપાયેલાં પડ્યાં હોય છે.

કૌશાંબીનો ચિત્રકાર, પોતાના રાજાના એ અન્યાયને પ્રસન્નચિત્તે પી ગયો હોત તો સંભવ છે કે

શતાનિક સદેહે નવો અવતાર પામત, શુદ્ધ આધ્યાત્મિક નવજીવન મેળવી લેત. ઇતિહાસના વિધાયકને જ કદાચ એ વાત નહિ ગમી હોય, ગમે તેમ, પણ ચિત્રકારે હવે વેર વાળવાનો નિર્ણય કર્યો. એટલે જ સાત્ત્વિકતાના સીધા રાહ ઉપરથી તામસિકતાના સ્વાભાવિક છતાં નિકૃષ્ટ માર્ગે એ ઊતરી પડ્યો.

આ એ જ યુવાન હતો, જે એક વૃદ્ધ ડોશીમાના પુત્રને બચાવવા, યક્ષનું ખપ્પર પોતાના લોહીથી ભરી દેવા એક દિવસે તૈયાર થયો હતો. આ એ જ યુવાન હતો જેના સ્વાર્પણે, લોહીતરસ્યા યક્ષના દિલમાં પલટો પેદા કર્યો હતો. આજે એ જ યુવાન શતાનિક ઉપરનું વેર વાળવા મૃગાવતીને સાધન બનાવવાનાં સ્વપ્ન સેવી રહ્યો છે. યુવાન જીવનની ઉજ્જ્વળ ભાવનાઓ શું કમલ-પત્ર પરના ઝાકળ બિન્દુ જેવી હશે? સાંસારિકતાનો સહેજ હિલોળો લાગતાં એ ખરી પડતી હશે?

શતાનિકનો સમોવડિયો હોત તો તે બીજે જ દિવસે તેની સાથે સમરાંગણમાં ઊતરત. પણ એ તો બની શકે એવું નહોતું. બીજા રાજા-મહારાજાઓ, સામંતો કે સચિવો સાથે તેને સંપર્ક નહોતો. એટલે હવે તો પીંછીની સહાયથી જ શતાનિકનું સત્યાનાશ નોતરવાની એ યુવાને યોજના કરી: જે પીંછીમાં ભક્તિભાવ, રસોલ્લાસ જેવા અહોભાવો રેલાવવાની છૂપી તાકાત ભરી હતી, જે પીંછી યક્ષનો આશીર્વાદ મેળવી ચૂકી હતી તે જ પીંછી વેરતૃપ્તિ અને સર્વનાશનો દાવા-નળ ફેલાવવા તૈયાર થઈ.

"શતાનિક મૃગાવતીની પ્રતિકૃતિ જોઇ વહેમાયો હતો તો હવે એ જ પીંછી અને એ જ રંગથી મૃગાવતીનું એવું મોહક ચિત્ર આંકું, રંગ ને રેખામાં એવા ઊંડા–ઘેરા આતશ ભરું કે શતાનિકના પ્રતિસ્પર્ધીઓ મૃગાવતી ઊપર મોહિત બન્યા વિના ન રહે." કળાની દિવ્ય શક્તિનો પૂરેપૂરો દુરુપયોગ કરવાનો એ યુવાને નિશ્ચય કર્યો. કળાને જ એણે હિંસક હથિયાર બનાવવાનો મનસૂબો કર્યો.

થોડા જ વખતમાં ભપકાદાર રંગોથી આંખોને આંજી નાખે એવું મૃગાવતીનું એક ચિત્ર તૈયાર કર્યું. ચિત્રની એકેએક રેખામાં, જોતાંની સાથે જ વાસનાની ભૂતાવળ જાગી પડે એવી ભભક ભરી દીધી. રંગ ને રેખાંકનમાં અતિશયોક્તિ કરવામાં કઇં કચાશ ન રાખી.

એ વખતે રૂપની આગમાં પતંગિયાની જેમ કૂદી પડનારા રાજા–મહારાજાઓને શોધવા જવું પડે એમ નહોતું. ઉજ્જૈનીનો ચંડપ્રદ્યોત એ વિષયમાં નામચીન બની ચૂકયો હતો. કોઈ પણ સ્થળે સારી સુંદર કન્યા કે સ્ત્રી હોય તો તે પોતાના અંતઃપુરને જ યોગ્ય છે એમ તે માનતો અને તેને મેળવવા કાવાદાવા કે ખાનાખરાબી કરવાં પડે તો તેને પણ સ્વાભાવિક જ સમજતો.

ચિત્રકારે આલેખેલું મૃગાવતીનું ભપકદાર ચિત્ર ઉજ્જૈનીની રાજસભામાં જઇને ચંડપ્રદ્યોત પાસે ધર્યું. ચિત્ર જોતાં જ પ્રદ્યોત બોલી ઊઠયોઃ "ખરેખર આવી નારી આ પૃથ્વી ઉપર વસે છે ?"

ખરું જોતાં એ મૃગાવતીનું ચિત્ર જ નહોતું.

આકાર ભલે મૃગાવતીનો હોય, પણ જે શીલ અને સૌહાર્દ એ નિર્દોષ નારીના અંગેઅંગમાંથી નિર્ઝરતાં હતાં તેને સ્થાને નર્યું તાચ્છિલ્ય અને અંગારા જેવી દાહકતા તો કળાકારે પોતે જ ઉમેરી હતી. મૃગાવતી પોતે કરુણા અને તાજી ખીલતી પુષ્પની પાંદડીઓથી જાણે ઘડાએલી હતી. મૃગાવતીની પાસે વસનાર જો કોઇ આ ચિત્ર નિહાળે તો તે એમ જ કહે કે "આ મૃગાવતીની મૂર્ત્તિ ન હોઇ શકે. મૃગાવતીના નામે કોઇએ આ માયાજાળ પાથરી લાગે છે." કળાનો એ અધઃપાત હતો. કળાકારની કિન્નાની વૃત્તિએ આજે મૃગાવતીના અંગમાં કુટિલતા જ સિંચી હતી.

ચંડપ્રદ્યોતને એ બધી વાતોનો વિચાર કરવા જેટલો અવકાશ નહોતો. એની આંખે કામુકતાના પડલ ન ચડયા હોત તો તે પહેલે જ ઝપાટે ચિત્રકારને કહી દેતઃ "આ મૃગાવતી ? શિવા દેવીની સગી બહેન ? ચેટક રાજાની પુત્રી ! એ મારી જ પુત્રી છે–મારી સ્ત્રીની બહેન એ મારી જ બહેન કહેવાય ! એના ચિત્ર સામે મારાથી મેલી દૃષ્ટિએ જોવાય જ નહિ ! લે તારું ચિત્ર ! આવી પવિત્ર અને આત્મીય નારીના નિર્મળ રૂપને વ્યાપાર કે વિક્રયની વસ્તુ બનાવતાં તારી પીંછી ભાંગી કેમ ન ગઈ ?"

પણ એ દિવસોમાં ચંડપ્રદ્યોતની, ભારતના મુખ્ય અને બળવાન રાજ્યોમાં જે રાડ બોલતી હતી, ઉશ્કેરાયેલા ચંડના વાયુવેગી આક્રમણની જે ધાક બેસી ગઈ હતી તે ઉપરથી એની પાસેથી એવી કોઇ આશા રાખવી એ વધારે પડતું ગણાય. મૃગાવતીના ચિત્રે ચંડપ્રદ્યોત

ઉપર, ચિત્રકારે ઇચ્છી હતી તેવી જ ભૂરકી નાખી દીધી.

"આવું રૂપ તો મારી જિંદગીમાં હું પહેલી જ વાર જોઉં છું." નિર્નિમેષ નેત્રે ચિત્ર નિહાળતા ચંડપ્રદ્યોતથી બોલી જવાયું.

સળગેલી આગમાં વધુ કાષ્ઠ નાખવાનો સુયોગ મળ્યો હોય તેમ ચિત્રકાર કહેવા લાગ્યો:

"પૂર્ણમૃગાંક જેવા મુખવાળી અને મૃગાક્ષી સમાન એ મૃગાવતીનું આ ચિત્ર તો હજી ઘણી ઘણી વાતે અધૂરું છે. જે કદિ વાણી કે પીંછીમાંથી ઊતરી શકે એમ જ નથી, તેની તો આપે માત્ર કલ્પના જ કરી લેવાની રહે છે."

"કૌશાંબીના શતાનિકની જ એ રાણી?" ચંડપ્રદ્યોત સ્વગત બોલતો હોય તેમ બડબડ્યો: "પણ તેથી શું થઇ ગયું? રાજા હોય, કે મોટો ચક્રવર્તી હોય: ગમે એ હોય, જે મારા યોગ્ય છે તે મને મળવી જ જોઇએ."

ચિત્રકાર પોતાનો પુરસ્કાર લઈને પાછો વળ્યો, પણ ચંડપ્રદ્યોતની ઊંઘ ઊડી ગઈ. મૃગાવતીને પોતાના અંતઃપુરમાં કેમ લાવવી એ વિચારે એને લગભગ બુદ્ધિશૂન્ય બનાવી દીધો. યુદ્ધમાં તે એક્કો હતો તેટલો જ કપટબાજીમાં પણ કુશળ હતો. નીતિ કે લોકલાજની પણ એ પરવા રાખે એવો નહોતો. મંત્રી અથવા અમાત્યની સલાહ, કોઇ પણ નવું સાહસ કરતાં પહેલાં લેવી જોઇએ એવા સૂત્રનું બંધન પણ એ નહોતો સ્વીકારતો.

એ વખતે અંગ, મગધ, કાશી, કોશળ, વત્સ તથા

અવંતીના રાજ્યો મુખ્ય હતાં. અંગ ને મગધ વચ્ચે અથડામણ ચાલ્યા કરતી તેમ કાશી ને કોશળ વચ્ચે અણબનાવ રહેતો, વત્સ અને અવંતી વચ્ચે પણ એવું જ વેર ચાલતું. એક બીજા વચ્ચે અણધારી યુદ્ધની નોબતો વાગતી. પણ એ બધામાં અવંતીનો ચંડપ્રદ્યોત નિર્લજ્જતા તેમજ નફટાઈમાં સૌથી જુદો પડી જતો. એને માટે એટલે સુધી વાત કહેવાય છે કે એક દિવસે તે માંદો પડ્યો. મગધના જીવક કૌમારભૃત્યે વૈદ્ય તરીકે દૂર દૂરના મોટા રાજ્યોમાં ખૂબ સારી નામના મેળવી હતી. એ જીવકને ચંડપ્રદ્યોત તરફથી આમંત્રવામાં આવ્યો. પ્રદ્યોતના આગ્રહથી વૈદ્યને જવું તો પડ્યું, પણ ઔષધ આપીને તરત જ હાથણી ઉપર સવાર થઇને ત્યાંથી નાસી છૂટ્યો. બીજાના પ્રાણ કે પ્રતિષ્ઠા, શીલ કે સંસ્કાર માટે ચંડપ્રદ્યોતને કંઇ જ માન કે સમભાવ જેવું નહોતું.

આ જ પ્રદ્યોત એક વાર સિંહસૌવીરના મહારાજા ઉદાયનની કૂબડી દાસી ઉપર મોહ પામેલો. કથા તો એવી છે કે મૂળ કૂબડી હોવા છતાં દાસી કોઇ દૈવી દવાના પ્રભાવથી સુવર્ણ જેવી કાંતિ પામી હતી, અને ચંડપ્રદ્યોત પોતે આવીને એને અંતઃપુરમાંથી ઉપાડી ગએલો. સિંધુસૌવીરના મહારાજાએ અવંતી ઉપર ચઢાઈ કરીને ચંડપ્રદ્યોતને કેદ કરેલો, પરંતુ પ્રદ્યોતના ભાગ્યે જોર કર્યું; સંવત્સરીને દિવસે પરસ્પરને ખમાવવા જોઇએ–જૂનાં વેરવિરોધ શમાવવાં જોઇએ એવી નિર્મળ ભાવનાથી ચંડપ્રદ્યોતને વીતભયના મહારાજાએ પર્યુષણના પર્વમાં છૂટો મૂકી દીધેલો. ચંડપ્રદ્યોત ભગવાન મહા-

વીરનો ભક્ત હતો, પોતાનો સ્વધર્મીબંધુ છે એમ માનીને મહારાજા ઉદયને એને મુક્તિ આપેલી. બુદ્ધિનિધાન અભયકુમાર અને ચંડપ્રદ્યોત વચ્ચે પણ આવી પટ્ટાબાજી ખેલાએલી. એ આખા રાજપ્રકરણી નાટકમાં ચંડપ્રદ્યોતે શઠ પાત્રની જેમ જ પોતાનો ભાગ ભજવેલો.

એ ચંડપ્રદ્યોત, ચિત્રકારે પેટાવેલી રૂપશિખાનો ભોગ બને એમાં નવાઈ નથી. મૃગાવતીને પોતાની કેમ બનાવવી તે વિષે એને વધુ વિચાર કરવાની જરૂર ન લાગી. પોતે પોતાને એટલો પ્રતાપી માનતો અને એવું ઘમંડ ધરાવતો કે શતાનિક પાસે પોતાનો દૂત પહોંચશે અને મૃગાવતીની માગણી કરશે એટલે કૌશાંબીનો રાજા મૃગાવતીને રવાના જ કરી દેશે! અને સાચે જ-ભલે હાસ્યાસ્પદ તેમજ ઘૃણાસ્પદ લાગે તો પણ યથાર્થ હકીકત તો એવી જ મળે છે કે ચંડપ્રદ્યોતે કૌશાંબીના રાજવી-મૃગાવતીના પતિ પાસે દૂત મોકલ્યો અને મૃગાવતી પોતાને ગમે છે માટે શતાનિકે મૃગાવતી ઉપરનો પોતાનો દાવો જતો કરવો-એમાં જ એની અને કૌશાંબીની સહીસલામતી છે એમ કહેવરાવ્યું. શતાનિકે દૂતને તો કંઈ સજા ન થાય એ પ્રકારની રાજનીતિને માન આપી જીવતો જવા દીધો, પણ જ્યાં સુધી પોતે હયાત છે અને બાવડામાં બળ છે ત્યાં સુધી તે મૃગાવતીનું અને કૌશાંબીનું રક્ષણ કરશે : ચંડપ્રદ્યોત ઓછો ન ઊતરે એવી મતલબનો જવાબ પાઠવ્યો.

ચંડપ્રદ્યોત પણ લડવા માટે તૈયાર જ હતો. અને બીજી તરફ શતાનિક પણ પોતાના પ્રાણની પરવા કર્યા

વિના છેલ્લે સુધી લડી લેવાની પૂરી તાકાત ધરાવતો. ઘણા નાના–મોટા સંગ્રામમાં એ શતાનિક વિજય–કલગી પહેરી ચૂક્યો હતો.

એને માત્ર એક જ ચિંતા હતી. કૌશાંબી ગઢ વિનાનું ઉઘાડું શહેર હતું અને લડવાની તૈયારી કરવા જેટલો સમય નહોતો. ચંડપ્રદ્યોત તો હમેશાં પોતાના પ્રતિ-સ્પર્ધી સાથે ખાંડાના ખેલ ખેલવા તૈયાર જ રહેતો. વળી મૃગાવતીનો બાળ–કુંવર હજી પારણામાં જ ઝૂલતો હતો. એમને બન્નેને સહીસલામત સ્થાને ક્યાં મોકલવાં તે એક મોટી મૂંઝવણ હતી. આ ચિંતામાં ને ચિંતામાં જ શતાનિકને એટલો આઘાત લાગ્યો કે ચંડપ્રદ્યોત સસૈન્ય કૌશાંબી પહોંચે તે પહેલાં જ અતિસારને લીધે મૃત્યુ પામ્યો.

અનાથ–આધાર રહિત બનેલી મૃગાવતીએ હવે શું કરવું ? ચંડપ્રદ્યોત જેવા ઉદ્ધત અને વાસનાવશ શત્રુની શરણાગતિ સ્વીકારવી કે યુધ્ધની આગમાં ઝંપાપાત કરવો ? એકે પાડોશી રાજ્ય મદદે આવે એવી તો આશા જ નહોતી. કૌશાંબીનું મડદું ચૂંથવું હોય–લૂંટ ચલાવવી હોય તો એ મહારાજ્યોના અધીશ્વરો તૈયાર રહેતા. અને કૌશાંબીએ પણ અંગની રાજધાની લૂંટવાના ક્યાં ઓછા પ્રયાસ કર્યા છે ? આજે કૌશાંબી ભીડમાં આવી પડ્યું હોય તો પણ એને કોણ સહાય કરે ? મૃગાવતી પોતાનું શીલ સાચવવાને સમર્થ હતી. પણ પોતાના બાળકુંવર અને નિર્દોષ પ્રજાની કતલની તેમજ ખુવારી-ની કલ્પના કરતાં તે ધ્રૂજી ઊઠતી. બીજી તરફ ચંડ-

પ્રદ્યોત, સૈન્યની પદધૂલિથી દિશાઓને ઢાંકી દેતો, કૌશાંબીની વધુ ને વધુ નજીક આવતો હતો.

મૃગાવતીએ રાજ્યના મંત્રી, સેનાપતિ, નગરશેઠ જેવા રાજતંત્રના ધુરંધરોની સલાહ માંગી. પણ પ્રદ્યોતની સાથે લડી લેવા સિવાય બીજો રસ્તો જ નહોતો; કારણ કે સંધિ અથવા સમાધાની કરવાનો નિર્ણય થાય તો પણ પહેલી માગણી–મૃગાવતીના દેહની જ થવાની અને એ શરત તો કોઇ રીતે પણ માન્ય થઈ શકે એવી નહોતી. પ્રજાની જાનમાલની ખુવારી અને સૈનિકો ઉપરાંત વૃદ્ધો, અબળાઓ, શ્રમણો, શ્રમણોપાસકો વિગેરેને અસહ્ય યાતનાભઠ્ઠીમાં બળવું પડે તે તો જુદું.

સીધો રસ્તો ન સૂઝવાથી હવે મૃગાવતીએ આડે લાકડે આડો વેહની નીતિનો પ્રયોગ કરી જોવાનો વિચાર કર્યો. ત્રાજવાના બે પલ્લા તોળતી હોય તેમ એ પોતાના અંતરને તપાસવા લાગી:

“એક તરફ અસંખ્ય માણસોના રક્તપાતની સંભાવના છે, બીજી તરફ નાની શી છેતરપિંડી છે, એક તરફ પ્રદ્યોતનો પાશવિક હુંકાર છે તો બીજી તરફ શુદ્ધ શીલરક્ષા છે. અર્ધસત્યનો આશ્રય લઉં તો એમાં શું ખોટું છે? વ્યવહારમાં મિથ્યા કે ધૂર્ત્તતા ન ચલાવી લેવાય–માણુસ માણુસ વચ્ચેના વહેવારો નિર્મળ નીતિ અને ધર્મના પાયા ઉપર જ ઊભા રહી શકે. પરંતુ પ્રદ્યોત આજે માણસ મટી ગયો છે. એની સાથે માયામૃષાનો થોડો ઉપયોગ કર્યો હોય તો શું ખોટું? મારા

નિમિત્તે પારવિનાની હિંસા-આગ ફાટી નીકળે તે કરતાં હું પોતે જ થોડો અસત્યનો પાપભાર કાં ન વહોરી લઉં ? અને કૌશાંબીને પણ કાં ન બચાવી લઉં ? ”

( ૨ )

એક રાતમાં ને રાતમાં જ કોણ જાણે કેવોક ચમત્કાર થઈ ગયો ! આગલી સાંજે તો ચંડપ્રદ્યોત અને તેનું સૈન્ય શિકારી જેમ શિકાર ઉપર ત્રાટકે તેમ કૌશાંબી ઉપર ત્રાટકવાની ઘડીઓ જ ગણતું હતું. કૌશાંબીના સુંદર અને વિશાળ દેહ ઉપર સ્મશાનની સૂનકારતા છવાઈ ગઇ હતી. અરાજકતા, અંધાધુંધી અને કાપાકાપીની એક અણધારી આંધી ઠેઠ શહેરના સીમાડા સુધી ફરી વળી હતી. એટલામાં જ-એક રાતની અંદર, કોણ જાણે એ આંધી કઇ દિશા તરફ વળી ગઈ ? પ્રદ્યોતના એક સૈનિકે પણ શહેરમાં પ્રવેશ ન કર્યો. પ્રદ્યોત પોતે પણ જાણે કે આમંત્રિત મહેમાનની જેમ આવ્યો હોય તેમ સજ્જન-સદ્‌ગૃહસ્થની પેઠે પોતાની છાવણીમાં જ પડી રહ્યો. ઉત્પાતનાં બધાં ચિન્હો ક્ષણવારમાં અદશ્ય થઇ ગયાં.

લોકો પોતપોતાની બુધ્ધિ અને વૃત્તિ પ્રમાણે અટકળો બાંધવા લાગ્યા: કોઇ કહે કે પ્રદ્યોત અને મૃગાવતી અંદરથી મળી ગયા લાગે છે: નહિતર કાળમુખો પ્રદ્યોત આમ શાંતિથી બેસી થોડો જ રહે ? ” કોઇ કહે: “ ભાઇ, સ્ત્રીચરિત્રનો કોઈ પાર પામ્યું નથી. મૃગાવતીએ કોણ જાણે કેવું યે કામણ કર્યું હશે ? બીચારા પ્રદ્યોતને છતી આંખે આંધળો ભીંત કરી દીધો લાગે

છે." કોઇ કહે: "દિવસનો કયાં દુકાળ છે? પ્રદ્યોત બે દિવસ રહીને એવી ઝપટ મારશે કે કૌશાંબી હતી-નહતી બની જશે. તીડના ટોળાની જેમ એ કૌશાંબીનું સત્યાનાશ કરીને જ પાછો વળવાનો. એની પાસેથી બીજી કઇ સારી આશા રખાય?"

કલ્પનાઓ અને જલ્પનાઓ સ્થિર નહોતી થઇ એટલામાં તો કૌશાંબી ફરતા ગઢના પાયા પણ ખોદાવા લાગ્યા. આગ ટાણે કૂવો ખોદવા જેવી જ એ મૂર્ખતા હતી. દુશ્મન પાદરમાં પડાવ નાખીને પડ્યો છે, અને એની નજર સામે કૌશાંબીના ગઢના પાયા ખોદાય છે. લોકો તો સ્તબ્ધ બનીને આ દૃશ્ય જોઈ જ રહ્યા. ચંડપ્રદ્યોત જેવો વેરી પોતાની સામે કૌશાંબીનો ગઢ ચણાવા દે એટલો ભોળો ભદ્રિક તો ન જ હોય. ત્યારે શું તે યુદ્ધ કરવા નહિ તો લગ્નના માંડવે આવ્યો હશે? પણ લોકોના આશ્ચર્યનો પારો તો ચડતો જ રહ્યો. પ્રદ્યોત પોતે ગઢના પાયા ખોદાવવામાં અને પથ્થર-ચૂના-કડિયા-કારીગર વિગેરેની તપાસ રાખવામાં મોખરે આવીને ઊભો રહે છે. જાણે કૌશાંબી પોતાની જ રાજધાની હોય એમ માનીને તે ગઢ ચણાવવાની તડામાર તૈયારીઓ કરી રહ્યો છે. અને ચંડપ્રદ્યોત જેવો રાજાધિરાજ જ્યારે પોતે ગઢના પાયા નખાવતો હોય, પથ્થરોથી પુરાવતો હોય અને કોઈ કારીગર કે મજૂર નવરો બેસી ન રહે તેની તપાસ રાખતો હોય ત્યારે કોની મગદૂર છે કે એક પળ પણ નકામી કાઢે? ચૌદ-ચૌદ જેટલા મંડલેશ્વરો, જેઓ પ્રદ્યોતની સાથે કૌશાંબીને લૂંટવા આવ્યા હતા તેઓ પણ આજે તો ચોખ્ખા

મજૂરની જેમ જ ઈંટ-પાણા વહેવરાવી રહ્યા છે. ખૂટતી અને તત્કાળ ઉપયોગમાં આવી શકે એવી બધી વસ્તુઓ ઉજ્જૈનીથી અહીં ઠલવાવા લાગી છે. હજારો માણસો કૌશાંબીનો કિલ્લો ચણાવવા મંડી ગયા છે. પ્રદ્યોત એક પળ પણ નકામી ન જાય તે માટે ઊંઘ અને આહારનો પણ ભોગ દઇ રહ્યો છે. કોઈ દુશ્મન રાજા, બીજા વિરોધી રાજાની રાજધાની માટે આટલી કાળજી રાખે ખરો ?

ત્યારે શું ચંડપ્રદ્યોતનો હૃદયપલટો થઇ ગયો હશે ? લોકો ગમે તેમ બોલે, પણ ખરી વાત તો એ હતી કે પ્રદ્યોતની નાગચૂડમાંથી છટકવા મૃગાવતીએ જ આ પ્રપંચવ્યૂહ ગોઠવ્યો હતો. ચંડપ્રદ્યોત, મૃગાવતી અને સંદેશો લઇ જનાર દૂત એ ત્રણ જણ સિવાય આ વાતની ગંધ સરખી પણ કોઇને નહોતી આવી. મૃગાવતીએ જ પ્રદ્યોતને કહેવરાવેલું કે:

“મારા પતિ શતાનિક ગુજરી જતાં, મને તમારા સિવાય હવે બીજો એકે આધાર નથી. મારો પુત્ર હજી ઘોડિયામાં છે. એનું પણ હિત તેમજ ક્ષેમકુશળ તમારે જ જોવાનાં છે. પાડોશી રાજ્યનો સ્વભાવ તથા વહેવાર તમે ક્યાં નથી જાણતા ? હું જો એને એકલો મૂકીને તમારી સાથે ચાલી નીકળું તો બીજે જ દિવસે તેઓ મારા કુંવરને અને કૌશાંબીને પણ ભરખી જાય. આમ આસપાસના સંયોગોનો વિચાર કરતાં એક વાર જો કૌશાંબી ફરતો કિલ્લો થઇ જાય-કૌશાંબીના રાજભંડારો ધાન્ય-ઈંધન આદિથી પૂરા ભરાઇ જાય તો પછી મને મારા કુંવર કે કૌશાંબીની કંઇ ચિંતા ન રહે. નિશ્ચિંત બન્યા પછી

આપની આજ્ઞાને જ અનુસરીશ."

મૃગાવતી તરફનો આ સંદેશો સાંભળીને ચંડપ્રદ્યોત ગર્વથી પુલાઈ ગયો : સ્વર્ગનું રાજ્ય હથેલીમાં આવ્યું હોય એટલો તેને આનંદ થયો : ગર્વની વાણીમાં જ તે બોલી ઊઠ્યો :

"અરે, કોઈની દેન છે કે, મારા બેટા, મૃગાવતીના પુત્રનો વાંકો વાળ પણ કરે ?"

દૂતે પણ સમયસૂચકતા વાપરી જવાબ આપ્યો : "મહારાણી મૃગાવતી પણ એ જ વાત કહેતાં હતાં. ચંડપ્રદ્યોત જેવા મહારાજાનો આશરો મળે તો મારા પુત્રની સામે કોઈ નજર પણ કેમ કરે ? પણ ચંડપ્રદ્યોત ગમે તેવા પ્રબળ ને પ્રતાપી હોય તો યે આઘે રહ્યા શું કરી શકે ? પથારીમાં સાપ અને ઔષધિ તો હિમાલયના શિખર ઉપર એ કહેવતના જેવી દશા ન થાય તે સારુ, પહેલાં કિલ્લો થઈ જવો જોઈએ."

"જરૂર, જરૂર. એમાં કઈ મોટી વાત છે ? કાલે ને કાલે જ અવંતીથી ઈંટ-ચૂનો વિગેરે મંગાવું છું. કહેજો મૃગાવતીને કે કુંવર તેમજ કિલ્લા બાબત જરાયે ચિંતા ન કરે. માથે ઊભા રહીને કિલ્લો કેમ ચણાવવો અને ઝડપથી કેમ પૂરો કરાવવો એ મને આવડે છે."

કિલ્લાએ ચંડપ્રદ્યોતના તન-મનનો બરાબર કબજો કરી લીધો. જેને નવા નવા કજિઆ-કંકાસ ઊભા કરવા સિવાય, નવી અને નખરાળી રૂપની ભૂતાવળ પાછળ આંખો મીંચીને દોડવા સિવાય બીજો ધંધો નહોતો તે ચંડપ્રદ્યોત કૌશાંબીના ગઢ પાછળ ગાંડો બન્યો છે એમ

કહીએ તો ચાલે. સ્વપ્નમાં પણ એ કિલ્લાના પથ્થરોને જ ગોઠવાતા નિહાળે છે. એ બધાની પાછળ મૃગાવતી-નો મોહ તો ઊભો છે, પણ કિલ્લાના બાંધકામની જંજાળ પાછળ, અનાજનો પોઠો રાજભંડારમાં ઠલવવા પાછળ તે એટલો બધો રોકાએલો રહે છે કે મૃગાવતીને એક રીતે ભૂલી જ ગયો છે. કિલ્લો બંધાઈ જાય, ધાન્ય અને ઇંધનના ગંજ ખડકાઈ જાય, થોડી શસ્ત્રાસ્ત્રની સામગ્રી સંઘરાઈ જાય, એટલે મૃગાવતી પોતાની જ છે એ વિષે એના મનમાં લવલેશ શંકાને સ્થાન નથી. મૃગાવતીને ભેટવાનો રસ્તો લાંબો થઇ પડ્યો છે, પણ દરેક પગલે-દરેક દિવસે પોતે મૃગાવતીની વધુ નજીક આવે છે એવી પાકી શ્રદ્ધા બંધાઇ ચૂકી છે. આશા-તંતુના કાચા દોરથી એ ખેંચાઈ રહ્યો છે. એ તંતુ જ એને મૃગાવતી પાસે લઇ જશે એમ માની એ લગભગ નિશ્ચિંત બન્યો છે. પ્રદ્યોતને પાગલ-પ્રેમી તો ન કહેવાય; કારણ કે પ્રેમી તો પવિત્ર સમર્પણતા માગે છે. અહીં એક મોહાંધ, ફૂદાની જેમ જ દીપકમાં ફૂદી પડવા તૈયાર થઇને બેઠો હતો. ચિત્રાંકિત મૃગાવતીએ એનામાં હાડ-માંસવાળી મૃગાવતીની મોહ લાલસા પેટાવી હતી. મૃગાવતી, હરકોઈ બહાને એ આગ ઓલવવા અને પ્રદ્યોતના પંજામાંથી છૂટવા માગતી હતી.

સામાન્ય મહેલ કે ઘર બાંધતાં જો બે ત્રણ વર્ષ નીકળી જાય તો કૌશાંબી જેવી વિપુલ વસ્તીવાળી અને વિસ્તરેલી નગરીને પાકી કિલ્લેબંધી કરતાં સહેજે ચાર પાંચ વર્ષ નીકળી જાય. ચાર-પાંચ વર્ષ વીતવા છતાં

પ્રદ્યોત થાકયો કે કંટાળ્યો નહોતો. કિલ્લેબંધીની અને નગરને સાધનસંપન્ન બનાવવાની યોજના પણ લગભગ પૂરી થવા આવી હતી.

( ૩ )

એટલામાં ભગવાન મહાવીર, રાજગૃહીનું ચાતુર્માસ પૂરું કરી આલભિયા નગરી પધાર્યા છે અને ત્યાંથી નીકળી કૌશાંબીમાં જ આવશે એવા સમાચાર વીજળી-વેગે શહેરભરમાં ફેલાઇ ગયા. નગરી આખી નવા ઉલ્લાસથી ધબકવા લાગી. છેલ્લા થોડા વર્ષો દરમિયાન જે ચિંતા અને ઉદ્વેગે નગરીનું નૂર હણી લીધું તેને સ્થાને નવા પ્રાણની લાલિમા લહેરાવા લાગી. ભ૦ મહાવીર એટલે આ કંગાલ સંસારનું કલ્પવૃક્ષ. ભ૦ મહાવીર એટલે ચંદ્રકિરણ કરતાં પણ શાંત–ઉજ્જવલ અને સૂર્ય-પ્રકાશ કરતાં પણ અધિક પ્રેરણાદાયી તપઃતેજની પ્રતિમા. ભ. મહાવીરનાં પગલાં થાય એટલે એ પૃથ્વી પાવન બને–તીર્થરૂપે પરિણમે એટલું જ નહિ પણ ત્યાં દુઃખ, સંતાપ કે વેરવિરોધ જેવું જે કંઈ ગ્લાનિમય હોય તે છેલ્લી વિદાય લઈ લે. રોગીને વૈદ્ય જેટલો વહાલો લાગે તે કરતાં પણ ભવરોગના આ ચિકિત્સક–દુઃખમાત્રના મૂળને હસ્તામલકવત્ જોઇને નીંદી નાખનાર આ ભવ-વૈદ્યને નીરખતાં જ કોઇ પણ ભવી જીવનું હૈયું અધિકા ભક્તિભાવથી છલકાઈ ઊઠે.

કૌશાંબી ભગવાન મહાવીરનું સ્વાગત કરવા તલ-પાપડ થઇ રહ્યું. શેરીઓ અને ચોક–ચૌટામાં સુગંધી પદાર્થો છંટાવા લાગ્યાં. મહાવીર ભગવાન હંમેશાં ઉદ્યાન

કે ઉપવનમાં જ શિષ્યસમુદાય સાથે સ્થિરતા કરતા અને પહેલાં જ્યારે કૌશાંબી પધારેલા ત્યારે ચંદ્રાવતરણ નામના ચૈત્યમાં જ રહ્યા હતા. પણ ભદ્રિક નગરવાસીઓ શહેરને શણગારીને, ભગવાનનું આગમન એ જાણે કે શહેરીજીવનનો અનેરો ઉત્સવ હોય, શહેરીજીવનનું એક ચિરસ્મરણીય પર્વ હોય તેમ ઊજવતા. મૃગાવતીએ પણ ભ. મહાવીરના આગમનના સમાચાર શાંતિથી સાંભળી લીધા. એની છાતી ઉપરથી એક આખા ડુંગરનો ભાર ખસી જતો હોય એમ લાગ્યું. નિરાશાની અંત રહિત અંધારી રાત્રિ ગળી પડતી હોય અને પ્રકાશમાં માર્ગ સ્પષ્ટપણે દેખાતો હોય એવી ઊંડી ઊંડી આત્મતૃપ્તિ એ અનુભવી રહી. અગાધ જલધિ વચ્ચે આમથી તેમ ધકેલાતું તુંબડું કાંઠે આવી ગયું હોય એમ એને લાગ્યું.

મોટા જનસમુદાય સાથે મૃગાવતી પણ ભગવાનની પર્ષદામાં આવીને બેઠી. ચંડપ્રદ્યોત તેના અનુચરો અને સંગાથીઓ સાથે ભગવાનની દેશના સાંભળવા ત્યાં આવીને નમ્રભાવે બેસી જતો. બીજી રીતે અવિચારી, ઉદ્ધત અને વિકારવશ ગણાતો એ પ્રદ્યોત અહીં ગરીબ ગાય જેવો જ બની જતો. પ્રભુની પર્ષદામાં રાજા કે રંક, ઉચ્ચ કે નીચ જેવો મુદ્દલ ભેદ નહોતો. જન-પ્રાણી માત્ર પોતાના આસને આવીને શાંતિથી બેસી જતાં

ભગવાને, મદારીની જેમ પ્રાણી માત્રને નચાવનારી આસક્તિના વિષયમાં લોકોને ઉપદેશ આપવા માંડ્યો. આસક્તિ કેવા જૂજવા વેષ ધરીને, ભલભલા બુદ્ધિશાલીઓને પણ આંધળા ભીંત બનાવી દે છે તે સચોટ શૈલીમાં એમણે વર્ણવ્યું.

એટલામાં એક ધનુષધારી જેવો દેખાતો યુવાન, પર્ષદાની એક બાજુ અચાનક આવી ઊભો રહ્યો. મૂળ બ્રાહ્મણ હોવા છતાં ધાડપાડુનો ધંધો કરનારો આ યુવાન દેખાવે કઠોર અને નિર્દય જેવો લાગતો. પણ અત્યારે એની ગ્લાનિ અને તરવરાટ જોતાં એક વખતનો આ ધાડપાડુ જાણે કે પોતે જ પોતાને ભૂલી ગયો હોય એમ લાગે. ઔત્સુક્યથી પ્રેરાયેલો તે બ્રાહ્મણ ઊભો ઊભો ભગવાનની દિશામાં બે ડગલા આગળ વધ્યો. લજ્જા, સંકોચ અને કિંચિત્ ભયમિશ્રિત વાણીમાં, થોથરાતી જીભે, બે હાથ જોડીને, એ બોલ્યો: "પ્રભુ! યા સા?"

"સા સા." પ્રભુએ પણ બે જ શબ્દોમાં મેઘગંભીર ધ્વનિમાં જવાબ આપ્યો. ધનુષ્યધારી સંવેગના રંગમાં રંગાઈને તત્કાળ ત્યાંથી ચાલી નીકળ્યો. આઠે પહોર જીવનને વલોવી નાખતી કોઈ ભારે દ્વિધામાંથી છૂટયો હોય તેમ તીરવેગે પર્ષદા છોડીને નીકળી ગયો. (ત્યાર બાદ તેણે પોતાના ૪૯૯ સાથીઓને સમજાવી, ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી હતી.)

"પ્રભુ! કંઈ સમજાયું નહિ. પેલા ધનુષ્યધારી સાથે આપને શી વાત થઈ?" પ્રભુને છૂપું રાખવા જેવું શું હોય? ગૌતમ-સ્વામીના પ્રશ્નના જવાબમાં લોકકલ્યાણ ખાતર પ્રભુએ આખી વાત, પહેલેથી માંડીને કહેવી શરૂ કરી.

"એ બ્રાહ્મણ યુવાનને એનાં મા-બાપે ઘરમાંથી કાઢી મૂકેલો હોવાથી, ઘણા વર્ષથી, પોતાના ચાર સો નવાણું સાથીઓ સાથે ધાડપાડુનો ધંધો કરે છે. એક વાર આ લુટારુઓએ એક ગામ લૂંટયું, બીજી માલમિલ્કત સાથે એક યુવતી પણ તેમણે પકડી. યુવતીને તેઓ પોતાની પલ્લીમાં

લઇ આવ્યા. બ્રાહ્મણ યુવાને આ યુવતીને છોડી મૂકવાનો પોતાના સાથીઓને આગ્રહ કર્યો પણ સાથીઓ ન માન્યા. યુવતીએ પણ કુલટાનું જીવન ગુજારવા માંડયું. થોડા વખત પછી આ ચાર સો નવાણું લુટારુઓએ વિચાર કર્યો કે આ બિચારી–એકલી સ્ત્રી આવું પતિત જીવન ગુજારશે તો થોડા દિવસમાં જ અકાળે મરી જશે. પેલો બ્રાહ્મણ યુવાન આ અનાચારથી પ્રથમથી જ અલગ રહ્યો હતો. બાકીના ચાર સો નવાણુ સાથીઓએ પેલી યુવતીને થોડી રાહત આપવા બીજી એક સ્ત્રી આણી. બન્ને સ્ત્રીઓ એક–બીજા ઉપર ઇર્ષાની આગ વરસાવવા લાગી. એક દિવસે એ બે જણીઓ અંદર અંદર એવી લડી પડી કે પ્રથમની યુવતીએ આ બીજી સ્ત્રીને, એકાંતનો લાભ લઇને એક અંધારા કૂવામાં ધકેલી દીધી. ૪૯૯ પુરુષોની વચ્ચે પોતે હવે એકલી જ માનીતી બનશે એવી આશાથી તેણીએ આ ભયાનક પાપ કર્યું તો ખરું પણ પુરુષો તેની ઉપર ચિડાયા. બીજી સ્ત્રીની હત્યા કરનારી આ પાપિણી જ છે એ પણ એમનાથી અજાણ્યું ન રહ્યું. પેલા બ્રાહ્મણ યુવાનને આ બધી વાતની જ્યારે ખબર પડી અને તેણે પેલી અધમ નારીને નજરોનજર નિહાળી ત્યારે એને શંકા ગઇ: "રખેને મારી નાની બહેન તો આ નહિ હોય! નાનપણમાં જેને હું રોજ રમાડતો, રીઝવતો અને જેની ખાતર મા-બાપે મને ઘરમાંથી હાંકી કાઢેલો તે જ આ નહિ હોય?"

પૂછવું પણ કોને? આ શરમભરી વાત કહેવી પણ કયા શબ્દોમાં? સર્વજ્ઞ ભગવાન બધું જાણતા હોવા જોઇએ એમ સમજીને તે આ પર્ષદામાં આવ્યો અને

સંક્ષેપમાં માત્ર એટલું જ પૂછ્યું: "યા સા ?" એટલે કે "મારી નાનપણની બ્હેન તે એ જ ?"

મેં પણ એના મનોભાવ સમજી જવાબ આપ્યો: "હા તે તે જ છે."

માત્ર એ શબ્દોના સવાલ–જવાબના કોચલામાં કેટલો રહસ્ય અને રોમાંચભર્યો જીવનઇતિહાસ ભર્યો હોય છે ? પર્ષદા આણી આશ્ચર્યમુગ્ધ બની સાંભળી રહી.

પ્રાણીની વાસનાઓ સાથે સંકળાયેલા આઘાત–પ્રત્યાઘાતો જ્ઞાની પુરુષો નખદર્પણની જેમ જોઇ શકે છે. આપણે વાસનાતૃપ્તિની પાછળ દોડનારાઓ, આસક્તિ અને રાગદ્વેષ વિગેરેને માત્ર પાણીના પરપોટા જેવા જ માની લઇએ છીએ. પાણીમાં અસંખ્ય પરપોટાઓ ઉદ્ભવે છે અને બીજી પળે લય પામી જાય છે—એમને પોતાના ઇતિહાસ અથવા વિશ્વના ભાવી સાથે શું સંબંધ હોય છે ? અલ્પજ્ઞો એમ ભલે માને. જ્ઞાનીઓ તો સંસારના સઘળા જ વ્યાપારો સાથે કાર્ય–કારણનો વ્યવસ્થિત સંબંધ જોવાની અલૌકિક શક્તિ ધરાવતા હોય છે. અધૂરી કે ધરાયેલી વાસના, પોતાની પાછળ અનેકવિધ આંધીઓ ઊભી કરે છે. ભગવાન મહાવીરે એ જ વાત પૃથકકરણપૂર્વક સમજાવવા માંડી:

"ચંપાનગરીમાં પૂર્વે એક સોની રહેતો. આસક્તિએ એને એવો પામર અને પરવશ બનાવ્યો હતો કે કોઈ પણ રૂપવતી કન્યાને જુએ એટલે એની પાછળ ઘેલો બને–પાંચ સો સોનામહોર આપીને ખરીદી લે. એક એક

કરતાં એ પાંચ સો સ્ત્રીઓનો સ્વામી બન્યો. સ્ત્રીઓ પણ કોઇ શિકારીના પંજામાં સપડાઈ ગઈ હોય તેવું મુડદાલ જીવન ગાળતી. સ્ત્રીઓનું એ એક નાનું કેદખાનું જ હતું. સોની કોઇને પોતાને ત્યાં બોલાવતો નહિ તેમ રખેને શિકાર નાસી જાય એવા ભયથી પોતે પણ ઘરબહાર નહોતો નીકળતો. છાણાના કીડાની જેમ જ એ સ્ત્રીઓ અને તેમનો સ્વામી અંધારી–ગંદી દુનિયામાં વસતા.

“ એક વખતે ભાગ્યયોગે સોનીનો મિત્ર બહુ આગ્રહ કરીને એને પોતાને ઘેર જમવા તેડી ગયો. ઘણે દિવસે સોનીને બહાર ગયેલો જાણી પાંચ સો સ્ત્રીઓએ છૂટકારાનો દમ ખેંચ્યો. એ દિવસ એમને એક મોટા પર્વ જેવો લાગ્યો. ચોકીદારો–પહેરેગીરો ચાલ્યા ગયા હોય અને જેમ કેદખાનાના કેદીઓ સ્વચ્છંદે હરેફરે તેમ આ સ્ત્રીઓ પણ સ્નાન, અંગવિલેપન, વસ્ત્રાભૂષણ પહેરી આનંદ–કલ્લોલ કરવા મંડી ગઇ; એટલામાં તો પહેલો રઘવાયો સોની ત્યાં આવી પહોંચ્યો. પોતાની ગુલામડી જેવી સ્ત્રીઓને આનંદ કલ્લોલ કરતી જોઇ એ નખથી શિખા સુધી બળુંબળું થઇ રહ્યો. ક્રોધના આવેશમાં આવીને અચાનક જ જે સ્ત્રી હાથ આવી તેને મારવા–ઝુડવા મંડી ગયો. મર્મનો આઘાત લાગવાથી એક બાઇ ત્યાં ને ત્યાં જ મરી ગઈ. એકને મરેલી જોઇને બીજી સ્ત્રીઓ વાઘણની જેમ જ છંછેડાઇ. ઉશ્કેરાયેલી બધી સ્ત્રીઓએ એકસંપ થઇને સોનીને ત્યાં જ છુંદી નાખ્યો. પળવારમાં આ બધું બની ગયું. હવે એ સ્ત્રીઓને પશ્ચાત્તાપ થયો. આખરે

બીજો કોઇ ઇલાજ ન સૂઝવાથી ઘરને આગ મૂકી, એ આગની અંદર જ બધી બળી ગઇ.

પેલી સ્ત્રી–કે જે સોનીના મારથી મૃત્યુ પામી હતી તે જ આ ધનુષ્યધારી બ્રાહ્મણ યુવાન અને પેલો સોની તે જ એની આ ભવની સગી બહેન." આસક્તિ, નિર્જીવ જેવી જણાતી આસકિત પણ જીવનો કેવો પીછો પકડે છે, કેટકેટલે ઠેકાણે ભમાવે છે અને કેવી કેવી યાતનાઓ ઊભી કરે છે તે સૌને સમજાયું.

દેશના પૂરી થતાં જ મૃગાવતી ઉઠીને ઊભી થઇ અને પોતે સંસારનો ત્યાગ કરી, દીક્ષા લેવા માગે છે એવી મતલબની પ્રભુને પ્રાર્થના કરી:

"ભગવન્! મને હવે આ સંસારનું કોઇ બંધન રોકી શકે તેમ નથી. માત્ર એક અવંતિપતિ ચંડપ્રદ્યોત સાથે વચનથી બંધાએલી છું–જો તેઓ અનુમતિ આપતા હોય અને મારા બાળકુંવરની જવાબદારી ઉપાડી લેતા હોય તો મને આપના સાધ્વીસંઘમાં સ્થાન આપો."

સૌની નજર ચંડપ્રદ્યોત તરફ વળી. આસક્તિની ભગવાને વર્ણવેલી વ્યથાએ એના અંતર ઉપર છૂપા ઘણના પ્રહાર કર્યા હતા. હજી એની કળ ઉતરી નહોતી એટલામાં જ મૃગાવતીએ છોડેલું બાણ પોતાની છાતી સામે જ આવતું હોય તેમ એને લાગ્યું. લજ્જાથી એ નીચું જોઇ ગયો. એક શબ્દ સરખો બોલવાનું પણ હવે એનામાં બળ કે ધૈર્ય રહ્યું નહોતું. ભગવાને પ્રદ્યોતના મૌનને સમ્મતિસૂચક માની મૃગાવતીને દીક્ષા આપી, સાધ્વી ચંદનબાળાને સુપ્રત કર્યાં.

ધૂળ, કરા અને વરસાદના તોફાન પછી ધરતી જેમ શાંત છતાં પ્રાણવાન અને સ્તબ્ધ છતાં વાત્સલ્યભરી લાગે તેમ પ્રદ્યોતને પણ અંતરમાં તેમજ આસપાસની દુનિયામાં સંવેગ અને સાત્વિકતાની લીલીછમ હરિયાળી લહેરાતી દેખાઇ. આસક્તિની ભૂતાવળે જ આ સ્નેહ–વાત્સલ્યભરી શીળી દુનિયામાં ધગધગતા રણની જ્વાળા અને શુષ્કતા ઉપજાવી હતી અને પોતે નકામો જ તેમાં પળે પળે બળતો હતો એનું એને ભાન થયું. ભ૦ મહાવીરની દેશના મેઘધારાની જેમ ચંડપ્રદ્યોતના અંતરના એકે એક ખૂણાને પલાળતી અને પખાળતી અનંતતામાં ભળી ગઇ. પશ્ચાત્તાપના ભારથી ભારે બનેલા એના પોપચા જ્યારે હળવા બન્યા અને એક વાર મૃગાવતી અને આજની તપસ્વિની મૃગાવતી વચ્ચે જાણે કે લાખો યોજનનું અંતર હોય એમ લાગ્યું. ભગવાન મહાવીરનો વેષ તથા આશિષ યાચતી કૌશાંબીની રાજમાતા મૃગાવતી જાણે ત્રણ જગતની જગદંબા હોય, જેના રોમ રોમમાંથી મૃદુતા અને પવિત્રતાની કિરણાવલી ફુટતી હોય એમ તે જોઈ શકયો. પ્રદ્યોતનું અંતર જો કોઇ અત્યારે વાંચે તો ત્યાં મૃગાવતી માટે ભક્તિ અને શ્રદ્ધા સિવાય બીજું કંઇ ન જડે. પુણ્યક્ષણમાં પ્રકટેલા આવા નિર્મળ–સુકુમાર ભાવો એ લાંબો સમય નથી નભતા, સ્મશાનવિરાગની જેમ એ અલ્પ આયુષ ભોગવીને અદૃશ્ય થઇ જાય છે. માનવીની આ એક મોટી કમનસીબી છે.

ચંડપ્રદ્યોત અને ચંડકૌશિકને આજે જ્યારે

આપણે લગભગ અઢી હજાર વર્ષના કાળપડદામાંથી જોઈએ છીએ ત્યારે શ્રમણ ભગવાન મહાવીરના યુગને ઝીલનારા જાણે કે એ બે મહાદિગ્ગજ હોય એમ લાગે છે. જે ચંડકૌશિક કોઈનો બૂઝવ્યો નહોતો બૂઝાતો, બૂઝવનારની સામે જે પોતાની વિષારી ફણા ઉગામી, પ્રાણ લેવા ધસતો તે શ્રમણ ભગવાન મહાવીરની અપાર કરુણા જોઈને ગળી ગયો–પોતાનો ડંખ જડમૂળમાં ખેંચી કાઢયો. જેની પાસે એકલું વિષ જ હોય, દૂધ ગમે તેટલું પાઈએ છતાં બદલામાં તો વિષ જ મળે એમ દુનિયા માનતી તેને ભગવાને પોતાનાં તપ, સંયમ અને મૈત્રીના મંત્રબળે નિર્વિષ જેવો બનાવી દીધો. ચંડનું ચંડત્વ પીડવામાં નહિ પણ સહિષ્ણુતામાં પરિણમ્યું. વિશ્વના ઇતિહાસમાં એ કોટીનો બીજી ઘટના વિરલ છે. ચંડકૌશિકની જેમ જ ચંડપ્રદ્યોત પણ ભગવાન મહાવીરની છાયામાં સજ્જન અને સંયમી બનતો જણાય છે. મૃગાવતી જેવી પોતાની લાંબા વખતની કામનાની–ઉપભોગની વસ્તુને તે પોતાના હાથમાંથી સરકી જતી મૌનભાવે જોઈ રહે છે. બીજી કોઈ સ્થિતિમાં જે માણસ લોહીની નીકો વહેવડાવવામાં પાછું વાળીને ન જોતો તે જ ચંડપ્રદ્યોત અહીં દીન અને આજ્ઞાધીન જેવો જણાય છે. અહિંસા જન્મવેરીઓનાં પણ વેરભાવ ભુલાવી દે છે એ સૂત્ર અહીં મૂર્ત્તિમંત બને છે.

× × ×

ચારેક વર્ષ પછીની આ વાત છે. ભ. મહાવીર વૈશાલી વાણિજ્યગ્રામ અને રાજગૃહમાં અનુક્રમે ચાતુ-

માસ ગાળી, વાણિજ્યગ્રામનું ૨૩ મું ચાતુર્માસ પૂરું કરી બ્રાહ્મણકુંડગ્રામ પધાર્યા અને ત્યાંના દ્યુતિપલાશ ચૈત્યમાં ઊતર્યા.

તે દિવસે જૈન શાસ્ત્રમાં વર્ણવેલા દસ આશ્ચર્યો પૈકી એક આશ્ચર્ય બની ગયું. એમ કહેવાય છે કે ચંદ્ર અને સૂર્યદેવ પોતપોતાના વિમાન સાથે ભ૦ મહાવીરને વંદન કરવા ઊતરી આવ્યા. સામાન્યતઃ એવા સ્થિર ગણાતા પદાર્થો પોતાના સ્વભાવથી ચલિત નથી થતા. સૂર્ય-ચંદ્રના તેજઃપુંજ જેવા વિમાનો પૃથ્વી ઉપર અવતરવાથી ચોતરફ પ્રકાશનો ઝળહળાટ વ્યાપી ગયો. રાત્રિનો સમય હોવા છતાં લોકોને દિવસ હોય એવો ભ્રમ થઇ આવે.

ભગવાન મહાવીરના સાધ્વીસંઘની અગ્રેસરી ચંદનબાળા તો રાત્રિ પહેલાં જ, પોતાના સમુદાય સાથે ઉપાશ્રયમાં પાછી આવી ગઇ. નિયમ પ્રમાણે દિવસ અસ્ત થતાં પહેલાં પોતપોતાના સ્થાને દરેક સાધુ-સાધ્વીએ પહોંચી જવું જોઇએ, માત્ર મૃગાવતીના લક્ષમાં એ વાત ન આવી. એણે તો પ્રકાશનો ઝળહળાટ જોઇને હજી દિવસનો ભાગ છે, એમ માની લીધું. જ્યારે સૂર્ય ચંદ્ર દેવો મહાવીરપ્રભુને નમીને પોતાના સ્થાને પાછા ગયા ત્યારે મૃગાવતીના દિલમાં એકદમ ધ્રાસકો પડ્યો. પોતે નિયમભંગ કર્યો હતો, એ વાતનું સ્મરણ થતાં ગભરામણ પણ થઈ. ઉતાવળે ઉતાવળે એ ઉપાશ્રયમાં પહોંચી ગયાં.

સાધ્વી ચંદનબાળાને શિરે સાધ્વી-સંઘના નિયમન-

ની મોટી જવાબદારી હતી. તેઓ મૃગાવતીનો નિયમભંગ જોઈને, ક્યારના ય અકળાતાં બેઠાં હતાં. આવતાંની સાથે જ ચંદનબાળાએ ટોણો માર્યો: "તમારા જેવી કુલીન સ્ત્રીએ આમ મોડી રાત સુધી બહાર રહેવું એ ઉચિત નથી."

ચંદનબાળા મૃગાવતી પાસે તો બાલિકા જ ગણાય: દીક્ષાપર્યાયમાં અને બીજી રીતે પણ ચંદનબાળા મોટાં હતાં. મૃગાવતી ચતુર અને પરિસ્થિતિ સમજીને વર્તનારી નારી હતી. પોતાનો દોષ હતો અને મુખ્ય સાધ્વી તરીકે ચંદનબાળા જે કંઈ કહે તે સાંભળી લેવું જોઈએ એમ સમજીને તે મૌન રહી.

જીભ મૌન જાળવે, પણ અંતરમાં ઉદ્ભવતા તોફાનને કોણ રોકી શકે? મૃગાવતીનું અંતર-નાવ તોફાને ચડયું:

"ચંદનબાળા કોણ? સૌના સાંભળતાં મને એવાં મર્મવેધક શબ્દો સંભળાવનાર એ ચંદનબાળા કોણ? મેં એવો તે કયો ભારે અપરાધ કરી વાળ્યો હતો? સૂર્ય-ચંદ્રના વિમાન પોતે ઊતરી આવ્યાં અને પ્રકાશ પથરાઈ ગયો. તેમાં હું શું કરું? રાત્રિને રાત્રિ જાણીને બહાર રહી હોઉં તો હજુ યે હું દોષને પાત્ર ગણાઉં. એમ થયું હોય અને મને ટોણો મારે તો ખમી લઉં પણ દિવસ જેવો દિવસ હોય અને અજાણ્યે થોડું મોડું થઈ જાય એમાં ખોટું-મોળું શું થઈ ગયું? અને હું બીજે ક્યાંઈ કુથલી કે નિંદા કરતી થોડી જ બેઠી હતી? હતી તો ભગવાન મહાવીરની પાસે જ ને?"

વહાણના વિંઝાતા શઢને સંકેલી લેતી હોય-તોફાની પવનને શઢની અંદરથી કાઢી નાખતી હોય તેમ વળી તે વિચારવા લાગી: " રાણીપદનું એક વખતનું અભિમાન આ બધું છાનુંમાનું બોલી જતું લાગે છે. હું કોણ? કૌશાંબીની એક વખતની મહારાણી! ખોટી વાત. મહારાણીપદને અને હુંપદ-મોહ-અભિનિવેશ માત્રને વિશ્વવંદ્ય વીરપ્રભુની સાક્ષીએ વોસરાવનાર-ત્યાગ કરનાર હું કેવા અવળા ચીલે ચડી ગઈ? ભિક્ષુણીને વળી માન-સન્માન શું અને અપમાન-અવગણના શું? લૌકિક તેમજ આસુરી વિટંબના માત્રનું સ્વાગત કરવા તૈયાર થયેલી મૃગાવતી આવાં મેણાં-ટોણાં ગણીને ગાંઠે બાંધે તો પછી એની દીક્ષા, સંયમ, તપની બડાઈ આત્મછલના સિવાય બીજું શું ગણાય? ચંદનબાળાએ મારા હિતાર્થે જ મને બે વેણ કહ્યાં હતાં. એવા તો બીજા કેટલાય દોષો અંતરના તળિયે બેઠા હશે. એને સંશોધન કરવાને બદલે હું કેવા દુર્ધ્યાનમાં સરકી પડી?"

આખી કૌશાંબી ઉપર નિદ્રાનું ધારણ ફરી વળ્યું હતું. સંસારની બુરાઈઓ ધોઈ નાખવા, ઘર-સંસાર તજીને ત્યાગી-તપસ્વી બનેલા મહારથીઓ પણ અત્યારે ન-છૂટકે નિદ્રાના ખોળે પડ્યા હતા. માત્ર મૃગાવતીની આંખમાં ઊંઘ નહોતી. ચંદનબાળા અને બીજી સાધ્વીઓના સંથારા વચ્ચે મૌનભાવે બેસીને અંતરમાં ઊઠેલા ઝંઝાવાતને શમાવવા એકલે પંડે ઝૂઝતી હતી.

એટલું એક સદ્ભાગ્ય હતું કે મૃગાવતી હજી ધ્યેય અને સુકાન નહોતી ભૂલી. લોકકલ્યાણ અને

આત્મકલ્યાણના સાધક-સાધિકાઓના રાહ, ફૂલથી છવાયેલા નથી હોતા-ત્યાં તો અણધારી શૂળો પગમાં ભોંકાય છે, અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગોનું આખું કંટકવન વીંધી જવાનું નિર્માયું હોય છે. એ બધું એના લક્ષબહાર નહોતું. પગલે પગલે જ્યાં અન્યાય ને અપમાનનો પ્રસન્ન મને સત્કાર કરવાનો હોય ત્યાં એક મેણું, એક ઉપાલંભ કયા હિસાબમાં છે? જો આવો જ હિસાબ રાખવાનો હોય તો પછી ભગવાનની સમક્ષ આત્માને વોસરાવવાનો, રાજીખુશીથી સર્વસ્વનું બલિદાન ધરવાની પ્રતિજ્ઞાનો અર્થ જ શું છે?

ચમરની પટરાણી કાલીનો કિસ્સો પણ મૃગાવતી જેવો જ હતો. સુકાન એના હાથમાંથી સરકી ગયું, ધ્યેય આડા ગાઢ અંધકારના પડદા પડી ગયા અને કાલી સંયમનો ધોરી માર્ગ ભૂલી ગઈ. એ પણ હતી તો ભગવાન મહાવીરની જ શિષ્યાઃ પુષ્પચૂલા આર્યાને સુપ્રત થએલી. પરંતુ કાલીની વધુ પડતી ટાપટીપ અને સ્થાનશોખ માટે, એક દિવસે, પુષ્પચુલાને જરા બોલવું પડ્યું. કાલીનું અભિમાન ઘવાયું. એને થયું કેઃ "હું જ્યારે શ્રાવિકા હતી ત્યારે તો આ લોકો મને પ્રિય લાગે એવી વાણી જ બોલતા. દીક્ષા લીધા પછી હું શું એમની એટલી બધી ઓશીયાળી બની ગઈ કે એમનો ઠપકો મૂંગેમોઢે સાંભળી લઉં?" બીજે જ દિવસે તે જુદી પડી ગઈ, સ્વચ્છંદના માર્ગે ચાલી નીકળી. મૃગાવતી કોમળ છતાં કઠણ હૈયાની હતી. આત્મસંશોધનમાં તે ક્રમે ક્રમે એટલે ઊંડે ઊતરી ગઈ કે જો એ વખતે એક વિષધર સાપ ત્યાં થઈને

ન નીકળ્યો હોત અને ચંદનબાળાના હાથની છેક નજીક ન પહોંચ્યો હોત તો તો કોણ જાણે તે કયાં સુધી એમ ને એમ ધ્યાનલીન બનીને બેસી રહેત. સાપને નજીક આવતો જોઇને, મૃગાવતીએ ચંદનબાળાનો હાથ સહેજ ઊંચકીને જાળવીને બીજે સ્થાને મૂકયો એટલામાં તો ચંદનબાળા પણ જાગી ગયાં. મૃગાવતીને સ્થિર આસને બેઠેલી જોઇને પૂછ્યું:

" અત્યારે મારા હાથને તમે કેમ અડ્યા ? "

" અહીં હમણા જ એક સાપ મેં જતો જોયો. તમારા હાથની છેક નજીક હતો એટલે મેં તમારો હાથ ઊંચકીને બીજે મૂકયો."

" પણ અહીં ઘોર અંધારામાં તમે સાપ શી રીતે ભાળ્યો ? "

ચંદનબાળાને નવાઇ લાગી. પણ મૃગાવતીનું તોફાને ચઢેલું નાવ કેવળજ્ઞાનના કિનારે પહોંચી ચૂકયું હતું. જ્યાં સતત એકધારો અવિચ્છિન્ન—અવિરત જ્ઞાનપ્રકાશ રેલાઇ રહ્યો છે, જ્યાં ચક્ષુરિન્દ્રિય જેવી બાહ્ય ઇન્દ્રિયોની સહાયની જરૂર નથી, જ્યાં સ્વયંજ્યોતિઃસ્વરૂપ આત્માનો સ્વાભાવિક પ્રકાશ કદિ અવરાતો કે આથમતો નથી તે સર્વોચ્ચ સ્થાને એક જ રાતમાં મૃગાવતી ચઢી ચૂકી હતી.

## સુજ્યેષ્ઠા ને ચેલ્લણા



( ૮ )

ચેલણા અને સુજેષ્ઠાને બીજી પાંચ બહેનો હતી. પણ આ બે નાની બહેનો વચ્ચેનો સ્નેહ ચેટક મહા-

રાજાના કુટુંબમાં જુદી જ ભાત પાડતો. એકબીજાનાં છાયાની જેમ એ બન્ને બહેનો હંમેશા સાથે જ રહેતી, રમતી અને ચેટક મહારાજા જેવા ભદ્રિક અને બહાદુર વિરાગરંગી છતાં વાત્સલ્યભરપૂર પિતાની શીળી છત્ર-છાયામાં કલ્લોલ કરતી. ચેટક મહારાજા વિશાલાના ગણુ-તંત્રના એક નાયક અથવા એક મહારથી હતા. તેઓ ઘર કે સંસારના વહેવારિક પ્રપંચમાં લગભગ ઉદાસીન રહેતા. બધી મળીને એમને સાત પુત્રીઓ હતી પણ એમાંથી કોને કયાં પરણાવવી એ ચિંતા ચેટક મહારાજ-ને ભાગ્યે જ સ્પર્શતી. ચેટક નિશ્ચિંત અને આશાવાદી હશે એટલે જ એમની પાંચ પુત્રીઓ તે વખતના સમ્રાટ જેવા મુકુટધારીઓની પટરાણી બનવાનું વિરલ સૌભાગ્ય મેળવી શકી. સુજ્યેષ્ઠા અને ચેલણા એ બંને કુંવારી હતી.

નિશ્ચિંત કૌમારાવસ્થામાં આ બે બહેનોએ સાથે બેસીને કોણ જાણે કેટલીએ મનોરથસૃષ્ટિઓ રચી હશે: "ગમે તેમ થાય પણ આપણે બે બહેનો તો કદિ પણ જુદી નહિ પડીએ. દેહ અને છાયાની જેમ, ફૂલ અને સુવાસની જેમ, પ્રકાશ અને ઉષ્માની જેમ સાથે ને સાથે જ રહીશું." કૌમારાવસ્થાના સુખસ્વપ્ને, સમસ્ત સંસાર સુવર્ણરંગી જ હોય એવી એ બહેનોના નિર્દોષ હૈયામાં પ્રતીતિ પ્રકટાવેલી. પણ સંસારના તોફાની પવનનો એક જ આંચકો લાગતા, કૌમારાવસ્થાના મુલાયમ મનોરથો આકડાના રૂની જેમ જ ઊડી જાય છે એ નિષ્ઠુર સત્ય એમને કોણ સમજાવે? સમજાવે તો યે અનુભવ રહિત હૈયાં એ કેમ સ્વીકારે?

એક દિવસે સુજયેષ્ઠા અંતઃપુરમાં બેઠી હતી એટલામાં એક તાપસી ત્યાં આવી ચડી. ધર્મ સંબંધી ચર્ચા નીકળતાં એ તાપસી સ્નાન અને શુધ્ધિ એ જ ધર્મનું મુખ્ય અંગ છે એવી મતલબનું પ્રતિપાદન કરવા લાગી. ચેટક મહારાજાનો પરિવાર પહેલેથી જ જૈન સંસ્કારોથી રંગાએલો હતો. પુત્રીઓ પણ માતાના ધાવણ સાથે એ સંસ્કારોનું પાન કરી ચૂકી હતી.

"સ્નાનથી શુદ્ધિ થાય એ તમારી વાત બરાબર છે. પરંતુ સ્નાનશુદ્ધિ જ સર્વસ્વ છે એમ કેમ કહેવાય? અંતઃશુદ્ધિ ન હોય અને સો વાર નદીમાં કોઇ સ્નાન કરી આવે તેથી કરીને તે ધર્મપરાયણ છે એમ કંઇ થોડું જ કહેવાય?" સુજયેષ્ઠાએ તાપસીના ઉપદેશ સામો મોરચો માંડયો.

"સ્નાન હશે, શુદ્ધિ હશે તો કોઈક દિવસે પણ અંતઃશુધ્ધિ આવશે, માટે બાહ્ય શુધ્ધિ એ જ ખરૂં ધર્મ-સાધન છે." તાપસી ફરી ફરીને પોતાનો એક જ કક્કો ઘૂંટ્યા કરતી.

"તમે બાહ્યશુદ્ધિને વધારે પડતું મહત્વ આપી, અંતઃશુદ્ધિને અવગણો છો. એટલે જ આજે ગંગા-સ્નાન, યમુનાસ્નાન, સાગરસ્નાનમાં પુણ્ય, સ્વર્ગ, મોક્ષ એ બધું સમાઈ જતું હોવાની ભ્રમણામાં લોકો પડી ગયા છે. બીજે ઠેકાણે તમારી દાળ ગળતી હશે, અહીં નહિ ગળે." સુજયેષ્ઠા, બનતાં સુધી કોઇને કડવું વચન નહોતી કહેતી પણ તાપસીના દુરાગ્રહે સુજયેષ્ઠાનો વાણીનો સંયમ ચુકાવી દીધો.

સર્વત્ર આદરમાન પામનારી અને તેથી કરીને અભિમાનના ચકડોળે ચડેલી આ તાપસીને સુજ્યેષ્ઠાના શબ્દો અપમાનજનક લાગ્યા. યજ્ઞ-યાગ, શ્રાદ્ધ, નૈવેદ્ય અને સ્નાન જેવી નિષ્પ્રાણ અને ભારભૂત બની ગયેલી રૂઢિઓએ સામાન્ય જનસમુદાયને એટલો મંત્રમુગ્ધ બનાવી દીધો હતો અને તાપસો તથા તાપસીઓનું વર્ચસ્વ એ વખતે એટલું બધું જામી ચૂક્યું હતું કે શ્રમણ-સંસ્કારની સાદી સીધી વાત પણ કોઈ સુભાગી-ને જ સમજાતી. તાપસી સુજ્યેષ્ઠાનો દૃષ્ટિકોણ ન સમજી શકી. પોતાનું અપમાન કરનાર એ કન્યાને કોઇ પણ રીતે ખુવાર કરવાનો તેણીએ નિશ્ચય કર્યો.

બીજું તો એ શું કરી શકે ? સીધી રીતે સુજ્યેષ્ઠા ઉપર તાપસીની સત્તા કે અધિકાર ચાલી શકે એમ નહોતું, તેથી તે રાજગૃહીનગરીના અંતઃપુર તરફ વળી. રાજગૃહીનો રાજવી શ્રેણિક રાજકાજમાં અને સંગ્રામમાં જેટલો કુશળ હતો તેટલો જ વૈભવી અને ચંચળ-વૃત્તિનો હતો. એના અંતઃપુરમાં કેટલી રાણીઓ હશે તેની પૂરી કલ્પના કોઇ કરી શક્યું નથી. એક વાર મહારાજા શ્રેણિકની પરવાનગીથી નંદાથી માંડી ભૂતદત્તા સુધીની તેર રાણીઓએ અને બીજી વાર કાલીથી માંડી મહા-સેન કૃષ્ણા આદિ દસ રાણીઓએ ભગવાન પાસે દીક્ષા લીધેલી અને તે ઉપરાંત અભયકુમારની માતા, તેમ દુર્ગંધાની દીક્ષા સંબંધી, તપ અને અધ્યયન સંબંધી જે હકીકત મળે છે તે ઉપરથી મહારાજા શ્રેણિકનું અંતઃપુર રાણીઓનું સારું જેવું વસતિસ્થાન

હોવું જોઇએ. બૌદ્ધોના મહાવગ્ગમાં તો રાજા શ્રેણિક-ને પાંચસો સ્ત્રીઓ હોવાનો ઉલ્લેખ છે. અતિશયોક્તિ જવા દઇએ તો પણ શ્રેણિક મહારાજાનાં વૈભવ, વય, પુત્રપરિવાર અને રૂપમોહ એ બધાનો વિચાર કરતાં, એ યુગના એક કરતાં અધિક પત્ની કરવાના રૂઢિ-રિવાજ પ્રમાણે મહારાજા શ્રેણિકને ઘણી સ્ત્રીઓ હોવી જોઈએ અને જયાં એક જ પુરુષને અવલંબીને રહેનારી આશ્રિત નારીઓ મોટી સંખ્યામાં સાથે રહેતી હોય ત્યાં ઇર્ષા-અસૂયા અને તેની સંતતિનો ફાલ પણ ઊગ્યા વિના ન રહે. તાપસીએ સુજ્યેષ્ઠાને શ્રેણિકના અંતઃ-પુરમાં બંદીવાન બનાવવાનો પેંતરો રચ્યો. શ્રેણિકના દિલમાં થોડો પણ સુજ્યેષ્ઠા પ્રત્યેનો મોહ જગાડી શકાય તો શ્રેણિક હરકોઇ ભોગે એને મેળવ્યા વિના ન રહે અને મેળવ્યા પછી પ્રથમનો મોહ ઊડી જતાં, સુજ્યેષ્ઠા શોકયોની કંટકજાળમાં એવી ગૂંચવાઇ જાય કે એને જીવવું અકારું થઇ પડે : આવી જ દુષ્ટ ભાવનાથી તાપસી-એ શ્રેણિકની પાસે આવી સુજ્યેષ્ઠાના રૂપલાવણ્યનું અદ્ભુત ચિત્ર દોરી બતાવ્યું.

શ્રેણિક હવે સુજ્યેષ્ઠાના અપ્રત્યક્ષ રૂપદર્શને ઘેલો બન્યો. પહેલાં તો તેણે સુજ્યેષ્ઠા ઉમ્મરલાયક-પરણા-વવાને યોગ્ય હોવાથી એના પિતા પાસે માગું મોકલ્યું, પણ તે પાછું વાળવામાં આવ્યું. ચેટક મહારાજા કરતાં શ્રેણિકનું કુળ હલકું ગણાતું હોય, રાજગૃહીની સાથે વિશાલાનો રાજપ્રકરણી સંબંધ ડોળાયેલો હોય અથવા તો શોક્યના દુઃખોની ભઠ્ઠી જયાં અહોનિશ સળગતી

હોય તે અંતઃપુરમાં સુજ્યેષ્ઠાને અનુચિતતા ભાસી હોય– ગમે તે કારણે, શ્રેણિક એ પ્રથમ પાસામાં નિરાશ થયો.

બુદ્ધિનિધાન અભયકુમારે પિતાની નિરાશા, એમના ચહેરા ઉપર વાંચી તો ખરી, પણ પ્રેમમાં નિરાશ થએલા પિતાના ઔદાસિન્યનું મૂળ કારણ ન કળાયું. અભયકુમારે જ એક દિવસે ગ્લાનિમાં ગરક થયેલા પિતાને સંબોધીને પૂછ્યું : " પિતાજી, એવી તે કઈ આફ્ત ઊતરી છે કે જેને લીધે આપ આટલા બધા ગમગીન રહો છો ? "

પિતા જેવા પિતા અને મગધના મહારાજાને સુજ્યેષ્ઠા સંબંધી નિષ્ફળતાનો ઇતિહાસ, પુત્ર પાસે કહેતાં સંકોચ ન થયો, અને પુત્રને પણ પિતાને સારુ સુજ્યેષ્ઠા લઈ આવવાનું બીડું ઝડપતાં કંઈ શરમ ન લાગી. અભય-કુમાર જે સાહસ હાથ ધરે તે પાર પડ્યા વિના ન રહે એવી શ્રેણિકને ખાતરી હતી. પુત્રની ખાતર કન્યા શોધવા જનારા અને સાહસ ખેડનારા પિતાઓનાં વૃત્તાંતો દુનિયા આખી જાણે છે, પણ પિતાને માટે કન્યા મેળ-વવા ભારે પ્રયાસ કરનાર આવા રાજકુંવરોનાં નામ–ઠામ ઇતિહાસમાં બહુ નહિ મળે.

સુજ્યેષ્ઠાની સાથે સંપર્ક સાધવા અભયકુમારે વણિક-નો વેશ લઇ વિશાલામાં વસવાટ કર્યો. ચેટક રાજાના મહેલની પાસે એક દુકાન પણ ભાડે રાખી લીધી. અંતઃ-પુરવાસિની રમણીયો અને કન્યાઓ માટે જે સ્નાન–વિલેપનાં સુગંધી દ્રવ્યો વિગેરેની જરૂર પડે તે વસ્તુઓ દુકાનમાં ગોઠવી, દાસીઓને થોડી કિંમતે અધિક પ્રમાણમાં આપવા માંડી. અભયકુમાર કંઈ અહીં નફો કરવા નહોતો

આવ્યો. ખાસ કરીને સુજયેષ્ઠાની દાસીને તે સર્વોત્તમ સુગંધી દ્રવ્યો નામ માત્રની કિંમતથી આપવા લાગ્યો. આવા ઉદાર અને ખોટ ખાઈને વસ્તુનો વિક્રય કરનાર વેપારીની કીર્તિ અંધિયાર તો થોડી જ રહે ? દાસીઓએ આ દુકાનદારના નિષ્કપટ સ્વભાવ અને ઔદાર્યના ખૂબ વખાણ કરવા માંડ્યા. એ રીતે સુજ્યેષ્ઠા પાસે વેપારીની કીર્ત્તિસુવાસ પહોંચી ગઇ.

પણ અભયકુમારને પોતાની કીર્ત્તિ કે વાહવાહની પરવા જ કયાં હતી ? એ તો પોતાના પિતા શ્રેણિકનાં યશ અને પ્રતિષ્ઠા વિસ્તારવા અને સુજ્યેષ્ઠાને આકર્ષવા અહીં આવીને રહ્યો હતો. શ્રેણિકની મહત્તાનો ચેટક મહારાજાના અંતઃપુરમાં પ્રચાર કરવા, અભયકુમારે શ્રેણિકની એક સુરેખ-રંગયુક્ત છબી દુકાનમાં રાખી હતી તેને ઉપાસ્ય દેવ તરીકે, સુજ્યેષ્ઠાની દાસીની હાજરીમાં એ જોઈ શકે તે રીતે ઘણીવાર નમતો અને પૂજતો. કૌતૂહલથી પ્રેરાયેલી દાસીએ કેટલેક દિવસે અભયકુમારને પૂછયુંઃ " આ કોની છબી છે ? "

"મારા પૂજ્ય પિતાની-મગધના મહારાજા શ્રેણિકની."

દાસી આગ્રહ કરીને એ છબી અભયકુમાર પાસેથી લઈ ગઇ અને સુજ્યેષ્ઠાને બતાવી. જોતાં જ સુજ્યેષ્ઠા એ છબી ઉપર મોહ પામી. અભયકુમારની સાધના ફળી. પણ સુજયેષ્ઠા અને શ્રેણિક વચ્ચે મોહની ગાંઠ બાંધ્યા પછી સુજ્યેષ્ઠાને વિશાલાના એક વીરશ્રેષ્ઠના અંતઃપુરમાંથી કેમ ખસેડવી એ એક મોટી સમસ્યા થઇ પડી.

છબીમાં જેની આકૃતિ આલેખાયેલી છે એ પુરુષ પોતે જો લેવા સામે ન આવે તો સુજ્યેષ્ઠાને એકદમ વિશ્વાસ પણ કેમ બેસે ? વેપારી દગો કરીને હરણ કરી જતો હોય તો પછી એનો પ્રતિકાર કયાં જઈને કરવો ? અને શ્રેણિક જો ખુલ્લી રીતે સુજ્યેષ્ઠાને લેવા આવે તો વિશાલા કંઇ રાંડીરાંડનું ખેતર નહોતું–અહીં તો ચેટક મહારાજાનો ઇસારો થતાં લિચ્છવી યુવાનો શ્રેણિકનો પીછો પકડવા તૈયાર જ બેઠા હતા.

સુજ્યેષ્ઠાની તીવ્ર ઇચ્છા જાણી લીધા પછી અભય-કુમારે છૂપી રીતે એક મોટી–લાંબી સુરંગ ખોદાવી, મુકર્રર કરેલા દિવસે શ્રેણિક મહારાજા પોતે સુજ્યેષ્ઠાને લેવા આવે અને સુજ્યેષ્ઠાએ કોઈને પણ કહ્યા વિના નાસી જવું એવી ગોઠવણ કરી.

પણ સુજ્યેષ્ઠા એકલી ઘરબહાર કેમ નીકળે ? ચેલણા સાથે ન હોય તો સુજ્યેષ્ઠાની સ્થિતિ પાણી વિના તરફડતી માછલી જેવી જ થાય. આાજસુધી એક પળ પણ નાની બહેનથી વિખૂટી નહિ પડેલી સુજ્યેષ્ઠા ચેલણા વિના એકલી–અટૂલી, પરાયા પ્રદેશમાં અજાણ્યા–અણઓળખ્યા પુરુષ સાથે શી રીતે જઈ શકે ? ચેલણાબહેન વિનાના સંસારની કલ્પના જ એ કરી શકતી નહોતી.

ચેલણાને સાથે લીધી હોય તો ? એ આ છૂપા સાહસમાં સમ્મતિ આપશે ? શ્રેણિક બે બહેનોને સંઘરશે ? એક સાથે આવી અસંખ્ય મૂંઝવણો સુજ્યેષ્ઠાના અંતરને વલોવી રહી.

દેહે જુદા હોય, મન-પ્રાણ-શીલ એક અને અ-ભિન્ન હોય ત્યાં એકબીજાથી કોઈ વાત છૂપી થોડી જ રહે ? ચેલણા સુજ્યેષ્ઠાની ચેષ્ટાઓ કળી ગઇ હતી. સુજ્યેષ્ઠાની વાણી અને વહેવારોમાં જે સ્પષ્ટ પલટો આવ્યો હતો તે એના લક્ષબહાર નહોતો રહ્યો. દાસી મારફતે ચાલતી વષ્ટિઓ અને વાટાઘાટોની હવા ચેલણાને પહોંચી ચૂકી હતી. એટલે જ એક દિવસે ઉલ્લાસ અને વિષાદ વચ્ચે વિમનસ્ક જેવી બનેલી સુજ્યેષ્ઠાને ચેલણાએ કહેવા માંડયું :

" બહેન, તું મારી ચિંતા ન કરતી. તું કહેશે તો હું તારી સાથે આવીશ. તારા સુખ દુ:ખમાં ભાગીદાર બનીશ. મારી ખાતર તું તારા દિલને દુભાવીશ નહિ. "

સુજ્યેષ્ઠાને પણ એ જ જોઈતું હતું. બહેન સાથે હોય, સાથે રહેવાની હોય તો પછી સંસારમાં બીજું શું જોઇએ ? એના હૈયા ઉપરનો બધો ભાર ઊતરી ગયો. શ્રેણિક આવે તો તેની જોડે પિતાના ઘરમાંથી નાસી છૂટવાની બધી યોજના થઇ ગઇ. નાની કે મોટી બધી ગૂંચો ઉકેલાઈ ગઇ.

શઢ કે સુકાન વગરનું હોડકું કિનારા તરફ ધકેલાતું હતું. કાંઠો પણ બહુ દૂર નહોતો. સહીસલામત. ઊતરવાની ઘડીઓ જ ગણાતી હતી. સુજ્યેષ્ઠા અને ચેલણાનાં હૈયા પળે પળે નાચી ઊઠતાં હતાં. શ્રેણિકના રાજમહેલમાં સાથે રહીશું, સાથે ફરીશું, સાથે જ સર્વ સુખસાહ્યબીનો ઉપભોગ કરીશું, સંસારની કોઇ પણ

ઊની જવાળા આપણને સ્પર્શી શકશે નહિ: આવા આવા મનોરથોના ઘેનમાં બન્ને બહેનો ચકચૂર હતી: અદશ્યમાં રહેલી ભાગ્યદેવી બે બહેનોના આ મનોરથો ઉપર છૂપું છૂપું સ્મિત વેરતી હશે એ કોઇ નહોતું જાણતું. મધુરસથી ભરેલા, હોઠને અડકેલા કોણ જાણે આવા કેટલા ય કટોરા ભાગ્યદેવીએ નિષ્ઠુરપણે ઢોળી નાખ્યા હશે ?

મગધરાજ શ્રેણિક રથ લઇને આવવાના હતા તેની આગલી રાતે એ બે બહેનોએ એક એક પળ કેટલા ભય, કેટલા ઔત્સુકયથી ગણી હતી ? વસ્ત્રો અને આભૂષણોની તારવણી કરતાં સાથે લઈ જવાની વસ્તુઓ બાંધતાં હાસ્ય અને કૃત્રિમ આક્રોશની કેટલી ઝડીઓ ચેટકના અંતઃપુરના એક છૂપા ખૂણામાં વરસી ગઈ હતી ? ચેલણા કહેતી : “ પણ બહેન, આપણે કપડાં, ઘરેણાં કે સુગંધી ચૂર્ણો લેવાની જરૂર જ શી છે ? રાજગૃહના મહેલમાં કઈ વાતની ખોટ છે ?” સુજયેષ્ઠા કહેતી: “ પણ એ ગમે તેમ તોયે પારકી વસ્તુ ગણાય ને ? મારી પસંદગીની વસ્તુ તો મારી સાથે જ રહેવી જોઇએ.” સુજયેષ્ઠાના સરળ સ્વભાવને કૌતુક તેમ મુક્ત હાસ્યથી વધાવી લેવા સિવાય ચેલણા પાસે બીજો કોઈ ઇલાજ નહોતો.

સવાર થતાં જ સમાચાર આવ્યા : “ રથ આવી ગયો છે. ઠેઠ ભોંયરાના મોં પાસે આવીને ઊભો છે.”

માતા પિતા અને વડીલોનો વિનય કરનારી, એમનાથી કંઇ છૂપું ન રાખનારી આ બન્ને બહેનોને ઘરમાંથી બહાર નીકળતાં, ચોરની જેમ પગલાં માંડતાં કેટલી

દ્વિધા, કેટલી વ્યથા થઇ હશે ? જે ઘરમાં હવે પાછા આવવાનો સંભવ જ નથી, જે મહેલનો એકે એક પથ્થર જાણે કે પાછળથી ખેંચી રાખતો હતો તેનો ત્યાગ કરતાં હૈયાની કેટલી હિંમત-ધીરજની નવી કુમક, એ બે બહેનોને બોલાવવી પડી હશે ? બીજી તરફ મગધપતિના મહેલના વૈભવ, સ્વયં શ્રેણિકની મોહ-મમતાએ ધીમે ઊપડતા કુમારીઓના પગોમાં કેટલી વિજળીની ગતિ પૂરી હશે ?

ભય, ચિંતા, વ્યગ્રતા, ઉલ્લાસની અનેકવિધ અટપટી લાગણીઓ અનુભવતી બહેનો સુરંગ પાસે સહીસલામત પહોંચી તો ખરી, પણ ઉતાવળમાં ને ઉતાવળમાં અથવા અસહ્ય મનોમંથનનાં મોજાંઓ સામે થવામાં, સુજ્યેષ્ઠા પોતાનો દાગીનાનો કરંડિયો જ ભૂલી ગઇ. રાતે જાગીને જે આભૂષણો ભેગાં કરી રાખ્યાં હતાં-જેમાં સુજ્યેષ્ઠાનો જીવ પરોવાયેલો હતો તે જ કરંડિયો જ રહી ગયો.

“ બહેન ચેલણા, મારો પેલો દાગીનાનો કરંડિયો રહી ગયો ! ” દીનતા અને નિરાશાની ઊની વરાળ ઠલવતી હોય તેમ સુજ્યેષ્ઠા બોલી. એના મોં ઉપરનું ક્ષણ પહેલાનું તેજ ઊડી ગયું.

“ દાગીના એ કરતાં સવાયા-દોઢા મળી રહેશે. બાળકની જેમ એવો નકામો મોહ જવા દે, રથમાં બેસી જા. અત્યારે બીજો કોઈ અવળો વિચાર કરવાનો અવકાશ નથી. ”

ચેલણા પરિસ્થિતિ સમજતી હતી, પણ તે પોતાનું કથન પૂરું કરે તે પહેલાં જ સુજ્યેષ્ઠા અતિ દીનભાવે

બોલીઃ "ના બહેન, મને દાગીના તો જોઇએ જ. હું દોડતી જઇને હમણાં જ લઇ આવું."

સુજ્યેષ્ઠાને રોકે તે પહેલાં તો હરણની જેમ દોડતી આઘે નીકળી ગઇ. શ્રેણિક થોડી વાર તો આ બે બહેનોનાં હેત અને હઠને જોઇ રહ્યો. આમાં સુજ્યેષ્ઠા કોણ અને ચેલણા કોણ એ નક્કી થઇ શકે એમ નહોતું. એકને બદલે બે બહેનો કેમ તૈયાર થઇ, છબીવાળી કન્યા કઈ એ પ્રશ્નો એણે પોતાની જાતને પૂછી જોયા પણ જવાબ ન મળ્યો. એક તો આ કન્યાઓ સાથે આ પ્રથમ પરિચય હતો, સુરંગની અંદર પ્રકાશ પણ જેવો જોઇએ તેવો પહોંચતો નહોતો અને તે ઉપરાંત પકડાઇ જવાનો અને બંદિવાન બનવાનો ભય માથા ઉપર ઝઝૂમતો હતો.

એક સ્ત્રીની ખાતર પોતે કેટલું ભયંકર જોખમ ખેડયું હતું તેનો વિચાર આવતાં અત્યારે શ્રેણિકના અંગે પસીનો છૂટ્યો. લિચ્છવીઓને જો જાણ થાય કે વિશાલાનો આ જન્મ વેરી શ્રેણિક અહીં ચોરની જેમ આવ્યો છે તો કોઈ પણ ઉપાયે તેને પકડીને બંદિવાન બનાવ્યા વિના ન રહે. શ્રેણિક જોખમોથી ભાગ્યે જ ડરતો. પણ અહીં તો અપકીર્ત્તિ સાથે પાંજરામાં પુરાઈને જિંદગીના છેલ્લા દિવસો કાઢવા પડે એવી બીક હતી. કોઈપણ બુદ્ધિમાન માણસ આવું જોખમ ન ખેડે-અહીં સુધી આવવામાં પોતે નરી મૂઢતા જ બતાવી હતી એવું ભાન થતાં તેને થોડી ધ્રુજારી પણ આવી ગઇ. હવે એ અધીરો બન્યો. બીજી તરફ સુજ્યેષ્ઠાનો પદરવ સાંભળવા કાન માંડયા, પણ પદરવને બદલે ચેટકના

મહેલની અંદર દૂર દૂર આછો ઘોંઘાટ મચી રહ્યો હોય એમ લાગ્યું.

હવે એક પળવાર પણ સુરંગની અંદર રોકાઇ રહેવું એ કાળના મુખની અંદર પ્રવેશવા જેવું છે એવી શ્રેણિકની ખાતરી થઇ. બોલ્યો : “ હવે આપણે ભાગી છૂટવું જ જોઇએ ! સારથિ ! રથ મારી મૂક ! પાછું વાળીને જોઈશ મા ! ” સુભટ જેવા એ યોદ્ધાની વાણીમાં ગભરામણ તરવરતી હતી.

સારથિ પણ માત્ર આજ્ઞાની જ રાહ જોતો હોય તેમ તેણે શ્રેણિકનો ઇસારો થતાંની સાથે જ રથ હંકારી મૂકયો.

વેગથી દોડતા અશ્વોના ડાબલાના પડછંદાને લીધે હોય કે સુરંગમાંથી ઊઠતા રથના ધમધમાટને લીધે હોય : ગમે તેમ પણ વિશાલાના ચોકીદારો સળવળી ઊઠ્યા. કંઈક પણ કાવતરું છે એમ લાગતાં જ હજારો લિચ્છવી યુવાનો તીર અને ભાલા સાથે શ્રેણિકના વાયુવેગે દોડતા રથ તરફ ધસ્યા. લિચ્છવીઓ જરા મોડા પડ્યા તોપણ લક્ષ્યવેધી બાણવર્ષામાંથી માંડમાંડ બચતો શ્રેણિક મહામહેનતે રાજગૃહી ભેગો થઇ ગયો. સુલસાના બત્રીશ પુત્રો આ યુદ્ધમાં મરાયા. સુજ્યેષ્ઠા જ્યારે ફરીને દાગીનાનો કરંડિયો લઇને આવી ત્યારે ત્યાં નિર્જનતા નિહાળી પાછી પોતાના મહેલમાં ચાલી ગઇ.

વિશાલામાં વિરોધ અને વિતર્કોનો કેવો જબ્બર વંટોળ ઊઠ્યો હશે તેની વિગતમાં આપણે નહિં ઊત-

રીએ. મગધનો મહારાજા પોતે વિશાલામાં આવીને આ રીતે ધોળે દિવસે નાક કાપી જાય તે જાણીને સરદારો અને જુવાનો સળગી ઊઠ્યા હતા. ચેલણાનું હરણ એમને મન બહુ મોટી વાત નહોતી. ગાંધર્વલગ્નની જ એ એક પ્રથા હતી.

સૌ કરતાં ઊંડો અને મર્મવેધી ઘા તો સુજ્યેષ્ઠાને લાગ્યો. જે બહેનથી છૂટા પડવાની કદિ કલ્પના પણ નહોતી આવી તે જ બહેન, પોતાને મૂકીને નાસી ગઈ એ ચિંતા શલ્યની જેમ તેને ખૂંચવા લાગી. શ્રેણિકનો સ્નેહ, રાજગૃહીના રાજ-મહેલના રંગરાગ,બહેન પ્રત્યેની શ્રદ્ધા એ બધું જાણે વરાળ બનીને પળવારમાં અદૃશ્ય થઈ ગયું હોય એમ એને લાગ્યું. સ્વપ્નસૃષ્ટિને કેટલી નક્કર અને અવિનાશી માનેલી ? એક ગગનચુંબી મહેલ જાણે કે જોતજોતાંમાં જમીનદોસ્ત બન્યો હોય અને પોતે એના પથ્થરો નીચે ગૂંગળાતી હોય એવી અસહ્ય યંત્રણા સુજ્યેષ્ઠા અનુભવી રહી. ચેલણામાં જ જેની આખી સૃષ્ટિ સમાઈ જતી હતી તેને દુનિયા હવે વેરાન જેવી લાગવા માંડી : ધીરજ કે સાંત્વનના બે શબ્દો પણ એના કાનમાં રેડનાર કોઈ જ ન હતું.

એકલી-અટૂલી ત્યજાએલી સુજ્યેષ્ઠાનો હોઠ સુધી આવેલો સુખનો પ્યાલો વિધાતાએ ઢોળી નાખ્યો. શરુ-આતમાં આવેગના તાજા ઊભરામાં તેણે ચેલણાને, શ્રેણિકને, અભયકુમારને સંભારીને ઊંડા ઉષ્ણ નિઃશ્વાસ નાખ્યા. પોતાના જીવન-આકાશમાં એ કહેવાતા વેપારી અને શ્રણિક એમ બે ગ્રહો અચાનક ન ઊગી નીકળ્યા

હોત તો કેટલી સુખી હોત? અભયકુમાર અને શ્રેણિક પોતાના સુખના લૂંટારા જ હોય એમ એને લાગ્યું.

ચેલણા પણ કેટલી સ્વાર્થી નીવડી? બે પળ વધારે રાહ જોઈ હોત તો એનું શું લૂંટાઈ જાત? શ્રેણિકના રથમાં બેસવાનો એને અધિકાર જ શું હતો? મારી સાથે આવવાને બંધાએલ એ બહેન મને મૂકીને એકલી જ કાં ચાલી ગઈ? સંસાર સ્વાર્થથી ખરડાયેલો છે જ, પણ ચેલણા આખરે આટલી સ્વાર્થી બની? સમસ્ત વિશ્વ સામે રોષે ભરાયેલી સુજ્યેષ્ઠા ઉન્માદિનીની જેમ આવા તર્ક–વિતર્ક કરતી પોતાના દિવસો વિતાવી રહી.

ઊભરો જ્યારે શમ્યો, ઘા જેમ જેમ રુઝાવા લાગ્યો તેમ તેમ તે અંતર્મુખ બની પોતે જ પોતાને જવાબદાર ગણવા લાગી: "ચેલણા ઉપર ઘોખો કરવાનો મને શો હક્ક છે? ભાગ્યમાં જ જો આમ છૂટા પડવાનું લખાયું હતું તો એ ભાગ્યની લિપિ ચેલણા પણ શી રીતે ભૂંસી શકે? અને શ્રેણિક તો ઉદ્યાનના ખીલતા પુષ્પો ઉપર ગૂંજતો, ઘડીમાં પુષ્પોની રજને સ્પર્શતો તો ઘડીકમાં ક્યાંનો ક્યાંય ઊડી જનારો ભ્રમર ગણાય. એક છબી નિહાળી, તેની પ્રશંસા સાંભળી, ગાંડી ઘેલી બની જનારી હું પોતે જ ઓછી હૈયાફૂટી નહોતી?"

પોતાની ભૂલ, ભ્રાંતિઓની સમીક્ષા કરતી સુજ્યેષ્ઠા એક દિવસે સુખના મૂળ સિદ્ધાંત પાસે પહોંચી: "ચેલણા હોય તો જ મને સુખશાંતિ, આરામ અને આનંદ મળે? શ્રેણિક મળે તો જ મારો પોતાનો ઉલ્લાસ આકાંક્ષા પરિપૂર્ણ બને? ત્યારે હું તો પંચભૂતના

પૂતળા જેવી જ ને ? મારામાં પણ આત્મા છે, મારા પોતાનામાં જ નિજાનંદ અને અલૌકિક ઐશ્વર્યની સમૃદ્ધિ ભરેલી છે એ બધું શું મારા માટે માત્ર વાણી-વૈભવ જેવું રહેવાનું ? ”

આવો સ્મશાન વૈરાગ્ય તો ઘણા પામર સ્ત્રી-પુરુષોને સ્પર્શી જાય છે. સ્મશાનમાં સળગતી ચિતાની સાથે જ તે પાછો ઓલાઈ જાય છે. સુજ્યેષ્ઠાનો પણ શું એ સ્મશાન વૈરાગ્ય હશે ? અત્યંત નિરાશાની પળોમાં માનવી માત્રને જે સહજ છે તેજ રંગ શું સુજ્યેષ્ઠા ઘોળતી હશે ? આત્મવંચનાનો આનંદ લૂંટતી હશે ?

ભ૦ મહાવીર પાસે જઈને સુજ્યેષ્ઠાએ દીક્ષા લીધી તે પહેલાં કેવાં મર્મવેધક મનોમંથનોમાં દિવસ અને રાત્રિઓ વિતાવી હશે–કેટકેટલા આશા–નિરાશાના તોફાની મોજાઓના માર વેઠ્યા હશે તે આજે કોણ કહી શકે ? એની જીવનચર્યા જોતાં એ ભગ્નાશ કુમારિકાએ સાંસારિક સ્નેહના તૂટેલા તાર સાંધવાનો કદિ પ્રયત્ન કર્યો હોય એમ નથી લાગતું. હૃદયવીણાના હજારો તાર એકી સાથે જેના તૂટી ગયા હોય તે જ સુજ્યેષ્ઠા જેવી કોડભરી યુવતીના અંતરની વ્યથા કલ્પી શકે.

ભ૦ મહાવીરના સાધ્વીસંઘનો આશ્રય મેળવી સુજ્યેષ્ઠા પુનર્જીવન પામી. વિરાગ અને સંયમના રસાયણબળે તૂટેલા હૈયાના તારમાંથી મૈત્રી, કરુણા અને ત્યાગ–તપશ્ચર્યાની અમર રાગિણી સુજ્યેષ્ઠાએ રેલાવી.

દીક્ષા-પર્યાયમાં એક દિવસે સાધ્વી સુજ્યેષ્ઠા જ્યારે ધ્યાનાવસ્થામાં હતી ત્યારે કોઇ દુષ્ટ દેવના યોગે એને

ગર્ભ રહેલો અને વખત વીતતાં સાત્યકી નામનો પુત્ર પણ પ્રસવેલો—આવી મતલબનો અનુચિત આરોપ સુજ્યેષ્ઠાના નામ સાથે કોઇએ સાંધી દીધો હોય એમ લાગે છે. સુજ્યેષ્ઠા જેવી પવિત્ર અને અગ્રગણ્ય સાધ્વીના નામનો આવો દુરુપયોગ, બહુ પાછળના કાળમાં (ઘણું કરીને તાંત્રિક યુગમાં) થયેલો હોવો જોઇએ. એ આખો પ્રસંગ બનાવટી અને વિકૃત માનસમાંથી ઉદ્ભવેલો જણાય છે.

# ચેલણા



( ૯ )

ક્રમબદ્ધ-તાલબદ્ધ વહેતા વિશ્વવ્યાપારમાં જ્યારે કંઇક અણચિંતવ્યું અથવા અણગમતું બની જાય છે ત્યારે તેને આપણે અકસ્માત કહીએ છીએ. આ અકસ્માતો જ, ખરું કહીએ તો, વિશ્વના સૂત્રધાર છે. આ અકસ્માતો છે એટલે જ વિશ્વવ્યાપાર ગૂઢ, રહસ્યમય

અને ચમત્કારિક લાગે છે. અકસ્માતોને લીધે જ અવારનવાર હર્ષ ને વિષાદના કલ્લોલ ને રુદન પરસ્પરમાં ગૂંથાઇ જતા લાગે છે. અકસ્માત જેવું કંઇ ન હોત–વશિષ્ટ ગુરુ જેવા મુનિએ મુહૂર્ત્ત જોઇ આપ્યા પછી રામનો રીતસર રાજ્યાભિષેક થયો હોત અથવા તો પદ્મ-સરોવરમાં કમળની કળીયો વચ્ચે કારાવાસ ભોગવતો ભ્રમર નિત્યના નિયમ પ્રમાણે સવાર થતાં જ છૂટીને ઊડી જતો હોત તો કવિની કલ્પના કેટલી કુંઠિત બની જાત? સૌંદર્ય અને વૈચિત્ર્ય તલસતી રસવૃત્તિ, ઝાંઝવાના નીર તરફ દોડતા મૃગની જેમ દોડી દોડીને ક્યારની યે નિઃશેષ ન બની ગઈ હોત? રામના બરાબર રાજ્યાભિષેક વખતે જ કૈકેયીનો ને મંથરાના દુરાગ્રહનો અકસ્માત્ બને છે અને તેમાંથી ઈતિહાસ તેમ જ કાવ્યના રંગીન પટ વણાય છે અને કમલવનમાં પણ એ જ પ્રમાણે અકસ્માત મદોન્મત્ત હાથી આવી ચડે છે અને પદદલિત બનેલા ભ્રમરના મનોરથ ત્યાં ને ત્યાં જ માટી ભેગા મળી જાય છે. અકસ્માત ન હોત એટલે કે એક ને એક બે જ થાય એ ક્રમે કલ્પના, ધારણા, યોજના પ્રમાણે જ બધું પાર પડતું હોત તો સંસાર કોઇ કુશળ ગણિતશાસ્ત્રીએ ગણવા માંડેલા હિસાબના અંત રહિત દાખલા જેવો જ સાવ શુષ્ક ન બની જાત?

સુજ્યેષ્ઠાના મનોરથો અકસ્માતનો એક જ આંચકો લાગતાં માટીમાં રગદોળાઇ ગયા : ચેલણાના ભાગ્યમાં એ જ અકસ્માતે જાણે કે નવા લેખ લખી નાંખ્યા. શ્રેણિક

આવ્યો હતો સુજ્યેષ્ઠાનું હરણ કરવા, પણ આભૂષણોની પેટી લેવા ગએલી સુજ્યેષ્ઠા હાથ ઘસતી રહી અને જે ચેલણા હજી પૂર્વરાગથી રંગાઈ પણ નહોતી તે અકસ્માત્ રાગરંગના ઊછળતા કલ્લોલો વચ્ચે આવી ચઢી. શ્રેણિકની જગ્યાએ બીજો કોઇ હોત તો કદાચ વિચારમાં પડત કે જેની છબી જોઇ હતી, જેના રૂપ-લાવણ્યની ઘણી યશગાથાઓ સાંભળી હતી તે જ આ સુજ્યેષ્ઠા ? અને એ સુજ્યેષ્ઠા ન હોય તો ચેલણા-ભલે, એની સગી બહેન રહી, પણ એનું હરણ કરવામાં અને ગાંધર્વ વિધિથી લગ્ન કરી નાખવામાં પોતે કંઈ પાતક તો નથી કરતો ને ? વળી કોઈ એક દિવસે સુ-જ્યેષ્ઠાનું સંસ્મરણ થઈ આવે અને પ્રાણ અંદરથી પોકારી ઊઠે તો તે દિવસે કોઈ પણ સાચા પ્રેમીને અકથ્ય વ્યથા થયા વિના ન રહે.

શ્રેણિકને એવી કોઈ ચિંતા ન નડી. એણે જ્યારે ચેલણાની જીભેથી જ સાંભળ્યું કે : “ સુજ્યેષ્ઠા, મારી બહેન, પાછળ રહી ગઈ, એને બદલે હું ઝડપાઈ ગઇ ! ” ત્યારે પણ શ્રેણિકે તો એટલું જ કહ્યું કે : “ મારે મન તો તું જ સુજ્યેષ્ઠા ! ”

ચેલણાને મેળવીને શ્રેણિક પરમ સંતોષ પામ્યો અને જેને માટે કોઇ સ્થાન હજુ નિર્દેશાયું કે નિર્માયું નહોતું તે રાજગૃહીની પટરાણીનું સ્થાન મેળવી પોતાને અહોભાગી માનવા લાગી. બહેન સુજ્યેષ્ઠાના વિયોગનું દુઃખ તો હતું જ–ઘણા સમય સુધી એ વ્યથા ચેલણા ભૂલી શકી નહોતી, પરંતુ રોગ શોકને શમાવવામાં કુશળ એવા કાળે એ વિયોગનું દુઃખ વિસરાવી દીધું.

શ્રમણયુગ આલેખનારી–ઇતિહાસવિધાતાની લેખિની પણ હવે ધમધમાટ કરતી દોડતી દેખાય છે. અત્યાર સુધી જે હાથ થોથરાતો હતો તે હવે ચેલણાના આગમને એકધારો ગતિમાન બનતો જણાય છે. ચેલણા અને શ્રેણિકની લગ્નગ્રંથિમાં ઇતિહાસરચનાનો કોઈ ગૂઢ સંકેત હોવો જોઇએ.

શ્રેણિક ઉપર ગૌતમ બુદ્ધદેવના ત્યાગ અને તપની ઊંડી અસર હતી. જે વખતે એનું હૃદય કોરા કાગળ જેવું હતું તે વખતે પ્રથમ અક્ષરો બુદ્ધદેવના ત્યાગ–વિરાગે જ ઊજળી શાહીથી લખેલા. એમ કહેવાય છે કે ગૌતમ બુદ્ધ માતાપિતાનો સુંવાળો ખોળો તજી દઇ કઠોર સાધનાના માર્ગે વળ્યા ત્યારે ભિક્ષા માટે રાજગૃહમાં રઝળતા અને વાસી રોટલાનો ટુકડો મોંમાં પરાણે ધકેલતા એમને મહારાજા શ્રેણિકે પ્રથમ જોયા અને તેમની આકૃતિ તથા બીજાં લક્ષણો ઉપરથી આ નવીન સાધક કોઇ અદ્વિતીય પુરુષ હોય એમ લાગ્યું. તાજા ત્યાગીના વદન ઉપર ઝળકતી આત્મનિર્ભરતા અને અચળ શ્રદ્ધા જોઇને શ્રેણિક એમનો અંતરથી ભક્ત બની ગયો.

બીજી વાર પણ આવો જ એક પ્રસંગ બન્યોઃ શ્રેણિકે રાજકુમાર જેવા એક શ્રેષ્ઠીના સુકુમાર યુવાનને અતિ દીન અનાથ દશામાં એકલો બેઠેલો જોયો. શ્રેણિકના પ્રથમ પ્રશ્નના ઉત્તરમાં જ એ યુવાને પોતાને અનાથ તરીકે ઓળખાવ્યો. શ્રેણિકનું સ્નેહાળ હૃદય

કંપી ઊઠયું. જે યુવાન રાજમહેલના વૈભવને યોગ્ય હતો તે આજે ધરતીની ધૂળમાં આળોટે છે તે જોઇને તેને ભારે દુઃખ થયું કહ્યું:-" ચાલ મારી સાથે, હું તને અનાથ નહિ રહેવા દઉં. તને જે જોઇએ તે હું આપીશ."

પછી એ બંનેનો સંવાદ આગળ વધે છે અને યુવાન તપસ્વી પોતે કેવા સંયોગોમાં ઘરબહાર નીકળી પડયો હતો અને પોતાને સનાથ માનનારા વસ્તુતઃ કેટલા અનાથ છે તે વિસ્તારથી સંભળાવ્યું ત્યારે શ્રેણિકના અંતરના દરવાજા એકદમ ઊઘડી પડયા. આપણા જૈન સાહિત્યમાં જે અનાથી મુનિના નામથી પ્રસિદ્ધ છે તેમનો શ્રેણિકને એ રીતે ભેટો થયેલો અને તે દિવસથી જૈન સાધુસંઘમાં આવા અદ્ભુત તપસ્વીઓ તથા વિરાગીઓ છે એમ જાણીને શ્રેણિક જૈન ધર્મ તરફ આકર્ષાએલો.

ચેલણાએ હવે એ પાયા ઉપર શ્રેણિકની ધર્મશ્રદ્ધાનું ચણતરકાર્ય આરંભ્યું. ભ૦ મહાવીર પણ એક દિવસે અપાપાનગરીમાં ગૌતમ ઇન્દ્રભૂતિ જેવા એ જમાનાના દિગ્ગજ સમા અગિયાર બ્રાહ્મણ પંડિતોના મદજ્વર ઉતારી-પોતાના શિષ્ય બનાવી રાજગૃહીમાં પધાર્યા. ચોમાસુ પણ અહીં જ નિર્ગમ્યું.

શ્રેણિક મહારાજા વખતોવખત ભ૦ મહાવીરના દર્શને જતા અને ભ૦ મહાવીર પણ એમને પરમ ભદ્રિક, સજ્જન અને શ્રદ્ધાળુ જાણી ઘણા ઘણા પ્રશ્નોનાં ઉત્તર આપતાં-શંકાઓનું સમાધાન કરતા. જ્યાં શ્રેણિક મહારાજ હોય ત્યાં ચેલણા પણ હોય. ચેલણા તો પોતાના માવતરના ઘેરથી જૈન સંસ્કાર પામી હતી.શ્રેણિ-

કને જૈન શાસનના રંગથી રંગાયેલો જોઇને ચેલણા ભારે સંતોષ અનુભવતી.

છતાં કોઇ કોઈ વાર શ્રેણિકની શ્રદ્ધા જ્યારે હલી ઊઠતી ત્યારે ચેલણાને જ એનું સમારકામ કરવું પડતું. તે કાળ ને તે સમયમાં ભ૦ મહાવીર જેવા જ્ઞાનદિવાકરો અને ગૌતમ ગણધર જેવા પ્રકાશમાન જ્યોતિર્ધરો હતા, તેમ લોકોની ભદ્રિકતા અને સરલતાને વટાવી ખાનાર દંભીઓ અને પાખંડીઓ પણ હતા. પાખંડીઓની સંખ્યા સેંકડોના હિસાબે ગણી શકાય એટલી મોટી હતી. લોકોને આકર્ષવાના એમના જાદુ પણ વિવિધ અને વિચિત્ર હતા. કોઈ જાદુથી, મંત્રતંત્રથી, જ્યોતિષથી, સામુદ્રિકથી, વૈદ્યકથી તો કોઈ કોઈ કેવળ કષ્ટક્રિયા અને વાચાળતાથી બુદ્ધિભેદ અને શ્રદ્ધાભેદની જાળ બિછાવતા.

ચેલણા પોતાની તીક્ષ્ણ બુદ્ધિ અને ભગવાન મહાવીરના શાસન પ્રત્યેની અચળ શ્રધ્ધાના બળે પાખંડીની જાળો કેવી ખૂબીથી ભેદી નાખતી અને શ્રેણિકને સીધા રાજમાર્ગે દોરી જતી તેનો થોડો આભાસ નીચેની એક બે કહાણીઓ ઉપરથી મળી શકશે.

શ્રેણિક દરેક ધર્મના સાધુ સંતોને સન્માનતો. એક દિવસે ચાર પાંચ ઢોંગીઓ શ્રેણિકના મહેલમાં આવ્યા. તેઓ પોતાને સર્વજ્ઞ કહેવરાવતા. સર્વજ્ઞનું નામ સાંભળતાં જ શ્રેણિક તેમની સામે ગયો : કંઇક નવો પ્રકાશ આપશે એવી આશાથી એમને પોતાના અંતઃપુરમાં લઈ આવ્યો.

" ચેલણા ! આજે આપણા અહોભાગ્ય કે ચાર-પાંચ સર્વજ્ઞ પુરુષો આપણા આંગણે આવી ચડ્યા છે." શ્રેણિકનો હર્ષ જાણે કે સમાતો નહોતો. ચેલણાએ જરા ય ઔત્સુક્ય ન દાખવ્યું. એ સમજતી હતી કે આજે તો જાદુ કપટના ખેલ કરનારા પણ પોતાને સર્વજ્ઞ તરીકે ઓળખાવી ભોળી જનતાને છેતરી શકે છે. ભ. મહાવીર સિવાય આજે બીજો સાચો સર્વજ્ઞ દુર્લભ છે.

" તો ભલે આજે આપણા મહેલમાં જ રહે અને આહાર પાન પણ અહીં જ કરે એવી વિનંતિ કરો. હું પોતે એમના સારુ રસોઇ કરું છું." ચેલણાએ જવાબ આપ્યો. શ્રેણિક સમજ્યો કે પોતાની શ્રદ્ધા-ભક્તિનો પડઘો ચેલણાના ચિત્તમાં પણ પડ્યો છે: નહિંતર પોતે રસોઇ કરવા બેસે છે એમ ન કહે.

શ્રેણિકની વિનંતિને માન આપી સર્વજ્ઞો રાજમહેલમાં જ રહ્યા અને બીજી તરફ ચેલણાએ એમને જમાડવા ભાતભાતની વાનીઓ તૈયાર કરવા માંડી.

સર્વજ્ઞો વખતસર જમવા બેઠા. ચેલણાએ પોતે આગ્રહ કરીને એમને ખૂબ જમાડ્યા. સર્વજ્ઞો પણ લાડુભટ્ટની જેમ અકરાંતીયાની પેઠે જમ્યા. ચેલણા એમની ખાવા પીવાની, બોલવા ચાલવાની રીતભાત ઉપરથી આ કોઈ ઢોંગીઓ છે એમ બરાબર કળી ગઇ હતી. જમી રહ્યા પછી એમને પાન સોપારી પણ ચેલણાએ જ ધર્યાં.

પાછા વળતાં સર્વજ્ઞોએ પોતાનાં પગરખાં શોધવા માંડ્યાં, પણ હાથ ન આવ્યાં. થોડો વખત એમ

નીકળી ગયો એટલે એક દાસી દોડતી આવીને કહેવા લાગી કે: " આ તપસ્વીઓનાં પગરખાં કોઇક ઉપાડી ગયું. "

ચેલણાએ ટાઢકથી જવાબ આપ્યો: " સર્વજ્ઞો પોતાનાં પગરખાં કયાં છે તે ન જાણે એવું બને જ નહિ. સાધારણ માણસ પણ એટલું તો જાણે જ. "

એટલામાં તો શ્રેણિક મહારાજ પોતે સર્વજ્ઞોને મદદ કરવા એ દિશામાં ચાલ્યા, ચેલણા પણ એમની પાછળ પાછળ ગઇ.

સર્વજ્ઞોનાં મોં લેવાઈ ગયાં હતાં. એક તો ઠાંસી-ઠાંસીને ભર્યું હતું, આશ્રમે પહોંચવાની ઉતાવળ હતી અને બીજી તરફ કોઇએ મશ્કરી કરવા એમના ઉપાન સંતાડી દીધાં હતાં. સર્વજ્ઞો રોષે તો ભરાયા જ હતા. પણ નિષ્ફળ ક્રોધ કરવો શું કામનો એમ ધારીને મનમાં ને મનમાં જ સમસમીને ઊભા હતા.

એટલામાં ચેલણા રાણીનો સ્વર સંભળાયોઃ "પગરખાં તો તમારી પાસે જ છે. સર્વજ્ઞ થઇને એટલું યે નથી જાણતા ?"

વળી પેલા ધૂર્ત્તોએ ફરી આસપાસ જોયું. કયાંઈ પગરખાં ન દેખાવાથી શ્રેણિકે ચેલણાને સહેજ રોષથી કહેવા માંડયું: "કયાં છે ? તમને ખબર હોય તો કહી દો. આવા સંતોને નાહકના શા સારુ પજવો છો ?"

"પણ મેં એક વાર તો કહ્યું ને કે 'પગરખાં એમની પાસે જ છે !' છેક પાસે રહેલી ચીજ પણ ન દેખાતી હોય તો પછી એમની સર્વજ્ઞતા શું કામની ?

જાણીબૂઝીને ભોળા લોકોને છેતરવાનો ધંધો શા સારુ લઇ બેઠા હશે ?" ચેલણા પણ હવે ચિડાવાનો ડોળ કરવા લાગી.

ક્રોધથી ઊકળેલા એક સર્વજ્ઞ તો ત્યાં ને ત્યાં જ બેસી ગયા. એનો જીવ ચૂંથાવા લાગ્યો–ખાધેલું બધું બહાર આવશે એમ લાગ્યું અને સાચે જ થોડી વારે એક પછી એક સર્વજ્ઞોએ ઉલટી કરવા માંડી. કહેવાની જરૂર નથી કે ચેલણાએ જ દાસી મારફત એ સર્વજ્ઞ હોવાનો દાવો કરનારા દંભીઓના પગરખાં મંગાવી, એનું ઝીણું ચૂર્ણ કરી ખાટા–ખારા–તીખા–મધુર રસ સાથે મેળવી એમના પોતાના જ પેટમાં પધરાવી દીધાં હતાં. એટલે તો એ પહેલેથી કહ્યા કરતી કે તમારાં પગરખાં તમારી પાસે છે છતાં બહાર કાં શોધો છો ? દંભીઓ શરમાયા અને તે દિવસથી સર્વજ્ઞ કહેવરાવીને ભોળી દુનિયાને છેતરવાનો ધંધો એમણે મૂકી દીધો.

બીજી વાર પોતાને પરમ ધ્યાની કહેવરાવનારા દંભીઓની પણ ચેલણાએ એવી જ દુર્દશા કરી હતી. કહે છે કે શ્રેણિકની પાસે આવી કેટલાક તાપસો એમ કહેવા લાગ્યા કે અમે ધ્યાનમાં એટલા બધા તલ્લીન બની જઇએ છીએ કે અમને અમારા દેહ કે દુનિયાનું પણ કંઈ જ ભાન નથી રહેતું. ધ્યાનાવસ્થામાં અમારા જીવ ઠેઠ બ્રહ્મલોક સુધી પહોંચી જાય છે. શ્રેણિકે તો 'કદાચ હશે' એમ માની લીધું. પણ ચેલણાએ એમની ફજેતી કરવામાં બાકી ન રાખી.

ધ્યાનપ્રવીણ કહેવાતા એ ઠગોને ચેલણાએ એક

તંબુમાં બેસારી ધ્યાનનો પ્રયોગ બતાવવાનો આગ્રહ કર્યો. ભલી-ભોળી રાજમહેલની નારીને છેતરવી એ તો એમને મન રમતવાત હતી. તાપસોએ તે કબૂલ્યું અને ધ્યાનમાં બેસી ગયા-એમના કહેવા પ્રમાણે એમણે બ્રહ્મલોકની-દેવલોકની સફર શરુ કરી દીધી. હવે ચેલણાએ તંબુના એક છેડે આગ સળગાવી. ધ્યાનનું નાટક કરનારા એ તાપસોએ આગને નજીક આવતી જોઈ, જીવને તરત જ પાછો બોલાવી લીધો અને મૂઠી વાળીને ત્યાંથી નાસી છૂટયા.

શ્રેણિકે જ્યારે ચેલણાને ઠપકો આપવા માંડયો ત્યારે ચેલણાએ સહેજ હસતાં જવાબ આપ્યો:

"મેં તો એમના ભલા માટે આગ લગાડી હતી. જીવ અને દેહનો સંબંધ જ અનર્થના મૂળરૂપ છે. બ્રહ્મલોકમાં ગએલા જીવને પાછો ખોળિયામાં દાખલ થવા જ ન દીધો હોય તો એ બિચારા સંસારમાંથી છૂટી જાય-તરી જાય. જો સાચા હોત તો ત્યાં ને ત્યાં કાં ન બેસી રહેત ? પ્રાણવિનાના ખોળિયાને બળતું જોઇને તો તેઓ રાજી થાત. પણ આ તો ધૂર્ત્તો હતા એટલે નાસી ગયા."

શ્રેણિક શું જવાબ આપે ? ચેલણા ઘણી વાર આવા તોફાનો કરતી અને શ્રેણિકને એ રીતે નવા નવા બોધ-પાઠ આપી વીતરાગના શાસનમાં દઢ કરતી. શ્રેણિક એ બધું સમજતો અને મૌન રહેતો.

આવી બુધ્ધિમતી ચેલણા પણ એક દિવસે આફતમાં ઘેરાઇ ગઇ. શ્રેણિક અને ચેલણા અભિન્ન હ્રદય હોવા છતાં-ચેલણાને પરમ પવિત્ર અને પતિવ્રતા માનવા છતાં

શ્રેણિકને ચેલણાના ચારિત્ર વિષે સંદેહ ઊપજ્યો. હકીકત એવી બનેલી કે તે દિવસે શ્રેણિક અને ચેલણા ઉપવનમાં સાથે ફરવા ગયેલાં.પોષ મહિનાની ઠંડી એટલી બધી હતી કે ઊનના વસ્ત્રોથી દેહને ઢાંકવા છતાં દાંત કચકચી ઊઠતાં. પંખી પણ ખરે બપોરે માળામાંથી ઊડીને બહાર જવાની હિમ્મત ન કરે.તે દિવસે પુષ્કળ હિમ પડયું હતું.વીંછીના ડંખમાં અને આ હિમના સ્પર્શમાં ઝાઝો ભેદ નહોતો.

રાત્રિ પહેલાં મહેલમાં પહોંચી જવા શ્રેણિક અને ચેલણા ઉતાવળે પગલે રથ તરફ જતાં હતાં એટલામાં એમણે એક નિર્ગ્રંથ મુનિવરને તળાવની પાસે ખુલ્લા મેદાનમાં કાઉસગ્ગધ્યાનમાં બેઠેલા જોયા. શ્રેણિકે અને ચેલણાએ દૂરથી જ એ ઉઘાડા શરીરવાળા તપસ્વીને બે હાથ જોડીને વાંદ્યા. વધુ ખોટી થવાય એમ નહોતું: એટલે તેઓ એકદમ મહેલમાં પહોંચી ગયાં.

મધ્યરાત્રિનો સૂનકાર જામ્યો હતો. હાડપિંજરને પણ ખખડાવી દે એવું હિમ વરસતું હતું. જગત આખું થીજી ગયું હોય એમ લાગતું હતું. ચેલણા ઊંઘતી હતી, પણ ટાઢના સુસવાટા એને વારેઘડીએ ઝબકાવી દેતા. શ્રેણિક પાસે જ સૂતો હતો, પણ એની આંખમાં ઊંઘ ન હતી. ચિંતાને લીધે હોય યા તો અસહ્ય ઠંડીને લીધે હોય, પણ તે ઊંઘવાના પ્રયત્નમાં સફળ ન થયો. ચેલણાની જામતી જતી ઊંઘ અને નિશ્ચિંતતા ઉપર એને થોડી અદેખાઇ પણ આવી હશે.

એટલામાં ચેલણાએ પડખું ફેરવ્યું. અચાનક જ એના અવશ ઓષ્ટમાંથી તૂટક–છૂટક શબ્દો સર્યા: “અરેરે ! ટાઢથી એમને કેટલી વ્યથા થતી હશે ? ”

"એમને એટલે કોને ?" શ્રેણિકના શંકાશીલ હૈયા ઉપર જાણે કે કોઇએ ખંજર ભોંકી દીધું ! ઊંઘમાં પણ આ ચેલણા કોઈ પરપુરુષને સંભારે છે, ઊંઘના આવેશમાં પોતાના કોઈ પ્રિયતમને જાણે કે સંબોધે છે. પોતાના પતિ સિવાય બીજાનું ચિંતન કરનાર આ ચેલણા ખરેખર કુલટા જ હોવી જોઇએ. મારી ઉપરનો એનો પ્રેમ દંભાચાર છે. હું જ એવો મૂર્ખ કે એના કપટી સ્નેહને મેં સાચો દાંપત્ય સ્નેહ માની લીધો.

શ્રેણિકને આખી રાત ઊંઘ ન આવી. એ પોતે અનેક સ્ત્રીઓનો સ્વામી હતો. દરેકની પાસેથી એકનિષ્ઠ સ્નેહની આશા રાખતો. તેમાંયે જે સ્ત્રી પોતાની અધિકાધિક સ્નેહપાત્રી અને માનનીય હોય તેની પાસેથી તો તે વધુ-માં વધુ વફાદારી અને શુદ્ધ કંચન જેવા પાતિવ્રત્યની અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે. પણ જેનો સ્નેહ હંમેશા વહેંચાતો જ રહ્યો છે, પલટાતો જ રહ્યો છે અને જે ચંચળ ચિત્ત કયાંય ઠરીને ઠામ બેસવાની હંમેશા ના સંભળાવે છે તે અતિ ઊંડા ગહન સ્નેહશાસ્ત્રના રહસ્યો સમજવાનો દાવો કઈ રીતે કરી શકે ? ચંચળ મનમાં શંકાઓ અને કુતર્કોનો ફાલ ન ઊતરે તો બીજું શું ઊતરે ? શ્રેણિક પોતે ભલે એ યુગના લોકાચારને આધીન હોય, પણ જો અંતરથી એકનિષ્ઠ પ્રેમી ન બની શકયો હોય તો તેને એવો એકનિષ્ઠ પ્રેમ બદલામાં માગવાનો શું અધિકાર હોઇ શકે ? ચેલણા જેવી પવિત્ર સન્નારી વિષે પણ એના હૃદયમાં કુશંકા પ્રકટે અને એ રીતે પોતે જ પોતાની ચંચળતાની છૂપી અછૂપી વેદના કિંવા સજા વેઠે એમાં કોઈ શું કરે ?

વળી થોડી વારે ચેલણાએ પાસું ફેરવ્યું અને છાતી ઉપર હાથ પડતાં બાળક ભયભીત બનીને ચીસ પાડે તેમ ચેલણા આક્રંદ કરતી હોય તેમ બોલી ઊઠી: "અરે રે ! કોમળ દેહ ઉપર વ્યથાનો આ કેવો અસહ્ય ભાર છે ?"

શબ્દો અને તેનો અર્થ પૂરો સમજાયો હશે કે નહિ તે તો કોણ જાણે, પરંતુ પવિત્રતા અને એક-નિષ્ઠતાનો પહેરેગીર શ્રેણિક રાજા એટલું તો એ પ્રકંપ અને ગભરાટ ઉપરથી જોઈ શકયો કે "ચેલણાનું મન અત્યારે પતિમાં નથી–બીજે કયાંક ભટકે છે: આ વિહ્વળતા–આ ભય એને જ લીધે છે. ચેલણા પવિત્ર નથી–પતિવ્રતા તો નથી જ."

પટરાણીના આસનેથી ચેલણા ભ્રષ્ટ થવી જ જોઇએ એવા નિર્ણય ઉપર આવતાં શ્રેણિકને વાર ન લાગી. એને પૂછવાની કે હકીકત સાંભળવાની પણ જરૂર ન જણાઈ. સ્રીને સંપત્તિ માનવાનો યુગ પ્રાયઃ પૂરો થયો હતો. સ્રીઓમાં પણ વ્યક્તિત્વ છે, સ્રીઓ પણ અનંત શક્તિની અધિકારિણી છે એમ ભ૦ મહાવીર ભાર મૂકીને કહેતા. ચાર મહાવ્રતને બદલે પાંચ મહા-વ્રતની યોજના કરવામાં એમનો એ જ ઉદ્દેશ હતો. એટલે કે પહેલાં પરિગ્રહના ત્યાગમાં અર્ધાંગનાનો જે ત્યાગ સમાઇ જતો હતો તેને બદલે ધન–દોલત અને માલમિલકતની કોટીમાંથી સ્રીને છૂટી પાડી ભગવાને પોતે જ સ્વતંત્ર વ્યક્તિત્વ આપ્યું હતું. લોકસમુદાયમાં એ વાત પ્રચાર પામતી જતી હતી. શ્રેણિક મહારાજા તો હજુ યે સ્રીને અંગત મિલકત જેવી જ માનતા

હોવા જોઇએ. સ્ત્રી ન્યાય અને સન્માનની અધિકારિણી છે એમ એમને હજી નહોતું ઠસ્યું.

બીજે દિવસે ઊઠતાંની સાથે જ ચેલણાને માટે એકદંડીયો મહેલ ખડો કરવાની અને એમાં ચેલણાને બંદિની તરિકે રાખવાની શ્રેણિક મહારાજાએ તરકીબ ગોઠવી. ચેલણા સવારમાં ઊઠી અને પોતાના નજીકમાં નજીક રહેલા પતિથી જાણે કે ઘણે આઘે જઇ પડી હોય એમ લાગ્યું. પતિના સ્નેહ અને આદર-નો અખૂટ ભંડાર જાણે કે એક જ રાતમાં લૂંટાઈ ગયો હતો.

એક રાતમાં જ આખી બાજી પલટાઈ ગયેલી જોયા પછી ચેલણાને કેટલી વ્યથા થઈ હશે ? અંતરની એ ઊંડી વ્યથા ઠલવવાનુ એને બીજું એકે સ્થાન ન હતું. પોતે શું અપરાધ કર્યો હતો તે પણ નહોતી જાણતી. શ્રેણિક સાથે કંઈ મતભેદ થયો હોય, શ્રેણિકની કોઈ આજ્ઞાનું જાણ્યે-અજાણ્યે ઉલ્લંઘન થયું હોય અથવા તો શ્રેણિક પ્રત્યે કોઇ પ્રકારનું કઠોર વેણ બોલાયું હોય અને પોતે પતિનો સ્નેહ કે આદર ગુમાવી બેઠી હોય તો તેને માટે પશ્ચાત્તાપ પણ થાય, એવો દોષ બીજી વાર ન કરવાનો નિશ્ચય પણ કરાય. પોતાના દોષથી સાવ અજાણ, છતાં શ્રેણિકના સ્નેહના ઉન્નત ગિરિશિખર ઉપરથી ગબડેલી અને ધરતીની ધૂળમાં આળોટતી ચેલણા શું કરવું તેનો કંઇ નિશ્ચય કરી શકી નહિ.

જે શ્રેણિક એક દિવસે ચેલણાની અણધારી પ્રાપ્તિથી પોતાને સ્વર્ગ સમાન સુખ વૈભવની પ્રાપ્તિ

થયેલી માનતો, જે શ્રેણિક જલક્રીડામાં ચેલણા સાથે ખેલતાં કદિ થાકતો જ નહિ, જે શ્રેણિક ચેલણાનાં કેશપાશને પોતાના હાથની આંગળીઓથી એકાંતમાં ઓળતો, જે શ્રેણિક સુગંધી કસ્તૂરીથી ચેલણાના ગાલ અને કપોલ પર વિચિત્ર પત્ર અને વેલીઓ આંકતા વખતનું ભાન પણ ભૂલી જતો તે જ શ્રેણિક આજે હવે ચેલણાનું મોં જોવામાં પણ પાપ સમજવા લાગ્યો છે. ચેલણા જેવી પાપિણી નારીઓનું તો નિકંદન જ કાઢી નાખવું જોઇએ એમ માનવા લાગ્યો છે. પ્રીતિની વિકૃતિમાંથી જે ઈર્ષા પ્રકટ થાય છે તેની આગમાં બળતો શ્રેણિક સ્નેહસૃષ્ટિના એક બળવાખોરનો પાઠ ભજવી રહ્યો.

ચેલણા, સાચે જ શું પરપુરુષમાં આસક્ત હશે ? સાચે જ ઊંઘમાં અને સ્વપ્નમાં પણ એ પોતાના કોઇ પ્રેમિકને ઝંખતી હશે ? શ્રેણિકની શંકા સાવ નિમૂંળ અને અસ્થાને હશે ? નિમૂંળ જ હોય તો પછી સ્વપ્નમાં એ પોતાના કયા પ્રીતમને સંભારતી હશે ? કયા પ્રેમીની જપમાળ રટતી હશે ? સ્વપ્ન હોય, મિથ્યા રટણ હોય તો પણ એને આધાર કે પાયો તો હોવો જોઇએ ને ?

શ્રેણિકની શંકા છેક નિરાધાર નહોતી. ચેલણા ખરેખર એ વખતે એક સ્વપ્ન નિહાળતી હતી. તટસ્થ દૃષ્ટા તરીકે જ એ સ્વપ્ન જોતી હોત તો એ મૌન સ્તબ્ધ રહી શકી હોત. પણ એમ નહોતું. ચેલણા મન, પ્રાણ અને અનેરા ઔત્સુક્ય, અલૌકિક અનુમોદન તેમ અપૂર્વ તન્મયતાથી એ સ્વપ્ન નિહાળતી હતી. સ્વપ્ન પણ એક પુરુષનું જ હતું. શ્રેણિક સિવાયના બીજા કોઇ

પુરુષનું ચિંતન એ પરપુરુષ પ્રત્યેની આસકિત ગણાતી હોય અને શ્રેણિક સિવાયના બીજા કોઈ પુરુષ પ્રત્યેની શ્રદ્ધા ભક્તિ જો કૃતઘ્નતા અથવા બેવફાઈ ગણાતી હોય તો ચેલણા એ માટે જવાબદાર ગણાય. શ્રેણિકે જો પૂછ્યું હોત તો તે નિઃસંકોચપણે કહી શકત-જરાયે આડપડદો રાખ્યા વિના કહી શકત કે આપણે બન્નેએ જે મુનિપુંગવને, તળાવની નજીક ખુલ્લા દેહે કડકડતી ટાઢમાં ધ્યાનસ્થ નિહાળ્યા હતા—વાંદ્યા હતા તે મુનિવર પ્રત્યેના ભક્તિભાવથી આકર્ષાઇ એમની કઠોર તપશ્ચર્યાની અનુમોદના કરતા ઊંઘમાં પણ ધ્રૂજતી હતી

ધ્યાનસ્થ મુનિવરે તો ટાઢ તડકા ઉપર વિજય વર્તાવ્યો હશેઃ ટાઢથી નહિ ધ્રૂજતા હોય પણ ચેલણાના ભક્તિ અને શ્રદ્ધાના જે તાર એ મુનિવરના તપ સાથે સંધાયા હતા અને તેમાંથી જે અનુભૂતિ અને અનુમોદનાની ઝીણી સીતારો વચ્ચે વચ્ચે રણઝણી ઊઠતી હતી તે હતું તો સ્નેહસંગીત પણ એમાં વિકાર, આસક્તિ કે સ્થૂલ વાસનાનો એકે સૂર નહોતો. પવિત્ર અને સુભાગી અંતરમાં જ કોઇ ધન્ય પળે એવી એકાદી મૂર્છના આપોઆપ પ્રકટી જાય છે. ચેલણા નિર્દોષ હતી, નિષ્પાપ હતી, નિઃસ્વાર્થ ભક્તિ–ભાવથી તરબોળ હતી એટલે જ એના અંતરમાંથી આ દૈવી સંગીત છલકાયું હતું. નહોતી એમાં મલિનતા કે નહોતી કોઇની તે છલના.

પણ શ્રેણિક એટલા ઊંડા પાણીમાં શા સારુ ઊતરે? મગધની પ્રજાનો ન્યાય તોળનારો રાજવી અંતઃપુરના

આવા ન્યાય છણવા બેસે તો પછી સામાન્ય પ્રજાજન-માં અને સમ્રાટમાં શું તફાવત રહે ? ચેલણા, અલબત પ્રિય હતી. ચેલણાની ખાતર એ કોઇપણ ભોગ આપવા કે જોખમ ખેડવા તૈયાર હતો, પણ એ જ ચેલણા જો કપટી., દંભી અને દુરાચારિણી નીકળે તો પછી એમાં ન્યાય કે તપાસને અવકાશ જ કયાં રહે છે ? ચેલણાના પોતાના મોંમાથી નીકળેલ શબ્દો જ શું એનો અપરાધ સાબિત કરવાને બસ નથી ? ચેલણાના ખુલાસાથી રખેને પોતે ભરમાઇ જાય અને પોતે પોતાની નબળાઈથી કદાચ માફ કરી બેસે અને એ રીતે અંતઃપુરમાં વધતા જતા પાપના ઉકરડાને મોટા ડુંગર સમો કદાચ બનાવી દે એવી પણ શ્રેણિકના દિલમાં ઊંડે ઊંડે બીક તો હશે જ.

“ ચેલણા જેવી મારા સતત સહવાસમાં રહેનારી નારી પણ મારી નથી તો પછી અંતઃપુરની બીજી સ્ત્રીઓ કોણ જાણે કેટલી દુષ્ટ હશે ? ” વિકૃતિનો કીડો શ્રેણિકના અંતરને ફોલતો ઊંડે ને ઊંડે ઊતરતો હતો. એણે માની લીધું કે ચેલણા જેવી સ્ત્રી જો શુદ્ધ શીલવતી ન હોય તો પછી અંતઃપુરની બીજી સ્ત્રીઓ સંબંધે વધુ વિચાર કરવા જેવું કંઇ જ નથી રહેતું.

પાકો પહેરો ભરાતો હોય તો જ અંતઃપુરની શીલ-રક્ષા થઇ શકે એમ શ્રેણિક માનતો અને પોતે ચેલણાના સંપર્કમાં આવ્યા પછી પાકો પહેરેગીર રહી શકતો નહોતો એ વાતનું પણ એને ભાન હતું. હવે જો આખું અંતઃપુર આવું કલંકિત હોય તો એને રાખીને પણ શું કરવું ?

તરતજ અભયકુમારને બોલાવીને શ્રેણિકે આજ્ઞા કરી:–"બેટા, મને મારું આખું અંતઃપુર અંદરથી સડી ગએલું લાગે છે. એ સડો આગળ ન વધે એટલા સારું એને આગથી સળગાવી દેવું જોઇએ."

" જેવી આજ્ઞા, પિતાજી ! " અભયકુમારે આજ્ઞાંકિત પુત્ર અને વફાદાર સેવકની જેમ જવાબ આપ્યો.

એ રીતે શ્રેણિક ભારે ભાગ્યશાળી હતો. અભયકુમાર જેવા બુદ્ધિનિધાન અને કર્તવ્યપરાયણ પુત્રનો એ પિતા હતો: એક વાર ઇચ્છા માત્ર પ્રકટ કર્યા પછી કે એકાદ વાર આજ્ઞા ઉચ્ચાર્યા પછી શ્રેણિકને ફરી વાર એ વિષે તપાસ કરવાની જરૂર નહોતી લાગતી. પિતા શ્રેણિકની ઇચ્છાનો અમલ કરવામાં, પિતાજીની કોઇપણ યોજના સફળપણે પાર પાડવામાં અભયકુમાર જેવો બીજો પુત્ર પૃથ્વી ઉપર અવતર્યો જાણ્યો નથી. બુદ્ધિ અને કર્તવ્યનિષ્ઠા ઉપરાંત બાજીને સુધારવાની કળા પણ એને સ્વભાવથી જ વરી હતી.

પિતાજી પોતાના અંતઃપુર ઉપર રોષે ભરાયા છે, તેથી જ તો તેમણે અંતઃપુરમાં આગ મૂકવાની આજ્ઞા કરી છે એટલું તો અભયકુમાર તરત જ સમજ્યો અને પિતાજીની આજ્ઞાનું પાલન પણ એટલી જ ત્વરાથી કરવું જોઇએ એમ એને લાગ્યું.

પિતાજીની આજ્ઞામાં આવેશ અને અવિચાર હતો. અભયકુમાર જેવા બુદ્ધિનિધાનથી એ વાત થોડી જ અજાણી કે અણસમજાઈ રહે ? એણે અંતઃપુરને બાળવાનો અને છતાં અંતઃપુરને બચાવી લેવાનો મધ્યમ

માર્ગ યોજ્યો. પિતાની આજ્ઞાનું એક તરફ પાલન થાય અને બીજી તરફ અંતઃપુરનું પણ રક્ષણ થાય એવી યુક્તિ આદરી. કદાચ એ શ્રેણિક જેવા પિતાના સ્વભાવનો ઊંડો અભ્યાસી પણ હશે. એટલે જ તેણે અંતઃપુરની પાસે-પડખે જે એક જૂની હસ્તીશાળા હતી તેને સળગાવી મૂકી અને મહારાજાનું આખું અંતઃપુર એમાં સપડાઈ ગયું એમ જાહેર કર્યું.

અંતઃપુરમાં આગ મૂકવાની આજ્ઞા આપીને શ્રેણિક શહેરની બહાર આવ્યો. અત્યારે જો એની પાસે જઈને જુએ તો હંમેશા પ્રફુલ્લ અને પ્રસન્ન રહેનારા શ્રેણિક મહારાજાના મોં ઉપર વિષાદ અને વિહ્વળતાની કાળી વાદળઘટા છવાયેલી તે જોઈ શકે. ચેલણાની ચિંતાએ અત્યારે એને છેક નિસ્તેજ બનાવી દીધો હતો. શ્રેણિકનો પત્ની અને પુત્રોનો પરિવાર ઘણો બહોળો હતો-મેઘકુમાર અને નંદિષેણ જેવા યુવાન પુત્રો રાજમહેલના વૈભવોને તુચ્છ ગણી ભ૦ મહાવીરના મુનિસંઘમાં ભળી ગયા હતા. સંસારનું કોઇ સુખ સ્થાયી કે નિર્વિકાર નથી હોતું એ વાત શ્રેણિક પોતે પણ જાણતા હતા-ઘણી વાર એ ઉપદેશ તેણે પ્રભુના મુખેથી સાંભળ્યો હતો. અત્યારે શ્રેણિકની પરીક્ષાની પળ હતી. થોડું મનોબળ મેળવ્યું હોત તો તે પોતાના વહેમનો વિષ-ઘૂંટડો ગળા નીચે ઉતારી ગયો હોત. આટલો સંક્ષુબ્ધ ન બનત.

સુભાગ્યે ભગવાન મહાવીર એ વખતે રાજગૃહીના ઉદ્યાનમાં જ હતા. શ્રેણિકની ઘણીખરી સમસ્યાઓ ભગવાન પળવારમાં ઉકેલી દેતા. ભગવાનના પાદપદ્મમાં

વંદન કરી આજે શ્રેણિકે પહેલો જ પ્રશ્ન એ પૂછ્યો કે "ભગવન્! ચેલણા પતિપરાયણા છે કે પતિતા?"

"રાજન્!" વિના વિલંબે ભગવાને જવાબ વાળ્યો. "ચેલણા વિષે શંકા કરવી નકામી છે. એ મહાસતી છે અને શીલ–અલંકારથી શોભિતી છે." પ્રાણી માત્રના અંતરના અતિ સૂક્ષ્મ ભાવો હસ્તામલકવત્ જોઈ તથા સમજી શકનારા પ્રભુ મહાવીરના આ ખુલાસા પછી શ્રેણિકને બીજો કોઇ પ્રશ્ન પૂછવાની જરૂર ન લાગી. અંતરની એક વ્યથા તો અળગી થઈ, પણ પોતે અભયકુમારને અંતઃપુરમાં આગ લગાડવાનું કહીને આવ્યો હતો તેનું શું કરવું? એક વ્યથા જતાં બીજી વ્યાકુળતાએ શ્રેણિકના અંતરમાં શૂળ પેદા કર્યું. ભગવાન મહાવીર પાસેથી નીકળી શ્રેણિક મહારાજા સીધા અભયકુમાર પાસે આવ્યા. અંતઃપુરમાંથી નીકળતા ધૂમાડાના ગોટા શ્રેણિકે નગરની બહાર જતી વખતે જ જોયા હતા અને અભયકુમાર જેવો આજ્ઞાંકિત પુત્ર, પિતાની આજ્ઞાનું પાલન કરવામાં વાર ન લગાડે એ વાતની એમને પૂરી ખાત્રી હતી, એટલે નિર્દોષ ચેલણાનું, પોતાની વહેમ અને કુશંકાની વેદી ઉપર બાલદાન દેવાઈ ગયું હશે એ લગભગ નિશ્ચિત હતું. અભયકુમારને પૂછવાની હિમ્મત પણ એ શી રીતે કરી શકે?

મૂર્છા એ મૃત્યુની જ સહચારી ગણાય છે. માનવીનાં અસહ્ય સંતાપ અને કષ્ટને શમાવવા, માતાની જેમ જ એ મૂર્છા પોતાની ગોદમાં લે છે. વ્યથાને વિસારી દેવાની દુર્બળ માનવીને સરસ તક આપે છે.

ચેલણા મહાસતી છે અને છતાં અંતઃપુરની આગનો ભોગ બની છે એ કલ્પનાએ મહારાજા શ્રેણિકને મૂર્ચ્છિત બનાવી દીધા. શ્રેણિક અત્યારે હજારો વીંછીઓના ડંખ વેદી રહ્યા હતા.

થોડી વારે એ જ્યારે જાગ્યા અને શુદ્ધિમાં આવ્યા ત્યારે અભયકુમારે પહેલેથી માંડી બધી વાત કહી સંભળાવી. અંતઃપુરને ઉની આંચ સરખી પણ નથી લાગી–ચેલણા ક્ષેમકુશળ છે એ વાત પણ કહી. ચેલણાએ પણ સ્વપ્નમાં, તપસ્વીની ભારે તિતિક્ષા નિહાળી સહાનુભૂતિ અને ભક્તિના જે વિજળીક આંચકા અનુભવ્યા હતા તે વિગત યથાક્રમે કહી સંભળાવી. શ્રેણિકને હવે એક મોટી ભયંકર ઘાતમાંથી ઉગર્યા હોય એટલો આહ્લાદ થયો.

સ્નેહના અકળ ને અગમ્ય છતાં વ્યાપક ને વિરાટ ઉદધિમાં આવાં ભરતી--ઓટ ને વાવાઝોડાં ઘણી વાર આવે છે. શંકા, વહેમ ને વિકારના ભયંકર મગરમચ્છ ઘણી વાર નાના--મોટા ત્રાપાને ઝાપટ લગાવી જાય છે. એ વખતે તો વિશ્વ આખું અદૃશ્ય બની જતું હોય અને ગાઢ અંધકાર સિવાય બીજું કાંઈ અસ્તિત્વમાં જ ન હોય એમ લાગે છે. પણ એ ભરતી--ઓટ શમે છે, મંગળ પ્રભાતનાં કિરણો સ્ફુરતાં દેખાય છે અને સ્નેહ-સૃષ્ટિના પ્રવાસીઓ જાણે નવો અવતાર પામ્યાં હોય તેટલા ઉલ્લાસથી પોતાના માર્ગ કાપવા મંડી જાય છે. વિઘ્નો અને સંતાપોની અંધારી રાત્રિ વીત્યા પછી જાણે કે આત્માને નવી પાંખો ફૂટતી હોય એમ લાગે છે.

શ્રેણિક અને ચેલણા, શંકાના વમળમાંથી છૂટ્યા પછી જાણે નવું પ્રોત્સાહન અને નવા પ્રાણ પામ્યા હોય તેમ અભિન્ન અને અદ્વૈત બનીને દંપતી–જીવન નિર્ગમી રહ્યાં. મોટા રાજમહેલમાં ચેલણાને જરા આઘે જવું પડે તો શ્રેણિકના હૈયાનો પ્રીતિ–દોર તૂટું–તૂટું થઇ જતો. ચેલણા ઘડીવાર આંખ આગળથી અદૃશ્ય થાય તો શ્રેણિકને આખી સૃષ્ટિ સૂની બની ગએલી લાગતી. આ અકળામણમાંથી બચવા મહારાજાએ દેવ-વિમાન જેવો સુંદર, નાજુક અને ગમે ત્યાં પણ ચેલણા નજર સામે જ રહી શકે એવો એક એકદંડિયો મહેલ બનાવ્યો. એક જ વૃક્ષના થડ અને શાખામાંથી, એક-દંડિયો બનાવવો એ સહેલી વાત નહોતી. શ્રેણિકની એ મનોભાવના કદાચ સ્થૂલ આકાર ન પામી શકત પણ બુદ્ધિનિધાન અભયકુમારે શ્રેણિક મહારાજાનું એ સ્વપ્ન પણ પોતાની ખંત અને તપના પ્રતાપે સિદ્ધ કરી બતાવ્યું. એકદંડિયા મહેલ ફરતું સર્વ ઋતુઓ સર્વ કાળ ક્રીડા કરે એવું એક ઉદ્યાન પણ વર્દ્ધકિ નામના વ્યંતરદેવે યોજી દીધું.

× × ×

અધિકાર, ઐશ્વર્ય, વંશવિસ્તાર અને આરોગ્ય; ભોગોપભોગ, આજ્ઞાધીન સેવક–સેવિકાઓ, સ્વજનો અને દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીરની સાક્ષાત્ સેવા-ભક્તિ એ સઘળું શ્રેણિક મહારાજા અને ચેલણા પટ્ટ-રાણીને માટે સહજ–સુલભ હતું. સંસાર જેને સ્વર્ગોપમ કહે એવી સઘળી સુખસામગ્રી એ દંપતીના ચરણમાં

આળોટતી; છતાં એક દિવસ એવો ઊગ્યો કે જે દિવસે ચેલણા અને શ્રેણિકની દુર્દશા અને દુર્દૈવ જોઇને, રસ્તે જતા રંકને પણ અરેરાટી છૂટયા વિના ન રહે. સુખ, શાંતિ, સહિસલામતીની પરાકાષ્ઠાની પળોમાં જ એ ભદ્રિક દંપતીના શીરે અણધારી, કારમી આફતની ઝડી વરસી પડી.

ઉચાટ, આફત કે નજીવો સંતાપ ડોકિયું કરી શકે એવાં બધાં બારી-બારણાં બંધ હતાં: પ્રયત્નપૂર્વક બંધ કર્યાં હતાં એમ નહિ પણ સ્વાભાવિકપણે જ શ્રેણિક અને ચેલણા ફરતો એક અભેદ્ય દુર્ગ રચાઇ ગયો હતો. બન્ને શરીરે તંદુરસ્ત હતાં, ઉલ્લાસમય હતાં. દુશ્મનો પણ એમની સરળતા, ભક્તિપરાયણતા મુક્તકંઠે પ્રશંસતા. કોઇ રોગ નહોતો, કોઇ વિરોધી નહોતો, કોઇને એમની ઇર્ષા કે અદેખાઇ આવે એવું પણ નહોતું, છતાં શ્રેણિક-ના પોતાના જ રાજમહેલમાં એક ખૂણે છૂપા વિદ્રોહની ઊડતી ચીણગારી આવી ચડી. શ્રેણિક એ આગમાં સપડાયો અને ચેલણા પણ એની ઊની જવાળાઓમાંથી બચી ન શકી.

ભદ્રબાહુ અને વરાહમિહિરના સંબંધમાં એવી એક વાત પ્રચલિત છે કે વરાહમિહિર મોટો રાજમાન્ય પંડિત હતો. જ્યોતિષશાસ્ત્રમાં એના જેવો પારગામી હજી કોઇ થયો જાણ્યો નથી. એણે પોતાના ખોટના એકના એક પુત્રનું આયુષ, યથાશાસ્ત્ર કુંડલી બાંધી-તપાસી સો વર્ષનું કહેલું: પોતાની ગણનામાં કાના-માત્રનો પણ ફેર નથી એમ ગર્વપૂર્વક ઉચ્ચારેલું. ભદ્રબાહુસ્વામીને

જ્યારે એ વાતની ખબર પડી ત્યારે એમણે નિઃશ્વાસ સાથે ઉચ્ચારેલું કે મારો સહોદર બન્ધુ વરાહમિહિર ગમે તેટલો મોટો પંડિત હોય, પણ એટલો ગર્વોન્મત્ત છે કે કોઈ કોઇ વાર જે ખરું જોવાનું હોય છે તે જ ભૂલી જાય છે. બાળક સો વર્ષ તો શું પણ એક અઠવાડિયું પણ માંડ જીવશે અને એનો ઘાત પણ એક બિલાડીથી જ થવાનો. વરાહમિહિરે એ વાત હસી કાઢેલી, છતાં ઘરમાં કયાંઇથી બીલાડી પ્રવેશવા જ ન પામે એવી ખાસ તકેદારી રાખી. બરાબર સાતમે કે આઠમે દિવસે બાળકનું અચાનક મૃત્યુ થયું. બિલાડીથી નહિ પણ બારણાનો આગળીયો, જૂના જમાનામાં લોખંડનો જાડો–લાંબો સળીયો–બારણા પાછળ અર્ગલારૂપે રાખવામાં આવતો હતો તે–પડ્યો અને વરાહમિહિરનો બેટનો કુળદીપક ઓલવાઈ ગયો.

વરાહમિહિરની ગણના તો ખોટી પડી, પણ ભદ્રબાહુસ્વામીનું બિલાડી વિષયક કથન મિથ્યા ઠર્યું એમ સૌને લાગ્યું. પછી જ્યારે ભદ્રબાહુસ્વામી પોતાના સંસારી ભાઇને ત્યાં આશ્વાસન આપવા આવ્યા ત્યારે વરાહમિહિરના પૂછવાથી એમણે અર્ગલા મંગાવી. એના એક છેડા ઉપર જે ગાંઠ હતી તેમાં બિલાડીની આકૃતિ આલેખેલી બતાવી. જીવતી બિલાડીએ નહિ, પણ આકૃતિવાળી–ચિત્રામણની બિલાડીએ બાળકના લલાટનું ભાવી નિર્માણ કર્યું અથવા ભૂંસી નાખ્યું.

શ્રેણિક મહારાજા અજાતશત્રુ હતા, એમને કોઇ શત્રુનો ભય નહોતો, પણ લલાટલેખે ઘરમાંથી જ પુત્રના રૂપમાં એક શત્રુ ઊભો કયો. જેને મહારાજાએ અજાત-

શત્રુનું નામ આપેલું તે જ પોતાના પિતાનો વેરી બન્યો. તેણે દગા--ફટકાથી પિતાને કાષ્ઠપિંજરમાં પૂરી, મગધનો મુકુટ પહેરી લીધો. બહારથી આવતી આફતો સામે માણસ કિલ્લેબંધી ઊભી કરી નિશ્ચિંત રહી શકે, પણ જ્યાં આકૃતિમાં આલેખાયેલી બિલાડી, પ્રાણ હરવા સમર્થ હોય ત્યાં સ્નેહ અને વાત્સલ્યની હૂંફમાં પળેલા--ઉછરેલા સંતાનો પિતૃઘાતી બને એને કર્મની લીલા સિવાય બીજું શું કહેવાય? અને એ અનિવાર્ય ભાવીને કોણ અન્યથા કરી શકે?

શ્રેણિક જો કે હવે વર્ષ અને મહિનાના હિસાબે વૃધ્ધ થયા હતા, પણ એમના દેહ અને મનની તાઝગી હજી એની યુવાનીને યાદ કરાવતી. ઇતિહાસમાં જો કે તે શ્રદ્ધાળુ અને ભક્ત તરીકે પંકાઇ ગયા છે, પણ જો તેણે ભગવાન મહાવીર અને ગૌતમ બુધ્ધના ઉપદેશને અનુસરી, પોતાની તલવાર મ્યાનમાં ન રાખી હોત તો નજીકના નાનાં--મોટાં રાજ્યો અને ગણતંત્રને માટે પણ એ ભયંકર બની જાત. આવા એક યોદ્ધાને પોતાના જ એક પુત્રના હાથે, છૂપા વિદ્રોહને અંગે, બંદિવાન બન્યા પછી કેટલું દારુણ દુઃખ થયું હશે? મગધ જેવું અનન્ય સામ્રાજ્ય પોતાના બાહુબળથી સરજાવવાની તાકાત ધરાવનાર એ યોદ્ધાને એ વખતે એમ જ થયું હશે કે આ પિંજરમાંથી ઘડીક વાર બહાર નીકળું અને ખુલ્લી તલવાર લઇને મેદાનમાં ઊભો રહું તો મારી સામે ઊંચી આંખે જોવાની પણ કોઈ હામ ન ભીડે--આ બાવડામાં હજી પણ ઉલ્કાપાત ઉપજાવવા જેટલું બળ છે.

બીજી જ પળે ભ૦ મહાવીર અને ગૌતમ બુદ્ધની

તપશ્ચર્યા અને સંયમ યાદ આવતાં પુત્રનો આ અત્યાચાર પ્રસન્નપણે સહી લેવાની અને અનિવાર્ય ભાવીભાવને ભેટવાની ભાવના પણ એ જ પુત્રવત્સલ, હૈયામાં સ્ફુરતી હોય તો તે પણ અસંભવિત નથી.

ચેલણાની સ્થિતિ વધુ કરુણ અને કફોડી હતી. એ છૂટી હોવા છતાં અસહાય હતી. પુત્રની ઉદ્ધતાઈ સગી આંખે જોવા છતાં એક અબળા તરીકે એક શબ્દ સરખો ય ઉચ્ચારવાની એની હીમ્મત નહોતી ચાલતી. અંતરથી તો તે શ્રેણિક સાથે બંદીદશા ભોગવવાનું જ પસંદ કરતી હશે. પરંતુ હવે મગધપતિ બનેલા પુત્ર પાસે એટલી નજીવી માગણી કરવા કરતાં ધરતી માર્ગ આપે તો તેમાં સમાઇ જવાનું એ વિશેષ પસંદ કરતી, એટલે તો એ બહુધા મૌન રહેતી.

ચેલણા પહેલેથી જ સમજતી હતી કે પોતે જે પુત્રનો જન્મ આપ્યો છે તે એક દિવસ પિતૃઘાતી નીવડવાનો. એ ગર્ભમાં હતો તે વખતે જ ચેલણાને પોતાના પતિનું કોમળ કાળજું ભક્ષવાના દોહદ ઉપજેલા. શ્રેણિકે અભયકુમારની મદદથી એ દોહદ ખૂબીથી પુરેલા. પુત્રના જન્મ પછી પણ ચેલણાએ તો એનો ત્યાગ જ કરેલો-એક ઉકરડા ઉપર ફેંકી દીધેલો. સદ્ભાગ્યે તે જીવ્યો અને શ્રેણિકના વાત્સલ્ય--પ્રભાવે તે રાજકુમારની જેમ જ ઉછર્યો. ઉકરડા ઉપર એની આંગળી એક કૂકડાએ કરડેલી--પાછળથી એ પાકેલી, પરંતુ શ્રેણિક મહારાજા પોતે એ પુત્રને આરામ આપવા, એની પરૂવાળી આંગળીને પોતાના મોંમાં રાખી, ઊની બાફ આપતા. ચેલણાને

આવા સુકુમાર અને નિર્દોષ પુત્રનો એકદમ ત્યાગ કરવા બદલ એમણે ઠપકો પણ આપેલો. સાચે જ, શ્રેણિક મહારાજા પિતા તરીકે પણ, સમ્રાટ હોવા છતાં યે, પૂરે-પૂરા પુત્રવત્સલ હતા.

"દુરાચારિણી, કર્કશાઓ પણ વ્યભિચારથી પેદા થએલા પોતાના પુત્રોનો ત્યાગ નથી કરતી, તો પછી આપણા સ્નેહના પ્રથમ ફળ જેવા આ પુત્રને અશોક-વનની એકાંત ભૂમિ ઉપર ફેંકવામાં તમે નાનોસૂનો અન્યાય નથી કર્યો." અશોકવનના ઉકરડામાંથી પોતાના બાળકને પાછો ઘરમાં લઇ આવતા શ્રેણિક મહારાજાએ ચેલણાને એ જ શબ્દો સંભળાવેલા. બાળકની કુમળી આંગળી એ વખતે એક કુકડાએ સહેજ કરડી ખાધેલી અને તેથી તે બુંઠી બની ગઇ હતી, એટલે કેટલાક સ્નેહીજનો-મિત્રો એને કુણક કહીને પણ સંબોધતા. અજાતશત્રુના નામથી પણ એ ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. માતાનો એની ઉપર પ્રથમથી જ બહુ પ્રેમ નહોતો, પણ શ્રેણિકે પિતા તરીકે એનો બદલો વાળી આપેલો. કુણિક આખરે કૃતઘ્ન નીવડ્યો.

પુત્રના હાથથી બંદીવાન બનેલા, અથવા તો પુત્રના કાવતરામાંથી નાસી છૂટેલા અને અકાળે મૃત્યુની ગોદમાં સૂતેલા રાજવીઓની સંખ્યા એ કાળે અપવાદરૂપ હોવા છતાં અપવાદો જ ઉત્સર્ગની સાથે સ્પર્ધા કરતા હોય એમ જણાય છે. શ્રેણિકના સમકાલીન કોશળના રાજવી પ્રસેનજીતને પણ પોતાના પુત્ર--વિરુધ્ધકના વિદ્રોહને લીધે શ્રાવસ્તીમાંથી ભાગી છૂટવું પડયું હતું-રસ્તામાં-

જ વૃદ્ધાવસ્થાને અંગે એનું મૃત્યુ થયું હતું એવો ઐતિહાસિક ઉલ્લેખ મળે છે. એમ પણ કહેવાય છે કે ગૌતમબુદ્ધનો એક દુષ્ટ અને કાવતરાબાજ પ્રતિસ્પર્ધી દેવદત્ત કરીને હતો તેની સલાહ અને પ્રેરણાએ આ બન્ને વિદ્રોહમાં મુખ્ય ભાગ ભજવેલો.

કુણિકે શ્રેણિકને પજવવામાં-ત્રાસ આપવામાં કંઈ બાકી નહોતી રાખી. ચેલણાએ અનુનય વિનયથી રોજ થોડીવાર શ્રેણિક પાસે કેદખાનામાં જવાની કૂણિક પાસેથી પરવાનગી મેળવેલી. અનાહાર, એકાંતવાસ અને આઘાતો તેમજ પ્રત્યાઘાતોથી ભરેલી અંધારી તેમજ ગંધ મારતી સાવ સંકુચિત સૃષ્ટિમાં વસવા છતાં શ્રેણિક ચેલણાના દર્શને પોતાનું બધું દુઃખ ભૂલી જતો. ઘોર અંધકારમયી રજનીમાં કયાંઈક પણ રૂપેરી રેખા તો હોય છે જ. ચેલણા શ્રેણિકની રૂપેરી રેખા હતી--કાજળકાળા વાતાવરણમાં ચેલણા પ્રકાશકિરણ-રૂપ હતી. અસંખ્ય અપકારોમાં કુણિકનો આ એક ઉપકાર શ્રેણિકને માટે ભારે મૂલ્યવાન બની ગયો.

બંદીખાનાની નિર્જન ઓરડીમાં જઈને ચેલણા પોતાના પતિદેવને કેવા પ્રકારનું આશ્વાસન આપતી હશે--દુઃખમાં ધૈર્ય ધરવાનું અથવા આશાવાદના ઓલાતા દીપકમાં તેલ પૂરવાનું પોતાનું કર્ત્તવ્ય કેવી રીતે બજા-વતી હશે તેની તો માત્ર કલ્પના જ કરવાની રહે છે. બાકી આટલી વાત તો સ્પષ્ટ અક્ષરોમાં લખાઇ છે કેઃ

"ચેલણા રોજ રોજ સો વાર ધોયેલી સુરાવડે સ્નાન કરીને, ઉતાવળે પગલે, ભીના કેશે શ્રેણિકની

પાસે પહોંચતી અને એના કેશપાશમાંનો ફૂલના દડાની જેમ જ ગોઠવી રાખેલો અડદનો લાડવો ખાઈને તેમજ કેશપાશમાંથી નીતરતા સુરાના બિંદુઓ પીઈને શ્રેણિક સ્વર્ગનું સુખ અનુભવતો.” પુત્રના હાથના અમાનુષી જુલમોનું આકંઠ વિષપાન કરવા છતાં શ્રેણિક એ ઘડી નીલકંઠ સમો દેખાતો.

એવામાં કુણિક પોતે પિતા બન્યો. વાત્સલ્યના માધુર્ય તેમજ દૌર્બલ્યનો એ પોતે ભોક્તા બન્યો. કુણિકની પદ્માવતી નામની સ્ત્રીએ ઉદાયીનો જન્મ આપ્યો. એનો જન્મોત્સવ પણ ભારે ધામધૂમથી ઉજવાયો.

એક દિવસે કુણિક પોતાના બાળકુંવરને ખોળામાં બેસારી, ભોજન કરતો હતો. ચેલણા પણ ત્યાં જ બેઠી હતી, એટલામાં બાળકે પેશાબ કર્યો--કુણિકના થાળમાં થોડા છાંટયા ઉડ્યા. કુણિકે લેશમાત્ર અણગમો કે સૂગ ન દાખવી. હતો તેની તે જ સ્થિતિમાં બેસી રહ્યો. એટલું જ નહિ પણ પીરસાયેલા થાળમાંનો થોડો ભાગ તારવી, જુદો પાડી, બાકીનો આહાર જમવા મંડી ગયો. એ રીતે એને પોતાના પુત્ર ઉપર કેટલું અસાધારણ હેત હતું તે બતાવી આપ્યું.

ચેલણા જેવી બુદ્ધિમતી અને સમયજ્ઞ નારી એ તકને વ્યર્થ કેમ જવા દે ? જે વાત કહું કહું એમ થાય, છતાં કહેતાં જીભ જ ન ઉપડે--રખેને વાતનો મહિમા ઊડી જશે એવા ભયથી ઓષ્ઠ સુધી આવેલા ઉદ્દગાર પાછા ગળી જવા પડતા તે વાત કહેવાની ચેલણાને આજે--અત્યારે સોનેરી તક મળી ગઈ.

“બેટા” જીવનમાં પહેલી જ વાર આટલા સ્નેહાવેગથી

કુણિકને સંબોધતી હોય તેમ કહી રહી. "એક દિવસે તારી પરૂથી સડતી આંગળીને આરામ આપવા તારી જેમ જ તારા પિતાએ ગંદકીને પણ પવિત્ર માની મોંની ગરમી આપેલી. તને તો અત્યારે એ કયાંથી યાદ હોય? પણ જેને તેં આજે બંદીવાન બનાવ્યા છે એ જ પિતાએ તારા માટે પોતાનું કુણું કાળજું કાઢી આપવા જેટલી તત્પરતા બતાવેલી. અભયકુમાર સિવાય એ વાત બીજું કોઈ નથી જાણતું. વાત્સલ્ય એ વસ્તુ જ એવી છે કે જે ગંદામાં ગંદી ચીજને પણ પવિત્ર બનાવી દે છે. તારા પિતામાં એક દિવસે એવો જ વાત્સલ્ય રસ છલકાતો. એ વખતે એમને શી ખબર કે જેની ખાતર પોતે આટલું કષ્ટ વેઠી રહ્યા છે તે જ પુત્ર એમને બંદીખાને નાખી, ભૂખ--તરસ અને કોરડાના મારથી રીબાવી રીબાવીને પ્રાણ લેવાનો છે?"

ચેલણા કુશળ તિરંદાજની છટાથી કુણિકના હૃદયને મર્માળા છતાં સુંવાળા વાગ્બાણથી વીંધી રહી. જે વચનો બે ચાર દિવસ પહેલાં સંભળાવ્યા હોત તો કદાચ વિપરીત રૂપે પરિણમત એ જ વચનોએ કુણિકના વાત્સલ્યપૂર્ણ હૈયાને વધુ આર્દ્ર બનાવ્યું. ચેલણાએ જાણે કે પોતાની હારમાંથી આખરી વિજય સાધી લીધો.

બીજે જ દિવસે કુણિકે પોતાના પિતાને બંદીવાનની દશામાંથી મુક્ત કરવાનો નિશ્ચય કર્યો. ચેલણાને જીવન-સિદ્ધિ માત્ર બે જ તસુ દૂર હોય એમ લાગ્યું, પણ એ આનંદ, આશા અને આકાંક્ષા ઠગારા નીવડ્યાં.

ઇતિહાસ ઉચ્ચારે છે કે કુણિકને મોટા કુહાડા સાથે

પોતાની તરફ ધસી આવતો જોઇને, પુત્ર મને રીબાવી-રીબાવીને મારે તે પહેલાં જ જીભ કરડીને મરી જવું બહેતર છે એમ માનીને શ્રેણિકે તે જ ઘડીએ પોતાના પ્રાણ તજી દીધા.

કુણિક તો જતો હતો પિંજર તોડવા–કુહાડાથી પિંજરના સળિયા તોડીફોડીને પિતાને છૂટા કરવા પણ પાસે જઇને જોયું તો શ્રેણિકનો નિશ્ચેષ્ટ દેહ પડ્યો હતો. કુણિક પશ્ચાત્તાપ કરતો ત્યાંથી પાછો વળ્યો.

પછી તો વખત વીતતાં કુણિક, હલ્લ–વિહલ્લ વિગેરે ભાઇઓ અંદર–અંદર લડ્યા, અને વિશાલા નગરી ઉપર વિનાશની નોબતો ગર્જી ઊઠી. કુણિક અને તેના સગા મામા વચ્ચે તુમુલ સંગ્રામ થયો. ઐતિહાસિક યુગના આરંભનું એ યુદ્ધ જૈન સાહિત્યમાં એક આશ્ચર્યરૂપે ઓળખાયું છે. એને મહાશિલાકંટકસંગ્રામ અથવા રથમૂશળસંગ્રામ પણ કહેવામાં આવે છે. લગભગ છન્નુ લાખ જેટલા યોદ્ધાઓનાં રક્તથી મગધની ભૂમિ તરબોળ બની હતી.

હતાશ બનેલી ચેલણાના બધા મનોરથો ભાંગીને ભૂક્કા થઇ ગયા. હૃદયમાં આકાંક્ષા અને ઉત્કંઠાની જે સ્વર્ગીય કલિકાઓ પ્રફુલ્લતી હતી ત્યાં દાવાનળના અગ્નિકણ ધખી ઊઠ્યા. અંતે, ભ૦ મહાવીર ચંપાપુરી પધાર્યા ત્યારે ચેલણા આદિ શ્રેણિકની બીજી કેટલીક સ્ત્રીઓએ સાધ્વીસંઘમાં પ્રવેશી આત્મસાધનાનો રાજમાર્ગ અંગીકાર કર્યો.

## દુર્ગંધા



( ૧૨ )

દુર્ગંધાનું મૂળ નામ ઢંકાઇ ગયું છે.

વાસવદત્તા નામની મથુરાની મધુરકંઠી ગાયિકા પણ એક દિવસે દુર્ગંધ મારતી મૃત્યુની રાહ જોતી, ગઢની બહાર પડી હતી. બીજાને એ શીતળા જેવા રોગનો ચેપ

ન લાગે અથવા રોગને લીધે સ્રવતા પરૂની ગંધ અસહ્ય થઇ પડે ત્યારે કોઇ કોઈ વાર કુંટુબીઓ કે સગા સ્નેહીઓ આવા દર્દીઓને ગામબહાર ફેંકી આવતા. વાસવદત્તાને મૃત્યુના મુખમાં પડતી, એક ઉપગુપ્ત નામના ભિક્ષુએ બચાવી લીધેલી. દુર્ગંધાને કોણ બચાવે ?

વાસવદત્તા એક દિવસે યૌવનમદે મત્ત બની હતી. ઉપગુપ્ત પણ નવયુવાન હતો. અભિસાર માટે નીકળેલી વાસવદત્તાએ રાત્રીના ગાઢ અંધકારમાં, માત્ર આછા દીપકના પ્રકાશમાં સંન્યાસીને ધરતી ઉપર સૂતેલો નીહાળ્યો ત્યારે એના રૂપ-લાવણ્યનો મદ ઓગળી ગયો. સંન્યાસીની સૌમ્ય કાંતિ અને ક્ષમાસુંદર ચક્ષુએ એને વિવશ બનાવી દીધી. વાસવદત્તાએ લજ્જાથી માથું ઝૂકાવીને કહેલું કેઃ "તપસ્વી! આ કઠણ ધરતી આપની શય્યાને યોગ્ય નથી--મારે ત્યાં પધારો." પરન્તુ સંન્યાસીએ એ વિનંતિનો અસ્વીકાર કરેલો, માત્ર એટલું કહેલું કે "આજે તો જ્યાં જતા હો ત્યાં જાવ! મારો સમય આવશે ત્યારે હું પોતે તમારી પાસે આવીશ." વાસવદત્તા તો નિરાશ બની ચાલી નીકળી અને લાંબે વખતે એ વાત ભૂલાઈ પણ ગઇ. એ પછી જ્યારે શીતળાની મહામારી ફાટી નીકળી અને સગા--સંબંધીઓ પણ રોગીને રઝળતા મૂકી, પ્રાણના ભયે નાસી છૂટવા લાગ્યા અને વાસવદત્તા મથુરાના ગઢ બહાર--ઊંડી ગંધાતી ખાઇમાં પડી સડતી હતી તે વખતે તપસ્વીએ એનું માથુ ખોળામાં લઈ, ચંદનનો આખા શરીરે લેપ કરી; મરતી બચાવી લીધી હતી.

દુર્ગંધા યૌવનથી અજાણી હતી. જનમતાં જ એ ગડગૂમડથી ઢંકાઇ ગઈ હતી. એની માતાને આવી રોગીષ્ટ પુત્રીનું મોં જોવું જ નહોતું ગમતું. ખરી રીતે તો દુર્ગંધા માતાના ઉદરમાં આવી ત્યારથી એની જનનીને ચેન નહોતું પડતું. દુર્ગંધાની માતા રાજગૃહીની એક વારવનિતા હતી. એણે ગર્ભપાત કરવા ઘણા ઔષધો અજમાવી જોયાં. એ ઔષધોએ આ દુર્ગંધાનો દેહ રોગજર્જર બનાવી દીધો. જનમતાંની સાથે જ માતાએ એનો ત્યાગ કર્યો–શહેરના ગઢ પાસે ખાઇમાં મૂકી દીધી.

દુર્ગંધા આટલી અવગણના અને અવહેલના વચ્ચે પણ પ્રાણદીપક પ્રકટાવી રહી. રાજગૃહીના મહારાજા બિંબિસાર ભગવાન મહાવીરને વાંદવા જતા હતા તે વખતે બરાબર આ દુર્ગંધાવાળી જગ્યા પાસે થઇને નીકળ્યા. મહારાજાની આગળ અંગરક્ષકો અને સૈનિકો ચાલતા હતા તેમણે અચાનક નાક આડા હાથ ધર્યા-ખમી ન જાય એવી દુર્ગંધ આવતી જાણી અકળાઇ ઉઠ્યા. મહારાજાએ અંગરક્ષકોને પૂછ્યું: “બધાએ એકી સાથે નાક આડા હાથ કાં દીધા?”

સૈનિકોએ ખાઇ તરફથી આવતી દુર્ગંધની વાત કરી. અને મહારાજાએ તપાસ કરી તો ત્યાં તરતની જનમેલી પણ જીવતી એક બાળિકા પડેલી દેખાઇ.

એ વખતે તો મહારાજા શ્રેણિક કંઇ ન બોલ્યા પણ સ્મશાનમાં માણસને જેવો વૈરાગ્ય થાય છે તેવા જ વિચારોના ચક્રાવે શ્રેણિક મહારાજા ચડી ગયા. કોની એ

પુત્રી હશે ? પૂર્વે કેવાં પાપકર્મ કર્યાં હશે? કેવાં કઠોર મા બાપને ત્યાં એ જન્મી હશે ? કોણુ જાણે હિંસક પશુ-પંખી એ બાળાની કેવી દુર્દશા કરી નાખશે ? પોતાના સંતાનને આ રીતે અકાળે યમદૂતને હવાલે કરનારાં મા-બાપ કેટલાં નિષ્ઠુર હૈયાવાળાં હશે ?

ભ૦ મહાવીર જેવા ત્યાગી અને તપસ્વીને વાંદવા જતી વખતે, સંસારની આવી સામાન્ય ઘટનાઓને વિસ્મૃતિના પડદા પાછળ ધકેલી દેવી જોઇએ. પવિત્ર અને ઉન્મુક્ત અંતર સાથે ભગવાનની સમિપે જવું જોઈએ. મહારાજા શ્રેણિક એ વાત જાણુતા હતા, છતાં દુર્ગંધાની જે અસહ્ય દુર્ગંધે એમનું પોતાનું માથું ચિંતાથી ભરી દીધું હતું તે ગંધ ભૂલાતી નહોતી. શ્રેણિક ગંભીર મૌન સાથે આગળ ચાલ્યા.

“ભગવન્! જન્મથી જ આવાં દુર્ગંધ મારતાં સંતાનો જનમતાં હશે? એઠવાડની જેમ સડતું એ સંતાન હવે જીવે એ સંભવિત છે?” યોગ્ય અવસર મળતાં શ્રેણિકે, મહાવીર ભગવાનને વિનયપૂર્વક પૂછ્યું.

રાજમાર્ગમાંથી થોડે દૂર તજાએલી પડેલી ગંધાતી એક બાળિકાની જ વાત શ્રેણિક મહારાજા પૂછતા હતા એમ ભ૦ મહાવીર જોઇ શકયા. એમના જ્ઞાનપ્રકાશમાં એ બાળાનો પૂર્વભવ અને સાથે સંકળાયેલી આજની દુર્દશા તરવરી નીકળી. એમણે કહ્યું: “રાજન્, એક દિવસે એ બાળિકા સહેજ દુર્ગંધ પણ સહી શકતી નહિ. દુર્ગંધની એ એટલી ઘૃણા કરતી કે મેલા-ઘેલા તપસ્વીઓ પણ એના તિરસ્કારથી બચી શકતા નહિ. એક વાર એ સુગંધી જળથી સ્નાન કરી, સુંદર વસ્ત્રો સજી બેઠી હતી.

એટલામાં એના પિતાએ આદેશ કર્યો : “ પુત્રી ! સદ્દભાગ્યે આપણે ત્યાં શ્રમણ–મહારાજ આવી ચડ્યા છે. એમને આહાર વહોરાવ ! “ પુત્રીએ એ આજ્ઞા માથે ચડાવી. પણ શ્રમણને આહાર આપતાં, શ્રમણનાં મેલાં વસ્ત્રમાંથી સહેજ દુર્ગંધ આવી. શ્રેષ્ઠીની પુત્રી, એક રીતે ભોળી અને ધર્મપરાયણ હતી. પણ એને થયું કે આ સાધુઓ કોઇ કોઇ વાર સ્નાન કરતા હોય તો કેવું સારું ? શ્રમણ પ્રત્યે એને દુર્ભાવ થયો. એ દુર્ભાવ વિષે પશ્ચાત્તાપ સરખો પણ એણે ન કર્યો. એનું પરિણામ એ આવ્યું કે દુગંછાના પ્રતાપે તે આ રાજગૃહીની એક વેશ્યાના ઉદરમાં અવતરી. કર્મના દોષે તે જનમથી જ દુર્ગંધા બની. એને લીધે એ તરછોડાઇ.”

“ હવે તો એ બચી રહી ! કાગડાં–કૂતરાં એને ખાઈ જશે. ” એટલું કહીને શ્રેણિક મહારાજાએ એક ઊંડો નીશ્વાસ નાખ્યો.

“ નહિ, રાજન્ ! એક વખતની એ સ્વચ્છ–સુંદર–સુકુમાર શ્રેષ્ઠીપુત્રીએ પોતાનાં પૂર્વ કર્મ ભોગવી લીધાં છે. એ બચી જશે, એટલું જ નહિ પણ આઠમે વર્ષે તો તમારી પટ્ટરાણી બનશે. ”

દુર્ગંધા પોતાની પટ્ટરાણી બનશે એ વાત સાંભળી શ્રેણિક આશ્ચર્યમુગ્ધ બની ભગવાનની સામે કયાંઈ સુધી નીહાળી રહ્યા. ભગવાન મહાવીરના મુખમાંથી વિચાર કે નિશ્ચય વિનાની કોઇ વાત કદિ નીકળે જ નહિ એમ

તો એ સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક માનતા અને એવી પાર વગરની પ્રમાણભૂત પ્રતીતિઓ પણ મળી ચૂકી હતી. ફરીથી પૂછવાનું શ્રેણિકને મન થયું, પણ ભ. મહાવીરને બીજી વાર પૂછવાથી, ઉત્તર તો એનો એ જ મળવાનો હતો એમ લાગવાથી એ પોતે જ પોતાના મનને પૂછી રહ્યો: "આ, નાક આડા હાથ ધરવા પડે એવી દુર્ગંધ મારતી વેશ્યાપુત્રી શું મારી પટ્ટરાણી બનશે? કોણ જાણે?"

એકદમ માનવામાં ન આવે એવી વાતને યથાર્થતાનું સ્વરૂપ આપતા હોય તેમ ભગવાને પોતે જ ઉમેર્યું:

"દુર્ગંધા તમારી રાણી થશે, પ્રતીતિ એ કે આઠમે વર્ષે તમારી જ પીઠ ઉપર ચડી તમને રમાડશે."

શ્રેણિક મહારાજા ભગવાન મહાવીરને વાંદી, પાછા પોતાના મહેલમાં આવ્યા. વળતી વખતે પેલી દુર્ગંધ ન આવી. કદાચ દુર્ગંધા બાળાને કાગડા–કૂતરાં તાણી ગયાં હોય અથવા તો કોઈ રાહદારી માનવતાથી પ્રેરાઇ પોતાને ઘેર લઈ ગયો હોય. ગમે તે બન્યું હોય, એ દુર્ગંધા પોતાની પટ્ટરાણી શી રીતે બને તેની ઘડ બેસારવા શ્રેણિકે મનના ઘોડા તો ઘણા દોડાવ્યા. પણ તે કંઈ નિર્ણય ન કરી શકયો.

ધીમે ધીમે, ન ભૂલાય તેવી જે વાત સાંભળી હતી તે પણ ભુલાઇ ગઇ. જિંદગીમાં કદિ ન ભૂલાય એવા અનુભવો જેને માનતા હોઇએ છીએ તેની ઉપર વિસ્મૃતિના ગાઢા થર પથરાઇ જાય છે, તો આ તો ભ. મહા-

વીર સાથેનો એક સામાન્ય પ્રશ્નોત્તર માત્ર હતો. રાજ-કાજમાં વ્યસ્ત રહેનારો અને સ્ત્રીઓ તથા પુત્રોનો બહોળો પરિવાર ધરાવનારો, વૈભવી અને વિલાસી મગધ-પતિ શ્રેણિક મહારાજા એવી વાતો કેટલાક દિવસ સંભારતો બેસી રહે ? શ્રેણિક મહારાજાની ત્રેવીસ જેટલી રાણીઓ તો ભ. મહાવીરના શાસનમાં દીક્ષિત થઇ હતી. તે ઉપરાંત પણ એને બીજી કેટલીક રાણીઓ હોવી જોઇએ: દુર્ગંધાવાળી વાતે શ્રેણિકને થોડો ચિંતિત બનાવ્યો, પણ એ ચિંતાને વધુ અવકાશ ન મળ્યો.

× × ×

રાજગૃહી નગરી, એ જમનામાં, સૌથી વધુ સમૃધ્ધ અને સુખી નગરી હતી. શ્રેણિક ન્યાય અને વીરતાની મૂર્તિ સમો હતો, એટલે રાજગૃહીવાસીઓને પરચક્રનો ભય નહોતો. ભ. મહાવીર અને ગૌતમબુધ્ધના સત્કાર-સમારંભોમાં અને ઉપદેશોમાં પણ તે બહુ રસ લેતો. એની ધાર્મિકતા અને શ્રદ્ધાનો રંગ પ્રજાના જીવનમાં પણ ઉતર્યો હતો. પણ એ ઉપરથી રાજગૃહી નીરસ કે શોકીયું હશે એમ નથી માનવાનું.

રાજગૃહીનાં નર–નારીઓ કૌમુદી ઉત્સવ જ્યારે ઉજ-વતાં ત્યારે એમના રંગ, ઉલ્લાસ અને આમોદ-પ્રમોદ જાણે કે હીલોળે ચડતા. તે દિવસે શહેર લગભગ નિર્જન અરણ્ય જેવું બની જતું. વૃદ્ધો અને અશક્તો સિવાય બાળકો, યુવાનો, યુવતીઓ અને પ્રૌઢો ઉદ્યાનમાં જઇને કૌમુદીના ઉછળતા રસસાગરમાં યથેચ્છ વિહાર કરતાં. રાજગૃહીની સમૃદ્ધિ અને રસવૃત્તિ કૌમુદી મહોત્સવમાં જાણે કે પ્રત્ય-

હનું રૂપ ધરી મુક્ત ગંગાની જેમ વહી નીકળતી. વિવિધ રંગના વસ્ત્રો પહેરી, જ્યોત્સ્નામાં કુંજ-નિકુંજોમાં હરતાં-ફરતાં, પરસ્પરમાં વિનોદ તથા કૌતુક કરતાં અને વાજીંત્રોના નાદ તેમજ સૂરીલા સંગીતથી ઉપવનને ભરી દેતાં યુવક-યુવતીઓનાં મર્યાદા બંધનો અહીં સરી જતાં. મહારાજા શ્રેણિક અને એમના યુવાન પુત્રો પણ ઘણી-વાર પ્રજાનો આ ઉત્સવ અને ઉન્માદ જોવા જાતે આવતા અને એમાં અભિમાન અનુભવતા.

આવા એક કૌમુદી ઉત્સવમાં, શ્વેત વસ્ત્રોમાં સજ્જ બની, સામાન્ય પ્રજાજનની માફક, જનપ્રવાહની ભીડમાં ધકેલાતા શ્રેણિક અને એમના બુદ્ધિનિધાન પુત્ર-અભય-કુમાર વગર પ્રયાસે તણાતા હતા. એટલામાં કોઈના કોમળ અંગનો સ્પર્શ થતાં શ્રેણિક મહારાજ જરા ચમકયા. એમણે પાછું વાળીને જોયું તો એક યુવતી એમની પાછળ જ આવતી હતી. ભૂલથી મહારાજાનો હાથ એ યુવતીની છાતી ઉપર પડ્યો હતો. કોઈનું એ તરફ લક્ષ નહોતું. મહારાજાએ તત્કાળ પોતાનો હાથ ખેંચી લીધો. પણ એટલા ક્ષણ માત્રના સ્પર્શે મહારાજાને ઘેનમાં નાખી દીધા. યુવતીના વદન ઉપર એમણે લજ્જા કે સંકોચનો આભાસ સરખો ન જોયો. થોડી વારે એમણે પાછું વાળીને જોયું તો યુવતીની આંખોમાં ચાંચલ્ય અને ક્રીડાનું તોફાન ઉભરાતું દેખાયું. મહારાજા મોહની મૂર્છામાં એનો હાથ પકડવા જતા હતા, પણ તરતજ એમને પોતાનું ગૌરવ યાદ આવ્યું. સહેજ સ્વસ્થ બન-વાનો પ્રયત્ન કર્યો. એમણે બીજી જ પળે પોતાના

જમણા હાથની વીંટી આંગળીમાંથી કાઢી, પાછળ આવતી યુવતીના ઓઢણાના એક છેડામાં કોઈ ન જાણે તેમ બાંધી દીધી.

અભયકુમારને સંકેત કરીને મહારાજા એક બાજુ લઇ ગયા. એમણે ધીમેથી કુમારને કહ્યું: “ મારા હાથની વીંટી આ ભીડમાં ખોવાઇ છે–ગમે તેમ કરીને એ વીંટીનો અને એ કાઢી જનારનો પત્તો મેળવવો જોઇએ.”

રાજપ્રકરણી તેમજ કૌટુંબિક ગુંચો ઉકેલવામાં અભયકુમાર ખૂબ જ નિષ્ણાત અને નિપુણ હતો. સામાન્ય માણસની મતિ મુંઝાઈ જાય ત્યાં અભયકુમારની સાદી બુદ્ધિ-યુક્તિ અદ્‌ભુત કૌશલ્ય દાખવતી. મહારાજા શ્રેણિકની વીંટીના ચોરને પકડવો એ તો અભકુમારને મન રમતવાત હતી.

મહારાજાના હાથની આંગળીમાંથી મહામૂલી વીંટી કાઢી લેવાનું, પ્રથમ તો, કોઇ પ્રજાજન સાહસ જ ન કરે. અભયકુમારને થોડી શંકા એ વખતે જ ઉપજેલી. પરંતુ એ જેટલો બુદ્ધિનિધાન હતો તેટલો જ પિતૃભક્ત પણ હતો. આમાં કંઇક પણ અકળ રહસ્ય છે એમ એને લાગ્યું. પિતાની દૃષ્ટિમાં થોડી વ્યગ્રતા પણ દેખાઇ. અભયકુમારને ખાત્રી થઈ કે આ માત્ર વીંટીનો સામાન્ય પ્રશ્ન નથી. વીંટીની પાછળ સંતાઇ રહેલો મન્મથ કંઈક નવું કારસ્તાન રચી રહ્યો છે.

ઉદ્યાનના બધા દ્વાર બંધ કરાવી, એક જ દરવાજેથી ઉત્સવઘેલાં નર–નારીઓને બહાર નીકળવાનો

એણે આદેશ કર્યો. એક એક નાગરિકની કુમારે તપાસ કરવા માંડી. થોડીવારે એક ભરવાડની પુત્રી આવી–એના વસ્ત્રમાં છેડે બાંધેલી વીંટી શ્રેણિક મહારાજની હોય એ વિષે અભયકુમારને કંઇ શંકા ન રહી. પૂછ્યું: “આ વીંટી તમારી પાસે ક્યાંથી આવી ?”

ભરવાડપુત્રીએ જવાબ આપ્યો: “એ વીંટી મારી નથી–કોણે બાંધી એ વિષે પણ હું કંઈ નથી જાણતી.” બાલિકા જેવી લાગતી એ સ્વસ્થ અને સુંદર તરૂણીના શબ્દોમાં રહેલી પારદર્શક નિર્દોષતા અભયકુમારથી અજાણી ન રહી.

વીંટી છેડેથી છોડતાં એક વાર અભયકુમારે એ મુગ્ધા સામે જોયું. જોતાં જ એની દૃષ્ટિમાં જે માદકતા છલકાતી હતી તેનો નીસો પિતાને ચડેલો હોય અને એમાંથી જ આ કુભાંડ રચાયું હોય એમ અભયકુમારને થયું. પણ ગુન્હેગાર પકડાયા પછી ન્યાય તોળવાનું કામ એનું નહોતું. એણે તો વીંટીવાળી એ બાઇને સીધી અંતઃપુરમાં મોકલી દીધી.

શ્રેણિક મહારાજાની કૃપાનો પ્રસાદ પામેલી એ આહીરની કન્યા અંતઃપુરમાં જ રહી. મહારાજાની અનેક રાણીઓમાં એકનો ઉમેરો થયો.

બીજી રાણીઓ અને આ આહીર-કન્યા વચ્ચે એક મોટો ભેદ એ હતો કે બીજી રાણીઓ મહારાજા સાથેની ક્રિડામાં પોતાના આગ્રહ અને સ્વમાન જતાં કરતી: મહારાજાના ગૌરવને અણિશુધ્ધ રાખવામાં પોતાનું ગૌરવ

માનતી. પણ આ આહીર-કન્યા સંપૂર્ણ સ્વતંત્ર-ગ્રામ્ય વાતાવરણમાં ઉછરી હતી. નાની વયમાં પ્રકૃતિની ગોદમાં નિર્ભય-નિર્લજ્જપણે વિહરી હતી. લજ્જા કે સંકોચ એનામાં નહોતાં એમ નહિ, પણ એ માનવરચ્યા નિયમો કે બંધનોથી બહુધા અપરિચિત હતી.

શ્રેણિક મહારાજાના આકર્ષણનું પણ કદાચ એ જ કારણ હોય. આ આહીરકન્યાના અંગે અંગમાંથી તાજું નવપલ્લવિત સ્વાસ્થ્ય અને સૌંદર્ય નીતરતું. પ્રકૃતિ જેમ ઉદ્દામ અને રમતીયાળ બને છે અને રસિકોને મુગ્ધ કરે છે તેમ આ આહીર કન્યા પણ પોતાની અકૃત્રિમ ઉદ્દામતા અને ક્રિડાપરાયણતાથી મહારાજાની બહુ માનીતી થઇ પડી. મહારાજાની સમૃદ્ધિ કે પ્રતાપની એને કંઇ પડી જ નહોતી.-મહારાજાને એ પોતાના એક સંગી-સોબતી જેવી જ માનતી. બધી રાણીઓમાં આ આહીર-પુત્રીની તેજસ્વીતા જુદી જ છાપ પાડતી.

એક દિવસે શ્રેણિક મહારાજ આ આહીર-બાળા સાથે પાસાની રમત ખેલતા હતા. મોટે ભાગે મહારાજા હારે તો જીતેલી રાણી મહારાજાની પીઠ ઉપર ચડે એવી એક સરત રહેતી. પણ કુળવાન રાણીઓ એવી સરતનું અક્ષરશઃ પાલન કરતા સંકોચાતી. સરતનો હેતુ જળવાય અને જીતનારી રાણીનું માન રહે એટલા માટે રાણીઓએ પોતે એવો તોડ કાઢયો હતો કે મગધના મહારાજાની પીઠ ઉપર રીતસર ચડવું તેના કરતાં પોતાનું એક વસ્ત્ર એમની ઉપર નાખવું એ સવારી કરવા બરાબર જ ગણાય. એ પ્રમાણે બધી

રાણીઓ રમતમાં પોતાનો વિજય માત્ર મહારાજાની પીઠ ઉપર વસ્ત્ર સ્થાપીને ઉજવતી.

આહીર-કન્યા પોતાની સરત પળાવવામાં સ્વતંત્ર હતી. બીજી રાણીઓ જેમ કરતી હોય તેમ પોતે કરવાને બંધાયેલી નહોતી, એટલે શ્રેણિક મહારાજ જેવા પાસાની રમતમાં હાર્યા કે તરત જ મુક્ત હાસ્યથી વિશાળ ખંડને ગજાવતી આ યુવતીએ મહારાજાની પીઠ ઉપર બેસવાની અને ઘોડાની જેમ જ મહારાજાને ચલાવવાની હઠ પકડી.

હારેલા મહારાજાએ આહીર-બાળાને પોતાની પીઠ ઉપર રાજીખુશીથી ચડવા દીધી. પણ એ જ વખતે એમને, ભગવાન મહાવીરે સંભળાવેલી ભવિષ્યવાણી યાદ આવી. પોતે ભગવાનને વાંદવા જતા હતા તે વખતે દુર્ગંધ મારતી એક બાળા ગઢ ફરતી ખાઈમાં પડી હતી. તે પ્રસંગ સાંભરી આવ્યો. એમને થયું કે " રખેને આ દુર્ગંધા તો નહિ હોય ? "

ખરેખર એ દુર્ગંધા જ હતી. રસ્તે જતી કોઇ એક નિઃસંતાન ભરવાડણે એને બચાવી લીધી હતી. પોતાને બાળક ન હોવાથી આ કન્યાને પોતાની પુત્રીની જેમ ઉછેરી હતી. દુર્ગંધા પોતે પણ એ વાતથી સાવ અજાણી હતી. એ પોતે પોતાને ભરવાડની પુત્રી જ માનતી હતી. શ્રેણિક મહારાજે જ્યારે એના પૂર્વભવની તથા આ ભવની તાજી દુર્દશા સંબંધી સવિસ્તર હકીકત એને કહી ત્યારે એ દુર્ગંધાની આંખ આગળના

બદા પડદા સરી પડ્યા. જે સોનેરી સ્વપ્નમાં રાચતી હતી તે સ્વપ્ન જાણે કે કોઇએ ક્રૂરપણે ઝૂંટવી લીધું. સંસારમાં સર્વત્ર સોનેરી રંગ જોતી આંખો ગંધાતી-ઉંડી ખાઈમાં કોઇ માનવશિશુ તરફડતું હોય એવું દૃશ્ય જોઇ રહી. ઘડીભર તો એને તમ્મર ચડી આવ્યા! પોતે એક વાર વનિતાની પુત્રી છે અને એક આહીરની દયાથી જ બચી છેઃ એ રીતે ઉકરડામાં ઉછરેલી અને અનુકંપાથી પોષાયેલી પોતાની દેહલતા ઉપર એને ઘૃણા આવી. આવતી કાલે જ્યારે દેહમાં રોગાણુ પ્રવેશશે-વૃધ્ધત્વનો પંજો પડશે ત્યારે પણ એ ગંધાતી ખાઈમાં સડતી કાયાની જ પુનરાવૃત્તિ થવાની! આ રીતે તાત્ત્વિક ચિંતનશ્રેણી ઉપર આરૂઢ થએલી દુર્ગંધાની જીવન સંબંધી દૃષ્ટિ જ પલટાઇ ગઈ.

નિર્ભય, નિઃસંકોચ, રસ-ઉલ્લાસથી ઉભરાતી એ દુર્ગંધા પછી તો શાંત-સરોવર સમી બની, દીક્ષા લઈ, ભ. મહાવીરના સાધ્વીસંઘમાં લીન થઇ ગઈ.

## સોમા અને જયંતી



( ૧૩ )

"કોણ છે એ અંધારા ખૂણામાં? બહાર નીકળો!" ચોરાક નામના ગામડાના એક પહેરગીરે, ખંડીયેર ઝુંપડીમાં સંતાઇને ભરાઇ બેઠેલા બે જણને ટપાર્યા.

પહેરગીરના અવાજમાં સત્તાનો મીજાજ હતો. પોતે થોડી જ વારમાં બે ગુન્હેગારો પકડી પાડશે એવો આત્મ-સંતોષ પણ હતો. ટાઢથી ધ્રૂજતા અંધારા ઓરડામાં સપડાયેલા બે ચોર જેવા માણસો હવે નાસવા માગે તો પણ નાસી શકે એમ નહોતું. બારણાની વચ્ચે યમદૂત જેવો પહેરગીર ઊભો હતો.

સામેથી કંઇ જવાબ ન મળ્યો. પોતાનો હુંકાર-ભર્યો અવાજ સાંભળ્યા પછી કોઈ જાગ્યા કે ઉઠ્યા વિના ન રહે એમ એ વિકરાળ આકૃતિવાળો ચોકીદાર માનતો. એણે ફરીથી પેલા બે જણને પડકાર્યાઃ

" નથી સાંભળતા ? બહાર નીકળો.–અજવાળામાં. તમારાં મોં તો જોઉં ! " રાત્રી જામતી જતી હતી. પહેરગીરના આક્રોશનો પડઘો આકાશમાં ગુંજી રહ્યો.

છતાં અંધારા ખૂણામાં રહેલા બે જણમાંથી કોઇ બોલ્યું–ચાલ્યું નહિ ત્યારે પહેરગીરને લાગ્યું કે–"જરૂર, આ બે જણા ચોર ડાકુ કે ગુપ્તચર છે. કુલીન ગૃહસ્થ કે મુસાફર હોય તો સીધો જવાબ કેમ ન આપે ? "

પાસે જઇને જોયું તો બન્ને ધ્યાનસ્થ મુદ્રામાં બેઠા હતા. વાચકોની માહિતી માટે અહીં એટલું કહેવું જોઇએ કે એ બે પૈકીના એક હતા ભ. મહાવીર અને બીજો હતો ગોશાળો. ગોશાળાએ ધાર્યું હોત તો જવાબ આપી શકત, પણ એ મોટે ભાગે મહાવીરનું અનુકરણ જ કરતો. ભગવાન વિધિપુરઃસર ધ્યાનસ્થિત–મૌન હતા. એમનો તો, મેરૂ ડગે તો પણ પોતાનું

મૌન ન ડગે એવો પ્રથમથી જ નિશ્ચય હતો. અને આ આફત કંઇ પહેલવહેલી નહોતી. ઉપસર્ગોની સામે છેલ્લી હદ સુધી ઝૂઝવાની પૂરેપૂરી તૈયારી કરીને જ ત્રણેક વર્ષ ઉપર ઘેરથી નીકળ્યા હતા. અસ્થિકગામમાં શૂલપાણી-યક્ષનો ઘોર ઉપસર્ગ એમણે શાંતિથી-નિષ્કંપ-પણે વેઠયો હતો. દુઃખ દેનારો શૂલપાણી આખરે થાકયો-અંતે ભગવાનના ચરણમાં ઝુકી પડયો. તે પછી ભયંકર ફણિધર ચંડકૌશિકનો અને ગંગા નદી પાર કરવા હોડીમાં બેઠેલા ત્યારે ભયંકર વાવાઝોડું સર્જી, હોડીના શઢ ચીરી નાખનાર અને ઊંડા જલમાં હોડીને ઊંધી વાળવા મથનાર સુદંષ્ટ્રનો ઉપસર્ગ પણ હજી તાજો જ હતો. આફત કે કષ્ટ માત્રને પડકારનાર અને આફતને નિઃસત્ત્વ બનાવવાની કળામાં સિદ્ધિ મેળવનાર ભ. મહાવીરનું મૌન તોડવાની મામુલી પહેરગીરમાં તે કેટલીક તાકાત હોય ?

ગોશાળાએ, છેક છેલ્લી પળે ભગવાન પોતાને બચાવી લેશે અને પહેરગીરને ક્ષમા માગવી પડે એવો માર્ગ કાઢશે એવી કદાચ આશા રાખી હશે. મહાવીર-નો પ્રતાપ એ જાણતો, એટલે જ એની જીભ જવાબ વાળવા સળવળી તો ખરી, પણ તે કંઇ બોલ્યો નહિ.

શૂન્ય ગૃહમાં છાનામાના ભરાઈ બેઠેલા આ બે જણ સારા માણસ નહિ હોય એવી શંકા લઈ જવાનું એક બીજું કારણ પણ એ પહેરગીરને હતું. હમણા હમણા ગુપ્તચરોની અવરજવર આ તરફ વધી પડી હતી. પોતાના પ્રદેશની છુપી રાખવા જેવી બાબતો, દુશ્મન રાજા

જાણી જાય તો ભારે ખુવારી થયા વિના ન રહે. પહેલાં એવી ઘટનાઓ બની હતી. તેથી આ વખતે પહેરગીરો, ચોર–ડાકુઓ કરતાં પણ ગુપ્તચરોના વિષયમાં બહુ સાવચેત રહેવા મથતા.

"છે તો સારા માણસો પણ ગુપ્તચર નહિ હોય તેની શી ખાત્રી ?" પહેરગીરે પાસે જઇને, બન્નેના ચહેરા જોયા.

જે લોકો કંઇ જવાબ ન વાળે એમને જતા પણ શી રીતે કરવા ? એમના અંતરમાં કંઇ દુરાશય નહિ હોય એમ કેમ મનાય ? કંઇક જવાબ વાળે તો વધુ અનુમાન કરવાની સૂઝ પડે.

ફરી ફરીને પહેરગીરે, પાસે આવીને, એમને સમજાવ્યા. પણ કોઇ શબ્દ સરખો યે બોલતું નથી તેથી એને થયું કે "હવે તો આ લોકોને સીધા કરવા જ પડશે. જોઇએ ક્યાં સુધી મુંગા રહી શકે છે ?"

મૌન માત્ર બનાવટી બુરખો હશે, ચોકીદારોને છેતરવાની એક કળા માત્ર હશે; એવો નિશ્ચય કરીને પહેરગીરે જરા સખત હાથે કામ લેવાનો નિર્ણય કર્યો.

વખત તો ઘણો વીતી ગયો હતો. પ્રાતઃકાળ થવાની તૈયારી હતી. અજવાળું થતાં આ બે ઢોંગીઓ કદાચ થાપ આપીને નાસી જાય એવી બીક પણ ખરી. પહેરગીરે આસપાસ જોયું. થોડે આઘે એક લાંબું રાંઢવું પડેલું દેખાયું. એની દુર્બુદ્ધિને વેગ મળ્યો.

તરત જ દોડતો જઇને જાડું રાંઢવું એ લઇ આવ્યો અને બન્ને મૌનધારીઓને બાંધી, હવે આ લોકોને

પાંશરા કેમ કરવા તેની યુક્તિ શોધતો શાંતિથી બેસી રહ્યો.

ઉજ્જડ ઘરની પાસે જ એક અવાવરૂ કૂવો હતો. પહેરગીરે વિચાર કર્યો કે આ લોકોને મારવા–ઝુડવા કરતા, ટાઢવાળી રાત્રિના પાછલા પહોરે કૂવામાં ગળકા ખવરાવવા એ જ ઠીક છે. નહિ બોલે તો કયાં જશે ? કૂવામાં બે–ત્રણ ગળકા ખવરાવીશ એટલે આપ-મેળે એમનાં મોં ઉઘડી જશે.

આવો વિચાર કરી એ પરમાધામી જેવા પહેરગીરે ભગવાન મહાવીરને અને ગોશાળાને બાંધીને કૂવામાં ઉતાર્યા. જેમણે પોતાના ક્ષમા અને અપ્રતિકારના બળ ઉપર ઉપસર્ગ માત્રનો સામનો કરવાનો નિર્ણય કર્યો હતો, અને જેમણે ઇંદ્રને પણ વચ્ચે ન પડવાનું સાફ સાફ સંભળાવી દીધું હતું તે સહાય કે બચાવ માટે કોઇની સામે શા સારૂ જુએ ? પ્રાણાંત કષ્ટની તૈયારીવાળો સાધક બળાત્કારે ઉંડા કૂવામાં ગળકા ખાતાં થોડો જ અકળાય ?

બન્ને મૌનધારીઓને કૂવામાં ગળકા ખવરાવતો પહેરગીર પોતે જ હવે તો થાકયો હતો. એની ધારણા ખોટી પડી હતી. બીજી તરફ સૂર્યદેવનાં લાલ લોચનો ઉઘડતાં હતાં. લોકોનો અવરજવર શરૂ થઈ ગયો હતો.

એટલામાં બે સાધ્વીઓ એ રસ્તે થઈને નીકળી. એમણે દૂરથી કોઇ કાળમુખો આદમી, બે તપસ્વીઓને રંજાડતો હોય એવું દશ્ય નીહાળ્યું: પાસે આવીને જોયું તો સિદ્ધાર્થ રાજાના પુત્ર મહાવીર જ દેખાયા. મહાવીર

જેવા વિશ્વવંદ્ય પુરુષને એક પહેરગીર સતાવે છે તે જાણીને એમને બહુ દુઃખ થયું. તરત જ એમણે પેલા પહેરગીરને કહ્યું: "ભાઇ, તમે કોને રંજાડી રહ્યા છો તેનું તમને ભાન છે? આ મહાવીર કોઇ સામાન્ય માનવી નથી. સિદ્ધાર્થ મહારાજાના પુત્ર છે–મોટા ચમરબંધીઓ એમના પાદમાં મુકુટમંડિત મસ્તક નમાવે છે. અજાણતાં તમે ભારે અપરાધ કર્યો છે. એમની ક્ષમા માગો, આ વિશ્વવત્સલ પુરુષ કોઇની ઉપર ક્રોધ નથી કરતા એટલે તમને સહેજે માફી મળી જશે."

આમ કહીને, પહેરગીરને વધુ જુલમ કરતો રોકનારી અને ભ. મહાવીરને વધુ ત્રાસમાંથી એ વખતે બચાવી લેનારી બંને સાધ્વીઓઃ સોમા અને જયંતી આપણા વંદનને યોગ્ય બને છે,


આ બે બહેનો–સોમા અને જયંતી, પાર્શ્વનાથ પ્રભુના શાસનની સાધ્વીઓ હતી. પાર્શ્વનાથ પ્રભુના શાસનના ભલભલા સાધુઓ પણ મહાવીરને ઓળખી શકયા નહોતા. કેટલીક સાધ્વીઓ તો નિર્વાહની ખાતર પરિવ્રાજિકાઓ પણ બની હતી. પાર્શ્વ પ્રભુના કેટલાક સાધુઓ, ચિત્રવિચિત્ર વસ્ત્રો અને પાત્રો રાખતા હોવા છતાં પોતાને નિર્ગ્રંથ તરીકે ઓળખાવતા. એ જોઇને એક વાર ગોશાળે ટકોર પણ કરેલી કે–"તમે તો જૂઠા છો–તમને નિર્ગ્રંથ કોણ કહે? લોકોને ધૂતવા ખાતર જ આ વેષ ધર્યો છે. બાકી ખરા નિર્ગ્રંથ જોવા હોય તો, ચાલો મારી સાથે, મારા ધર્માચાર્ય મહાવીર તમને બતાવું. ખરા નિર્ગ્રંથ તો એ મહાવીર છે–જેને નથી પરવા વસ્ત્રની કે નથી પરવા દેહની."

વસ્તુતઃ મહાવીર અને પાર્શ્વનાથ પ્રભુની વચ્ચે કાળનો લાંબો ગાળો નહોતો. ૧૫૦–૨૦૦ વર્ષની અંદર જ ક્રાંતિનું એવું એક મહાપૂર ફરી વળ્યું હતું કે પાર્શ્વનાથના વિદ્વાન સાધુઓ પણ મહાવીરને પૂરેપૂરા પીછાની શકયા નહોતા. મહાવીરના માતા–પિતા પણ પાર્શ્વપ્રભુના જ અનુયાયી હતા. આવી અંધાધુંધીમાં સોમા: અને જયંતીએ પ્રભુ મહાવીરને ઓળખ્યા.

સોમા અને જયંતીની જેમ, કૂપિકા નામના ગામ પાસે પણ ચોકીદારોએ ભ. મહાવીર અને ગોશાળાને ગુપ્તચર માની પકડેલા. એ વખતે પ્રગલ્ભા અને વિજયા નામની બે સાધ્વીઓ--જે પરિવ્રાજિકા બનીને એ જ ગામમાં રહેતી હતી તેમણે પ્રભુની ઓળખાણ આપી, નિરર્થક ત્રાસમાંથી બચાવી લીધા હતાં. ચોરાક અને કૂપિકા ગામના બન્ને પહેરેગીરોએ, છેવટે, પ્રભુના પાદ-પદ્મમાં નમી, પોતાના દુષ્કૃતની ક્ષમા માગેલી.

સોમા અને જયંતી સાધ્વીઓની જેમ એમના ભાઇ ઉત્પલની એક નિમિત્તશાસ્ત્રી તરીકેની થોડી હકીકત ભ. મહાવીરના ચરિત્રમાંથી મળે છે. પણ તે અહીં અસ્થાને ગણાય. ઉત્પલ અષ્ટાંગ નિમિત્તમાં કૂશળ હતો અને ભગવાન મહાવીરનો પણ અનુરાગી હતો. આવા ભાઈની બે બહેનો–સોમા અને જયંતી, ભગવન્ મહાવીરના યુગની મહાદેવીઓમાં ઉચ્ચ સ્થાન પામે એ સ્વાભાવિક છે.

મહાશતકની સ્ત્રી રેવતી



(૧૪)

મહાશતક, ભ. મહાવીરનો અગ્રગણ્ય શ્રદ્ધાળુ શ્રાવક હતો. વૈભવ અને ભોગોપભોગની વચ્ચે પણ સંયમ અને સાદાઈથી જીવવાનો મંત્ર એને મહાવીર તરફથી મળ્યો

હતો. મહાશતક, ભ૦ મહાવીરના સંપર્કમાં આવ્યો તે પહેલાં ખૂબ પરિશ્રમી અને પુરુષાર્થી હોવો જોઇએ. દેશં દેશાંતરમાં એની નીતિ અને પ્રામાણિકતાની ખ્યાતિ ફેલાઈ હતી.

મહાશતક તેર સ્ત્રીઓનો સ્વામી હતો. પોતે પુરુષાર્થના બળે પુષ્કળ ધન-સંપત્તિ ઉપાર્જી હતી. તેમાં દરેક સ્ત્રી જે લખલૂટ સોનું-રૂપું તથા બીજાં દ્રવ્યો લઇ આવતી તેનો ઉમેરો થવાથી મહાશતકના સંપત્તિ-સાગરમાં મોટી તેર નદીઓ આવી મળી હોય એમ જ લાગે. મહાશતક સુખી અને નિશ્ચિંત હતો. ભોગ અને ઐશ્વર્યથી ધરાઈ ગએલા શક્તિશાલીઓ જ્યારે ત્યાગના માર્ગે વળે છે ત્યારે એ ત્યાગ પણ તેજોદિપ્ત બને છે. મહાશતકે ભ. મહાવીરનો ઉપદેશ ઝીલ્યો. વ્રતની આરાધનામાં ક્રમે ક્રમે એણે એટલી પ્રગતિ કરી કે ભ. મહાવીરના શ્રાવકોમાં એનું નામ ઘરગતું બન્યું.

બાર-બાર સ્ત્રીઓનો સ્વામી મહાશતક રહ્યો ત્યાં સુધી તો એનો સંસારરથ ચીલે ચીલે ચાલ્યો. તેરમી રેવતી આવતાં જ મહાશતકના જીવનમાં એક દુર્ઘટના ઉપસ્થિત થઇ. મહાશતકની સાથે એને કોઇ રીતે મેળ નહોતો મળતો. બીજી બાર સ્ત્રીઓ સાથે પણ આ રેવતી નિરંતર કલહ કર્યા કરતી. મહાશતક સંયમી અને નમ્ર હોવા છતાં રેવતીના વર્તનથી ઘણીવાર ચિંતામગ્ન બની જતો.

રેવતી ભારે સ્વચ્છંદી અને અભિમાનિની હતી. એ માનતી કે "મારા પતિ-મહાશતક ઉપર મારો એક-

લાનો જ અધિકાર રહેવો જોઇએ.” રેવતી શ્રીમંત માતાપિતાની મોઢે ચડાવેલી પુત્રી હતી–સ્વભાવે ચંચળ અને ઉદ્દામ મનોવૃત્તિવાળી હતી. મોટા પરિવારમાં સમાધાનીથી કેમ રહેવું એ એને આવડતું જ નહોતું. રેવતીનાં પગલાં થતાં મહાશતકનું ઘર એક યુદ્ધમેદાન જેવું થઇ પડયું.

સ્વચ્છંદી રેવતીએ ધીમે ધીમે ખીજાએલી સર્પિણીનું સ્વરૂપ ધર્યું: પોતાની બાર શોકયને એ ભરખી ગઈ. એક યા બીજી રીતે એમને ઝેર આપીને, પોતે જેને કંટકરૂપ માનતી હતી તેમને કાંટાની જેમ જ ઉખેડીને ફેંકી દીધી.

મહાશતકને એથી ઘણો આઘાત થયો. ઉપરાઉપરી આઘાતો પામતું મહાશતકનું હૈયું વલોવાઈ જતું. પણ પોતે શ્રમણનાયક ભ. મહાવીરનો શ્રાવક છે–મહાવીરનો શ્રાવક કડવું વેણ સરખું પણ કોઈને ન કહે, એમ માની શાંત રહેતો. ઝેરના માત્ર ઘુંટડા નહિ, પણ ઘડાના ઘડા એ સહિષ્ણુ શ્રાવક મહાશતક પી ગયો. રેવતીને શાંતિથી સમજાવવાનો પ્રયત્ન કરવા છતાં પરિણામ વિપરીત આવવાથી મહાશતક પોતાના એક જુદા ગૃહમાં મૌનપણે રહેવા લાગ્યો.

મહાશતક મોટે ભાગે મૌન રહે છે, ખાવાપીવાના પદાર્થોમાં પણ એક સાધુને છાજે એવો સંયમ પાળે છે–પોતાની સાથે છૂટથી બોલતોચાલતો નથી એ જોઇને રેવતી અંદરથી બળી મરતી. કોઇ કોઇ વાર

બીજાએલી વાઘણની જેમ ઉગ્ર પણ બનતી અને મહાશતકને કડવાં વેણ સંભળાવતી.

રેવતીની પજવણીથી રીઢો બની ગએલો મહાશતક મોટે ભાગે, આવે વખતે ભ. મહાવીરે ઉપદેશેલા સૂત્રોનું સ્મરણ કરી, પોતાના સંયમમાં સ્થિર રહેતો. ભગવાન મહાવીર કહેતા કે મરવાની આળસે જીવતા-મડદાલ બળદો મહાવિકટ અરણ્ય પાર કરવામાં મદદરૂપ નથી બની શકતા, વચ્ચે જ ગળીયા થઈને બેસી જાય છે; તેમ અસંયમ, આવેશ અને પ્રમાદને વશ બનેલા સાધકો વચ્ચે જ રહી જાય છે-લક્ષ્યને સાધી શકતા નથી. વિકારોથી ભરેલા વાતાવરણની વચ્ચે રહીને જે પોતાના આત્મસંયમને અડગ રાખી શકે છે તે જ વહેલો મોડો સંસાર-અરણ્ય તરી જાય છે. રેવતીનો આક્રોશ મહાવીરના પરમ શ્રાવક મહાશતકના મેરુ સમા મૌનની સાથે અથડાઈ પાછો વળી જતો.

બૌદ્ધ સાહિત્યમાં, મજ્જિમનિકાયમાં, એક કથા છેઃ વૈદેહિકા નામની એક ગૃહિણી શાંત અને નમ્ર હતી. એની શાંતિ અને નમ્રતા લોકોમાં દૃષ્ટાંતરૂપ બની હતી.

કાળી નામની દાસીએ વિચાર કર્યો કેઃ 'ખરેખર, મારી શેઠાણી શાંત અને નમ્ર હશે કે અશાંતિનું કોઈ કારણ ન મળવાથી શાંત તથા નમ્ર દેખાતી હશે ? એક વાર પરીક્ષા તો કરવા દે.'

બીજે દિવસે કાળી, રોજ કરતાં ખૂબ મોડી ઊઠી. શેઠાણીએ પૂછયુંઃ "આજે કેમ મોડી થઈ ? મારા ઘરમાં એમ નહિ ચાલે, સમજી ?"

કાળીએ કંઇ જવાબ ન આપ્યો. એને માત્ર એટલું સમજાયું કે વૈદેહિકામાં ગુસ્સો તો છેઃ જોઉં તો ખરી કે એ ગુસ્સો ક્યાં સુધી પહોંચે છે.

વળતે દિવસે પણ કાળી મોડી ઉઠી. ઉપરાઉપરી બે દિવસ કાળીએ મોડું કરેલું હોવાથી વૈદેહિકાનો ક્રોધ કાબૂમાં ન રહ્યો. એણે કાળીને એવી મારી કે એના માથામાંથી લોહી નીકળ્યું. લોકો ભેગા થઇ ગયા. સૌને ખાત્રી થઇ કે વૈદેહિકાની શાંતિ માત્ર એક બુરખો જ હતો, નમ્રતા પણ કૃત્રિમ જ હતી. વસ્તુતઃ એના દિલમાં ક્રોધની ચીતા ભભૂકતી હતી–માત્ર નિમિત્તના અભાવે એની જવાળાઓ બહાર નહોતી દેખાતી. વૈદેહિકાની પ્રથમની ખ્યાતિ બે દિવસની અંદર જ વિલુપ્ત થઈ ગઇ.

વ્રતના આરાધકો માટે આવાં એક–બે નહિ પણ અનેક ભયસ્થાનો રહેલાં છે. ભગવાન મહાવીરના મહાશતક જેવા શ્રાવકો એ ન જાણુતા હોય એમ કેમ બને ? કપરી કસોટીની પળે પણ એ પોતાની શાંતિ જાળવવા યથાશક્તિ પ્રયાસ કરતો.

ચૌદ ચૌદ વરસ સુધી મહાશતકે પોતાની કંકાસ-પ્રિય સ્ત્રી–રેવતીનાં મેણાં–ટોણાં–ટીકા–ટીખળ સહન કર્યાં. એક દિવસે મહાશતકના મૌનનો વાસુકી નાગ જરા ડગી ગયો. ધરતીકંપ જેવી નાની શી દુર્ઘટના બની ગઇ. પૂરી સાવચેતી રાખવા છતાં જીભે જરા છૂટ લઇ લીધી.

મહાશતકથી એટલું બોલી જવાયુંઃ " રેવતી ! હવે હદ થાય છે. યાદ રાખજે, સાત રાતની અંદર તું

મરીને નારકીમાં જઇશ. ત્યાં ચોરાશી હજાર વરસ સુધી નારકીનું દુઃખ ભોગવીશ. ”

મહાશતકે ધાકધમકી આપવા આ વાત જોડી કાઢી નહોતી. તપ અને ધ્યાનથી એની ચિત્તવૃત્તિ અત્યાર સુધીમાં એવી નિર્મળ બની હતી કે રેવતીની નારકીય ગતિ એને પ્રત્યક્ષ દેખાતી હતી. એને જે દેખાયું હતું તે જ તેણે રેવતીને કહ્યું હતું. એકે અક્ષર ઉપજાવી કાઢેલો કે બનાવટી નહોતો. અલબત્ત મહાશતક ગુસ્સે થએલો અને ક્રોધના આવેશમાં આ યથાર્થ વાત જરા આવેશપૂર્વક કહેલી.

પરિસ્થિતિ પણ તે દિવસે એવી હતી કે મહાશતકનું ધૈર્ય સહેજે ડગી જાય. રેવતીએ પુષ્કળ દારૂ પીધેલો અને માંસાહાર પણ ઠાંસી ઠાંસીને કરેલો. પ્રથમથી જ રેવતી માંસલોલુપ હતી. સુરાપાનમાં એ એટલી જ આસક્તિ ધરાવતી. રાજગૃહીમાં જે દિવસે હિંસા કરવાની રાજ્યે મનાઇ કરી હોય તે દિવસે પણ રેવતીને સુરા અને માંસ વિના નહોતું ચાલતું. પોતાના પિયરીયા મારફતે ગાયના વાછરડા મરાવી પોતાની જિહ્વાલોલુપતાને સંતોષતી.

આવી રીતે સુરાપાનથી ઉન્મત્ત બનેલી છૂટા કેશવાળી રેવતી મહાશતક પાસે એની પોષધશાળામાં આવી. પવિત્ર દેવમંદિરમાં કોઇ રાક્ષસીએ પ્રવેશ કર્યો હોય એમ જ આપણને લાગે. મહાશતક કંઇ ન બોલ્યો. પણ જ્યારે રેવતીએ મહાશતકની સામે યથેચ્છ ચેનચાળા કરવા માંડ્યા ત્યારે તે મુંઝાયો.

ઉગ્ર તપથી મહાશતક ઘણો કૃશ અને દુર્બળ થયો હતો. સંસારની લગભગ સઘળી જ ગ્રંથીઓ એણે ઢીલી કરી વાળી હતી. મોહ-મમતા જેવું બહુ નહોતું રહ્યું. મૃત્યુના દૂતને સત્કારવા તૈયાર થઈને જ બેઠો હતો. જાણે કે પોતાના મિત્ર-મૃત્યુદેવ માટે વરમાળ ગુંથીને ઉત્સુક ભાવે રાહ જોઈ રહ્યો હતો. અંતરમાં અને બહાર જ્યારે આવી શુચિતા વિલસી રહી હોય ત્યારે કોઈ સ્વચ્છંદી ઉન્મત્ત બનીને આવે-ચેનચાળા કરીને પજવે તો ગ્લાનિ થયા વિના કેમ રહે ?

મહાશતકના મુખમાંથી, આવો સ્થિતિમાં, કર્કશ વેણુ સરી પડ્યાં. નારકીય યાતનાની વાત સાંભળી રેવતીને પણ ભારે આઘાત થયો. મહાશતકે કહ્યું હતું તેમ સાત રાતની અંદર જ એ મૃત્યુ પામી.

જે રેવતી સ્વચ્છંદી હતી, પતિને પણ પજવતી અને જે નરકગતિને પામી છે તેને ભ. મહાવીરના યુગની મહાદેવીઓમાં શી રીતે સ્થાન મળે ? રેવતી મહાદેવી તો નહોતી જ. માત્ર ભ. મહાવીરના યુગની એક ગમે તેવી પણ નારી હતી. ભ. મહાવીર સમસ્ત નારી જાતિ પ્રત્યે કેવી દૃષ્ટિથી જોતા તેનો થોડો આભાસ આ રેવતીની કથામાંથી મળે છે. એટલા સારુ જ મહાશતકની સ્ત્રી રેવતીનું ચરિત્ર અહીં સંક્ષિપ્તમાં આપ્યું છે.

રેવતીના મૃત્યુ બાદ થોડા દિવસની અંદર જ ભ. મહાવીર રાજગૃહીમાં પધાર્યા. લોકોમાં રેવતીના મૃત્યુની વાત ખૂબ ચર્ચાને પાત્ર બની હતી. રેવતી સાત રાતની

અંદર ગુજરી જવાથી લોકોએ બહુ વિચિત્ર અનુમાનો બાંધેલાં: કોઇ કહેતું કે 'બિચારી રેવતી બીકમાં ને બીકમાં ભરખાઇ ગઇ. સ્વામીનાં આક્રોશયુક્ત વચનો સાંભળવાથી એનું હૈયું બેસી ગયું.'

કોઇ કહેતું કે 'એ તો ઠીક થયું કે રોહિણી મોતે મરી ગઇ, નહિતર મહાશતક પોતે કદાચ એને અકાળે મારી નાખત. મહાશતક એટલો બધો ઉશ્કેરાયો હતો કે રેવતીને જીવતી રહેવા ન દેત.'

પાઠાફેરે આ હકીકત રાજગૃહીની લોકજીભ ઉપર ચડી ચૂકી હતી. ભ. મહાવીરે એ વાત સાંભળી, ગૌતમસ્વામી મારફત, મહાશતકને કહેવરાવ્યું કે: "મહાશતક, તારી ભૂલ થઈ છે. તારે પ્રાયશ્ચિત્ત કરીને નિર્મળ થવું જોઇએ. શ્રાવકથી કોઇને પણ કડવું વેણ ન કહેવાય. સાચું હોય તો પણ ન કહેવાય. સત્ય હિતકારી હોય તેની સાથે તે પ્રિય પણ હોવું જોઈએ. વ્રતધારીથી અનિષ્ટ અને અપ્રિય વાત કેમ બોલાય?"

ગૌતમસ્વામીએ, મહાશતકને એ સંદેશ સંભળાવ્યો. મહાશતકે તરત જ પોતાની ભૂલ કબૂલી લીધી. પોતે જે કડવાં વેણ પોતાની પત્નીને કહ્યાં હતાં, તે બદલ પ્રાયશ્ચિત્ત કરી નિર્મળ થયો. મહાશતક આખરે દેવગતિને પામ્યો.

## કપિલા



( ૧૫ )

ભગવાન મહાવીરના મુખેથી, પ્રસંગોપાત, શ્રેણિકે જ્યારે સાંભળ્યું કે પોતે અહીંથી મૃત્યુ પામ્યા પછી નરકગતિએ જવાનો છે ત્યારે તેની આકુલતા વધી પડી. પોતે મોટો રાજાધિરાજ હતો અને તે ઉપરાંત મહાવીર

દેવનો પરમ ભકત હતો, છતાં નરકગતિ નસીબમાંથી નથી ટળી તે જાણી એને બહુ બેચેની થઇ.

" ભગવન્ ! આ નરકગતિમાં જવું ન પડે. એવો શું કોઈ ઇલાજ નથી ?" શ્રેણિકે દયામણા સ્વરે પૂછ્યું.

મહાવીરે કર્મના ફળની વાસ્તવિક સ્થિતિ સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ શ્રેણિકના વ્યાકુલ ચિત્ત ઉપર તાત્ત્વિક ઉપદેશની કંઇ અસર ન થઇ. વિશેષમાં મહાવીરે એને ખિન્ન ન થવાની સલાહ આપી તેમજ ભવિષ્યમાં " તું પદ્મનાભ નામનો પ્રથમ તીર્થંકર થવાનો છે" એમ પણ કહ્યું, છતાં નરકગતિનો ભય તો ઊભો જ રહ્યો. શ્રેણિકે ફરી પૂછ્યું: " એ નરકગતિ ટાળવાનો કંઈ જ ઉપાય નથી ? પ્રભુ !"

મહાવીરે હવે શ્રેણિકને બીજી રીતે સમજાવવાની યુક્તિ આદરી. " એક ઉપાય છે," ભગવાન બોલ્યા.

શ્રેણિકના મુખમંડળ ઉપર ઉલ્લાસનું તેજ ફરી વળ્યું. " મહાવીર પ્રભુ જેવા પુરુષ, જેમની સેવામાં દેવો-ઇંદ્રો ખડા રહે એની પાસે ઉપાય ન હોય એમ કેમ બને ? અને હું તો રહ્યો ભ. મહાવીરનો પ્રથમ પંક્તિનો અનુયાયી." આવી કોઈ વિચારશ્રેણીની શીતળ લહેરી અનુભવતો શ્રેણિક ભ. મહાવીર સામે અનિમેષ-આશાભરી દૃષ્ટિએ જોઇ રહ્યો. બે-ચાર મહિના કે પાંચ-પંદર વર્ષ પછી કોઇને શૂળીએ ચડાવવાનો હોય-એને પોતાને એ વાતની જાણ કરવામાં આવે તો એનો જીવન-આનંદ કયાં સુધી ટકે ? શ્રેણિકની સ્થિતિ પણ અત્યારે એવી જ-અથવા તો એ કરતાં પણ ખરાબ

હતી. નારકીની યંત્રણાઓ એણે સાંભળી હતી. ભ. મહાવીર એમાંથી બચવાનો ઈલાજ બતાવે છે તે જોઈને શ્રેણિક પુલકિત બન્યો.

ધર્મનાયકોને–ભવવૈદ્યોને એકલી તાત્વિક વાતો કહી દેવાથી નથી ચાલતું. દર્દીની જેમ જિજ્ઞાસુઓ અને મુમુક્ષુઓને એકની એક જ વાત વિવિધસ્વરૂપે કહેવી પડે છે. ભ. મહાવીરની, સામાન્યજનોને પણ ગૂઢ વાત સરળ શબ્દોમાં સમજાવવાની કળા એમના ઉપનયો અને ઉદાહરણોમાં દેખાય છે. એમને ' નિયતિ '–કર્મફળ નિષ્ફળ નથી જતાં એ જ વાત કહેવાની હતી–નારકીનું જે આયુષ બંધાયું હોય તે તો વેઠવું જ જોઈએ એ સત્ય સમજાવવું હતું. ઔષધ તો એ જ હતું, પણ એનું બાહ્ય સ્વરૂપ પલટાવવા મહાવીરે શ્રેણિકને કહ્યું:

" તમારા રાજ્યમાં એક કાલસૌરિક નામનો કસાઈ છે, એ રોજ પાંચસો જેટલા પાડાઓનો વધ કરે છે...."

" ઓળખું છું, કહો, કહો. એને આપ ફરમાવો તેવી સજા કરવા તૈયાર છું. મારું નરકનું આયુષ તૂટવું જોઈએ. " હર્ષઘેલો શ્રેણિક વચ્ચે જ બોલ્યો.

" સજાની વાત જ નથી, એક દિવસ પણ જો એ પાડાઓની હિંસા બંધ કરે તો તમારે નારકીમાં જવાની જરૂર ન રહે."

ભ. મહાવીર વાક્ય પૂરું કરે તે પહેલાં જ શ્રેણિક બોલ્યો: " એ તો મારા માટે રમતવાત છે. કાલે જ પાડાનો વધ કરનાર કાલસૌરિકને બંધ કરું."

"તે સાથે તમારી દાનશાળામાં કપિલા નામની એક દાસી રહે છે, એ જો શ્રમણોને-તપસ્વીઓને દાન આપે તો તમારી નરકગતિ નિવારી શકાય."

કાલસૌરિકને હિંસા કરતો રોકવો અને કપિલા જેવી એક દાસી પાસે, પોતાની જ દાનશાળામાંથી તપસ્વીઓને આહાર અપાવવો એમાં તે એવો કયો ભારે પુરુષાર્થ કરવાનો હતો ? એક આદેશ જ કરવાની જરૂર હતી. ચપટી વગાડવા જેટલું એ સહજ--સરળ હતું.

કાલસૌરિકને એક દિવસ કારાગ્રહમાં પૂરી રાખ્યો હોય અથવા તો હેડમાં નાખ્યો હોય તો તેનામાં પાડાનો વધ તો ઠીક, કીડીની હિંસા કરવા જેટલી પણ શક્તિ કે સ્ફુર્તિ ન રહે. પણ પાછો શ્રેણિકે વિચાર કર્યો કે ધારો કે કારાગ્રહમાંથી છટકી જાય-હેડ તોડીને નાસી જાય તો પાછું નારકીનું દુઃખ ઊભું રહે. આખરે શ્રેણિકે અજબ ઉપાય ચિંતવ્યો. કાલસૌરિકને પગે બાંધીને એક અંધારા કૂવામાં ઊંધે માથે લટકાવ્યો હોય તો પાણીની અંદર એ પાડાનો વધ કરવા માગે તો પણ કઈ રીતે કરી શકવાનો હતો ?

બીજી તરફ કપિલા દાસીને, જે કોઇ શ્રમણ--ભિક્ષુક કે સાધુ-સંત આવે તેમને છૂટે હાથે પોતાની દાનશાળામાંથી જ વહોરાવવાની સ્પષ્ટ આજ્ઞા કરી. બન્ને ઠેકાણે, હોશિયાર પહેરગીરો મૂકી દીધા.

બીજે દિવસે શ્રેણિકે મહાવીર પ્રભુ પાસે આવી નિવેદન કર્યું : "ભગવન્! કાલસૌરિકે ગઈ કાલનો

આખો દિવસ અહિંસકપણે ગુજાર્યો છે. અને કપિલાએ પણ પોતાના સગા હાથે શ્રમણો-તપસ્વીઓને છૂટથી આહારાદિક આપ્યાં છે."

ભ. મહાવીરના કમલદલ જેવા બીડાયેલા સુકુમાર ઓષ્ઠો ઉપર કરુણામિશ્રિત સ્મિત ફરકયું. એમણે શ્રેણિક મહારાજાને ઉદ્દેશીને કહ્યું: "લોહી નથી રેડાયું, પણ હિંસા તો કૂવામાં પણ થઈ છે. પૂછી જોજો એ કાલસૌરિક કસાઇને. એણે પાણીમાં પાડા ચીતરીને, એકે એક કાલ્પનિક પાડાની ગરદન ઉપર કૃપાણ ફેરવ્યું છે. આ માનસિક હિંસા વાચિક તેમજ કાયિક હિંસા કરતાં વધુ ભયંકર હોય છે. હાથે પગે બેડીઓથી બંધાએલો માનવી ભલે કાયાથી કોઇની હિંસા ન કરી શકે, પણ એના મનોભાવ તો હિંસાથી ખદબદતા જ રહે છે. અહિંસા બહારથી નથી આવતી. શુધ્ધ અંતર એ એનું ઉદ્ભવસ્થાન છે. કાલસૌરિકને હિંસા કરતો રોકવાનું કોઈ રાજા-મહારાજામાં કે દેવી--દેવતામાં પણ સામર્થ્ય નથી. તમે એને બળાત્કારે અહિંસક ન બનાવી શકો."

"એ જ પ્રમાણે કપિલા દાસીનું." ભ. મહાવીરે વધુ સ્પષ્ટતા કરી: "દાન આપવામાં કપિલાએ બાકી નથી રાખી. અન્નભંડાર રાજવીના હતા-ભિક્ષુકો અને શ્રમણો પણ સુપાત્ર હતા. માત્ર કપિલાની મનોદશા દાનીને શોભે એવી નહોતી. આહાર વહોરાવતાં પણ કપિલાએ એમ જ ચિંતવેલું કે-"મારું શું છે ? શ્રેણિક મહારાજાનો આ ચાટવો ભલે દાન દેતો. મારે ને આ

દાનને લેવાદેવા જ કયાં છે ?" આવી શુષ્ક મનોદશા-વાળી કપિલા, પોતાને હાથે દાન કરવા છતાં એ દાનના પુણ્ય કે ગૌરવથી છેક વંચિત જ રહી છે."

શ્રેણિક હવે એટલું સમજ્યો કે નિયતિ જેટલી નિષ્ઠુર-નિર્મમ અને નિશ્ચિત હોય છે તેટલી જ આ બે વ્યકિતઓ પણ ઊંધી ખોપરીવાળી હતી. નિયતિની જ એ બે છાયામૂર્ત્તિઓ હતી. કાલસૌરિક કસાઇ કે કપિલા દાસીની મનોદશા પલટાવવાનું જેમ અશકય અને અસંભવિત હતું તેમ નિયતિની ઘટમાળને મિથ્યા બનાવવી એ કોઈના પણ હાથની વાત નથી.

કપિલાને મહાવીરદેવના યુગની મહાદેવી તો ન કહેવાયઃ એનું અંતર કોઈ જુદા જ તત્વોથી ઘડાએલું હતું. ભ. મહાવીરે શ્રેણિક સાથેની વાતચીતમાં, કપિ-લાને નિયતિના એક પ્રતીક તરીકે જ ઓળખાવેલી હોય એમ લાગે છે. શ્રેણિક મહારાજનો અન્નભંડાર, એક રીતે કપિલાનો જ હતો. અસંખ્ય ભિક્ષુઓ, શ્રમણો, તાપસો એના હાથથી વિવિધ આહાર-સામગ્રી પામી, સંતુષ્ટ બનતા. માત્ર એ આહારદાનની કપિલાએ અનુ-મોદના જ કરી હોત તો તે સહેજે તરી જાત. કપિ-લાએ પોતાની સંકુચિત-ગંધાતી વાસનાસૃષ્ટિમાં ગોં-ધાઇ રહેવાનું પસંદ કર્યું: ઘરઆંગણે વહેતી દાનની ભાગીરથીમાં સ્નાન કરવાનું એને ન સૂઝયું. માત્ર અનુ-મોદનારૂપે હાથ--પગ પલાળ્યા હોત તોપણ એ તીર્થોદકના પ્રતાપે નવું-સ્વર્ગીય જીવન પામી જાત. મહાવીર પ્રભુના યુગમાં વસવા છતાં, મહાવીરનું માહાત્મ્ય થોડે

ઘણે અંશે સમજવા છતાં એણે પોતાના પૂર્વગ્રહ અને અભિનિવેશના પુરાણા અંધકારમય ભોંયરામાં જ પડી રહેવાનું પસંદ કર્યું. કપિલાએ પોતાના આત્માની સ્વાભાવિક ભવ્યતાને વિકસવાની કોઈ તક જ ન આપી. એક અભવી તરીકે એણે પોતાનું આખું જીવન વીતાવ્યું.

ભ. મહાવીરે એમના યુગનાં હિંસાત્મક યજ્ઞયાગ અને બીજા નાના મોટા અનેક અત્યાચારો સામે જેહાદ જગવી-અહિંસાનો મંત્ર દશે દિશાઓમાં ગુંજતો કર્યો. એના પરિણામે ઘણા નિર્દોષ પશુઓ અભયદાન પામ્યાં, કુલીનોના જુલમોની ધુંસરીએથી દીનદુર્બળો ઉદ્ધાર પામ્યા. પણ મહાવીરની અહિંસાની પતિતપાવની ધારા, એટલેથી જ અટકી જતી નથી. પ્રમાદ પણ હિંસા છે-વાચિક અને માનસિક પ્રમાદવાળા આચરણમાં હિંસાનાં બીજ છુપાયેલાં પડયાં છે એ મૌલિક સિધ્ધાન્તની ઝાંખી આ કાલસૌરિક અને કપિલાના નાના જીવનપ્રસંગમાં મળે છે. એક બંદિવાનના રૂપમાં હોવા છતાં હિંસારત છે, બીજી દાન આપવા છતાં કૃપણ છે.

કાલસૌરિક જો જરા કપિલા જેવો થઈ શકયો હોત તો તે પાણીમાં પાડાનાં ચિત્ર આંકી, વધ કરતો વિરમ્યો હોત: "હાશ, બળાત્કારે પણ આજે હિંસાના પાપમાંથી બચ્યો" એમ કહીને પોતાના દિલ ઉપરનો ભાર હળવો કરી શકયો હોત. કપિલા પણ જરા કાલસૌરિક થઈ શકી હોત તો ભિક્ષુકોને અન્નદાન આપતાં તે ચિંતવત કે-" શ્રેણિકના અન્નભંડાર સાધુ-સંત કાજે, મારા હાથે

લૂંટાવાય છે એ મારું કેટલું અહોભાગ્ય! આ રીતે ભલે બીજા હજારો ભંડારો લૂંટાતા!"

પણ જેમને જીવનદષ્ટિ જ નથી લાધી એમના સંબંધમાં આવી કલ્પનાઓ કરવાનો કંઈ અર્થ નથી. કપિલા અને કાલસૌરિકની જીવનનૈયા અવળી દિશાઓમાં જ ધકેલાતી હતી: સ્પષ્ટ અને સમ્યગ્દર્શનથી એ બન્ને વંચિત રહ્યાં હતાં.

કપિલાના જીવનમાં કોઇ અનુકરણીય તત્ત્વ નથી: માત્ર એનાં અવળા જીવનવહેણ જોયા પછી એટલું ભ૦ મહાવીર પાસે પ્રાર્થીએ: "કદાચ સ્વતંત્રપણે કોઇ મહાન્ સત્કાર્ય અમારાથી ન થાય-ભારે પુરુષાર્થ પણ ન સ્ફુરાવી શકીએ-સામર્થ્ય અને વિકાસમાં થોડા પાછળ રહી જઇએ, પણ સત્કાર્યને-ભવ્ય પુરુષાર્થને, ત્યાગના કે દાનના સામર્થ્યને અમે અનુમોદી શકીએ એટલો થોડો પ્રકાશ તો અમારી પાસે જે છે તે રહેવા દેજે! ભગવન્! અમારી જીવનદષ્ટિને ક્રમે ક્રમે એ રીતે શુદ્ધ અને સમ્યગ્ બનાવજે!"

આનંદ પ્રેસ–ભાવનગર.